# ચઉવીસં પિ જિનવરા
# તિત્થયરા મે પસીયંતુ

લોગસ્સ તપ વિધિ તથા ૨૪ તીર્થંકર પરમાત્માની સુક્ષ્મ સંકલના



પ.પૂ. તપાગચ્છાધિપતિ આચાર્યદેવ
શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજા ના

## સુદીર્ઘ સંયમ જીવનનો માઈલ સ્ટોન







॥ શ્રી વાલકેશ્વર મંડન શ્રી આદિનાથાય નમઃ ॥
॥ અનંત લબ્ધિનિધાનાય શ્રી ગૌતમસ્વામિને નમઃ ॥
॥ શ્રી ધર્મ-ભક્તિ-પ્રેમ-સુબોધસૂરિ- સદ્ગુરૂભ્યો નમઃ ॥



# ચઉવીસં પિ જિણવરા
# તિત્થયરા મે પસીયંતુ

(A Wonderful Collection of 24 Tirthankars)

૨૪ તીર્થંકર, શ્રી સીમંધર સ્વામી, શ્રી ગૌત્તમ સ્વામી, સંગીત, શરીર ધ્યાન ચક્ર,
લોગસ્સ તપ વિધિ આદિની સુક્ષ્મ સંકલના

:: શુભ આશિર્વાદ દાતા ::

પ. પૂ. ધર્મધ્રુવતારક તપાગચ્છાધિપતિ આચાર્ય દેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરિશ્વરજી મહારાજા

પ્રકાશક : શ્રી ૧૦૮ પાર્શ્વનાથ ભક્તિવિહાર મહાપ્રસાદ - શંખેશ્વર તીર્થ તથા
શ્રી પાવાપુરી જલમંદિર શ્રી ગુરૂ પ્રેમ ધામ - પંચાસર

## પરમ પાવન અવસર...

- પ.પૂ. તપાગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ વિજય પ્રેમસૂરીશ્વરજી મ.સા. ની પરમપાવન નિશ્રામાં ચાતુર્માસ અંતર્ગત શ્રી સંઘમાં થયેલ ૧૦૭ જેટલા આરાધકોની સામુહિક લોગસ્સ તપની આરાધના નિમિત્તે...
- પ.પૂ. તપાગચ્છાધિપતિ ગુરૂદેવશ્રીના ૭૭ વર્ષના સુદીર્ઘ સંયમજીવનની અનુમોદનાર્થે તથા તેઓશ્રીના સ્વાસ્થ્યની મંગલ કામના નિમિત્તે...
- પૂ.આ. શ્રી વિજય હેમચંદ્રસૂરીજી મ.સા.ના આચાર્યપદવીની પ્રથમ વરસગાંઠ નિમિત્તે તથા તેઓશ્રીના પિતાશ્રી મહારાજ - પૂ.મુનિશ્રી વીરવિજયજી મ.સા. ના સ્વાસ્થની મંગલ કામના નિમિત્તે...
- પૂ.મુનિશ્રી ભક્તિરત્ન વિજયજી મ.સા. ના લોગસ્સ તપ નિમિત્તે તથા સંયમજીવનના ૧૮ વર્ષની પૂર્ણાહૂતિ નિમિત્તે તથા તેઓશ્રીના સંસારી માતાશ્રી સુંદરબાઈના સ્વાસ્થ્યની મંગલ કામના નિમિત્તે...
- દાનેશ્વરી શ્રેષ્ઠીવર્યશ્રી નવનીતભાઈ મણીલાલ શાહના સ્વાસ્થ્યની મંગલ કામના નિમિત્તે.....
- અમારા સમુદાયના પાંચ નાના-નાના બાલમુનિઓને ૨૪ ભગવાન વિશે સૂક્ષ્મ અવલોકનથી સ્વાધ્યાય મળે એ નિમિત્તે...
- આ ચોપડી પ્રકાશિત કરવામાં આવે છે.

## લેખક પરિચય

પરમ પૂજ્ય તપાગચ્છાધિપતિ ધર્મ ધ્રુવતારક પ્રશાંતમૂર્તિ
આચાર્ય દેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાના
અનન્ય કૃપાપાત્ર પટ્ટાલંકાર શિષ્ય
પ.પૂ. જૈન જ્યોતિષાચાર્ય શ્રી વિજય હેમચંદ્રસૂરીશ્વરજી
મહારાજના શિષ્ય પ્રભુ ભક્તિ રસિક
મુનિશ્રી ભક્તિ રત્ન વિજયજી મહારાજ (બાપુ મહારાજ)

---

● મુખ્ય સૌજન્ય ●

શ્રીમતી જાસુદબેન મણિલાલ લલ્લુચંદ શાહ પરિવાર (મુંબઈ)

● મૂલ્ય ●

૨૪ તીર્થંકરોની અમૂલ્ય પરમ ભક્તિ

---

● પ્રકાશક ●

શ્રી ૧૦૮ પાર્શ્વનાથ ભક્તિવિહાર મહાપ્રસાદ -
શંખેશ્વર તીર્થ તથા
શ્રી પાવાપુરી જલમંદિર
શ્રી ગુરૂ પ્રેમ ધામ - પંચાસર

શ્રી વર્ધમાન ભક્તિ જૈન સંઘ - અમદાવાદ.

॥ વાલકેશ્વર તીર્થમંડન શ્રી આદિનાથ પ્રભુ ॥



॥ વાલકેશ્વર મંડન શ્રી પદ્માવતી માતાજી ॥



# બાબુ શેઠ શ્રી અમીચંદ પનાલાલ શ્રી આદીશ્વરજી જૈન દેરાસર



બાબુ શેઠશ્રી
અમીચંદજી પનાલાલજી





ધર્મશ્રદ્ધાળુ
શેઠાણી શ્રી કુંવરબાઈ

વાલકેશ્વર, મુંબઈ.

શ્રી ભાભા પાર્શ્વનાથ ભગવાન - પાટણ (ઉ.ગુ.)



શ્રી હરસિદ્ધ માતા - રૂપપર, પાટણ (ઉ.ગુ.)



## શ્રી ભક્તિ પાર્શ્વનાથ ભગવાન

શ્રી ૧૦૮ પાર્શ્વનાથ ભક્તિવિહાર મહાપ્રાસાદ-શંખેશ્વર તીર્થ



## શ્રી મધુબન પાર્શ્વનાથ ભગવાન

સમેતશિખરજી તીર્થ



પ.પૂ. વૈરાગ્ય વારિધિ વર્ધમાન તપોનિધિ
આચાર્યદેવ શ્રી વિજય ભક્તિસૂરીશ્વરજી મ.સા.



પ. પૂ. તપાગચ્છાધિપતિ આચાર્યદેવ
શ્રીમદ્ વિજય પ્રેમસૂરિશ્વરજી મહારાજા



પ. પૂ. ઈતિહાસવેતા આચાર્યદેવ
શ્રીમદ્ વિજય સુબોધસૂરીશ્વરજી મ.સા.



પ.પૂ. આચાર્યદેવ
શ્રી વિજય પદ્મપ્રભસૂરીશ્વરજી મ.સા.





પ.પૂ. મધુર
પ્રવચનકાર આચાર્યદેવ
શ્રી વિજય ભાનુચંદ્રસૂરીશ્વરજી
મ.સા.



પ.પૂ. આચાર્યદેવ
શ્રી વિજય રત્નશેખરસૂરીશ્વરજી
મ.સા.



પ.પૂ. જૈન
જ્યોતિષાચાર્ય
શ્રી વિજય હેમચંદ્રસૂરીશ્વરજી
મ.સા.



પ.પૂ. પંન્યાસપ્રવર
શ્રી ફુલચંદ્રવિજયજી
(K.C.) મ.સા.

## પુસ્તકના મુખ્ય દાતા

# શ્રીમતી જાસુદબહેન મણિલાલ લલ્લુચંદ શાહ
# સહ પરિવાર

વાલકેશ્વર, મુંબઈ.



શેઠશ્રી મણિલાલ શાહ



શ્રીમતી જાસુદબહેન શાહ



શેઠશ્રી નવનીતભાઈ મણિલાલ શાહ



શ્રીમતી પુષ્પાબહેન નવનીતભાઈ શાહ

# સંપાદકની કલમે

## ૨૪ પ્રભુજીને (વર્તમાન ચોવીશીને) વંદના...

ઘણા વરસોથી ૨૪ ભગવાનની વિશિષ્ટ આરાધના નિમિત્તે સંગ્રહવાળી ચોપડી છપાવવાની ભાવના હતી. સંગ્રહ કરતો ગયો. કલેકશન મળતું પણ ગયું.. આકાર બનતો ગયો... ઓપ આવતો ગયો... સ્વપ્ન ફલીભૂત થવા લાગ્યું. ગુરૂ મહારાજની પ્રેરણા અને અસીમ કૃપા મળતી ગઈ. ૨૪ તીર્થંકર દેવ પણ જાણે સિદ્ધશિલાથી " ह्रीं " નો આકાર લઈને પ.પૂ. તપાગચ્છાધિપતિ ગુરૂદેવશ્રીને જાણે કંઈક સંકેત ન આપતા હોય એવી રીતે પવિત્ર વાતાવરણ **All Divinefull Atmosphere** બનાવવા લાગ્યું. એમાં વળી આ વરસે તો બધુ ૭-૭ ને સુમેળ.. ઈ.સ. ૨૦૦૭ છે, ૭૭ વર્ષનાં સુદીર્ઘ સંયમપર્યાયવાળા તપાગચ્છાધિપતિશ્રીના ૭૭માં ચોમાસામાં સામુહિક લોગસ્સતપની આરાધનામાં ૧૦૭ ભાગ્યશાળી તપસ્વીઓ જોડાયા. સામુહિક ક્રિયાઓમાં પણ સારી સંખ્યા રહેતી. પ્રત્યેક તીર્થંકર પરમાત્મા પ્રત્યે તપસ્વીઓના મનમાં, મન-મંદિરમાં, દિલ દિમાગમાં અહોભાવ શ્રદ્ધા - ભક્તિ જામવા લાગી. ઓ... હો... આટલું સરસ.. **Collection...** સંગ્રહ... પ્રત્યેક ભગવાનની આટલી બધી વિશેષ માહિતી... એમાં તો પાંચ પાંચ ભાષાઓમાં સ્તુતિઓ અને વળી છંદ, સ્તવન, પ્રાર્થના, ચૈત્યવંદન, સમેતશિખર દુહા, સંવેદના, મંત્ર જાપ, જાપફળ, નામાર્થ, આદિ કેટ કેટલું પ્રત્યેક ભગવાન પર બોલ વિશે (૫૨ સુધી) ઘણાએ સાંભળ્યું હતું. પણ આ તો ૧૦૮ બોલ વત્તા આરાધનાની ૧૬ વિગત કુલ મળી પ્રત્યેક ભગવાનની ૧૨૪ વિશેષ વિગત ક્યાંય જોવા ન મળે **A Wonderful Collection indeed !!!**

તપસ્વીઓને નાના નાના રહસ્યો પણ મળી રહેતા... જેમ કે ॐ અને ह्रीं વચ્ચે શું સંબંધ છે ? ઓમ્ એટલે નવકાર... મૂળ નવકાર મહામંત્રમાં જે પંચ પરમેષ્ઠિના પાંચ પદો છે એમાં કુલ જોડાક્ષરો એટલે કે ગુરૂ અક્ષરો ૨૪ છે, જે ૨૪ જગતગુરૂ (તીર્થંકર) ઓના દર્શન કરાવે છે. ૨૪ તીર્થંકર ह्रीं માં સવર્ણ રીતે ગોઠવાયેલા છે. એ સર્વવિદિત છે.

હવે એ "૨૪" જ કેમ ? હથેલીમાં ૨૪ ભગવાનના ખાના કુદરતી રીતે ગોઠવાયેલા છે.. બીજુ પરમાત્મા = ૫ + ૨+ ૪½ + ૮ + ૪½ = ૨૪ એટલે કે અર્ધકાલચક્રમાં કુલ તીર્થંકર એક ક્ષેત્રમાં વધારેમાં વધારે ૨૪(ચોવીસ) જ હોઈ શકે છે. ઉપધાનતપમાં લોગસ્સની મહત્તા આગળ વર્ણવેલી છે.

આ રીતે રહસ્યો ખુલે તો પરમતત્વોની અસીમકૃપા પણ આપણા ઉપર ઉતરે.

વર્તમાન ચોવીશીમાં તો ઘણી ઘણી વિશેષતાઓ ભરેલી છે. સંભવનાથદાદાની પૂર્વભવની સાધર્મિક ભક્તિ લો... કે મુનિસુવ્રત સ્વામીજીની અશ્વપ્રતિબોધ માટે લાંબા વિહારની વાત લો... તો વળી મલ્લીનાથ ભગવાન સ્ત્રી તીર્થંકર... તો વળી નેમીનાથ ભગવાનની જીવદયા કેટલી મહાન... આ ચોવીશીની એક ખુબી એ છે કે એક અર્ધકાલચક્રમાં ૬૩ શલાકા પુરૂષ થાય અને જીવો પણ ૬૩ હોય. પણ આ વખતે તો મહાવીર ભગવાન પૂર્વભવે વાસુદેવ હતા અને શાંતિનાથ, કુંથુનાથ અને અરનાથ ત્રણે ચક્રવર્તી પણ હતા એટલે જીવાત્માની દ્રષ્ટિથી ૬૩ - ૪ = ૫૯ જ થાય.

આ બધા તીર્થંકરોમાં આપણે ઓતપ્રોત બની જઈએ અને એમના જીવનકાલમાં ઉંડા ઉતરીયે તો આપણાં અંદર પણ અધ્યાત્મરસની છોળો ઉછળ્યા વગર નહીં રહે... સુપાર્શ્વનાથ ભગવાનના એક સ્તવનમાં આનંદઘનજી મહારાજે તીર્થંકર પરમાત્માની આખી નામ ગુણાવલી બતાવી દીધી. તો કુંથુનાથ ભગવાને જે પ્રથમદેશનાં 'મનઃશુદ્ધિ' ઉપર આપી એના માટે આનંદઘનજી મહારાજે **specially** "મનડું કિમહી ન બાજે હો કુંથુજિન" સ્તવનની રચના કરી દીધી.. કોક વળી સ્તવન ચોવીશી બનાવે ત્યારે ઉતરતો ક્રમ લે છે એટલે કે પહેલાં જ પૂર્ણતા.. અને છેલ્લે ભક્તિ... તો કોક વળી ભક્ત હૃદય ચોવીશી બનાવવા માટે ચઢતા ક્રમથી શરૂઆત એમ કરે - ઋષભ જિનેશ્વર પ્રીતમ માહરો ઓર ન ચાહું રે કંત... આપણા આ વર્તમાન ચોવીશીની એવી એવી ખુબીઓ છે.

**In Short** ૨૪ ભગવાનની આરાધના યાને કે સંપૂર્ણ ભક્તિવાદ... ભક્તિમાર્ગ.. **Divine Path** પૂ. મહોપાધ્યાયજી મહારાજ એટલે જ કહીને ગયા છે કે "મુક્તિથી અધિક તુ જ ભક્તિ મુજ મન વસી" બસ... ભક્તિ... પ્રભુ ભક્તિ કરીએ... ચાલો ૨૪ જિનેશ્વરને સાચા ભાવે આરાધીએ... અને કહીએ, પ્રાર્થીએ કે

**"ચઉવીસં પિ જિણવરા તિત્થયરા મે પસીયંતુ"**

હે ૨૪ જિનેશ્વર ભગવંતો !!! આપ સહું, મારા ઉપર અમારા ઉપર પ્રસન્ન થાઓ... પ્રસન્ન થાઓ...'

**લી. - ગુરૂ પ્રેમહેમશિશુ મુનિ ભક્તિરત્ન વિજય**

# પ્રસ્તાવના

આ ચોપડીની રૂપરેખા તો બની ગઈ પણ એ બનાવવા માટે પણ સહાયક તત્વોને કેમ કરીને ભૂલી જવાય... મારા પરોપકારી ગુરૂ મહારાજ જેમની હમણાં જ પ.પૂ. તપાગચ્છાધિપતિ ગુરૂદેવશ્રીએ આચાર્ય પદારૂઢ કર્યા છે એવા **પ.પૂ. આચાર્યશ્રી વિજય હેમચંદ્રસૂરીશ્વરજી મ.સા.** જે જૈન જ્યોતિષ તત્વના ઉંડા અભ્યાસી છે. પ્રતિષ્ઠા, દીક્ષા, શીલાન્યાસ, ખાતૂમુહૂર્તો આદિ પ્રસંગો માટે ઉત્તમમાં ઉત્તમ શ્રેષ્ઠ મુહૂર્ત આપવું એ એમની એક આગવી વિશેષતા છે. સુક્ષ્મ અવલોકન કરીને **Perfection** મેળવવું એ એક એમનું મોટામાં મોટું સિદ્ધગુણ છે. જે થોડે અંશે એમના અંતેવાસિન્ (શિષ્ય) તરીકે મને પણ મળ્યું છે. જેની ફલસ્વરૂપ આ ચોપડી છે.

એમની પૂરી મહેર નજર મારા ઉપર છે. કોઈ પણ ચોપડી વાંચીને વિશેષ કંઈ મળે કે તુરંત મને બોલાવીને **Note Down** કરવા કહે. **Short Foot notes** બનાવવાનું કહે. આ રીતે સંગ્રહ બનતો ગયો છે. **Collection** થતું ગયું છે. જેમાં મારા લઘુ ગુરૂબંધુ **પૂ.બાલમુનિશ્રી હેમદર્શન વિજયજી મ.સા.** પણ પોતાનો સ્વાધ્યાય કરતાં કરતાં વિશેષ સમય ફાળવીને પણ મને આ ચોપડી છપાવવામાં વિશેષ રૂપથી સહાયતા આપી છે. બીજા સહવર્તી સાધુઓ પણ ઘણી રીતે સહાયક બન્યા છે. **મહેસાણાવાળા ડૉ. નેહાબેન** અને **વાલકેશ્વરવાળા સ્નેહાબેન** શરૂઆતના મેટરમાં દ્રવ્યરૂપી પ્રોત્સાહન આપેલ છે.

**પ્રકાશક - શ્રી બાબુ અમીચંદ પન્નાલાલ જૈન ટ્રસ્ટના** ઉપક્રમે લોગસ્સ તપની આરાધના થઈ છે. દાદા શત્રુંજયના આદિનાથ સાક્ષાત્ અહિં બીરાજે છે. !!! કેવી રીતે ? જુઓ - મૂળનાયક આપણા **આદિશ્વર દાદા...** સુપાર્શ્વનાથ દેરાસર - તળેટી, ચંદનબાલા નવટુંક અને શ્રીપાલનગર ઘેટી પાગ.... હવે ૯૯ યાત્રા કરવાનો ભાવ થાય છે ખરો... હમણાં જ અહીનાં આદિનાથ દાદા ૧૦૦ વરસના થયા છે. શતાબ્દિ વર્ષ નિમિત્તે બહુ જ સરસ જિનેન્દ્ર ભક્તિ મહોત્સવની ઉજવણી થઈ. આ દેરાસર તીર્થ સ્વરૂપ "તીર્થ" ની ગણનામાં આવી ગયુ એ આપણા માટે અતિ આનંદની વાત છે. **પદ્માવતી માતા** તો ચમત્કારી છે જ. આ ચમત્કારી ભક્તિદેવી માં પદ્માવતી ઉપરવાળા શામળીયા (જાણે સમેતશિખર) પાર્શ્વનાથની ભક્તિ કરે છે. સાથે સાથે મૂળનાયક દાદા આદિનાથની પણ ભક્તિ કરે છે... અને દેરાસરમાં બિરાજમાન આખી ચોવીશીની પણ ભક્તિ કરે છે...

લોગસ્સ તપ નિમિત્તે જાણે આખી ચોવીશી અહિંના દેરાસરમાં છે પણ કયા ભગવાન ક્યાં છે તે થોડું ગોતવું પડે. આમેય

ગુરૂ અને પ્રભુ એમને એમ ના મળે... ગોતવું પડે... શોધવું પડે... અમને તપસ્વીઓને તો મજા પડી ગઈ હતી. ભગવાનને ગોતવા નીકળતા... કે આજે "આ" ભગવાનનો ઉપવાસ છે. તો "એ" ભગવાન દેરાસરમાં કંઈ બાજુ બિરાજમાન છે. 'એ' દિવસના તે તારક તત્વ મળી જાય તો એમના દર્શન વંદન સ્પર્શના ચૈત્યવંદના કરી આવવાની મસ્તી કંઈક ઓર જ હતી. આ રીતે દરરોજ (૨૪ ભગવાનના) વર્તમાન ચોવીશીના દર્શન થઈ જતા હતાં. અને છેલ્લે ધર્મના ચાર પાયામાં દાનધર્મનો મહિમાં વિશેષ ગવાયો છે. ટ્રસ્ટીશ્રી ભરતભાઈ ઝવેરી તથા અ.સૌ. અંજુબેન તથા મુનિમજી શ્રી જયંતિભાઈ, શ્રી પ્રવિણભાઈ, ગ્રંથપાલ શ્રી ચંદરપાલ અને લોગસ્સ તપના તપસ્વીઓની મહેચ્છાથી અને ગુરૂદેવશ્રીની પ્રેરણા અને કૃપાબળથી શ્રી ૧૦૮ પાર્શ્વનાથ ભક્તિવિહાર મહાપ્રસાદના પ્રમુખ ટ્રસ્ટી શ્રેષ્ઠિવર્ય શ્રી નવનીતલાલ મણિલાલ શાહ ધર્મ પત્ની પુષ્પાબેન, સુપુત્ર શ્રી નરેશભાઈ, પુત્રવુધુ અ.સૌ. જયશ્રીબેન, સૌ. ટીનાબેન, પૌત્રીજામાતૃ શ્રી મિલનકુમાર, પૌત્રી ચિ. પૂજાકુમારી, પ્રપૌત્રી - દિયા, નિયા આદિ સમસ્ત શાહ પરિવારે સરસ દાન આપીને ૨૪ જિનભક્તિનો લાભ લીધો છે.

**ભૂરી ભૂરી અનુમોદના હો જો.......**

સરસ રીતે **Short** સમયમાં ૨૪ ભગવાનની ભક્તિરૂપે આ ગ્રંથ છપાવવાનું મહત્ કાર્ય શ્રી નેમી પ્રિન્ટર્સ-અમદાવાદ, શ્રી વિરેન્દ્રભાઈએ કુશળતાથી પાર પાડ્યું છે. લોગસ્સ તપના તપસ્વીઓ આ મુદ્રકની ભૂરી ભૂરી પ્રશંસા અનુમોદના કરે છે. શ્રી કિરીટભાઈ વડેચાના સુપુત્ર ચિ. હિતેશે પણ ૐ અને હ્રીં નું ચિત્ર સમયસર બનાવી આપી ૨૪ પ્રભુની પ્રસન્નતા મેળવી લીધી છે.

**સંદર્ભ ગ્રંથ સૂચિ** - સચિત્ર પ્રતિક્રમણ સૂત્ર, સચિત્ર પ્રાકૃત બાળ પોથી, શ્રુતસાગરના રહસ્યો, જૈન માર્ગદર્શિકા, રત્નસંચય, જિનરાજકું સદા મોરી વંદના, તીર્થંકર વંદના, શ્રુતધારા અમૃતપ્યાલા, લોગસ્સ મહાસૂત્ર યાને ભક્તિવાદ, પ્રબોધટીકા, સમેતશિખર તીર્થયાત્રા, ત્રિષષ્ટિ શલાકા પુરૂષ ચરિત્ર આદિ.

## અમૃત કણ

નિગોદમાંથી અહીં સુધી ઉંચે આવ્યા એ "અરિહંતની કૃપાથી" આ ભાવથી ભગવંતપરનો કૃતજ્ઞતા ભાવ જીવંત રાખો.

---

જૈન ધર્મનું ભવાંતરમાં **Reservation** કરાવવું હોય તો ૨૪ તીર્થંકર પાછળ પાગલ બની જાવ.

# અનુક્રમણિકા


| | | | | | |
|---|---|---|---|---|---|
| ૐ ની વિગત | ૧ | શ્રી કુંથુનાથ ભગવાન | ૮૯ | ૨૪ સંબંધી પ્રશ્નોતરી | ૧૭૦ |
| હ્રીઁ ની વિગત | ૨ | શ્રી અરનાથ ભગવાન | ૯૪ | કાવ્ય વિભાગ : ચૈત્યવંદન, થોય, સ્તવન | ૧૭૧ |
| શ્રી લોગસ્સ પરિશીલન | ૩ | શ્રી મલ્લિનાથ ભગવાન | ૯૯ | સંધ્યા ભક્તિ, સ્તવનો | ૧૭૨ |
| શ્રી લોગસ્સ તપ આરાધના વિધિ | ૬ | શ્રી મુનિસુવ્રતસ્વામી ભગવાન | ૧૦૪ | શ્રી ૧૦૮ પાર્શ્વનાથ સ્તવન ક્રમાનુસાર | ૧૭૪ |
| ૨૪ ભગવાનની વિશેષ વિગતો : | | શ્રી નમીનાથ ભગવાન | ૧૦૯ | સામુહિક પ્રભુ સ્તુતિ, ધૂન | ૧૭૬ |
| શ્રી આદિનાથ ભગવાન | ૯ | શ્રી નેમનાથ ભગવાન | ૧૧૪ | સરગમ સંગીતની વૈજ્ઞાનિકતા | ૧૭૭ |
| શ્રી અજિતનાથ ભગવાન | ૧૪ | શ્રી પાર્શ્વનાથ ભગવાન | ૧૧૯ | શાસ્ત્રીય રાગ અને ગાવાનો સમય | ૧૭૮ |
| શ્રી સંભવનાથ ભગવાન | ૧૯ | શ્રી મહાવીર સ્વામી ભગવાન | ૧૨૪ | શાસ્ત્રીય રાગ અને રોગ ઉપચાર | ૧૭૮ |
| શ્રી અભિનંદનસ્વામી ભગવાન | ૨૪ | શ્રી ગૌતમસ્વામીજી | ૧૨૯ | સંસ્કૃત છંદ અને ગાથા સૂત્ર | ૧૭૯ |
| શ્રી સુમતિનાથ ભગવાન | ૨૯ | શ્રી સીમંધરસ્વામીજી | ૧૩૪ | શાસ્ત્રીય રાગ અને પ્રસિધ્ધ ગીત | ૧૭૯ |
| શ્રી પદ્મપ્રભસ્વામી ભગવાન | ૩૪ | ૨૪ ભગવાનની વિશેષ વિગત | ૧૩૮ | સર્વાર્થ સિદ્ધ વિમાનમાં સંગીતનું સુખ | ૧૮૦ |
| શ્રી સુપાર્શ્વનાથ ભગવાન | ૩૯ | તીર્થ વિભાગ : - તીર્થ સંબંધી | ૧૫૮ | શરીર ધ્યાન ચક્ર | ૧૮૧ |
| શ્રી ચંદ્રપ્રભુ સ્વામી ભગવાન | ૪૪ | પંચ કલ્યાણક રૂપરેખા - | ૧૫૯ | ૨૪ ભગવાન / રાશીમેળાપક | ૧૮૩ |
| શ્રી સુવિધિનાથ ભગવાન | ૪૯ | શ્રી વિઘ્નહરા પાર્શ્વનાથ મૂર્તિ | ૧૫૯ | ભગવાન મહાવીરની જન્મકુંડલી | ૧૮૪ |
| શ્રી શીતલનાથ ભગવાન | ૫૪ | અષ્ટાપદ - શત્રુંજય દર્શન (ચિત્ર) | ૧૬૨ | જૈન નવગ્રહ શાંતિ જાપ. | ૧૮૫ |
| શ્રી શ્રેયાંસનાથ ભગવાન | ૫૯ | શ્રી ગિરનાર - શ્રી ૧૦૮ પાર્શ્વનાથ - | | ૨૪ તીર્થંકર પ્રશ્નપત્ર | ૧૮૬ |
| શ્રી વાસુપૂજ્યસ્વામી ભગવાન | ૬૪ | શ્રી જલમંદિર - (ચિત્ર) | ૧૬૩ | હસ્તકમલમાં ૨૪ પ્રભુ દર્શન | ૧૮૭ |
| શ્રી વિમલનાથ ભગવાન | ૬૯ | શ્રી સમેતશિખર તીર્થ યાત્રા (MAP) | ૧૬૪ | 24 Message | ૧૮૯ |
| શ્રી અનંતનાથ ભગવાન | ૭૪ | શ્રી પાર્શ્વનાથ પ્રભુ સંબંધી | ૧૬૫ | અષ્ટ પ્રતિહાર્ય - અષ્ટમંગલ - | |
| શ્રી ધર્મનાથ ભગવાન | ૭૯ | ૨૪ ભગવાનની ઉંચાઈ (માન ઉન્માન સાથે) | ૧૬૮ | ૧૪ સ્વપ્ન શ્રી નવકાર મંત્ર | ૧૯૦ |
| શ્રી શાંતિનાથ ભગવાન | ૮૪ | લોગસ્સ કલ્પ | ૧૬૯ | ૭૭ વર્ષ ના સંયમજીવન નિમિતનો ફોટો | ૧૯૧ |

# Om has 1000 Meanings One of them is " WEL COME TO 24 GODS"















"ૐ કાર બિન્દુ સંયુક્તં, નિત્યં ધ્યાયન્તિ યોગિનઃ ।
કામદં મોક્ષદં ચૈવ, ૐ કારાય નમો નમઃ ॥"

કામનાઓને પૂર્ણ કરનાર, મોક્ષને આપનાર એવા, ૐ
જેનું ધ્યાન યોગિઓ નિત્ય ધરે છે એવા ૐ કારને નમસ્કાર...
હંમેશા પ્રવચનના માંગલિકમાં આ શ્લોક બોલાય છે.

અ - અરિહંત, અ
અ - અશરીરિ, અ+અ=આ
આ - આચાર્ય, આ+આ=આ
ઉ - ઉપાધ્યાય, આ+ઉ=ઓ
મ્ - મુનિ, ઓ+મ્=ઓમ્

## ૐ વિશિષ્ટતા

- ૐનો એક જ બેઠકે ૨૦૦૦ વાર જાપ કરવાથી એક ઉપવાસનો લાભ પ્રાપ્ત થાય છે.
- ૐ પરમેશ્વર વાચક સાથે સિદ્ધચક્રના બીજરૂપ છે.
- ૐ સર્વ વિદ્યાઓનું બીજ છે.
- ભારતીય સંસ્કૃતિમાં દરેક ધર્મવાળા ૐ ને માને છે.
- દરેક મંત્રોની શરૂઆત ૐ થી થાય છે.
- આર્ય જાતિના સાહિત્યમાં ૐ એ અસાધારણ મંત્ર છે.
- હિન્દુ ધર્મવાળા ૐ માં બ્રહ્મા-વિષ્ણુ-મહેશ એમ ત્રણ દેવોનો સમાવેશ થાય છે.
- અ-અધો, ઉ-ઉર્ધ્વ, મ્-મધ્યલોક=ઓમ્‌ના જાપથી ત્રણ લોક હસ્તગત થાય છે.














ॐ ह्रा ह्री हु हू ह्रे ह्रै ह्रो ह्रौ ह्रः
ॐ असिआउसा सम्यग्दर्शन ज्ञान चरित्रेभ्यों ह्रीँ नमः ।

ઋષિમંડલ સ્તવનના યંત્રનો મૂલ મંત્ર છે,
આ સત્તાવીશ અક્ષરના મૂલ મંત્રમાં પ્રથમના નવ બીજાક્ષર છે
અને પછીના અઢાર વિદ્યાક્ષર છે. આ સત્તાવીશ અક્ષરનો
મૂલમંત્ર આરાધના કરનારાઓને શુભ ફળ આપનારો છે.
(મનોકામના પુરી કરનારો છે)

नादश्चन्द्रसमाकारो बिन्दर्निलसमप्रभः ।
कलाऽरूणसमा सान्तः, स्वर्णाभः सर्वतोमुखः ॥
शिरःसंलीन ईकारो, विनीलो वर्णतः स्मृतः ।
वर्णानुसारसंलीनं, तीर्थ कृन्मण्डलं स्तुमः ॥

અર્થ - આ હ્રીઁ નામના બીજાક્ષરની નાદ (કલા) અર્ધ ચંદ્રકાર (◡) છે. તે ચંદ્ર સમાન સફેદ વર્ણવાળી છે. (.) નાદ ઉપરના અનુસ્વરનો રંગ કાળો છે હ કારની મસ્તકરૂપ કલા લાલ રંગની પ્રભાવશાળી છે અને કારનો બાકીનો ભાગ ચારે તરફ સુવર્ણ સમાન પીળા રંગવાળો છે. મસ્તકના ભાગને મળેલો ઈકાર લીલા રંગવાળો છે. આવા કારમાં પોતપોતના વર્ણને અનુસારે લીન થયેલા ૨૪ તીર્થંકરોનાં મંડળ-સમૂહની એમની સ્તુતિ કરીએ છીએ.

# શ્રી લોગસ્સ મહાસૂત્ર - પરિશીલન તથા તપ આરાધના વિધિ




ચિત્ર સમજ : ચિત્રમાં વચ્ચે ગાથાની લીટીવાર કુલ ૨૪ ભગવાન મૂક્યા છે. ૧લી ગાથામાં ક્રમશઃ 'લોગસ્સ ઉજ્જોઅગરે' આદિ પદથી જ્ઞાનાતિશય, વચનાતિશય, અપાયાપગમ(રાગાદિ-નાશ) અતિશય, ને પૂજાતિશય સૂચવ્યા, તે ચિત્રમાં વચ્ચે મથાળે દર્શાવ્યા પ્રમાણેના પ્રતિક મન સામે લાવી યાદ કરવાના. બધા ભગવાન એ પ્રમાણે સૂર્ય જેવા પંચાસ્તિકાય - પ્રકાશક, સમવસરણ પર તીર્થ - સ્થાપક, મિત્ર - શત્રુ પર રાગાદિવિજેતા, અને અષ્ટપ્રાતિહાર્યની શોભાને અર્હ = યોગ્ય જોવાના. 'ચઉવીસં' પિ = ૨૪ પણ એમાં 'પણ' શબ્દથી સર્વ દેશ - કાળના બીજા અનંત તીર્થંકર સૂચવ્યા, તે ૨૪ ની આસપાસ ને પાછળ જોવાના.

- ગાથા - ૨જી -૩જી - ૪ થી બોલતાં એની દરેક લીટીવાર ચિત્ર પ્રમાણે એટલા જ ભગવાન દેખવાના. દા.ત. 'ઉસભ-મજિઅં' તો ૧લી લીટીમાં 'ઋષભદેવ - અજિતનાથ' એ બે ભગવાન સમલેવલ પર દેખાય, એમની નીચે ૩જા- ૪થા - ૫માં ભગવાન, એમ છેલ્લે ૨૩ માં - ૨૪માં દેખાય. આ દરેક ભગવાન વળી પ્રાતિહાર્ય સહિત, અને એ દરેકના ચરણ કમળે આપણું માથું નમેલું દેખાય.
- ગાથા ૫મીમાં 'ચઉવીસં પિ' થી ૨૪ અને બીજા અનંત જિનવર તીર્થંકર જોવાના, એ પણ હાથ જોડી નિર્મલ અને અક્ષય સ્વરૂપ જોઇ એમના પ્રસાદ - પ્રભાવના માંગણી કરવાની, અર્થાત્ પ્રભાવ આપણે ઝીલીએ એવી અભિલાષા કરવાની. પ્રસાદ - પ્રસન્નતા-કૃપા - કરૂણા બધું એમના અચિંત્ય પ્રભાવનાસ્વરૂપ છે.
- ગાથા - ૬માં જોવાનું કે બધા ભગવાનનું ત્રણે લોકમાં કીર્તન - વંદન - (મૂર્તિદ્વારા) પૂજન થયેલું છે, અને એ મંત્ર સિદ્ધ વિદ્યાસિદ્ધ આદિમાં શ્રેષ્ઠ શુદ્ધ - બુદ્ધ - મુક્તસિદ્ધ છે એ જોવાનું આપણને ભાવ આરોગ્ય મોક્ષ માટે બોધિલાભ (વીતરાગતા સુધીનો જૈન ધર્મ) અને ઉત્તમ ભાવસમાધિ આપો એમ પ્રાર્થના કરવાની. ગાથા ૭મીમાં ચિત્રમાં છેક નીચે બતાવ્યા પ્રમાણે ભગવાનને ચંદ્ર - સૂર્ય - સાગર કરતાંય અધિક નિર્મળ, પ્રકાશક, અને ગંભીર તથા સિદ્ધશિલા પર બીરાજમાન સિદ્ધ તરીકે જોતાં એ મોક્ષ આપો એવી પ્રાર્થના કરવાની.

# चउवीसत्थय-सुत्तं

## (૧) લોગસ્સ સૂત્ર મૂલપાઠ

(સિલોગો)

लोगस्स उज्जोअगरे, धम्मतित्थयरे जिणे ।
अरिहंते कित्तइस्सं, चउवीसं पि केवली ॥१॥

ગાહા

उसभमजिअं च वंदे, संभवमभिणंदणं च सुमइं च ।
पउमप्पहं सुपासं, जिणं च चंदप्पहं वंदे ॥२॥
सुविहिं च पुप्फदंतं, सीअल-सिज्जंस-वासुपुज्जं च ।
विमलमणंतं च जिणं, धम्मं संतिं च वंदामि ॥३॥
कुंथुं अरं च मल्लिं, वंदे मुणिसुव्वयं नमिजिणं च ।
वंदामि रिट्ठनेमिं, पासं तह वद्धमाणं च ॥४॥
एवं मए अभिथुआ, विहुय-रय-मला पहीण-जर-मरणा ।
चउवीसं पि जिणवरा, तित्थयरा मे पसीयंतु ॥५॥
कित्तिय-वंदिय-महिया, जे ए लोगस्स उत्तमा सिद्धा ।
आरुग्ग-बोहि-लाभं, समाहिवरमुत्तमं दिंतु ॥६॥
चंदेसु निम्मलयरा, आईच्चेसु अहियं पयासयरा ।
सागरवरगंभीरा, सिद्धा सिद्धिं मम दिसंतु ॥७॥

# [ चतुर्विंशति-जिन स्तवः ]

## (૨) સંસ્કૃત છાયા

लोकस्य उद्द्योतकरान्, धर्मतीर्थकारन् जिनान् ।
अर्हतः कीर्तयिष्यामि, चतुर्विंशतिम् अपि केवलिनः ॥१॥
ऋषभम् अजितं च वन्दे, सम्भवम् अभिनन्दनं च सुमतिं च ।
पद्मप्रभं सुपार्श्वं जिनं च चन्द्रप्रभं वन्दे ॥२॥
सुविधिं च पुष्पदन्तं, शीतल-श्रेयांस-वासुपूज्यान् च ।
विमलम् अनन्तं च जिनं, धर्मं शान्तिं च वन्दे ॥३॥
कुन्थुम् अरं च मल्लिं, वन्दे मुनिसुव्रतं नमिजिनं च ।
वन्दे अरिष्टनेमिं, पार्श्वं तथा वर्द्धमानं च । ॥४॥
एवं मया अभिष्टुताः, विधूत-रजो-मलाः प्रही( क्षी )ण-जरा-मरणाः।
चतुर्विंशतिर् अपि जिनवराः, तीर्थकराः मे प्रसीदन्तु ॥५॥
कीर्तित-वन्दित-महिताः, ये एते लोकस्य उत्तमाः सिद्धाः ।
आरोग्य - बोधि - लाभं, समाधिवरमुत्तमं ददतु ॥६॥
चन्द्रेभ्यो निर्मलतराः, आदित्येभ्यः अधिकं प्रकाशकराः ।
सागरवरगम्भीराः सिद्धाः सिद्धिं मम ( मह्यं ) दिशन्तु ॥७॥

# 'લોગસ્સ' - સૂત્ર

(૩) ગુજરાતી છાયા

લોકનો ઉદ્દ્યોત કરનારાઓને, ધર્મ તીર્થ કરોને જિનોને;
અરિહંતોને સ્તવીશ, ચોવીશેય પણ કેવલીઓને. ૧.
ઋષભ અજિતને અને વંદું છું, સંભવ અભિનંદન તથા સુમતિને વળીઃ
પદ્મપ્રભુને, સુપાર્શ્વ જિનને, તથા ચંદ્રપ્રભને વંદું છું. ૨.
સુવિધિને અથવા પુષ્પદંતને, શીતલ શ્રેયાંસ વાસુપૂજ્યનેઃ
વિમલ અનંત તથા જિનને, ધર્મને તથા શાંતિને વંદું છું. ૩.
કુંથુને અરને તથા મલ્લિને, વંદું છું મુનિસુવ્રતને તથા નમિજિનને;
વંદું છું અરિષ્ટનેમિને, પાર્શ્વને તથા વર્દ્ધમાનને વળી. ૪.
એવી રીતે અભિસ્તવેલા, રજ અને મલથી યુક્ત જરા-મરણનો ક્ષય કરનાર;
ચોવીશે પણ જિનવરો, તીર્થંકરો મુજ પર પ્રસન્ન થાઓ. ૫.
સ્તવ્યા, વંદ્યા, પૂજ્યા, જે (છે) લોકોત્તમ સિદ્ધો;
આરોગ્ય બોધિલાભ ને, સમાધિવર ઉત્તમ આપો. ૬.
ચંદ્રોથી વધારે નિર્મળ, આદિત્યોથી વધારે પ્રકાશકર;
સાગરથી વધારે ગંભીર, સિદ્ધો સિદ્ધિ મને આપો. ૭.

## વંદિત્તુ ગાથામાં ૨૪ ભગવાન




ચોવીશ જિનેશ્વર ભગવંતોથી (તેમના મુખથી) નીકળેલી, દીર્ઘકાળથી ભેગા થયેલા પાપોનો નાશ કરનારી, લાખો ભવોનો ક્ષય કરનારી ધર્મકથાઓ (દેશનાઓ) ના સ્વાધ્યાયથી મારા દિવસો પસાર થાઓ.

# લોગસ્સ તપ આરાધના વિધિ

## ક્રિયા પાંચ પ્રકારની

૧. વિષક્રિયા...આ ભવના સુખ માટે જ, જે ક્રિયા કરવામાં આવે તે.
૨. ગરલક્રિયા...પરભવના સુખ માટે જે ક્રિયા કરવામાં આવે તે.
૩. અનનુષ્ઠાન ક્રિયા...ઉપયોગ વિના જે ક્રિયા કરવામાં આવે તે.
૪. તદ્દહેતુ ક્રિયા...સમજણ સહિત પરંતુ વીર્યના ઉલ્લાસ વિના જે ક્રિયા કરવામાં આવે તે.
૫. અમૃત ક્રિયા...સમજણ સહિત અને વીર્યના ઉલ્લાપૂર્વક જે ક્રિયા કરવામાં આવે તે.

## આરાધના વિધી

**૧૨** સાથિયા, **૧૨** ખમાસમણા, **૧૨** કાઉસગ્ગ,
**૧૨** લોગસ્સ(**૪૮** નવકાર), નવકારવાળી - **૨૦**
(જે દિવસે જે ભગવાનનું મંત્ર આવે તે ગણવા)

**૧૨** ખમાસમણાનો દુહો

**પરમપંચ પરમેષ્ઠિમાં, પરમેશ્વર ભગવાન,**
**ચાર નિક્ષેપ ધ્યાઈએ, નમો નમો શ્રી જિનભાણ.**

**કાઉસગ્ગની વિધિ :-** પ્રથમ ઇરિયાવહિયા કરી પછી ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ૐ હ્રીં અર્હં શ્રી આદિનાથ ભગવાન (જે દિવસે જે ભગવાન) આરાધનાર્થે કાઉસગ્ગ કરૂં ઈચ્છં શ્રી આદિનાથ ભગવાન (જે દિવસે જે ભગવાન) આરાધનાર્થે કરેમિ કાઉસગ્ગં વંદણવત્તિઆએ. (૧૨ લોગસ્સ સંપૂર્ણ ન આવડે તો ૪૮ નવકારનો કાઉસગ્ગ કરવો)

**સૂચનાઓ :-**

(૧) ત્રણ ટાઈમ દેવવંદન (૨) બે ટાઈમ પ્રતિક્રમણ (૩) વ્યાખ્યાન પછી ગુરુ મહારાજની નિશ્રામાં સામુહિક ચૈત્યવંદન, ખમાસમણા, કાઉસગ્ગ આદિ ક્રિયા વિધિ. (૪) ૨૦ નવકારવાળી (જે ભગવાનની આવે તે), (૫) દેરાસરજીમાં ૧૨ સાથિયા (શક્તિ અનુસાર - ૧૨ નૈવેદ્ય, ૧૨ ફળ, ૧૨ ફુલ આદિ) મુકવા.

### આ લોગસ્સ તપ :-

**એકાંતરે ઉપવાસ - બિઆસણાથી કરાય છે.**
**અથવા સળંગ ૨૪ એકાસણાથી પણ કરાય છે.**

## લોગસ્સ મહાસૂત્ર ના તપ મંત્રો

(१) ॐ ह्रीँ अर्हँ श्रीं ऋषभदेवाय नमः ।
(२) ॐ ह्रीँ अर्हँ श्रीं अजितनाथाय नमः ।
(३) ॐ ह्रीँ अर्हँ श्रीं सम्भवनाथाय नमः ।
(४) ॐ ह्रीँ अर्हँ श्रीं अभिनन्दनाय नमः ।
(५) ॐ ह्रीँ अर्हँ श्रीं सुमतिनाथाय नमः ।
(६) ॐ ह्रीँ अर्हँ श्रीं पद्मप्रभाय नमः ।
(७) ॐ ह्रीँ अर्हँ श्रीं सुपार्श्वनाथाय नमः ।
(८) ॐ ह्रीँ अर्हँ श्रीं चन्द्रप्रभाय नमः ।
(९) ॐ ह्रीँ अर्हँ श्रीं सुविधिनाथाय नमः ।
(१०) ॐ ह्रीँ अर्हँ श्रीं शीतलनाथाय नमः ।
(११) ॐ ह्रीँ अर्हँ श्रीं श्रेयांसनाथाय नमः ।
(१२) ॐ ह्रीँ अर्हँ श्रीं वासुपूज्याय नमः ।
(१३) ॐ ह्रीँ अर्हँ श्रीं विमलनाथाय नमः ।
(१४) ॐ ह्रीँ अर्हँ श्रीं अनन्तनाथाय नमः ।
(१५) ॐ ह्रीँ अर्हँ श्रीं धर्मनाथाय नमः ।
(१६) ॐ ह्रीँ अर्हँ श्रीं शान्तिनाथाय नमः ।
(१७) ॐ ह्रीँ अर्हँ श्रीं कुन्थुनाथाय नमः ।
(१८) ॐ ह्रीँ अर्हँ श्रीं अरनाथाय नमः ।
(१९) ॐ ह्रीँ अर्हँ श्रीं मल्लिनाथाय नमः ।
(२०) ॐ ह्रीँ अर्हँ श्रीं मुनिसुव्रताय नमः ।
(२१) ॐ ह्रीँ अर्हँ श्रीं नमिनाथाय नमः ।
(२२) ॐ ह्रीँ अर्हँ श्रीं नेमिनाथाय नमः ।
(२३) ॐ ह्रीँ अर्हँ श्रीं पार्श्वनाथाय नमः ।
(२४) ॐ ह्रीँ अर्हँ श्रीं महावीराय नमः ।

**આ દરેક મંત્ર શાંતિમંત્રનું કામ કરે છે અને તેનો આવશ્યકતા અનુસાર જપ કરી શકાય છે.**

## છેલ્લી ગાથાનો ચમત્કાર

લોગસ્સસૂત્રની છેલ્લી ગાથા ચમત્કારિક છે, એવો ખ્યાલ તો અમને ઘણાં વર્ષો પૂર્વે આવ્યો હતો, પરંતુ એક વાર એક ધર્મપ્રેમી સજ્જનનો સમાગમ થયો, તેમણે વાતની વાતમાં જણાવ્યું કે 'લોગસ્સસૂત્રની છેલ્લી ગાથા ચમત્કારિક છે અને મને તેનો અનુભવ થયો છે.' આ શબ્દો સાંભળતાં જ અમારા આનંદનો પાર રહ્યો નહિ. અમે કહ્યું : 'એ અનુભવ કહી શકશો ખરા ?' તેમણે કહ્યું : 'તમને કહેવામાં કંઈ હરકત નથી.' અને તેમણે જણાવ્યું કે 'એક વાર ધંધામાં મને એકાએક દોઢથી બે લાખ રૂપિયાનું નુકશાન થયું, જે મારા માટે ઘણું ભારે હતું. હું ફીકરમાં પડ્યો અને ઉદાસીન બની ગયો. મારી આ હાલત જોઈને એક મુનિરાજે મને પોતાની પાસે બોલાવ્યો અને પૂછ્યું કે ' શી બાબત છે ?' મેં જેવી હતી, તેવી હકીકત કહી સંભળાવી. તેમણે કહ્યું : ' ફીકર ન કરો. બધાં સારાં વાનાં થઈ જશે. ' અને તેમણે મને રોજ લોગસ્સસૂત્રની છેલ્લી ગાથાની પૂરી માળા ગણવાનું કહ્યું, એટલે કે ૧૦૮ વાર ગણના કરવાનું જણાવ્યું અને બે વસ્તુઓનો ત્યાગ કરાવ્યો. અમે પૂછ્યું : ' કઈ બે વસ્તુઓનો ત્યાગ કરાવ્યો ?' તેમણે કહ્યું : 'એક દૂધપાકનો અને બીજો કેરીનો.' મેં રોજ છેલ્લી ગાથાની માળા ફેરવવા માંડી. આ માળા હું ખૂબ શ્રધ્ધાપૂર્વક ગણતો હતો અને તે વખતે કોઈ આડા અવળા વિચારો આવવા દેતો ન હતો. ૧૫ દિવસ પછી ધંધાની સ્થિતિ સુધરવા માંડી અને ૪૫ દિવસમાં તો મેં ગુમાવેલા બધા પૈસા પાછા આવી ગયા. ત્યારથી એ માળા ગણવાનું આજ સુધી ચાલુ છે. પરિણામે હું સુખી છું.'

આ રીતે લોગસ્સની કોઈ પણ ગાથા અને ગાથાનું મંત્ર ગુરૂ મહારાજ પાસે લઈને આપણા જીવનમાં આવેલ વિઘ્નો, આધિ, વ્યાધિ, ઉપાધિ, Tensions, Worries ટાળી શકાય છે.

# લોગસ્સ વિશે....

જૈનશ્રુત અનેક ઉત્તમ કૃતિઓથી ભરેલું છે. તેમાંની એક કૃતિ તે 'चउवीसत्थय सुत्त' યાને **'લોગસ્સસૂત્ર'** છે. આવશ્યક મૂલસૂત્રનું બીજું અધ્યયન છે. જેનું બીજુ નામ "નામસ્તવ" છે.

**લોગસ્સસૂત્રમાં મુખ્ય ત્રણ વિભાગ છે.**

૧. વિષય નિર્દેશ - પ્રથમ ગાથા

૨. ભાવ વંદના - ૨, ૩, ૪, થી ગાથા

૩. પ્રણિધાન - ૫, ૬, ૭ માં ગાથા

તેનો ઉપયોગ આપણી ઘણી ધાર્મિક ક્રિયાઓમાં થઈ રહેલો છે, આમ છતાં તેના અર્થ-ભાવ-રહસ્ય અંગે આપણા સમાજમાં જોઈએ તેવી સ્પષ્ટ સમજણ પ્રવર્તતી નથી. મોટા ભાગે તો તેનો પાઠ શીખીને તથા સામાન્ય અર્થો જાણીને સંતોષ મનાય છે, પણ તે એક મહાસૂત્ર છે, ઘણું અર્થ ગંભીર છે તથા આપણા તીર્થંકરવાદ, ભક્તિવાદ અને અધ્યાત્મવાદના મૂલ પાયા સમું છે, એવો ખ્યાલ તો બહુ થોડામાં જ પ્રવર્તે છે. આ પરિસ્થિતિનું સર્વાંશે નહિ તો અમુક અંશે પણ નિવારણ થાય એ માટે આપણે સહુ પ્રયત્ન કરીએ....

**ઉપધાન તપમાં થતી અનુપમ આરાધના**

આ ઉપધાન તપની આરાધનામાં લગભગ ૧ લાખ નવકારમંત્રનો જાપ થાય છે. ૭ હજાર ચતુર્વિંશતિ સ્તવ લોગસ્સનું ધ્યાન થાય છે.

**પાંચમું ઉપધાન : - નામ સ્તવ અધ્યયનાય નમો નમઃ**

આ પદ બોલીને ૧૦૦ ખમાસમણા અપાય છે.

દરરોજ ૧૦૦ લોગસ્સનું ચંદેસુ નિમ્મલયરાનો કાઉસ્સગ્ગ કરાય છે.

ઉપધાન તપમાં અટ્ઠાવીસ દિવસનું લોગસ્સ સૂત્ર ભણવા માટેનું અટ્ઠાવીશુ હોય છે. તેની વાંચનાઓ આ પ્રમાણે હોય છે.

૧) ૫ માં દિવસે લોગસ્સની ૧ પ્રથમ ગાથા સુધી

૨) ૧૫ માં દિવસે લોગસ્સની ૨, ૩, ૪, ગાથા સુધી

૩) ૨૮ માં દિવસે લોગસ્સની ૫, ૬, ૭, ગાથા સુધી

આ ઉપધાન કર્યા પછી જ તપસ્વી આરાધક ને સાચા અર્થમાં લોગસ્સ સૂત્ર બોલવાનો હક (અધિકાર) મળે છે. ૨૪ ભગવાનનો નામસ્મરણ સાચી રીતે થઈ શકે છે.

- **લોગસ્સસૂત્ર ની પ્રાચીનતા અને પવિત્રતા તો નિઃશંક છે.**
- **લોગસ્સસૂત્ર જિનભક્તિનું દ્યોતક છે.**
- **લોગસ્સસૂત્ર દર્શન શુધ્ધિનું સાધન છે.**
- **લોગસ્સસૂત્ર અધ્યાત્મની આધારશિલા છે.**
- **લોગસ્સસૂત્ર અમારા જીવનનો એક મોંઘેરો મણી છે.**
- **જૈન ધર્મનું શિક્ષણ લેતા અને જૈન શાસ્ત્રોનો સ્વાધ્યાય કરતાં આ કિંમતી મહારત્ન અમને સાંપડ્યો છે.**
- **ચાલો આપણે એ મહામુલો રત્ન ભક્તિ થી જતન કરીએ.**

# ૧ શ્રી શત્રુંજય તીર્થાધિપતિ શ્રી આદિનાથ ભગવાન





**શાસન યક્ષ**

**શ્રી ગોમુખ યક્ષ નું વર્ણન :**
સુવર્ણવર્ણ, હાથીનું વાહન, ચાર હાથ, જમણા બે હાથમાં વરદ અને જાપમાલા, ડાબા બે હાથમાં બીજોરૂં અને પાશ



**શાસન યક્ષિણી**

**શ્રી ચક્રેશ્વરી દેવી નું વર્ણન :**
સુવર્ણ વર્ણ, ગરૂડનું વાહન, આઠ હાથ, જમણા ચાર હાથમાં વરદ, બાણ, ચક્ર, પાશ અને ડાબા હાથમાં ધનુષ, વજ, ચક્ર અને અંકુશ

**લાંછન**



**વૃષભ**

**શ્રી પાંસઠીયો યંત્ર**

| | | | | |
|---|---|---|---|---|
| ૧૦ | ૧૮ | ૧ | ૧૪ | ૨૨ |
| ૧૧ | ૨૪ | ૭ | ૨૦ | ૩ |
| ૧૭ | ૫ | ૧૩ | ૨૧ | ૯ |
| ૨૩ | ૬ | ૧૯ | ૨ | ૧૫ |
| ૪ | ૧૨ | ૨૫ | ૮ | ૧૬ |

# શ્રી આદિનાથ ભગવાન ની સંક્ષિપ્ત વિગત

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | પિતા | નાભિરાજા (૫૨૫ ધનુષની કાયા) | ૨૮ | પત્નીનું નામ | ૧ સુમંગલા - ૨ સુનંદા |
| ૨ | માતા | મરુદેવી (૫૨૫ ધનુષની કાયા) | ૨૯ | પુત્ર | ૧૦૦ ભરત, બાહુબલી, આદિ |
| ૩ | લાંછન | વૃષભ | ૩૦ | પુત્રી | ૧ બ્રાહ્મી, ૨. સુંદરી |
| ૪ | શાસન યક્ષ | ગૌમુખ (ગોમુહ) | ૩૧ | ગૃહસ્થ કાળ | ૮૩ લાખ પૂર્વ |
| ૫ | શાસન યક્ષિણી | ચક્રેશ્વરી (ચક્કેસરી) અપ્રતિચક્રા | ૩૨ | માતાની ગતિ | મોક્ષ |
| ૬ | શરીરની ઉંચાઈ | ૫૦૦ ધનુષ્ય | ૩૩ | પિતાની ગતિ | નાગકુમાર |
| ૭ | શરીર વર્ણ / પ્રમાણ | સુવર્ણ /૧૨૦ પ્રમાણ | ૩૪ | દીક્ષા તિથિ મારવાડી | ચૈત્ર વદ ૮ |
| ૮ | પૂર્વ ભવ સંખ્યા | ૧૩ | ૩૫ | દીક્ષા તિથિ ગુજરાતી | ફાગણ વદ ૮ |
| ૯ | પૂર્વ ભવે નામ | વજનાભ | ૩૬ | દીક્ષા નગરી | અયોધ્યા |
| ૧૦ | પૂર્વ ભવ નગરી... | પુંડરીગિણી | ૩૭ | દીક્ષા ભૂમિ | સિદ્ધાર્થવન |
| ૧૧ | ...દ્વીપ/વિદેહ/વિજય | જંબુ/પૂર્વ/પુષ્કલાવતી | ૩૮ | સહ દીક્ષા | ૪૦૦૦ |
| ૧૨ | પૂર્વ ભવના ગુરુ | વજસેન | ૩૯ | શિબિકાનું નામ | સુદર્શના |
| ૧૩ | પૂર્વ ભવનું દેવ આયુ | ૩૩ સાગરોપમ | ૪૦ | દીક્ષાનો સમય/લોચ | બપોર/ચારમુષ્ઠી લોચ |
| ૧૪ | કયા દેવલોકથી ચ્યવન | સર્વાર્થસિદ્ધ | ૪૧ | દીક્ષા-તપ | છઠ્ઠ |
| ૧૫ | પહેલે સ્વપ્ને | વૃષભ | ૪૨ | પ્રથમ પારણા દ્રવ્ય | ઈક્ષુરસ |
| ૧૬ | ચ્યવન તિથિ મારવાડી | અષાઢ વદ ૪ | ૪૩ | પ્રથમ પારણા નગરી | ગજપુર-હસ્તિનાપુર |
| ૧૭ | ચ્યવન તિથિ ગુજરાતી | જેઠ વદ ૪ | ૪૪ | પ્રથમ ભિક્ષા દાતા | શ્રેયાંસકુમાર |
| ૧૮ | ગર્ભ કાળ | ૯ માસ - ૦૪ દિન | ૪૫ | છદ્મસ્થ કાળ | ૧,૦૦૦ વર્ષ |
| ૧૯ | જન્મ આરો | ત્રીજા આરાના અંતે ૮૪ લાખ પૂર્વ, ૩ વર્ષ ૮॥ માસ ઓછા | ૪૬ | કેવળજ્ઞાન તિથિ મારવાડી | ફાગણ વદ ૧૧ |
| ૨૦ | જન્મ નગરી | અયોધ્યા | ૪૭ | કેવળજ્ઞાન તિથિ ગુજરાતી | મહા વદ ૧૧ |
| ૨૧ | જન્મ દેશ | કોશલ | ૪૮ | કેવળજ્ઞાન નગરી | (અયોધ્યા) પુરિમતાલ |
| ૨૨ | જન્મ તિથિ મારવાડી | ચૈત્ર વદ ૮ | ૪૯ | કેવળજ્ઞાન ભૂમિ | શકટમુખ ઉદ્યાન |
| ૨૩ | જન્મ તિથિ ગુજરાતી | ફાગણ વદ ૮ | ૫૦ | કેવળજ્ઞાન તપ/વૃક્ષ | અઠ્ઠમ/ વડ (ન્યગ્રોધ) |
| ૨૪ | વંશ / ગોત્ર | ઈક્ષ્વાકુ / કાશ્યપ | ૫૧ | ઉત્કૃષ્ટ તપ | બાર માસ ઉપવાસ |
| ૨૫ | કુમાર અવસ્થા | ૨૦ લાખ પૂર્વ | ૫૨ | જ્ઞાન વૃક્ષની ઉંચાઈ | ત્રણ ગાઉ |
| ૨૬ | રાજ્ય અવસ્થા | ૬૩ લાખ પૂર્વ | ૫૩ | સમવસણ ઊંચાઈ | ૪૮ કોષ (અશોકવૃક્ષ સાથે) |
| ૨૭ | વિવાહિત/અવિવાહિત | વિવાહિત | ૫૪ | પ્રથમ દેશના વિષય | યતિધર્મ અને શ્રાવક ધર્મ |

# શ્રી આદિનાથ ભગવાન ની સંક્ષિપ્ત વિગત

| | | |
|---|---|---|
| ૫૫ | પ્રથમ ગણધર/સંખ્યા | ઋષભસેન / ૮૪ |
| ૫૬ | પ્રથમ શિષ્યા (સાધ્વી) | બ્રાહ્મી |
| ૫૭ | મુખ્ય ભક્ત રાજા | ભરત ચક્રવર્તી |
| ૫૮ | કેવળ જ્ઞાની | ૨૦,૦૦૦ |
| ૫૯ | મનઃ પર્યવજ્ઞાની | ૧૨,૭૫૦ |
| ૬૦ | અવધિ જ્ઞાની | ૯,૦૦૦ |
| ૬૧ | ચૌદ પૂર્વધર | ૪,૭૫૦ |
| ૬૨ | વૈક્રિય લબ્ધિધર | ૨૦,૬૦૦ |
| ૬૩ | સાધુ સંખ્યા/સાધુ વસ્ત્ર | ૮૪,૦૦૦/શ્વેત |
| ૬૪ | સાધુ સ્વભાવ/મહાવ્રત | ઋજુ અને જડ / ૫ |
| ૬૫ | સાધ્વીની સંખ્યા | ૩,૦૦,૦૦૦ |
| ૬૬ | વાદી મુનિ | ૧૨,૬૫૦ |
| ૬૭ | શ્રાવકની સંખ્યા | ૩,૫૦,૦૦૦ |
| ૬૮ | પ્રથમ શ્રાવક નામ | શ્રેયાંસ |
| ૬૯ | શ્રાવિકાની સંખ્યા | ૫,૫૪,૦૦૦ |
| ૭૦ | પ્રથમ શ્રાવિકા નામ | સુભદ્રા |
| ૭૧ | કેવળ જ્ઞાન કાળ | ૧ હજાર વર્ષ ન્યુન ૧ લાખ પૂર્વ |
| ૭૨ | નિર્વાણ તિથિ મારવાડી | મહા વદ ૧૩ |
| ૭૩ | નિર્વાણ તિથિ ગુજરાતી | પોષ વદ ૧૩ |
| ૭૪ | નિર્વાણ નક્ષત્ર/રાશિ | અભિજિત / મકર |
| ૭૫ | નિર્વાણ આસન | પર્યંકાસન (પદ્માસન) |
| ૭૬ | નિર્વાણ તપ | ૬ ઉપવાસ |
| ૭૭ | નિર્વાણ ભૂમિ | અષ્ટાપદ પર્વત |
| ૭૮ | સહ નિર્વાણ | ૧૦,૦૦૦ |
| ૭૯ | નિર્વાણ વેળા | દિવસના આગલા ભાગે |
| ૮૦ | સમેતશિખર ટુંક નામ | નથી |
| ૮૧ | અષ્ટાપદ યાત્રા ફળ | તે જ ભવે મોક્ષે જાય |

| | | |
|---|---|---|
| ૮૨ | તે ટુંક ઉપર મોક્ષે ગયા | -------- |
| ૮૩ | કુલ દીક્ષા પર્યાય | ૧ લાખ પૂર્વ |
| ૮૪ | આયુષ્ય | ૮૪ લાખ પૂર્વ |
| ૮૫ | અંતરમાન | નથી |
| ૮૬ | તીર્થ આશ્ચર્ય ઉત્પત્તિ | ૧૦૮ મોક્ષ એક સાથે |
| ૮૭ | તીર્થોત્તમપુરુષ | ભરત ચક્રવર્તી |
| ૮૮ | શાસનમાં વિશિષ્ટ તપ | વર્ષી તપ, મેરૂ તેરસ, પૂર્વ ૯૯ યાત્રા |
| ૮૯ | જિનાલય શિલ્પનામ | કમલભૂષણ |
| ૯૦ | જિનાલય દિશા દ્વાર | પશ્ચિમ |
| ૯૧ | ચ્ય.જ.દી.કે.નક્ષત્ર | ઉત્તરાષાઢા |
| ૯૨ | નક્ષત્ર ક્રમાંક / તારા | ૨૧/૩ |
| ૯૩ | સ્વરાશિ ૩ | ધન |
| ૯૪ | રાશિ સ્વામી/રાશિ નાડી | ગુરૂ / અંત્ય |
| ૯૫ | રાશિ ગણ/ રાશિ યોનિ | માનવ / નકુલ |
| ૯૬ | રાશિ તત્ત્વ/ રાશિ જાતિ | અગ્નિ / ક્ષત્રિય |
| ૯૭ | શ્રેષ્ઠત્તર રાશિ ✓ | મીન |
| ૯૮ | શ્રેષ્ઠ રાશિ ✓ | કન્યા, વૃશ્ચિક |
| ૯૯ | પ્રીતિ રાશિ ✓ | કર્ક |
| ૧૦૦ | શુભ રાશિ ✓ | મેષ, સિંહ, તુલા, કુંભ |
| ૧૦૧ | સમ રાશિ × | મિથુન |
| ૧૦૨ | મધ્યમ રાશિ × | નથી |
| ૧૦૩ | અશુભ રાશિ × | મકર |
| ૧૦૪ | શત્રુ રાશિ × | વૃષભ |
| ૧૦૫ | અશુભતર રાશિ × | નથી |
| ૧૦૬ | વર્ગ/વર્ગેશ/આદ્યાક્ષર | અ/ગરૂડ ૧ / ઋ |
| ૧૦૭ | આરાધના અંગ | મસ્તક રક્ષા |
| ૧૦૮ | પ્રાકૃત નામ | ઉસભ, આદેસર, રિસહેસર, રિસહ |

રાશિવાળા જિનબિંબ ભરાવે ✓

રાશિવાળા જિનબિંબ ન ભરાવે ×

# શ્રી આદિનાથ ભગવાન વિશિષ્ટ આરાધના

## સંસ્કૃત સ્તુતિ

आदिमं पृथिवीनाथ-मादिमं निष्परिग्रहम् ।
आदिमं तीर्थनाथं च, ऋषभस्वामिनं स्तुमः ॥

અર્થ : પ્રથમ પૃથ્વીના પતિ (રાજા), પ્રથમ પરિગ્રહ ત્યાગી-સાધુ અને પહેલા તીર્થંકર એવા ઋષભ સ્વામીની અમે સ્તુતિ કરીએ છીએ.

## હિન્દી સ્તુતિ

सुख करण स्वामी जगत नामी, आदि करता दुख हरं ।
सुर इन्द चन्द फनिन्द वन्दत, सकल अघहर जिनवरं ।
प्रभु ज्ञान सागर गुन हि आगर, आदिनाथ जिनेश्वरं ।
सब भविकजन मिल करो पूजा जपो नित परमेश्वरं ॥

## મરાઠી સ્તુતિ

सदा सर्वदा योग तुझा घडावा
तुझे कारणी देह माझा पडावा
उपेक्षु नको गुणवंता अनंता
आदिनाथा ! मागणे हेचि आता

## અંગ્રેજી સ્તુતિ

A for O My ADINATH
Be with me in every Path
Never forget naughty son,
You are father Super One.

**પ્રસિધ્ધ તીર્થો :**
ઉપરિયાળાજી, શત્રુંજય, આબુ, રાણકપુર, અગાસી ઝગડીયા, અયોધ્યા, કેશરીયાજી, કાવી, અષ્ટાપદ, કુલપાક

**સામાન્ય નામ અર્થ :**
મહાવ્રતોની ધૂરાને ધારણ કરે છે માટે...

**વિશેષ નામઅર્થ :**
માતાજીએ પ્રથમ સ્વપ્નમાં બળદ જોયો માટે...

પ્રથમ રાજા, પ્રથમ સાધુ, પ્રથમ તીર્થંકર

## ગુજરાતી સ્તુતિ

(રાગ મંદાક્રાન્તા)

જેણે કીધી સકલ જનતા નીતિને જાણનારી,
ત્યાગી રાજ્યાદિક વિભવને જે થયા મૌનધારી
વ્હેતો કીધો સુગમ સબળો મોક્ષનો માર્ગ જેણે,
વન્દું છું તે ઋષભ જિનને ધર્મ-ધોરી પ્રભુને.

## ગુજરાતી છંદ

શ્રી તીર્થરાજ વિમલાચલ નિત્યવંદો, દેખી સદા નયનથી જિમ પૂર્ણચંદો,
પૂજે મલી સુરવરો નરનાથ જેને, ધોરી સદા ચરણ લંછન માંહિ જેને;
શ્રેયાંસના ઘર વિષે રસ ઈક્ષુ પીધો, ભિક્ષાગ્રહી નિજ પ્રપૌત્ર પવિત્ર કીધો;
માતા પ્રતિ વિનય ભાવ ધરી પ્રભુએ, અર્પ્યું અહો પરમ કેવલ શ્રીવિભુએ.

## પ્રાર્થના

ધર્મ સંસ્કૃતિના સ્થાપકશ્રી, આદિનાથ પ્રભુ વીતરાગી
કેવળજ્ઞાન મેળવવા કાજે, સુખ-સંપત્તિ સઘળી ત્યાગી,
નાભિનંદન મરૂદેવા માતાના હતા જે દુલારા
પ્રથમ તીર્થંકર ઋષભદેવના ચરણે નમન અમારા.

## ચૈત્યવંદન

આદિદેવ અલવેસરુ, વિનીતાનો રાય,
નાભિરાયાં કુલ મંડણો, મરુદેવા માય. ૧
પાંચશે ધનુષ્યની દેહડી, પ્રભુજી પરમ દયાળ,
ચોરાશી લાખ પૂર્વનું, જસ આયુ વિશાલ ૨
વૃષભલંછન જિન વૃષ ધરુએ ઉત્તમ ગુણમણિ ખાણ
તસ પદપદ્મ સેવક થકી, લહીએ અવિચળ ઠાણ. ૩

## શ્રી ઋષભ જિનેન્દ્ર ચૈત્યવંદનમ્

(શાર્દૂલવિક્રીડિત - છન્દઃ)

સદ્ભક્ત્યાનતમૌલિનિર્જરવરભ્રાજિષ્ણુ મૌલિપ્રભા,
સંમિશ્રારુણદીપ્તિશોભચરણામ્ભોજદ્વયઃ સર્વદા ।
સર્વજ્ઞઃ પુરુષોત્તમઃ સુચરિતો ધર્માર્થિનાં પ્રાણીનાં,
ભૂયાદ્ભૂરિવિભૂતયે મુનિપતિઃ શ્રીનાભિસૂનુર્જિનઃ ॥ ૧ ॥
સદ્બોધોપચિતાઃ સદૈવ દધતા પ્રૌઢપ્રતાપશ્રિયો,
યેનાજ્ઞાનતમોવિતાનમખિલં વિક્ષિપ્તમન્તઃ ક્ષણમ્ ।
શ્રીશત્રુંજય પૂર્વ શૈલશિખરં ભાસ્વાનિવોદ્ભાસયન્,
ભવ્યામ્ભોજહિતઃ સ એષ જયતુ શ્રીમારુદેવપ્રભુઃ ॥ ૨ ॥
યો વિજ્ઞાનમયો જગત્રયગુરુ ર્યં સર્વલોકાઃ શ્રિતાઃ,
સિદ્ધિર્યેન વૃતા સમસ્તજનતા યસ્મૈ નતિં તન્વતે,
યસ્માન્મોહમતિર્ગતા મતિભૃતાં યસ્યૈવ સેવ્યં વચો,
યસ્મિન્ વિશ્વગુણાસ્તમેવ સુતરાં વન્દે યુગાદીશ્વરમ્ ॥ ૩ ॥

## શ્રી આદિનાથ ભગવાન સ્તવન

(રાગ : દરબારી)

તુમ દરિસણ ભલે પાયો, પ્રથમ જિન તુમ. ।
નાભિનરેસર નંદન નિરૂપમ, માતા મરૂદેવી જાયો ॥ ૧ ॥
આજ અમીરસ જલધર વુઠો, માનુ ગંગાજલે નાહ્યો ।
સુરતરૂ સુરમણિ પ્રમુખ અનુપમ, તે સવિ આજ મેં પાયો ॥ ૨ ॥
યુગલા ધર્મ નિવારણ તારણ, જગ જસ મંડપ છાયો ।
પ્રભુ તુજ શાસન વાસન સમકિત, અંતર વૈરી હરાયો ॥ ૩ ॥
કુગુરૂ કુદેવ કુધર્મની વાસે, મિથ્યામતમેં ફસાયોં ।
મેં પ્રભુ આજ સે નિશ્ચય કીનો, સવિ મિથ્યાત્વ ગમાયો ॥ ૪ ॥
બેર બેર કરૂં વિનંતિ ઈતની, તુમ સેવા રસ પાયો ।
જ્ઞાનવિમલ પ્રભુ સાહિબ નજરે, સમકિત પૂરણ સવાયો ॥ ૫ ॥

## થોય

આદિ જિનવર રાયા, જાસ સોવન્ન કાયા, મરૂદેવી માયા, ધોરી લંછન પાયા,
જગત સ્થિતિ નિપાયા, શુદ્ધ ચારિત્ર પાયા, કેવલ સિરિરાયા, મોક્ષ નગરે સિધાયા.

## સંવેદના

હે નાથ ! જેઓ વિશ્વને અનુગ્રહ કરનારી તમારી દેશનાને સંભારે છે
તે ભવ્ય પ્રાણીઓને હજુ પણ તમે સાક્ષાત જ છો. જેઓ તમારું
રૂપસ્થ એવું ધ્યાન કરે છે એવા મહાત્માઓને પણ તમે પ્રત્યક્ષ જ છો.
હે પરમેશ્વર ! જેવી રીતે મમતા રહિત એવા તમે આ સર્વ સંસારનો
ત્યાગ કર્યો તેવી રીતે હવે કદાપિ મારા મનનો ત્યાગ કરશો નહિ.

## સમેતશિખર ટુંકનો દુહો

ઋષભદેવ અષ્ટાપદે સિદ્ધા સિદ્ધિ દેનાર;
સમેતશિખર પર ટુંક તસ, નમું પૂજું અનંતી વાર.

જાપ : ૐ હ્રીં શ્રી અર્હં ઋષભદેવાય નમઃ ॥ જાપ ફળ : ભય નિવારણ થાય છે.

## ભગવાન ઋષભના પૂર્વના ૧૩ ભવ

(૧) ધન સાર્થવાહ (સમકિતની પ્રાપ્તિ) (૨) ઉત્તરકુરુમાં યુગલિક
(૩) સૌધર્મ દેવલોક (૪) મહાવિદેહમાં મહાબલ રાજા (૫) લલિતાંગકુમાર (દેવ)
(૬) વજ્રજંઘરાજા (૭) યુગલિક (૮) સૌધર્મ દેવલોક (૯) જીવાનંદ વૈદ્ય
(૧૦) અચ્યુત દેવલોક (૧૧) મહાવિદેહમાં વજ્રનાભ (તીર્થંકર નામ કર્મ ગોત્ર ઉપાર્જન)
(૧૨) સર્વાર્થસિદ્ધ વિમાનદેવ (૧૩) ઋષભદેવ

## શ્રી આદિનાથ ભગવાન પંચકલ્યાણક આરાધના

૧. ચ્યવન કલ્યાણક તિથિ - જેઠ વદ ૪ જાપ - ૐ હ્રીં આદિનાથાય પરમેષ્ઠિને નમઃ
૨. જન્મ કલ્યાણક તિથિ - ફાગણ વદ ૮ જાપ - ૐ હ્રીં આદિનાથાય અર્હતે નમઃ
૩. દિક્ષા કલ્યાણક તિથિ - ફાગણ વદ ૮ જાપ - ૐ હ્રીં આદિનાથાય નાથાય નમઃ
૪. કેવલજ્ઞાન કલ્યાણક તિથિ - મહા વદ ૧૧ જાપ - ૐ હ્રીં આદિનાથાય સર્વજ્ઞાય નમઃ
૫. મોક્ષ કલ્યાણક તિથિ - પોષ વદ ૧૩ જાપ - ૐ હ્રીં આદિનાથાય પારંગતાય નમઃ

પ્રસિદ્ધ સ્તોત્ર : શ્રી ભક્તામર મહાસ્તોત્ર

# ૨ શ્રી તારંગા તીર્થાધિપતિ શ્રી અજિતનાથ ભગવાન





### શાસન યક્ષ

**શ્રી મહાયક્ષ** નું વર્ણન :
શ્યામવર્ણ, ચાર મુખ, હાથીનું વાહન. આઠ ભુજા. જમણા ચાર હાથમાં વરદ, મુદ્‌ગર, જપમાળા,પાશ. ડાબા ચાર હાથમાં બીજોરૂં, અભય, અંકુશ અને શક્તિ



### શાસન યક્ષિણી

**શ્રી અજિતબલા દેવી** નું વર્ણન :
ગૌરવર્ણ, લોહાસનાધિરૂઢ અને ચાર હાથ. જમણા બે હાથમાં વરદ અને પાશ. ડાબા બે હાથમાં બીજોરૂં અને અંકુશ

### લાંછન



હાથી

### શ્રી પાંસઠીયો યંત્ર

| | | | | |
|---|---|---|---|---|
| ૧૫ | ૧૯ | ૨ | ૬ | ૨૩ |
| ૯ | ૧૩ | ૨૧ | ૫ | ૧૭ |
| ૧૬ | ૨૫ | ૮ | ૧૨ | ૪ |
| ૩ | ૭ | ૨૦ | ૨૪ | ૧૧ |
| ૨૨ | ૧ | ૧૪ | ૧૮ | ૧૦ |

# શ્રી અજિતનાથ ભગવાન ની સંક્ષિપ્ત વિગત

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | પિતા | જિતશત્રુ | ૨૮ | પત્નીનું નામ | મનોરમા |
| ૨ | માતા | વિજયારાણી | ૨૯ | પુત્ર | નથી |
| ૩ | લાંછન | હાથી (ગજ) | ૩૦ | પુત્રી | નથી |
| ૪ | શાસન યક્ષ | મહાયક્ષ (મહજક્ખ) | ૩૧ | ગૃહસ્થ કાળ | ૧ પૂર્વાંગ અધિક ૭૧ લાખ પૂર્વ |
| ૫ | શાસન યક્ષિણી | અજિતબલા (અજિયબલા) | ૩૨ | માતાની ગતિ | મોક્ષ |
| ૬ | શરીરની ઉંચાઈ | ૪૫૦ ધનુષ્ય | ૩૩ | પિતાની ગતિ | ઈશાન દેવલોક |
| ૭ | શરીર વર્ણ / પ્રમાણ | સુવર્ણ / ૧૦૮ પ્રમાણ | ૩૪ | દીક્ષા તિથિ મારવાડી | મહા સુદ ૯ |
| ૮ | પૂર્વ ભવ સંખ્યા | ૩ | ૩૫ | દીક્ષા તિથિ ગુજરાતી | મહા સુદ ૯ |
| ૯ | પૂર્વ ભવે નામ | વિમલવાહન | ૩૬ | દીક્ષા નગરી | અયોધ્યા |
| ૧૦ | પૂર્વ ભવ નગરી... | સુસીમા | ૩૭ | દીક્ષા ભૂમિ | સહસામ્રવન |
| ૧૧ | ...દ્વીપ/વિદેહ/વિજય | જંબુ / પૂર્વ / વત્સ | ૩૮ | સહ દીક્ષા | ૧,૦૦૦ |
| ૧૨ | પૂર્વ ભવના ગુરુ | અરિદમન | ૩૯ | શિબિકાનું નામ | સુપ્રભા |
| ૧૩ | પૂર્વ ભવનું દેવ આયુ | ૩૩ સાગરોપમ | ૪૦ | દીક્ષાનો સમય/લોચ | બપોર / પંચમુષ્ઠી |
| ૧૪ | કયા દેવલોકથી ચ્યવન | વિજય વિમાન | ૪૧ | દીક્ષા-તપ | છઠ્ઠ |
| ૧૫ | પહેલે સ્વપ્ને | હાથી | ૪૨ | પ્રથમ પારણા દ્રવ્ય | પરમાન્ન-ખીર |
| ૧૬ | ચ્યવન તિથિ મારવાડી | વૈશાખ સુદ ૧૩ (જેઠ વદ ૧૩) | ૪૩ | પ્રથમ પારણા નગરી | વિનિતા/અયોધ્યા |
| ૧૭ | ચ્યવન તિથિ ગુજરાતી | વૈશાખ સુદ ૧૩ (જેઠ વદ ૧૩) | ૪૪ | પ્રથમ ભિક્ષા દાતા | બ્રહ્મદત્ત |
| ૧૮ | ગર્ભ કાળ | ૮ માસ ૨૫ દિન | ૪૫ | છદ્મસ્થ કાળ | ૧૨ વર્ષ |
| ૧૯ | જન્મ આરો | ચોથા આરાના મધ્યે | ૪૬ | કેવળજ્ઞાન તિથિ મારવાડી | પોષ સુદ ૧૧ |
| ૨૦ | જન્મ નગરી | અયોધ્યા | ૪૭ | કેવળજ્ઞાન તિથિ ગુજરાતી | પોષ સુદ ૧૧ |
| ૨૧ | જન્મ દેશ | કોશલ | ૪૮ | કેવળજ્ઞાન નગરી | અયોધ્યા |
| ૨૨ | જન્મ તિથિ મારવાડી | મહા સુદ ૮ | ૪૯ | કેવળજ્ઞાન ભૂમિ | સહસામ્રવન |
| ૨૩ | જન્મ તિથિ ગુજરાતી | મહા સુદ ૮ | ૫૦ | કેવળજ્ઞાન તપ/વૃક્ષ | છઠ્ઠ / સાલ (સાતચ્છદ) |
| ૨૪ | વંશ / ગોત્ર | ઈક્ષ્વાકુ / કાશ્યપ | ૫૧ | ઉત્કૃષ્ટ તપ | આઠ માસ ઉપવાસ |
| ૨૫ | કુમાર અવસ્થા | ૧૮ લાખ પૂર્વ | ૫૨ | જ્ઞાન વૃક્ષની ઉંચાઈ | બે ગાઉ ૧૪૦૦ ધનુષ્ય |
| ૨૬ | રાજ્ય અવસ્થા | ૫૩ લાખ પૂર્વ, ૧ પૂર્વાંગ | ૫૩ | સમવસણ ઊંચાઈ | ૪૬ કોષ (અશોકવૃક્ષ સાથે) |
| ૨૭ | વિવાહિત/અવિવાહિત | વિવાહિત | ૫૪ | પ્રથમ દેશના વિષય | ધર્મ ધ્યાનના ૪ પાયા |

## શ્રી અજિતનાથ ભગવાન ની સંક્ષિપ્ત વિગત

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૫૫ | પ્રથમ ગણધર/સંખ્યા | સિંહસેન / ૯૫ | ૮૨ | તે ટુંક ઉપર મોક્ષે ગયા | ૯ કોડા કોડી ૭૨,૪૨,૫૦૦ |
| ૫૬ | પ્રથમ શિષ્યા (સાધ્વી) | ફાલ્ગુની | ૮૩ | કુલ દીક્ષા પર્યાય | ૧ લાખ પૂર્વમાં ૧ પૂર્વાંગ ન્યૂન |
| ૫૭ | મુખ્ય ભક્ત રાજા | સગર ચક્રવર્તી | ૮૪ | આયુષ્ય | ૭૨ લાખ પૂર્વ |
| ૫૮ | કેવળ જ્ઞાની | ૨૨,૦૦૦ | ૮૫ | અંતરમાન | ૫૦ લાખ કોટી સાગરોપમ |
| ૫૯ | મનઃ પર્યવજ્ઞાની | ૧૨,૫૫૦ | ૮૬ | તીર્થ આશ્ચર્ય ઉત્પત્તિ | નથી |
| ૬૦ | અવધિ જ્ઞાની | ૯,૪૦૦ | ૮૭ | તીર્થોત્તમપુરુષ | સગર ચક્રવર્તી |
| ૬૧ | ચૌદ પૂર્વધર | ૩,૭૨૦ | ૮૮ | શાસનમાં વિશિષ્ટ તપ | ૨૦ સ્થાનક તપ / કલ્યાણક તપ |
| ૬૨ | વૈક્રિય લબ્ધિધર | ૨૦,૪૦૦ | ૮૯ | જિનાલય શિલ્પનામ | કામદાયક |
| ૬૩ | સાધુ સંખ્યા/સાધુ વસ્ત્ર | ૧,૦૦,૦૦૦ / પંચરંગી | ૯૦ | જિનાલય દિશા દ્વાર | પૂર્વ |
| ૬૪ | સાધુ સ્વભાવ/મહાવ્રત | ઋજુ અને પ્રાજ્ઞ / ૪ | ૯૧ | ચ્ય.જ.દી.કે.નક્ષત્ર | રોહિણી |
| ૬૫ | સાધ્વીની સંખ્યા | ૩,૩૦,૦૦૦ | ૯૨ | નક્ષત્ર ક્રમાંક / તારા | ૪/૪ |
| ૬૬ | વાદી મુનિ | ૧૨,૪૦૦ | ૯૩ | સ્વરાશિ ૩ | વૃષભ |
| ૬૭ | શ્રાવકની સંખ્યા | ૨,૯૮,૦૦૦ | ૯૪ | રાશિ સ્વામી/રાશિ નાડી | શુક્ર / અંત્ય |
| ૬૮ | પ્રથમ શ્રાવક નામ | અપ્રસિધ્ધ | ૯૫ | રાશિ ગણ/ રાશિ યોનિ | માનવ / સર્પ |
| ૬૯ | શ્રાવિકાની સંખ્યા | ૫,૪૫,૦૦૦ | ૯૬ | રાશિ તત્ત્વ/ રાશિ જાતિ | ભૂમિ/ વૈશ્ય |
| ૭૦ | પ્રથમ શ્રાવિકા નામ | અપ્રસિધ્ધ | ૯૭ | શ્રેષ્ઠત્તર રાશિ ✓ | કુંભ |
| ૭૧ | કેવળ જ્ઞાન કાળ | ૧૨ વર્ષ ૧ પૂર્વાંગ ન્યૂન ૧ લાખ પૂર્વ | ૯૮ | શ્રેષ્ઠ રાશિ ✓ | મિથુન , સિંહ |
| ૭૨ | નિર્વાણ તિથિ મારવાડી | ચૈત્ર સુદ ૫ | ૯૯ | પ્રીતિ રાશિ ✓ | તુલા |
| ૭૩ | નિર્વાણ તિથિ ગુજરાતી | ચૈત્ર સુદ ૫ | ૧૦૦ | શુભ રાશિ ✓ | કર્ક , કન્યા , મકર , મીન |
| ૭૪ | નિર્વાણ નક્ષત્ર/રાશિ | મૃગસર / વૃષભ | ૧૦૧ | સમ રાશિ × | વૃશ્ચિક |
| ૭૫ | નિર્વાણ આસન | કાયોત્સર્ગ | ૧૦૨ | મધ્યમ રાશિ × | નથી |
| ૭૬ | નિર્વાણ તપ | ૩૦ ઉપવાસ | ૧૦૩ | અશુભ રાશિ × | મેષ |
| ૭૭ | નિર્વાણ ભૂમિ | સમેતશિખર | ૧૦૪ | શત્રુ રાશિ × | ધન |
| ૭૮ | સહ નિર્વાણ | ૧,૦૦૦ | ૧૦૫ | અશુભતર રાશિ × | નથી |
| ૭૯ | નિર્વાણ વેળા | દિવસના આગલા ભાગે | ૧૦૬ | વર્ગ/વર્ગેશ/આધાક્ષર | અ / ગરૂડ ૧ / અ |
| ૮૦ | સમેતશિખર ટુંક નામ | સિદ્ધવર | ૧૦૭ | આરાધના અંગ | નેત્ર રક્ષા |
| ૮૧ | સમેતશિખર યાત્રા ફળ | ૩૨ કરોડ પૌષધ ઉપવાસ | ૧૦૮ | પ્રાકૃત નામ | અજિઅં |

✓ રાશિવાળા જિનબિંબ ભરાવે

✗ રાશિવાળા જિનબિંબ ન ભરાવે

# શ્રી અજિતનાથ ભગવાન ની વિશિષ્ટ આરાધના

## સંસ્કૃત સ્તુતિ

अर्हन्तमजितं विश्व-कमलाकर - भास्करं ।
अम्लान-केवलादर्श-संक्रांतजगतं स्तुवे ॥

અર્થ :- આ વિશ્વરૂપી કમળવાળા સરોવરને પ્રકાશ કરવામાં સૂર્યના જેવા અને જેણે પોતાના નિર્મળ એવા કેવળજ્ઞાનરૂપી દર્પણમાં ત્રણ જગત પ્રતિબિંબિત કરેલાં છે એવા પૂજન કરવા યોગ્ય અજિતનાથ ભગવાનની હું સ્તુતિ કરું છું.

## હિન્દી સ્તુતિ

तप करत केवल ज्ञान पायो, सर्व लोक प्रकाशनं ।
जिन आठ कर्म विदार दीनौ, मोह तिमिर विनाशनं ॥
दुःख जनम मरना दूर कीनो, अजितनाथ जिनेश्वरं ।
सब भविक जन मिल करो पूजा, जपो नित परमेश्वरं ॥

## મરાઠી સ્તુતિ

गुंफुन विश्वहृदयंगम दिव्य गीते
उत्स्फुर्त जो मति धुरंधर देवनाथे
आराधिला ठसून तात्विक बोध सर्व
तो भी स्तवी अजितनाथ गुणे अपूर्व

## અંગ્રેજી સ્તુતિ

Shri AJITNATH'S your name
What to say for your fame ?
You are winner best of all;
I am missing every ball.

**પ્રસિધ્ધ તીર્થો :**
અયોધ્યા, તારંગા

**પ્રસિધ્ધ સ્તોત્ર**
અજિત શાંતિ

**સામાન્ય નામ અર્થ :**
રાગાદિ પણ જેમને જીતી શક્તા નથી માટે...

**વિશેષ નામ અર્થ :**
સોગઠા બાજીમાં રાણીએ રાજાને જીત્યા માટે ...

## ગુજરાતી સ્તુતિ

દેખી મૂર્તિ શ્રી અજિતજિનની નેત્ર મારાં ઠરે છે,
ને હૈયું આ ફરી ફરી પ્રભુ ધ્યાન તારું ધરે છે
આત્મા મ્હારો પ્રભુ તુજ ક ને આવવા ઉલ્લસે છે,
આપો એવું બળ હૃદયમાં માહરી આશ એ છે.

## ગુજરાતી છંદ

દેવાધિદેવ ગજલંછન ચંદ્રકાન્તિ, સંસાર સાગરતણી હરનાર ભ્રાંતિ,
એવા જિનેશ્વર તણા યુગપાદ પૂજો, દીઠો નહિ જગતમાં તુમ તુલ્ય દુજો;
જન્મ્યા તણી નગરી ઉત્તમ જે અયોધ્યા, પિતા નરેશ પ્રભુના જિતશત્રુ યોધા,
દેદીપ્યમાન જનની વિજયા સ્વીકારી, સેવો સદા અજિતનાથ ઉમંગકારી;

## પ્રાર્થના

જિતશત્રુનંદન જિનવર સહુ કર્મો ઉપર વિજય વરે
ઓ વિજયાસુત વિશ્વ વિજેતા ત્રિભુવન તમથી પ્રીત કરે !
અજિતનાથ અવિનાશી પ્યારા પ્રભુવર સાચ્ચે અજિત બન્યા,
સૃષ્ટિના સહુ જીવો તમારા ચરણકમળમાં નમિત બન્યા.

## ચૈત્યવંદન

અજિતનાથ પ્રભુ અવતર્યા, વિનીતાના સ્વામી,
જિતશત્રુ વિજ્યા તણા, નંદન શિવગામી....... ૧.
બહોંતેર લાખ પૂરવ તણું, પાળ્યું જિણે આય,
ગજલંછન લંછન નહિ, પ્રણમે સુરરાય......... ૨.
સાડા ચારશેં ધનુષની એ, જિનવર ઉત્તમ દેહ
પાદ પદ્મ તસ પ્રણમીયે, જિમ લહીએ શિવ ગેહ... ૩.

## શ્રી અજિતનાથ જિનેન્દ્ર ચૈત્યવંદનમ્

(માલિની - છન્દઃ)

સકલસુખસમૃદ્ધિર્યસ્ય પાદારવિન્દે,
વિલસતિ ગુણરક્તા ભક્તરાજીવ નિત્યમ્ ।
ત્રિભુવનજનમાન્યઃ શાન્તમુદ્રાઽભિરામઃ,
સ જયતિ જિનરાજસ્તુઙ્ગતારઙ્ગ-તીર્થે ॥ ૧ ॥
પ્રભવતિ કિલ ભવ્યો યસ્ય નિર્વર્ણનેન,
વ્યપગતદુરિતૌઘઃ પ્રાપ્તમોદપ્રપઞ્ચઃ ।
નિજબલજિતરાગદ્વેષ વિદ્વેષિવર્ગ,
તમજિતવરગોત્રં તીર્થનાથં નમામિ ॥ ૨ ॥
નરપતિજિતશત્રોર્વંશરત્નાકરેન્દુઃ,
સુરપતિયતિમુખ્યૈર્ભક્તિદક્ષૈઃ સમર્ચ્ય ।
દિનપતિરિવ લોકેઽપાસ્તમોહાન્ધકારો,
જિનપતિરજિતેશઃ પાતુ માં પુણ્યમૂર્તિઃ ॥ ૩ ॥

## શ્રી અજિતનાથ ભગવાન સ્તવન

(રાગ : દરબારી)

પ્રીતલડી બંધાણી રે અજિત જિણંદશું, પ્રભુ પાખે ક્ષણ એક મને ન સુહાય જો;
ધ્યાનની તાળી રે લાગી નેહશું, જલદઘટા જિમ શિવસૂત વાહન દાયજો. પ્રી ૧
નેહઘેલું મન મારું રે પ્રભુ અલજે રહે, તન મન ધન એ કારણથી પ્રભુ મુજ જો;
મારે તો આધાર રે સાહિબ રાવળો, અંતરગતની પ્રભુ આગળ કહું ગુંજ જો. પ્રી ૨
સાહેબ તે સાચો રે જગમાં જાણીએ, સેવકનાં જે સહેજે સુધારે કાજ જો;
એહવે રે આચરણે કેમ કરીને રહું, બિરૂદ તમારૂં તરણતારણ જહાજ જો; પ્રી ૩
તારકતા તુજ માંહે રે શ્રવણેં સાંભળી, તે ભણી હું આવ્યો છું દીન દયાળ જો,
તુજ કરૂણાની લહેરે મુજ કારજ સરે, શું ઘણું કહીએ જાણ આગળ કૃપાળ જો; પ્રી ૪
કરૂણાદૃષ્ટિ કીધી રે સેવક ઉપરે, ભવ ભય ભાવઠ ભાંગી ભક્તિ પ્રસંગ જો,
મનવાંછિત ફળીયા રે તુજ આલંબને, કર જોડીને મોહન કહે મનરંગ જો. પ્રી ૫

## થોય

વિજ્યા સુત વંદો, તેજથી જ્યું દિણંદો, શીતલતાએ ચંદો, ધીરતાએ ગિરીંદો;
મુખ જિમ અરવિંદો, જાસ સેવે સુરિંદો, લહો પરમાણંદો, સેવના સુખ કંદો,

## સંવેદના

વિષય કષાયથી અજિત, વિજયા માતાની કુક્ષિમાં
માણિક્યરૂપ અને જિતશત્રુ રાજાના પુત્ર
હે જગત્સ્વામી અજિતનાથ! તમે જય પામો.

## સમેતશિખર ટુંકનો દુહો

સિદ્ધવર ટુંક અજીતનાથ, સમેતશિખર તીર્થ સાર;
સિદ્ધા મુનિ ક્રોડો અહીં, નમું પૂજું અનંતી વાર.

જાપ : ૐ હ્રીં શ્રીં અર્હ અજિતનાથાય નમઃ ॥ જાપ ફળ : વિજય પ્રાપ્ત થાય છે.

## ભગવાન અજિતનાથના પૂર્વના ૩ ભવ

(૧) વિમલવાહન રાજા (સમકિતની પ્રાપ્તિ) (તીર્થંકર નામ કર્મ ગોત્ર ઉપાર્જન)
(૨) વિજય દેવલોક
(૩) અજિતનાથ ભગવાન

## શ્રી અજિતનાથ ભગવાન પંચકલ્યાણક આરાધના

૧. ચ્યવન કલ્યાણક તિથિ - વૈશાખ સુદ ૧૩ જાપ - ૐ હ્રીં અજિતનાથાય પરમેષ્ઠિને નમઃ
૨. જન્મ કલ્યાણક તિથિ - મહા સુદ ૮ જાપ - ૐ હ્રીં અજિતનાથાય અર્હતે નમઃ
૩. દિક્ષા કલ્યાણક તિથિ - મહા સુદ ૯ જાપ - ૐ હ્રીં અજિતનાથાય નાથાય નમઃ
૪. કેવલજ્ઞાન કલ્યાણક તિથિ - પોષ સુદ ૧૧ જાપ - ૐ હ્રીં અજિતનાથાય સર્વજ્ઞાય નમઃ
૫. મોક્ષ કલ્યાણક તિથિ - ચૈત્ર સુદ ૫ જાપ - ૐ હ્રીં અજિતનાથાય પારંગતાય નમઃ

# 3 શ્રી પાટણ તીર્થાધિપતિ શ્રી સંભવનાથ ભગવાન





**શાસન યક્ષ**

**શ્રી ત્રિમુખ યક્ષ નું વર્ણન :**
શ્યામવર્ણ, ત્રણ નેત્ર, ત્રણ મુખ, મોરનું વાહન. છ હાથ, જમણા ત્રણ હાથમાં નકુલ, ગદા, અભય. ડાબા ત્રણ હાથમાં બીજોરૂં, નાગ, અક્ષસૂત્ર.



**શાસન યક્ષિણી**

**શ્રી દુરિતારી દેવી નું વર્ણન :**
ગૌરવર્ણ, બકરાનું વાહન. ચાર ભુજા, જમણા બે હાથમાં વરદ અને જપમાલા. ડાબા બે હાથમાં ફળ અને અભય

**લાંછન**



**ઘોડો**

**શ્રી પાંસઠીયો યંત્ર**

| | | | | |
|---|---|---|---|---|
| ૨૨ | ૯ | 3 | ૧૬ | ૧૫ |
| ૧ | ૧૩ | ૭ | ૨૫ | ૧૯ |
| ૧૪ | ૨૧ | ૨૦ | ૮ | ૨ |
| ૧૮ | ૫ | ૨૪ | ૧૨ | ૬ |
| ૧૦ | ૧૭ | ૧૧ | ૪ | ૨૩ |

## શ્રી સંભવનાથ ભગવાન ની સંક્ષિપ્ત વિગત

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | પિતા | જિતારિ | ૨૮ | પત્નીનું નામ | ત્રિલોચના |
| ૨ | માતા | સેનારાણી | ૨૯ | પુત્ર | 3 |
| 3 | લાંછન | ઘોડો (અશ્વ) | 30 | પુત્રી | નથી |
| ૪ | શાસન યક્ષ | ત્રિમુખ (તિમુહ) | ૩૧ | ગૃહસ્થ કાળ | ૪ પૂર્વાંગ અધિક ૫૯ લાખ પૂર્વ |
| ૫ | શાસન યક્ષિણી | દુરિતારી (દુરિઆરી) | ૩૨ | માતાની ગતિ | મોક્ષ |
| ૬ | શરીરની ઉંચાઈ | ૪૦૦ ધનુષ્ય | ૩૩ | પિતાની ગતિ | ઈશાન દેવલોક |
| ૭ | શરીર વર્ણ / પ્રમાણ | સુવર્ણ / ૯૬ પ્રમાણ | ૩૪ | દીક્ષા તિથિ મારવાડી | માગસર સુદ ૧૫ |
| ૮ | પૂર્વ ભવ સંખ્યા | 3 | ૩૫ | દીક્ષા તિથિ ગુજરાતી | માગસર સુદ ૧૫ |
| ૯ | પૂર્વ ભવે નામ | વિપુલ વાહન | ૩૬ | દીક્ષા નગરી | સાવત્થી |
| ૧૦ | પૂર્વ ભવ નગરી... | શુભાપૂરી (ક્ષેમપુરી) | ૩૭ | દીક્ષા ભૂમિ | સહસામ્રવન |
| ૧૧ | ...દ્વીપ/વિદેહ/વિજય | ધાતકીખંડ / ઐરાવત | ૩૮ | સહ દીક્ષા | ૧,૦૦૦ |
| ૧૨ | પૂર્વ ભવના ગુરુ | સંભ્રાંત (સ્વયંપ્રભ) | ૩૯ | શિબિકાનું નામ | સિદ્ધાર્થા |
| ૧૩ | પૂર્વ ભવનું દેવ આયુ | ૨૯ સાગરોપમ | ૪૦ | દીક્ષાનો સમય/લોચ | બપોર / પંચમુષ્ઠી |
| ૧૪ | કયા દેવલોકથી ચ્યવન | સાતમું ગ્રૈવેયક (આનત) | ૪૧ | દીક્ષા-તપ | છઠ્ઠ |
| ૧૫ | પહેલે સ્વપ્ને | હાથી | ૪૨ | પ્રથમ પારણા દ્રવ્ય | પરમાન્ન - ખીર |
| ૧૬ | ચ્યવન તિથિ મારવાડી | ફાગણ સુદ ૮ | ૪૩ | પ્રથમ પારણા નગરી | સાવત્થી |
| ૧૭ | ચ્યવન તિથિ ગુજરાતી | ફાગણ સુદ ૮ | ૪૪ | પ્રથમ ભિક્ષા દાતા | સુરેન્દ્રદત્ત |
| ૧૮ | ગર્ભ કાળ | ૯ માસ ૬ દિન | ૪૫ | છદ્મસ્થ કાળ | ૧૪ વર્ષ |
| ૧૯ | જન્મ આરો | ચોથા આરાના ઉત્તરાર્ધે | ૪૬ | કેવળજ્ઞાન તિથિ મારવાડી | કારતક વદ ૫ |
| ૨૦ | જન્મ નગરી | સાવત્થી | ૪૭ | કેવળજ્ઞાન તિથિ ગુજરાતી | આસો વદ ૫ |
| ૨૧ | જન્મ દેશ | કુણાલ | ૪૮ | કેવળજ્ઞાન નગરી | સાવત્થી |
| ૨૨ | જન્મ તિથિ મારવાડી | માગસર સુદ ૧૪ | ૪૯ | કેવળજ્ઞાન ભૂમિ | સહસામ્રવન |
| ૨૩ | જન્મ તિથિ ગુજરાતી | માગસર સુદ ૧૪ | ૫૦ | કેવળજ્ઞાન તપ/વૃક્ષ | છઠ્ઠ / પ્રિયાલ (શાલ) |
| ૨૪ | વંશ / ગોત્ર | ઈક્ષ્વાકુ / કાશ્યપ | ૫૧ | ઉત્કૃષ્ટ તપ | ૮ માસ ઉપવાસ |
| ૨૫ | કુમાર અવસ્થા | ૧૫ લાખ પૂર્વ | ૫૨ | જ્ઞાન વૃક્ષની ઉંચાઈ | ૨ ગાઉ ૮૦૦ ધનુષ્ય |
| ૨૬ | રાજ્ય અવસ્થા | ૪૪ લાખ પૂર્વ , ૪ પૂર્વાંગ | ૫૩ | સમવસણ ઊંચાઈ | ૪૪ કોષ (અશોકવૃક્ષ સાથે) |
| ૨૭ | વિવાહિત/અવિવાહિત | વિવાહિત | ૫૪ | પ્રથમ દેશના વિષય | અનિત્ય ભાવના |

# શ્રી સંભવનાથ ભગવાન ની સંક્ષિપ્ત વિગત

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૫૫ | પ્રથમ ગણધર/સંખ્યા | ચારૂ / ૧૦૨ | ૮૨ | તે ટુંક ઉપર મોક્ષે ગયા | ૯ કોડા કોડી ૭૨,૪૨,૫૦૦ |
| ૫૬ | પ્રથમ શિષ્યા (સાધ્વી) | શ્યામા | ૮૩ | કુલ દીક્ષા પર્યાય | ૧ લાખ પૂર્વમાં ૪ પૂર્વાંગ ન્યૂન |
| ૫૭ | મુખ્ય ભક્ત રાજા | મૃગસેન | ૮૪ | આયુષ્ય | ૬૦ લાખ પૂર્વ |
| ૫૮ | કેવળ જ્ઞાની | ૧૫,૦૦૦ | ૮૫ | અંતરમાન | ૩૦ લાખ કોટી સાગરોપમ |
| ૫૯ | મનઃ પર્યવજ્ઞાની | ૧૨,૧૫૦ | ૮૬ | તીર્થ આશ્ચર્ય ઉત્પત્તિ | નથી |
| ૬૦ | અવધિ જ્ઞાની | ૯,૬૦૦ | ૮૭ | તીર્થોત્તમપુરુષ | નથી |
| ૬૧ | ચૌદ પૂર્વધર | ૨,૧૫૦ | ૮૮ | શાસનમાં વિશિષ્ટ તપ | વીશ સ્થાનક / કલ્યાણક તપ |
| ૬૨ | વૈક્રિય લબ્ધિધર | ૧૯,૮૦૦ | ૮૯ | જિનાલય શિલ્પનામ | રત્નકોટી |
| ૬૩ | સાધુ સંખ્યા/સાધુ વસ્ત્ર | ૨,૦૦,૦૦૦ / પંચરંગી | ૯૦ | જિનાલય દિશા દ્વાર | પૂર્વ |
| ૬૪ | સાધુ સ્વભાવ/મહાવ્રત | ઋજુ / પ્રાજ્ઞ / ૪ | ૯૧ | ચ્ય.જ.દી.કે.નક્ષત્ર | મૃગસિર |
| ૬૫ | સાધ્વીની સંખ્યા | ૩,૩૬,૦૦૦ | ૯૨ | નક્ષત્ર ક્રમાંક / તારા | ૫ / ૫ |
| ૬૬ | વાદી મુનિ | ૧૨,૦૦૦ | ૯૩ | સ્વરાશિ ૩ | મિથુન |
| ૬૭ | શ્રાવકની સંખ્યા | ૨,૯૩,૦૦૦ | ૯૪ | રાશિ સ્વામી/રાશિ નાડી | શુક્ર / અંત્ય |
| ૬૮ | પ્રથમ શ્રાવક નામ | અપ્રસિદ્ધ | ૯૫ | રાશિ ગણ/ રાશિ યોનિ | દેવ / સર્પ |
| ૬૯ | શ્રાવિકાની સંખ્યા | ૫,૩૬,૦૦૦ | ૯૬ | રાશિ તત્ત્વ/ રાશિ જાતિ | વાયુ / શુદ્ર |
| ૭૦ | પ્રથમ શ્રાવિકા નામ | અપ્રસિદ્ધ | ૯૭ | શ્રેષ્ઠત્તર રાશિ ✓ | કન્યા |
| ૭૧ | કેવળ જ્ઞાન કાળ | ૧૪ વર્ષ ૪ પૂર્વાંગ ન્યૂન ૧ લાખ પૂર્વ | ૯૮ | શ્રેષ્ઠ રાશિ ✓ | વૃષભ, મીન |
| ૭૨ | નિર્વાણ તિથિ મારવાડી | ચૈત્ર સુદ ૫ | ૯૯ | પ્રીતિ રાશિ ✓ | મકર |
| ૭૩ | નિર્વાણ તિથિ ગુજરાતી | ચૈત્ર સુદ ૫ | ૧૦૦ | શુભ રાશિ ✓ | મેષ, તુલા, સિંહ |
| ૭૪ | નિર્વાણ નક્ષત્ર/રાશિ | આર્દ્રા (મૃગશિર)/ મિથુન | ૧૦૧ | સમ રાશિ ✗ | ધન |
| ૭૫ | નિર્વાણ આસન | કાયોત્સર્ગ | ૧૦૨ | મધ્યમ રાશિ ✗ | કુંભ |
| ૭૬ | નિર્વાણ તપ | ૩૦ ઉપવાસ | ૧૦૩ | અશુભ રાશિ ✗ | નથી |
| ૭૭ | નિર્વાણ ભૂમિ | સમેતશિખર | ૧૦૪ | શત્રુ રાશિ ✗ | વૃશ્ચિક |
| ૭૮ | સહ નિર્વાણ | ૧,૦૦૦ | ૧૦૫ | અશુભતર રાશિ ✗ | કર્ક |
| ૭૯ | નિર્વાણ વેળા | દિવસના પાછલા ભાગે | ૧૦૬ | વર્ગ/વર્ગેશ/આધાક્ષર | શ / મેષ ૮ / સં |
| ૮૦ | સમેતશિખર ટુંક નામ | ધવલ દત્ત | ૧૦૭ | આરાધના અંગ | કાન રક્ષા |
| ૮૧ | સમેતશિખર યાત્રા ફળ | ૪૨ લાખ પૌષધ ઉપવાસ | ૧૦૮ | પ્રાકૃત નામ | સંભવ |

✓ રાશિવાળા જિનબિંબ ભરાવે

✗ રાશિવાળા જિનબિંબ ન ભરાવે

# શ્રી સંભવનાથ ભગવાન વિશિષ્ટ આરાધના

## સંસ્કૃત સ્તુતિ

विश्वभव्यजनाराम, कुल्या तुल्या जयंति ताः ।
देशनासमये वाचः श्रीसंभवजगत्पतेः ॥

અર્થ : સર્વ જગતના પતિ એવા "શ્રી સંભવનાથ" પ્રભુની સર્વ જગતના ભવ્યજનો રૂપી ઉદ્યાનને સિંચન કરવામાં નીકના જેવી દેશના સમયની વાણી જયવંતી વર્તે છે.

## हिन्दी स्तुति

अरि काम क्रोधते लोभ मार्यो पंच इन्द्री बस करं ।
दुर्विकार विषय सर्व जीतै, योग मारग पग धरं ।
इह भव समुद्रे पार पायो संभवनाथ जिनेश्वरं ।
सब भविक जन मिल करो पूजा, जपो नित परमेश्वरं ॥

## મરાઠી સ્તુતિ

मी अज्ञ पोर कविच्या उपहास पात्र
त्या बोलका करि मला तव भक्ति मात्र
चैत्रात आंब्यावरि कोकिल जशी गाते
संभवनाथांशी भज तसे जुडले नाते

## અંગ્રેજી સ્તુતિ

Save me SAMBHAVANATH dada !
Show me true way O dada !
How to walk in blackish night ?
Give me your Super light.

**પ્રસિધ્ધ તીર્થો :**
પાટણ, સાવત્થી
પૂર્વભવમાં સાધર્મિક ભક્તિ વિશેષ રીતે કરી હતી

**સામાન્ય નામ અર્થ :**
સારા અતિશયો - લક્ષણોનો સંભવ છે માટે ...

**વિશેષ નામ અર્થ :**
જન્મ થવાથી પૃથ્વી ઉપર ધનધાન્યની અછત હતી તે દૂર થઈ માટે

## ગુજરાતી સ્તુતિ

જે શાંતિના સુખસદનમાં મુક્તિમાં નિત્ય રાજે,
જેની વાણી ભવિક જનના ચિત્તમાં નિત્ય ગાજે,
દેવેન્દ્રની પ્રણયભરની ભક્તિ જેને જ છાજે,
વંદું તે સંભવજિન તણા પાદપદ્મો હું આજે.

## ગુજરાતી છંદ

વાધે ન કેશ શિરમાં નખ રોમ વ્યાધિ,
પ્રસ્વેદ ગાત્ર નહિ લેશે સદા સમાધિઃ
છે માંસ શોણિત અહો અતિશ્વેતકારી,
હે સ્વામી સંભવ સુસંપદ ગાત્ર તારી.

## પ્રાર્થના

સેનાનંદન સુખદાયક ઓ સંભવ જિનવર વંદન હો,
કર્મતાપથી દાઝેલા અમસહુના માટે ચંદન છો !
રાજા જિતારીના કુળદીવા શુદ્ધ-બુદ્ધ ને સિદ્ધ થયા
ત્રિભુવન તિલક ઓ તીર્થંકર તમે દુનિયામાં પ્રસિદ્ધ થયા.

## ચૈત્યવંદન

સાવત્થી નયરી ધણી, શ્રી સંભવનાથ,
જિતારી નૃપનંદનો, ચલવે શિવ સાથ .............૧.
સેનાનંદન ચંદને, પૂજો નવ અંગેઃ
ચારશે ધનુષનું દેહ માન, પ્રણમો મનરંગે .........૨.
સાઠ લાખ પૂરવતણું એ, જિનવર ઉત્તમ આય,
તુરગ લાંછન પદ પદ્મને નમતાં શિવ સુખ થાય ...૩.

## સ્તવન - ૧

સંભવ જિનવર વિનંતી, અવધારો ગુણ જ્ઞાતા રે
ખામી નહીં મુજ ખિજમતે, કદીય હોશો ફલ દાતા રે ... (૧)
કર જોડી ઉભો રહૂં, રાત દિવસ તુમ ધ્યાને રે
જો મનમાં આણો નહીં, તો શું કહિયે થાને ... (૨)
ખોટ ખજાને કો નહીં દીજિયે વાંછિત દાનો રે
કરુણા નજર પ્રભુજી તણી, વાધે સેવક વાનો રે ... (3)
કાળ લબ્ધિ મુજ મતિ ગણો, ભાવ લબ્ધિ તુમ હાથે રે
લડથડતું પણ ગજબચ્ચું, ગાજે ગયવર સાથે રે ... (૪)
દેશો તો તુમહી ભલા, બીજા તો નવિ જાચું રે
વાચક યશ કહે સાંઈશું ફળશે એ મુજ સાચું ર ... (૫)

## સ્તવન - ૨

હાં રે હું તો મોહ્યો રે લાલ, જિન મુખડાને મટકેઃ
જિન મુખડાને મટકે, વારી જાઉં પ્રભુ મુખડાને મટકે. હારે. (૧)
નયન રસીલાંને વયણ-સુખાળાં, ચિત્તડું લીધું હરી ચટકેઃ
પ્રભુજીની સાથે ભક્તિ કરંતા, કર્મ તણી કસ તટકે, હારે. (૨)
મુજ મન લોભી ભ્રમર તણી પેરે, પ્રભુ પદ કમળે અટકેઃ
રત્નચિંતામણી મૂકી રાચે, કહો કુણ કાચને કટકે. હારે. (3)
એ જિન ધ્યાને ક્રોધાદિક જે, આસપાશથી અટકેઃ
કેવલનાણી બહુસુખદાણી, કુમતિ કુગતિને પટકે. હારે. (૪)
એ જિનને જે દિલમાં ન આણે, તે તો ભૂલા ભટકેઃ
પ્રભુજીની સાથે ઓળખ કરંતા, વાંછિત સુખડા સટકે. હારે. (૫)
મૂર્તિ શ્રી સંભવ જિનેશ્વર કેરી, જોતાં હૈયડું હરકેઃ
નિત્યલાભ કહે પ્રભુ કીર્તિ મોટી, ગુણ ગાઉં હું લટકે. હારે. (૬)

## થોય

સંભવ સુખદાતા, જેહ જગમાં વિખ્યાતા, ષટ્ જીવના ત્રાતા, આપતા સુખશાતાઃ
માતા ને ભ્રાતા, કેવલજ્ઞાન જ્ઞાતા, દુઃખ દોહગ વ્રાતા જાસ નામે પલાતા.

## સંવેદના

સંસારરૂપી આકાશનું અતિક્રમણ કરવામાં સૂર્યરૂપ,
શ્રી સેનાદેવીના ઉદરથી ઉત્પન્ન થયેલા અને જિતારી
રાજાના પુત્ર એવા હે સંભવનાથ! તમને હું નમસ્કાર કરું છું.

## સમેતશિખર ટુંકનો દુહો

**દત્તધવલ ટુંક સંભવનાથ, સમેતશિખર તીર્થ સાર;**
**સિદ્ધા મુનિ ક્રોડો અહીં, નમું પૂજું અનંતી વાર.**

જાપ : ૐ હ્રીં શ્રીં અર્હં સંભવનાથાય નમઃ ॥ જાપ ફળ : વૃદ્ધિ અને વસ્તુ પ્રાપ્ત થાય

## ભગવાન પૂર્વના ૩ ભવ

(૧) વિપુલવાહન રાજા (સમકિતની પ્રાપ્તિ)
(તીર્થંકર નામ કર્મ ગોત્ર ઉપાર્જન)
(૨) સાતમું ગ્રૈવેયક
(3) સંભવનાથ ભગવાન

## શ્રી સંભવનાથ ભગવાન પંચકલ્યાણક આરાધના

૧. ચ્યવન કલ્યાણક તિથિ - ફાગણ સુદ ૮ જાપ - ૐ હ્રીં સંભવનાથાય પરમેષ્ઠિને નમઃ
૨. જન્મ કલ્યાણક તિથિ - માગશર સુદ ૧૪ જાપ - ૐ હ્રીં સંભવનાથાય અર્હતે નમઃ
3. દિક્ષા કલ્યાણક તિથિ - માગશર સુદ ૧૫ જાપ - ૐ હ્રીં સંભવનાથાય નાથાય નમઃ
૪. કેવલજ્ઞાન કલ્યાણક તિથિ - આસો વદ ૫ જાપ - ૐ હ્રીં સંભવનાથાય સર્વજ્ઞાય નમઃ
૫. મોક્ષ કલ્યાણક તિથિ - ચૈત્ર સુદ ૫ જાપ - ૐ હ્રીં સંભવનાથાય પારંગતાય નમઃ

# ૪ શ્રી પાટણ તીર્થાધિપતિ શ્રી અભિનંદન સ્વામી ભગવાન





### શાસન યક્ષ

**શ્રી ઈશ્વર યક્ષ નું વર્ણન :**
શ્યામવર્ણ, હાથીનું વાહન અને ચાર ભુજા. જમણા બે હાથમાં બીજોરૂં અને જપમાલા. ડાબા બે હાથમાં નકુલ અને અંકુશ



### શાસન યક્ષિણી

**શ્રી કાલી દેવી નું વર્ણન :**
શ્યામવર્ણ કમલનું આસન તથા ચાર ભુજા. જમણા બે હાથમાં વરદ અને પાશ. ડાબા બે હાથમાં નાગ અને અંકુશ

### લાંછન



વાંદરો

### શ્રી પાંસઠીયો યંત્ર

| | | | | |
|---|---|---|---|---|
| ૨૩ | ૧૧ | ૪ | ૧૭ | ૧૦ |
| ૬ | ૨૪ | ૧૨ | ૫ | ૧૮ |
| ૨ | ૨૦ | ૮ | ૨૧ | ૧૪ |
| ૧૯ | ૭ | ૨૫ | ૧૩ | ૧ |
| ૧૫ | ૩ | ૧૬ | ૯ | ૨૨ |

# શ્રી અભિનંદન સ્વામી ભગવાન ની સંક્ષિપ્ત વિગત

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | પિતા | સંવર | ૨૮ | પત્નીનું નામ | રંભા |
| ૨ | માતા | સિદ્ધાર્થા દેવી | ૨૯ | પુત્ર | ૩ |
| ૩ | લાંછન | વાંદરો (કપિ) | ૩૦ | પુત્રી | નથી |
| ૪ | શાસન યક્ષ | યક્ષેશ (ઈશ્વર) (જક્ખેસ) | ૩૧ | ગૃહસ્થ કાળ | ૮ પૂર્વાંગ અધિક ૪૯ લાખ પૂર્વ |
| ૫ | શાસન યક્ષિણી | કાલી (કાલીકા) | ૩૨ | માતાની ગતિ | મોક્ષ |
| ૬ | શરીરની ઉંચાઈ | ૩૫૦ ધનુષ્ય | ૩૩ | પિતાની ગતિ | ઈશાન દેવલોક |
| ૭ | શરીર વર્ણ / પ્રમાણ | સુવર્ણ / ૮૪ પ્રમાણ | ૩૪ | દીક્ષા તિથિ મારવાડી | મહા સુદ ૧૨ |
| ૮ | પૂર્વ ભવ સંખ્યા | ૩ | ૩૫ | દીક્ષા તિથિ ગુજરાતી | મહા સુદ ૧૨ |
| ૯ | પૂર્વ ભવે નામ | મહાબલ | ૩૬ | દીક્ષા નગરી | અયોધ્યા |
| ૧૦ | પૂર્વ ભવ નગરી... | રત્ન સંચયા | ૩૭ | દીક્ષા ભૂમિ | સહસામ્રવન |
| ૧૧ | ...દ્વીપ/વિદેહ/વિજય | જંબુ / પૂર્વ / મંગલાવતી | ૩૮ | સહ દીક્ષા | ૧,૦૦૦ |
| ૧૨ | પૂર્વ ભવના ગુરુ | વિમલવાહન | ૩૯ | શિબિકાનું નામ | અર્થ સિદ્ધા |
| ૧૩ | પૂર્વ ભવનું દેવ આયુ | ૩૩ સાગરોપમ | ૪૦ | દીક્ષાનો સમય/લોચ | બપોર / પંચ મુષ્ઠી |
| ૧૪ | કયા દેવલોકથી ચ્યવન | જયંત વિમાન (વિજય) | ૪૧ | દીક્ષા-તપ | છઠ્ઠ |
| ૧૫ | પહેલે સ્વપ્ને | હાથી | ૪૨ | પ્રથમ પારણા દ્રવ્ય | પરમાન્ન - ખીર |
| ૧૬ | ચ્યવન તિથિ મારવાડી | વૈશાખ સુદ ૪ | ૪૩ | પ્રથમ પારણા નગરી | અયોધ્યા |
| ૧૭ | ચ્યવન તિથિ ગુજરાતી | વૈશાખ સુદ ૪ | ૪૪ | પ્રથમ ભિક્ષા દાતા | ઈન્દ્રદત્ત |
| ૧૮ | ગર્ભ કાળ | ૮ માસ ૨૮ દિન | ૪૫ | છદ્મસ્થ કાળ | ૧૮ વર્ષ |
| ૧૯ | જન્મ આરો | ચોથા આરાના ઉત્તરાર્ધે | ૪૬ | કેવળજ્ઞાન તિથિ મારવાડી | પોષ સુદ ૧૪ |
| ૨૦ | જન્મ નગરી | અયોધ્યા | ૪૭ | કેવળજ્ઞાન તિથિ ગુજરાતી | પોષ સુદ ૧૪ |
| ૨૧ | જન્મ દેશ | કોશલ | ૪૮ | કેવળજ્ઞાન નગરી | અયોધ્યા |
| ૨૨ | જન્મ તિથિ મારવાડી | મહા સુદ ૨ (મહા સુદ ૧૨) | ૪૯ | કેવળજ્ઞાન ભૂમિ | સહસામ્રવન |
| ૨૩ | જન્મ તિથિ ગુજરાતી | મહા સુદ ૨ (મહા સુદ ૧૨) | ૫૦ | કેવળજ્ઞાન તપ/વૃક્ષ | છઠ્ઠ / પ્રિયંગુ (રાજદની) |
| ૨૪ | વંશ / ગોત્ર | ઈક્ષ્વાકુ / કાશ્યપ | ૫૧ | ઉત્કૃષ્ટ તપ | ૮ માસનો ઉપવાસ |
| ૨૫ | કુમાર અવસ્થા | ૧૨ાા લાખ પૂર્વ | ૫૨ | જ્ઞાન વૃક્ષની ઉંચાઈ | ૨ ગાઉ ૨૦૦ ધનુષ્ય |
| ૨૬ | રાજ્ય અવસ્થા | ૩૬ાા લાખ પૂર્વ, ૮ પૂર્વાંગ | ૫૩ | સમવસણ ઊંચાઈ | ૪૨ કોષ (અશોકવૃક્ષ સાથે) |
| ૨૭ | વિવાહિત/અવિવાહિત | વિવાહિત | ૫૪ | પ્રથમ દેશના વિષય | અશરણ ભાવના |

# શ્રી અભિનંદન સ્વામી ભગવાન ની સંક્ષિપ્ત વિગત

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૫૫ | પ્રથમ ગણધર/સંખ્યા | વજનાભ / ૧૧૬ | ૮૨ | તે ટુંક ઉપર મોક્ષે ગયા | ૭૨ કોડા કોડી ૭૦,૭૦,૪૨,૭૦૦ |
| ૫૬ | પ્રથમ શિષ્યા (સાધ્વી) | અજિતા | ૮૩ | કુલ દીક્ષા પર્યાય | ૧ લાખ પૂર્વમાં ૮ પૂર્વાંગ ન્યૂન |
| ૫૭ | મુખ્ય ભક્ત રાજા | મિત્ર વીર્ય | ૮૪ | આયુષ્ય | ૫૦ લાખ પૂર્વ |
| ૫૮ | કેવળ જ્ઞાની | ૧૪,૦૦૦ | ૮૫ | અંતરમાન | ૧૦ લાખ કોટી સાગરોપમ |
| ૫૯ | મનઃ પર્યવજ્ઞાની | ૧૧,૬૫૦ | ૮૬ | તીર્થ આશ્ચર્ય ઉત્પત્તિ | નથી |
| ૬૦ | અવધિ જ્ઞાની | ૯,૮૦૦ | ૮૭ | તીર્થોત્તમપુરુષ | નથી |
| ૬૧ | ચૌદ પૂર્વધર | ૧,૫૦૦ | ૮૮ | શાસનમાં વિશિષ્ટ તપ | વીશ સ્થાનક / કલ્યાણક તપ |
| ૬૨ | વૈક્રિય લબ્ધિધર | ૧૯,૦૦૦ | ૮૯ | જિનાલય શિલ્પનામ | ક્ષીતિભૂષણ |
| ૬૩ | સાધુ સંખ્યા/સાધુ વસ્ત્ર | ૩,૦૦,૦૦૦ / પંચરંગી | ૯૦ | જિનાલય દિશા દ્વાર | પૂર્વ |
| ૬૪ | સાધુ સ્વભાવ/મહાવ્રત | ઋજુ / પ્રાજ્ઞ / ૪ | ૯૧ | ચ્ય.જ.દી.કે.નક્ષત્ર | પુનર્વસુ (અભિજીત) |
| ૬૫ | સાધ્વીની સંખ્યા | ૬ ,૩૦,૦૦૦ | ૯૨ | નક્ષત્ર ક્રમાંક / તારા | ૭ / ૭ |
| ૬૬ | વાદી મુનિ | ૧૧,૦૦૦ | ૯૩ | સ્વરાશિ ૩ | મિથુન (મકર) |
| ૬૭ | શ્રાવકની સંખ્યા | ૨,૮૮,૦૦૦ | ૯૪ | રાશિ સ્વામી/રાશિ નાડી | બુધ / આદ્ય |
| ૬૮ | પ્રથમ શ્રાવક નામ | અપ્રસિદ્ધ | ૯૫ | રાશિ ગણ/ રાશિ યોનિ | દેવ / છાગ |
| ૬૯ | શ્રાવિકાની સંખ્યા | ૫,૨૭,૦૦૦ | ૯૬ | રાશિ તત્ત્વ/ રાશિ જાતિ | વાયુ / શુદ્ર |
| ૭૦ | પ્રથમ શ્રાવિકા નામ | અપ્રસિદ્ધ | ૯૭ | શ્રેષ્ઠત્તર રાશિ ✓ | કન્યા |
| ૭૧ | કેવળ જ્ઞાન કાળ | ૧૮ વર્ષ ૮ પૂર્વાંગ ન્યૂન ૧ લાખ પૂર્વ | ૯૮ | શ્રેષ્ઠ રાશિ ✓ | વૃષભ, મીન |
| ૭૨ | નિર્વાણ તિથિ મારવાડી | વૈશાખ સુદ ૮ | ૯૯ | પ્રીતિ રાશિ ✓ | મકર |
| ૭૩ | નિર્વાણ તિથિ ગુજરાતી | વૈશાખ સુદ ૮ | ૧૦૦ | શુભ રાશિ ✓ | મેષ, તુલા, સિંહ |
| ૭૪ | નિર્વાણ નક્ષત્ર/રાશિ | પુષ્ય / કર્ક | ૧૦૧ | સમ રાશિ × | ધન |
| ૭૫ | નિર્વાણ આસન | કાયોત્સર્ગ | ૧૦૨ | મધ્યમ રાશિ × | કુંભ |
| ૭૬ | નિર્વાણ તપ | ૩૦ ઉપવાસ | ૧૦૩ | અશુભ રાશિ × | નથી |
| ૭૭ | નિર્વાણ ભૂમિ | સમેતશિખર | ૧૦૪ | શત્રુ રાશિ × | વૃશ્ચિક |
| ૭૮ | સહ નિર્વાણ | ૧,૦૦૦ | ૧૦૫ | અશુભતર રાશિ × | કર્ક |
| ૭૯ | નિર્વાણ વેળા | દિવસના આગલા ભાગે | ૧૦૬ | વર્ગ/વર્ગેશ/આધાક્ષર | અ / ગરૂડ ૧ / અ |
| ૮૦ | સમેતશિખર ટુંક નામ | આનંદ | ૧૦૭ | આરાધના અંગ | નાક રક્ષા |
| ૮૧ | સમેતશિખર યાત્રા ફળ | ૧ લાખ પૌષધ ઉપવાસ | ૧૦૮ | પ્રાકૃત નામ | અભિણંદણં |

✓ રાશિવાળા જિનબિંબ ભરાવે

× રાશિવાળા જિનબિંબ ન ભરાવે

# શ્રી અભિનંદન સ્વામી ભગવાન વિશિષ્ટ આરાધના

## સંસ્કૃત સ્તુતિ

अनेकांत-मतांभोधि, समुल्लासन-चंद्रमाः ।
दद्यादमंदमानंदं, भगवानभिनंदनः ॥

અર્થ : સ્યાદ્વાદમતરૂપી સમુદ્રને ઉલ્લાસ કરવામાં ચંદ્રરૂપ એવા "શ્રી અભિનંદન" ભગવાન અમને અત્યંત આનંદને આપો.

## હિન્દી સ્તુતિ

उपदेश दे जग भव्य तारे, देव नर बहु पशु धने ।
भेट के मिथ्यात धर्म, जैन दानी धरमने ।
धर्म दया दान दयाल भाख्यो, अभिनन्दन जिनेश्वरं ।
सब भविक जन मिल करो पूजा, जपो नित परमेश्वरं ॥

## મરાઠી સ્તુતિ

भक्तिप्रधान तव या स्तुतिने प्रभो ! ते
मागील पाप निमिषात लयास जाते
चौथा अभिनंदन स्वामी भी भजतो आता
आनंद देता दुःकर्म लयास जाता

## અંગ્રેજી સ્તુતિ

**That one is my Golden Day**
**ABHINANDANSWAMY I pray,**
**Tell me O God, where you stay**
**How to come, you show me way**

**પ્રસિધ્ધ તીર્થો :**
અયોધ્યા
ખંભાત, પાટણ

**સામાન્ય નામ અર્થ :**
૬૪ ઈન્દ્રો વડે જે વંદાયેલા છે તે માટે ...

**વિશેષ નામ અર્થ :**
ગર્ભમાં હતા ત્યારે ઈન્દ્રોએ માતાને અભિનંદન આપ્યા માટે ...

## ગુજરાતી સ્તુતિ

ચોથા આરારૂપ નભ વિષે દીપતા સૂર્ય જેવા,
ઘાતિ કર્મોરૂપ મૃગ વિષે કેસરી સિંહ જેવા
સાચે ભાવે ભવિકજનને આપતા મોક્ષ મેવા
ચોથા સ્વામી ચરણયુગલે હું ચહું નિત્ય રહેવા.

## ગુજરાતી છંદ

છે શ્વાસ અંબુજ સુગંધ સદા પ્રમાણે,
આહારને તુમ નિહાર ન કોય જાણે;
એ ચાર છે અતિશયો પ્રભુ જન્મ સાથે,
વંદું હંમેશ અભિનંદન જોડી હાથે.

## પ્રાર્થના

અભિનંદન સ્વામીને વંદન કરીએ અમે શુભ ભાવથી
આધિ-વ્યાધિ અને ઉપાધિ દૂર હો પ્રભુના પ્રભાવથી,
સંવર રાજા રાણી સિદ્ધાર્થાના સુત સહુને સુખકારી
દર્શન-પૂજન અભિનંદનના પાપવિનાશી દુઃખહારી.

## ચૈત્યવંદન

નંદન સંવર રાયના, ચોથા અભિનંદન,
કપિ લંછન વંદન કરો, ભવદુઃખ નિકંદન ....૧
સિદ્ધારથા જસ માવડી, સિદ્ધારથ જિન તાય,
સાડા ત્રણશેં ધનુષમાન, સુંદર જસ કાય . . . . ૨
વિનીતાવાસી વંદીએ એ, આયુ લખ પચાસ,
પૂરવ તસ પદ પદ્મને, નમતાં શિવપુર વાસ ....૩

## શ્રી અભિનંદન સ્વામી જિનેન્દ્ર - ચૈત્યવન્દનમ્

(દ્રુતવિલમ્બિત - છન્દઃ)

વિશદશારદસોમસમાનનઃ,
કમલકોમલચારુવિલોચનઃ ।
શુચિગુણઃ સુતરામભિનન્દનં,
જય સુનિર્મલતાઞ્ચિતભૂધનઃ ॥ ૧ ॥
જગતિ કાન્તહરીશ્વરલાઞ્છિત -
ક્રમસરોરુહ ! ભૂરિકૃપાનિધે ! ।
મમ સમીહિતસિદ્ધિવિધાયકં,
ત્વદપરં કમપીહ ન તર્કયે ॥ ૨ ॥
પ્રવરસંવર ! સંવરભૂપતે -
સ્તનય ! નીતિવિચક્ષણ ! તે પદમ્ ।
શરણમસ્તુ જિનેશ ! નિરન્તરં,
રુચિરભક્તિસુયુક્તિભૃતો મમ ॥ ૩ ॥

## શ્રી અભિનંદન સ્વામી ભગવાન સ્તવન

અભિનંદન સ્વામી હમારા, પ્રભુ ભવ દુઃખ ભંજણહારા;
યે દુનિયા હૈ દુઃખ કી ધારા, પ્રભુ ઇનસે કરો રે નિસ્તારા અભિ. ૧
હું કુમતિ કુટિલ ભરમાયો, દુર નીતિ કરી દુઃખ પાયો;
અબ શરણ લીયો હે થારો, મુજે ભવજલ પાર ઉતારો. અભિ. ૨
પ્રભુ શીખ હૈયે નહિ ધારી, દુર્ગતિમાં દુઃખ લીયો ભારી;
ઈન કર્મો કી ગતિ હૈ ન્યારી, કરે બેર બેર ખુવારી અભિ. ૩
તુમે કરૂણાવંત કહાવો, જગતારક બિરૂદ ધરાવો;
મેરી અરજીનો એક જ દાવો, ઈણ દુઃખસે ક્યું ન છુડાવો. અભિ. ૪
મેં વિરથા જનમ ગુમાયો, નહીં તન ધન સ્નેહ નિવાર્યો;
અબ પારસ પરસંગ પામી, નહીં વીરવિજયકું ખામી. અભિ. ૫

## થોય

સંવર સુત સાચો, જાસ સ્યાદ્વાદ વાચો, થયો હીરો જાચો, મોહને દેઈ તમાચો;
પ્રભુ ગુણગુણ માચો, એહના ધ્યાને રાચો, જિનપદ સુખ સાચો, ભવ્ય પ્રાણી નિકાચો

## સંવેદના

સંવર રાજાના વંશમાં આભૂષણરૂપ,
સિદ્ધાર્થા દેવીરૂપી પૂર્વ દિશામાં સૂર્ય સમાન
અને વિશ્વને આનંદદાયી એવા હે અભિનંદનસ્વામી!
તમે અમને પવિત્ર કરો.

## સમેતશિખર ટુંકનો દુહો

**આનંદગિરી ટુંક અભિનંદન, સમેતશિખર તીર્થ સાર;**
**સિદ્ધા મુનિ ક્રોડો અહીં, નમું પૂજું અનંતી વાર.**

જાપ : ૐ હ્રીં શ્રીં અર્હં અભિનંદન સ્વામિને નમઃ ॥ જાપ ફળ : આનંદ, ખુશી મળે

## ભગવાન પૂર્વના ૩ ભવ

(૧) મહાબલ રાજા (સમકિતની પ્રાપ્તિ)
(તીર્થંકર નામ કર્મ ગોત્ર ઉપાર્જન)
(૨) વિજય દેવ
(૩) અભિનંદન સ્વામી ભગવાન

## શ્રી અભિનંદન ભગવાન પંચકલ્યાણક આરાધના

૧. ચ્યવન કલ્યાણક તિથિ - વૈશાખ સુદ ૪ જાપ - ૐ હ્રીં અભિનંદન સ્વામિને પરમેષ્ઠિને નમઃ
૨. જન્મ કલ્યાણક તિથિ - મહા સુદ ૨ જાપ - ૐ હ્રીં અભિનંદન સ્વામિને અર્હતે નમઃ
૩. દિક્ષા કલ્યાણક તિથિ - મહા સુદ ૧૨ જાપ - ૐ હ્રીં અભિનંદન સ્વામિને નાથાય નમઃ
૪. કેવલજ્ઞાન કલ્યાણક તિથિ - પોષ સુદ ૧૪ જાપ - ૐ હ્રીં અભિનંદન સ્વામિને સર્વજ્ઞાય નમઃ
૫. મોક્ષ કલ્યાણક તિથિ - વૈશાખ સુદ ૮ જાપ - ૐ હ્રીં અભિનંદન સ્વામિને પારંગતાય નમઃ

# ૫ શ્રી તળાજા તીર્થાધિપતિ શ્રી સુમતિનાથ ભગવાન





**શાસન યક્ષ**

**શ્રી તુંબરૂ યક્ષ** નું વર્ણન :
સફેદવર્ણ, ગરૂડવાહન અને ચાર ભુજા.
જમણા બે હાથમાં વરદ અને શક્તિ,
ડાબા બે હાથમાં ગદા અને નાગપાશ



**શાસન યક્ષિણી**

**શ્રી મહાકાલી દેવી** નું વર્ણન :
સુવર્ણવર્ણ, પદ્મનું વાહન અને ચાર ભુજા.
જમણા બે હાથમાં વરદ અને પાશ.
ડાબા બે હાથમાં માતુલિંગ અને અંકુશ

**લાંછન**



**ક્રૌંચપક્ષ**

**શ્રી પાંસઠીયો યંત્ર**

| | | | | |
|---|---|---|---|---|
| ૧૮ | ૨૪ | ૫ | ૧૨ | ૬ |
| ૧ | ૭ | ૧૩ | ૨૫ | ૧૯ |
| ૧૪ | ૨૦ | ૨૧ | ૮ | ૨ |
| ૨૨ | ૩ | ૯ | ૧૬ | ૧૫ |
| ૧૦ | ૧૧ | ૧૭ | ૪ | ૨૩ |

# શ્રી સુમતિનાથ ભગવાન ની સંક્ષિપ્ત વિગત

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | પિતા | મેઘરથ | ૨૮ | પત્નીનું નામ | રેવતી |
| ૨ | માતા | મંગલાદેવી | ૨૯ | પુત્ર | ૩ |
| ૩ | લાંછન | ક્રૌંચ પક્ષી | ૩૦ | પુત્રી | નથી |
| ૪ | શાસન યક્ષ | તુંબરૂ (તુંબરૂ) | ૩૧ | ગૃહસ્થ કાળ | ૧૨ પૂર્વાંગ અધિક ૩૯ લાખ પૂર્વ |
| ૫ | શાસન યક્ષિણી | મહાકાલી (મહાકાલી) | ૩૨ | માતાની ગતિ | મોક્ષ |
| ૬ | શરીરની ઉંચાઇ | ૩૦૦ ધનુષ્ય | ૩૩ | પિતાની ગતિ | ઈશાન દેવલોક |
| ૭ | શરીર વર્ણ / પ્રમાણ | સુવર્ણ / ૭૨ પ્રમાણ | ૩૪ | દીક્ષા તિથિ મારવાડી | વૈશાખ સુદ ૯ |
| ૮ | પૂર્વ ભવ સંખ્યા | ૩ | ૩૫ | દીક્ષા તિથિ ગુજરાતી | વૈશાખ સુદ ૯ |
| ૯ | પૂર્વ ભવે નામ | પુરુષ સિંહ | ૩૬ | દીક્ષા નગરી | અયોધ્યા |
| ૧૦ | પૂર્વ ભવ નગરી... | પુંડરીગિણી (શંખપૂર) | ૩૭ | દીક્ષા ભૂમિ | સહસામ્રવન |
| ૧૧ | ...દ્વીપ/વિદેહ/વિજય | જંબુ / પૂર્વ / પુષ્કલાવતી | ૩૮ | સહ દીક્ષા | ૧,૦૦૦ |
| ૧૨ | પૂર્વ ભવના ગુરુ | સીમંધર (વિનયનંદન) | ૩૯ | શિબિકાનું નામ | અભયંકરા |
| ૧૩ | પૂર્વ ભવનું દેવ આયુ | ૩૩ સાગરોપમ | ૪૦ | દીક્ષાનો સમય/લોચ | સવારે / પંચમુષ્ઠી |
| ૧૪ | કયા દેવલોકથી ચ્યવન | વૈજયંત વિમાન | ૪૧ | દીક્ષા-તપ | એક ભક્ત |
| ૧૫ | પહેલે સ્વપ્ને | હાથી | ૪૨ | પ્રથમ પારણા દ્રવ્ય | પરમાન્ન - ખીર |
| ૧૬ | ચ્યવન તિથિ મારવાડી | શ્રાવણ સુદ ૨ | ૪૩ | પ્રથમ પારણા નગરી | વિજયપુર |
| ૧૭ | ચ્યવન તિથિ ગુજરાતી | શ્રાવણ સુદ ૨ | ૪૪ | પ્રથમ ભિક્ષા દાતા | પદ્મ |
| ૧૮ | ગર્ભ કાળ | ૯ માસ ૬ દિન | ૪૫ | છદ્મસ્થ કાળ | ૨૦ વર્ષ |
| ૧૯ | જન્મ આરો | ચોથા આરાના ઉત્તરાર્ધે | ૪૬ | કેવળજ્ઞાન તિથિ મારવાડી | ચૈત્ર સુદ ૧૧ |
| ૨૦ | જન્મ નગરી | અયોધ્યા | ૪૭ | કેવળજ્ઞાન તિથિ ગુજરાતી | ચૈત્ર સુદ ૧૧ |
| ૨૧ | જન્મ દેશ | કોશલ | ૪૮ | કેવળજ્ઞાન નગરી | અયોધ્યા |
| ૨૨ | જન્મ તિથિ મારવાડી | વૈશાખ સુદ ૮ | ૪૯ | કેવળજ્ઞાન ભૂમિ | સહસામ્રવન |
| ૨૩ | જન્મ તિથિ ગુજરાતી | વૈશાખ સુદ ૮ | ૫૦ | કેવળજ્ઞાન તપ/વૃક્ષ | છઠ્ઠ/શાલ (પ્રિયંગુ) |
| ૨૪ | વંશ / ગોત્ર | ઈક્ષ્વાકુ / કાશ્યપ | ૫૧ | ઉત્કૃષ્ટ તપ | ૮ માસ ઉપવાસ |
| ૨૫ | કુમાર અવસ્થા | ૧૦ લાખ પૂર્વ | ૫૨ | જ્ઞાન વૃક્ષની ઉંચાઈ | ૧ ગાઉ ૧૬૦૦ ધનુષ્ય |
| ૨૬ | રાજ્ય અવસ્થા | ૨૯ લાખ પૂર્વ, ૧૨ પૂર્વાંગ | ૫૩ | સમવસણ ઊંચાઈ | ૪૦ કોષ (અશોકવૃક્ષ સાથે) |
| ૨૭ | વિવાહિત/અવિવાહિત | વિવાહિત | ૫૪ | પ્રથમ દેશના વિષય | એકત્વ ભાવના |

# શ્રી સુમતિનાથ ભગવાન ની સંક્ષિપ્ત વિગત

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૫૫ | પ્રથમ ગણધર/સંખ્યા | ચરમ/ ૧૦૦ | ૮૨ | તે ટુંક ઉપર મોક્ષે ગયા | ૧,કોડા કોડી ૮૪,૭૨,૮૧,૭૮૧ |
| ૫૬ | પ્રથમ શિષ્યા (સાધ્વી) | કાશ્યપી | ૮૩ | કુલ દીક્ષા પર્યાય | ૧ લાખ પૂર્વમાં ૧૨ પૂર્વાંગ ન્યૂન |
| ૫૭ | મુખ્ય ભક્ત રાજા | સત્યવીર્ય | ૮૪ | આયુષ્ય | ૪૦ લાખ પૂર્વ |
| ૫૮ | કેવળ જ્ઞાની | ૧૩,૦૦૦ | ૮૫ | અંતરમાન | ૯ લાખ કોટી સાગરોપમ |
| ૫૯ | મનઃ પર્યવજ્ઞાની | ૧૦,૪૫૦ | ૮૬ | તીર્થ આશ્ચર્ય ઉત્પત્તિ | નથી |
| ૬૦ | અવધિ જ્ઞાની | ૧૧,૦૦૦ | ૮૭ | તીર્થોત્તમપુરુષ | નથી |
| ૬૧ | ચૌદ પૂર્વધર | ૨,૪૦૦ | ૮૮ | શાસનમાં વિશિષ્ટ તપ | વીશ સ્થાનક / કલ્યાણક તપ |
| ૬૨ | વૈક્રિય લબ્ધિધર | ૧૮,૪૦૦ | ૮૯ | જિનાલય શિલ્પનામ | સુમતિ વલ્લભ |
| ૬૩ | સાધુ સંખ્યા/સાધુ વસ્ત્ર | ૩,૨૦,૦૦૦ / પંચરંગી | ૯૦ | જિનાલય દિશા દ્વાર | દક્ષિણ |
| ૬૪ | સાધુ સ્વભાવ/મહાવ્રત | ઋજુ / પ્રાજ્ઞ / ૪ | ૯૧ | ચ્ય.જ.દી.કે.નક્ષત્ર | મઘા |
| ૬૫ | સાધ્વીની સંખ્યા | ૫,૩૦,૦૦૦ | ૯૨ | નક્ષત્ર ક્રમાંક / તારા | ૧૦ / ૧ |
| ૬૬ | વાદી મુનિ | ૧૦,૪૫૦ | ૯૩ | સ્વરાશિ ૩ | સિંહ |
| ૬૭ | શ્રાવકની સંખ્યા | ૨,૮૧,૦૦૦ | ૯૪ | રાશિ સ્વામી/રાશિ નાડી | સૂર્ય / અંત્ય |
| ૬૮ | પ્રથમ શ્રાવક નામ | અપ્રસિદ્ધ | ૯૫ | રાશિ ગણ/ રાશિ યોનિ | રાક્ષસ / મૂષક |
| ૬૯ | શ્રાવિકાની સંખ્યા | ૫,૧૬,૦૦૦ | ૯૬ | રાશિ તત્ત્વ/ રાશિ જાતિ | અગ્નિ / ક્ષત્રિય |
| ૭૦ | પ્રથમ શ્રાવિકા નામ | અપ્રસિદ્ધ | ૯૭ | શ્રેષ્ઠત્તર રાશિ ✓ | વૃશ્ચિક |
| ૭૧ | કેવળ જ્ઞાન કાળ | ૨૦ વર્ષ ૧૨ પૂર્વાંગ ન્યૂન ૧ લાખ પૂર્વ | ૯૮ | શ્રેષ્ઠ રાશિ ✓ | વૃષભ, કર્ક |
| ૭૨ | નિર્વાણ તિથિ મારવાડી | ચૈત્ર સુદ ૯ | ૯૯ | પ્રીતિ રાશિ ✓ | મીન |
| ૭૩ | નિર્વાણ તિથિ ગુજરાતી | ચૈત્ર સુદ ૯ | ૧૦૦ | શુભ રાશિ ✓ | મેષ, મિથુન, કન્યા, તુલા, ધન |
| ૭૪ | નિર્વાણ નક્ષત્ર/રાશિ | પુનર્વસુ / કર્ક | ૧૦૧ | સમ રાશિ × | કુંભ |
| ૭૫ | નિર્વાણ આસન | કાયોત્સર્ગ | ૧૦૨ | મધ્યમ રાશિ × | નથી |
| ૭૬ | નિર્વાણ તપ | ૩૦ ઉપવાસ | ૧૦૩ | અશુભ રાશિ × | નથી |
| ૭૭ | નિર્વાણ ભૂમિ | સમેતશિખર | ૧૦૪ | શત્રુ રાશિ × | મકર |
| ૭૮ | સહ નિર્વાણ | ૧,૦૦૦ | ૧૦૫ | અશુભતર રાશિ × | નથી |
| ૭૯ | નિર્વાણ વેળા | દિવસના આગલા ભાગે | ૧૦૬ | વર્ગ/વર્ગેશ/આધાક્ષર | શ / મેષ ૮ / સુ |
| ૮૦ | સમેતશિખર ટુંક નામ | અચલગિરિ | ૧૦૭ | આરાધના અંગ | હોઠ રક્ષા |
| ૮૧ | સમેતશિખર યાત્રા ફળ | ૧ કરોડ પૌષધ ઉપવાસ | ૧૦૮ | પ્રાકૃત નામ | સુમઈ |

✓ રાશિવાળા જિનબિંબ ભરાવે

✗ રાશિવાળા જિનબિંબ ન ભરાવે

# શ્રી સુમતિનાથ ભગવાન વિશિષ્ટ આરાધના

## સંસ્કૃત સ્તુતિ

घुसत्किरीटशाणाग्रो; - त्तेजितांघ्रिनखावलिः ।
भगवान् सुमतिस्वामी, तनोत्वभिमतानि वः ॥

**અર્થ : દેવતાઓના મુગટરૂપી શરાણના અગ્રભાગના ખૂણાઓથી જેમની નખપંક્તિ તેજવંત થયેલી છે એવા સુમતિસ્વામી ભગવાન તમારા વાંછિતોને વિસ્તારો.**

## હિન્દી સ્તુતિ

शुभ विमल वाणी जगत मानी, जीव सब संशय हरं ।
पशु देव असुर पुरुष नारी, वन्दना चरनन करं ।
अमल परम स्वरुप सुन्दर, सुमतिनाथ जिनेश्वरं ।
सब भविक जन मिल करो पूजा, जपो नित परमेश्वरं ॥

## મરાઠી સ્તુતિ

या हेतुनं स्तव करी तब भक्ति भावे
आल्हादवील सुजनास तुझ्या प्रभावे
सुमतिनाथ गाउनी सु-मति मुज यावे
हे प्रभो ! तुझ्या उराशी मज घ्यावे ।

## અંગ્રેજી સ્તુતિ

**You are in my every thought,
Let me lead life as you taught,
SUMATINATH give wisdom nice,
So that I fall never twice.**

**પ્રસિધ્ધ તીર્થો :**
માતર
તળાજા

**સામાન્ય નામ અર્થ :**
પોતાને સારી બુદ્ધિ ઉત્પન્ન થઈ માટે ...

**વિશેષ નામ અર્થ :**
ન્યાય કરવામાં માતાની બુદ્ધિ સંતુલિત રહી માટે ...

## ગુજરાતી સ્તુતિ

**આ સંસારે ભ્રમણ કરતાં શાન્તિ માટે જિનેન્દ્ર,
દેવો સેવ્યાં કુમતિ વશથી મેં બહુએ મુનીન્દ્ર;
તોએ નાવ્યો ભવભ્રમણથી છુટકારો લગારે,
શાન્તિદાતા સુમતિજિનજી દેવ છો તું જ મારે.**

## ગુજરાતી છંદ

**ભૂમંડલે વિચરતા જિનરાજ જ્યારે,
કાંટા અધોમુખ થઈ રજ શુદ્ધ ત્યારે;
જે એક યોજન સુધી શુભવાત શુદ્ધિ,
એવા નમું સુમતિનાથ સદા સુબુદ્ધિ.**

## પ્રાર્થના

**સુમતિનાથ જિનેશ્વર અમને કૃપા કરી સન્મતિ દેજો
દિલના દેવળ દીપી ઉઠે એવી ગુણની સંપત્તિ દેજો
રાણી મંગળાના કુળકેતુ મેઘ નૃપતિના ભૂષણ,
અમ જીવનના, અમ તન-મનના દૂર કરો સહુએ દૂષણ.**

## ચૈત્યવંદન

**સુમતિનાથ સુહંકરું, કોસલ્લા જસ નયરી,
મેઘરાય મંગલા તણો, નંદન જિતવયરી .......૧
ક્રૌંચ લંછન જિન રાજિયો, ત્રણશેં ધનુષની દેહ,
ચાલીશ લાખ પૂરવતણું, આયુ અતિ ગુણગેહ....૨
સુમતિ ગુણે કરી જે ભર્યા એ, તર્યા સંસાર અગાધ,
તસ પદપદ્મ સેવા થકી, લહો સુખ અવ્યાબાધ ...૩**

## શ્રી સુમતિનાથ જિનેન્દ્ર - ચૈત્યવન્દનમ્

(ઉપેન્દ્રવજા છન્દઃ)

સુવર્ણવર્ણો હરિણા સવર્ણો, મનોવનં મે સુમતિર્બલીયાન્,
ગતસ્તતો દુષ્ટકુદૃષ્ટિ રાગ - દ્વિપેન્દ્ર ! નૈવ સ્થિતિરત્ર કાર્યા ॥ ૧ ॥
જિનેશ્વરો મેઘનરેન્દ્રસૂનુ - ર્ઘનોપમો ગર્જતિ માનસે મે,
અહો ગુરુદ્વેષહુતાશન ! ત્વા - મસૌશમંનેષ્યતિ સદ્ય એવ ॥ ૨ ॥
ઈતઃ સુદૂરં વ્રજ દુષ્ટબુદ્ધે ! સમંદુરાત્મીયપરિચ્છદેન,
સુબુદ્ધિભર્તા સુમતિર્જિનેશો, મનોરમઃ સ્વાન્તમિતો મદીયમ્ ॥ ૩ ॥

## શ્રી સુમતિનાથ ભગવાનનું સ્તવન

સુમતિનાથ ગુણશું મીલીજી, વાધે મુજ મન પ્રીતિ;
તેલબિંદુ જિમ વિસ્તરેજી, જલમાંહી ભલી રીતિ,
સૌભાગી જિનશું, લાગ્યો અવિહડ રંગ. સૌ ૧
સજ્જનશું જે પ્રીતડીજી, છાની તે ન રખાય;
પરિમલ કસ્તુરી તણોજી, મહીં માંહી મહકાય. સૌ ૨
આંગળીયે નવિ મેરૂ ઢંકાયે, છાબડીએ રવિ તેજ;
અંજલિમાં જિમ ગંગ ન માયે, મુજ મન તિમ પ્રભુ હેજ. સૌ ૩
હુઓ છીપે નહીં અધર અરૂણ જિમ, ખાતાં પાન સુરંગ;
પીવત ભર ભર પ્રભુગુણ પ્યાલા, તિમ મુજ પ્રેમ અભંગ. સૌ ૪
ઢાંકી ઈક્ષુ પરાળશુંજી, ન રહે લહી વિસ્તાર;
વાચક જસ કહે પ્રભુ તણોજી, તિમ મુજ પ્રેમ પ્રકાર. સૌ ૫

## થોય

સુમતિ સુમતિદાયી, મંગલા જાસ માઈ, મેરુને વલી રાઈ, ઓર એહને તુલાઈ;
ક્ષય કીધાં ઘાઈ, કેવલજ્ઞાન પાઈ, નહીં ઉણિમ કાંઈ, સેવિયે તે સદાઈ.

## સંવેદના

મેઘરાજાના વંશરૂપી વનમાં મેઘ સમાન અને
મંગળામાતારૂપી મેઘમાલામાં મોતીરૂપ એવા હે સુમતિનાથ !
હું તમને નમસ્કાર કરું છું.

## સમેતશિખર ટુંકનો દુહો

અચલગિરિ ટુંક સુમતિનાથ, સમેતશિખર તીર્થ સાર;
સિદ્ધા મુનિ ક્રોડો અહીં, નમું પૂજું અનંતી વાર.

**જાપ** : ૐ હ્રીં શ્રીં અર્હં સુમતિનાથાય નમઃ ॥ **જાપ ફળ** : બુદ્ધિમાન બને

## ભગવાન પૂર્વના ૩ ભવ

(૧) પુરૂષસિંહ રાજા (સમકિતની પ્રાપ્તિ) (તીર્થંકર નામ કર્મ ગોત્ર ઉપાર્જન)
(૨) વૈજયંત વિમાન
(૩) સુમતિનાથ ભગવાન

## શ્રી સુમતિનાથાય ભગવાન પંચકલ્યાણક આરાધના

૧. **ચ્યવન કલ્યાણક તિથિ** - શ્રાવણ સુદ ૨ જાપ - ૐ હ્રીં સુમતિનાથાય પરમેષ્ઠિને નમઃ
૨. **જન્મ કલ્યાણક તિથિ** - વૈશાખ સુદ ૮ જાપ - ૐ હ્રીં સુમતિનાથાય અર્હતે નમઃ
૩. **દિક્ષા કલ્યાણક તિથિ** - વૈશાખ સુદ ૯ જાપ - ૐ હ્રીં સુમતિનાથાય નાથાય નમઃ
૪. **કેવલજ્ઞાન કલ્યાણક તિથિ** - ચૈત્ર સુદ ૧૧ જાપ - ૐ હ્રીં સુમતિનાથાય સર્વજ્ઞાય નમઃ
૫. **મોક્ષ કલ્યાણક તિથિ** - ચૈત્ર સુદ ૯ જાપ - ૐ હ્રીં સુમતિનાથાય પારંગતાય નમઃ

# ૬ શ્રી બરવાળા તીર્થાધિપતિ શ્રી પદ્મપ્રભ સ્વામી ભગવાન





### શાસન યક્ષ

**શ્રી કુસુમ યક્ષ** નું વર્ણન :
નીલવર્ણ, હરણનું વાહન અને ચાર હાથ.
જમણા બે હાથમાં ફૂલ અને અભય.
ડાબા હાથમાં નોળીઓ અને અક્ષસૂત્ર



### શાસન યક્ષિણી

**શ્રી અચ્યુતા દેવી** નું વર્ણન :
શ્યામવર્ણ, નરવાહન અને ચાર ભુજા.
જમણા બે હાથમાં વરદ અને
વીણા (બાણ), ડાબા બે હાથમાં
ધનુષ અને અભય

### લાંછન



લાલ કમળ

### શ્રી પાંસઠીયો યંત્ર

| | | | | |
|---|---|---|---|---|
| ૧૫ | ૧૯ | ૬ | ૨ | ૨૩ |
| ૧૬ | ૨૫ | ૧૨ | ૮ | ૪ |
| ૩ | ૭ | ૨૪ | ૨૦ | ૧૧ |
| ૯ | ૧૩ | ૫ | ૨૧ | ૧૭ |
| ૨૨ | ૧ | ૧૮ | ૧૪ | ૧૦ |

# શ્રી પદ્મપ્રભ સ્વામી ભગવાન ની સંક્ષિપ્ત વિગત

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | પિતા | શ્રીધર | ૨૮ | પત્નીનું નામ | લક્ષ્મી |
| ૨ | માતા | સુસીમાદેવી | ૨૯ | પુત્ર | ૧૩ |
| ૩ | લાંછન | કમળ (પદ્મ) લાલ | ૩૦ | પુત્રી | નથી |
| ૪ | શાસન યક્ષ | કુસુમ(કુસુમ) | ૩૧ | ગૃહસ્થ કાળ | ૧૬ પૂર્વાંગ અધિક ૨૯ લાખ પૂર્વ |
| ૫ | શાસન યક્ષિણી | અચ્યુતા (અચ્ચુઆ) | ૩૨ | માતાની ગતિ | મોક્ષ |
| ૬ | શરીરની ઉંચાઈ | ૨૫૦ ધનુષ્ય | ૩૩ | પિતાની ગતિ | ઈશાન દેવલોક |
| ૭ | શરીર વર્ણ / પ્રમાણ | લાલ (રાતો) / ૬૦ પ્રમાણ | ૩૪ | દીક્ષા તિથિ મારવાડી | કારતક વદ ૧૩ |
| ૮ | પૂર્વ ભવ સંખ્યા | ૩ | ૩૫ | દીક્ષા તિથિ ગુજરાતી | આસો વદ ૧૩ |
| ૯ | પૂર્વ ભવે નામ | અપરાજિત | ૩૬ | દીક્ષા નગરી | કૌશાંબી |
| ૧૦ | પૂર્વ ભવ નગરી... | સુસીમા | ૩૭ | દીક્ષા ભૂમિ | સહસામ્રવન |
| ૧૧ | ...દ્વીપ/વિદેહ/વિજય | ઘાતકીખંડ / પૂર્વ / વત્સ | ૩૮ | સહ દીક્ષા | ૧,૦૦૦ |
| ૧૨ | પૂર્વ ભવના ગુરુ | પિહિતાશ્રવ | ૩૯ | શિબિકાનું નામ | નિવૃત્તિકરા |
| ૧૩ | પૂર્વ ભવનું દેવ આયુ | ૩૧ સાગરોપમ | ૪૦ | દીક્ષાનો સમય/લોચ | બપોરે / પંચમુષ્ઠી |
| ૧૪ | કયા દેવલોકથી ચ્યવન | નવમું ગ્રૈવેયક | ૪૧ | દીક્ષા-તપ | છઠ્ઠ |
| ૧૫ | પહેલે સ્વપ્ને | હાથી | ૪૨ | પ્રથમ પારણા દ્રવ્ય | પરમાન્ન-ખીર |
| ૧૬ | ચ્યવન તિથિ મારવાડી | મહા વદ ૬ | ૪૩ | પ્રથમ પારણા નગરી | બ્રહ્મસ્થળ |
| ૧૭ | ચ્યવન તિથિ ગુજરાતી | પોષ વદ ૬ | ૪૪ | પ્રથમ ભિક્ષા દાતા | સોમદેવ |
| ૧૮ | ગર્ભ કાળ | ૯ માસ ૬ દિન | ૪૫ | છદ્મસ્થ કાળ | ૬ માસ |
| ૧૯ | જન્મ આરો | ચોથા આરાના ઉત્તરાર્ધે | ૪૬ | કેવળજ્ઞાન તિથિ મારવાડી | ચૈત્ર સુદ ૧૫ |
| ૨૦ | જન્મ નગરી | કૌશામ્બી | ૪૭ | કેવળજ્ઞાન તિથિ ગુજરાતી | ચૈત્ર સુદ ૧૫ |
| ૨૧ | જન્મ દેશ | વત્સ | ૪૮ | કેવળજ્ઞાન નગરી | કૌશાંબી |
| ૨૨ | જન્મ તિથિ મારવાડી | કારતક વદ ૧૨ | ૪૯ | કેવળજ્ઞાન ભૂમિ | સહસામ્રવન |
| ૨૩ | જન્મ તિથિ ગુજરાતી | આસો વદ ૧૨ | ૫૦ | કેવળજ્ઞાન તપ/વૃક્ષ | છઠ્ઠ / છત્ર (વટ) |
| ૨૪ | વંશ / ગોત્ર | ઈક્ષ્વાકુ / કાશ્યપ | ૫૧ | ઉત્કૃષ્ટ તપ | ૮ માસ ઉપવાસ |
| ૨૫ | કુમાર અવસ્થા | ૭॥ લાખ પૂર્વ | ૫૨ | જ્ઞાન વૃક્ષની ઉંચાઈ | દોઢ ગાઉ |
| ૨૬ | રાજ્ય અવસ્થા | ૨૧॥ લાખ પૂર્વ, ૧૬ પૂર્વાંગ | ૫૩ | સમવસણ ઊંચાઈ | ૩૮ કોષ (અશોકવૃક્ષ સાથે) |
| ૨૭ | વિવાહિત/અવિવાહિત | વિવાહિત | ૫૪ | પ્રથમ દેશના વિષય | સંસાર ભાવના |

# શ્રી પદ્મપ્રભ સ્વામી ભગવાન ની સંક્ષિપ્ત વિગત

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૫૫ | પ્રથમ ગણધર/સંખ્યા | સુવ્રત (સુધોત) / ૧૦૭ | ૮૨ | તે ટુંક ઉપર મોક્ષે ગયા | ૯૯,૮૭,૪૩,૭૨૭ |
| ૫૬ | પ્રથમ શિષ્યા (સાધ્વી) | રતિ | ૮૩ | કુલ દીક્ષા પર્યાય | ૧ લાખ પૂર્વમાં ૧૬ પૂર્વાંગ ન્યૂન |
| ૫૭ | મુખ્ય ભક્ત રાજા | અજિતસેન | ૮૪ | આયુષ્ય | ૩૦ લાખ પૂર્વ |
| ૫૮ | કેવળ જ્ઞાની | ૧૨,૦૦૦ | ૮૫ | અંતરમાન | ૯૦ હજાર કોટી સાગરોપમ |
| ૫૯ | મનઃ પર્યવજ્ઞાની | ૧૦,૩૦૦ | ૮૬ | તીર્થ આશ્ચર્ય ઉત્પત્તિ | નથી |
| ૬૦ | અવધિ જ્ઞાની | ૧૦,૦૦૦ | ૮૭ | તીર્થોત્તમપુરુષ | નથી |
| ૬૧ | ચૌદ પૂર્વધર | ૨,૩૦૦ | ૮૮ | શાસનમાં વિશિષ્ટ તપ | વીશ સ્થાનક / કલ્યાણક તપ |
| ૬૨ | વૈક્રિય લબ્ધિધર | ૧૬,૧૦૮ | ૮૯ | જિનાલય શિલ્પનામ | પુષ્ટિ વર્ધન |
| ૬૩ | સાધુ સંખ્યા/સાધુ વસ્ત્ર | ૩,૩૦,૦૦૦/પંચરંગી | ૯૦ | જિનાલય દિશા દ્વાર | દક્ષિણ |
| ૬૪ | સાધુ સ્વભાવ/મહાવ્રત | ઋજુ / પ્રાજ્ઞ / ૪ | ૯૧ | ચ્ય.જ.દી.કે.નક્ષત્ર | ચિત્રા |
| ૬૫ | સાધ્વીની સંખ્યા | ૪,૨૦,૦૦૦ | ૯૨ | નક્ષત્ર ક્રમાંક / તારા | ૧૪ / ૫ |
| ૬૬ | વાદી મુનિ | ૯,૬૦૦ | ૯૩ | સ્વરાશિ ૩ | કન્યા |
| ૬૭ | શ્રાવકની સંખ્યા | ૨,૭૬,૦૦૦ | ૯૪ | રાશિ સ્વામી/રાશિ નાડી | બુધ / મધ્ય |
| ૬૮ | પ્રથમ શ્રાવક નામ | અપ્રસિદ્ધ | ૯૫ | રાશિ ગણ/ રાશિ યોનિ | રાક્ષસ / મહિષ |
| ૬૯ | શ્રાવિકાની સંખ્યા | ૫,૦૫,૦૦૦ | ૯૬ | રાશિ તત્ત્વ/ રાશિ જાતિ | ભુમિ/ વૈશ્ય |
| ૭૦ | પ્રથમ શ્રાવિકા નામ | અપ્રસિદ્ધ | ૯૭ | શ્રેષ્ઠત્તર રાશિ ✓ | મિથુન |
| ૭૧ | કેવળ જ્ઞાન કાળ | ૬ માસ ૧૬ પૂર્વાંગ ન્યૂન ૧ લાખ પૂર્વ | ૯૮ | શ્રેષ્ઠ રાશિ ✓ | તુલા, ધન |
| ૭૨ | નિર્વાણ તિથિ મારવાડી | માગસર વદ ૧૧ | ૯૯ | પ્રીતિ રાશિ ✓ | કુંભ |
| ૭૩ | નિર્વાણ તિથિ ગુજરાતી | કારતક વદ ૧૧ | ૧૦૦ | શુભ રાશિ ✓ | વુષભ, સિંહ, કર્ક, મિથુન, વૃશ્ચિક |
| ૭૪ | નિર્વાણ નક્ષત્ર/રાશિ | ચિત્રા / કન્યા | ૧૦૧ | સમ રાશિ × | મીન |
| ૭૫ | નિર્વાણ આસન | કાયોત્સર્ગ | ૧૦૨ | મધ્યમ રાશિ × | મકર |
| ૭૬ | નિર્વાણ તપ | ૩૦ ઉપવાસ | ૧૦૩ | અશુભ રાશિ × | નથી |
| ૭૭ | નિર્વાણ ભૂમિ | સમેતશિખર | ૧૦૪ | શત્રુ રાશિ × | મેષ |
| ૭૮ | સહ નિર્વાણ | ૩૦૮ | ૧૦૫ | અશુભતર રાશિ × | નથી |
| ૭૯ | નિર્વાણ વેળા | દિવસના પાછલા ભાગે | ૧૦૬ | વર્ગ/વર્ગેશ/આદ્યાક્ષર | ૫/ઉંદર ૬ / ૫ |
| ૮૦ | સમેતશિખર ટુંક નામ | મોહનગિરિ | ૧૦૭ | આરાધના અંગ | દાંત રક્ષા |
| ૮૧ | સમેતશિખર યાત્રા ફળ | ૧ કરોડ પૌષધ ઉપવાસ | ૧૦૮ | પ્રાકૃત નામ | પઉમપ્પહં |

✓ રાશિવાળા જિનબિંબ ભરાવે

× રાશિવાળા જિનબિંબ ન ભરાવે

# શ્રી પદ્મપ્રભ સ્વામી ભગવાન વિશિષ્ટ આરાધના

## સંસ્કૃત સ્તુતિ

पद्मप्रभप्रभोर्देह - भासःपुष्णंतु वः श्रियम् ।
अंतरंगारि-मथने, कोपाटोपादिवारुणाः ॥

અર્થ : અંતરંગ શત્રુઓ જે કામક્રોધાદિ તેઓને મથન (દૂર) કરવાને કરેલા કોપના પ્રબળપણાથી જાણે લાલ થઈ હોય તેવી પદ્મપ્રભ પ્રભુના દેહની અરુણ (રાતી) કાંતિ તમારી મોક્ષલક્ષ્મીનું પોષણ કરો.

## હિન્દી સ્તુતિ

सब राज ऋद्धि त्याग जिनजी, दान दे एक वर्ष ही ।
अठ कर्म जीते धार दीक्षा, भयो सुर नर हर्ष ही ।
जय जय करत सब इन्द्र मिलके, पद्मप्रभु श्री जिनेश्वरं ।
सब भविक जन मिल करो पूजा, जपो नित परमेश्वरं ॥

## મરાઠી સ્તુતિ

ही भक्तिने निरखिता तव मूर्ति धन्य
आकर्षणीय न उरे नयनास अन्य
पद्मप्रभुचे चरण कमल किती छान छान
पद्ममुख पाहूनि मी विसरतो निज भान

## અંગ્રેજી સ્તુતિ

I like you most Supreme Dad
Your face is so rosy red,
PADMAPRABHUSWAMI so high,
you can forget, how can I ?

**પ્રસિધ્ધ તીર્થો :**
બરવાળા, નાડોલ, કૌશાંબી
પાબલ લક્ષ્મણી

**સામાન્ય નામ અર્થ :**
કમળની જેમ પવિત્ર છે
માટે ...

**વિશેષ નામ અર્થ :**
માતાને કમલપત્રમાં
સુવાની ઈચ્છા
થઈ માટે ...

## ગુજરાતી સ્તુતિ

સોના કેરી સુર વિરચિતા પદ્મની પંક્તિ સારી,
પદ્મો જેવા પ્રભુચરણના સંગથી દીપ્તિ ધારી;
દેખી ભવ્યો અતિ ઊલટથી હર્ષના આંસુ લાવે,
તે શ્રી પદ્મપ્રભ ચરણમાં હું નમું પૂર્ણ ભાવે.

## ગુજરાતી છંદ

વૃષ્ટિ કરે સુરવરો અતિસૂક્ષ્મધારી,
જાનુ પ્રમાણ વિરચે કુસુમો શ્રીકારી;
શબ્દો મનોહર સુણી શુભ શ્રોત્રમાંહિ,
શ્રી પદ્મનાથ પ્રભુને પ્રણમું ઉચ્છાંહિ.

## પ્રાર્થના

પદ્મપ્રભજિન પાપ હટાવે તાપ મટાવે તન મનના,
સુસીમાસુત સુખદાયક છે, સંતાપ જલાવે જીવનના,
કૃપા તણા કમળો આ મારા, મનસરવરમાં ખિલવી દો,
મારા ભાવમાં પ્રભુ તમારી કરૂણા પ્રેમે ભેળવી દો.

## ચૈત્યવંદન

કોસંબીપુરી રાજિયો, ઘર નરપતિ તાય,
પદ્મપ્રભુ પ્રભુ નામથી, સુસીમા જસમાય ..........૧
ત્રીશ લાખ પૂરવતણું, જિન આયુ પાળી,
ધનુષ અઢીસેં દેહડી, સવિ કર્મને ટાળી..........૨
પદ્મલંછન પરમેશ્વરૂ એ, જિનપદ પદ્મની સેવ,
પદ્મવિજય કહે કીજિયે, ભવિજન સહુ નિતમેવ.... ૩

## શ્રી પદ્મપ્રભ જિનેન્દ્ર - ચૈત્યવન્દનમ્

(ભુજંગપ્રયાત છન્દઃ)

ઉદાર પ્રભામણ્ડલૈર્ભાસમાનઃ, કૃતાઽત્યન્તદુર્દાન્તદોષાપમાનઃ,
સુસીમાઙ્ગજ! શ્રીપતિર્દેવદેવઃ, સદા મે મુદાઽભ્યર્ચનીયસ્ત્વમેવ ॥ ૧ ॥
યદીયં મનઃપંકજં નિત્યમેવ, ત્વયાઽલંકૃતં ધ્યેયરુપેણ દેવ !,
પ્રધાનસ્વરુપં તમેવાઽતિપુણ્યં, જગન્નાથ! જાનામિલોકે સુધન્યમ્ ॥ ૨ ॥
અતોઽધીશ ! પદ્મપ્રભાઽઽનન્દધામ, સ્મરામિપ્રકામં તવૈવાઙ્ગ નામ,
મનોવાંછિતાર્થપ્રદં યોગિગમ્યં, યથા ચક્રવાકો-રવેર્ધામરમ્યમ્ ॥ ૩ ॥

## શ્રી પદ્મપ્રભુનું સ્તવન

પદ્મપ્રભ પ્રાણસે પ્યારા, છુડાવો કર્મ કી ધારા;
કરમફંદ તોડવા ધોરી, પ્રભુજીસે અર્જ હે મોરી ૧
લઘુવય એક થેં જીયા, મુક્તિ મેં વાસ તુમ કીયા;
ન જાની પીડ તેં મોરી, પ્રભુ અબ ખીંચ લે દોરી ૨
વિષય સુખ માની મોં મનમેં, ગયો સબ કાલ ગફલતમેં,
નરક દુઃખ વેદના ભારી, નિકલવા ના રહી બારી ૩
પરવશ દીનતા કીની, પાપકી પોટ શિર લીની;
ભક્તિ નહીં જાની તુમ કેરી, રહ્યો નિશદિન દુઃખ ઘેરી ૪
ઈસ વિધ વિનતિ મોરી, કરૂં મેં દોય કર જોડી;
આતમ આનંદ મુજ દીજો, વીરનું કાજ સબ કીજો ૫

## થોય

અઢીશેં ધનુષ કાયા, ત્યક્ત મદ મોહ માયા,
સુસીમા જસમાયા, શુક્લ જે ધ્યાન ધ્યાયા,
કેવલ વર પાયા, ચામરાદિ ધરાયા, સેવે સુર રાયા મોક્ષ નગરે સિધાયા.

## સંવેદના

ધરરાજારૂપી સમુદ્રને ચંદ્ર સમાન અને સુસીમાદેવીરૂપી
ગંગા નદીમાં કમલ સમાન એવા હે પદ્મપ્રભુ !
તમને હું નમસ્કાર કરું છું.

## સમેતશિખર ટુંકનો દુહો

મોહનગિરિ ટુંક પદ્મપ્રભ, સમેતશિખર તીર્થ સાર;
સિદ્ધા મુનિ ક્રોડો અહીં, નમું પૂજું અનંતી વાર.

જાપ : ૐ હ્રીં શ્રીં અર્હ પદ્મપ્રભ સ્વામિને નમઃ ॥ જાપ ફળ : ભાગ્યોદય થાય

## ભગવાન ઋષભના પૂર્વના ૧૩ ભવ

(૧) અપરાજીત રાજા (સમકિતની પ્રાપ્તિ) (તીર્થંકર નામ કર્મ ગોત્ર ઉપાર્જન)
(૨) નવમાં ગ્રૈવેયકે દેવ
(૩) પદ્મપ્રભ સ્વામી ભગવાન

## શ્રી પદ્મપ્રભ સ્વામી ભગવાન પંચકલ્યાણક આરાધના

૧. ચ્યવન કલ્યાણક તિથિ - પોષ વદ ૬ જાપ - ૐ હ્રીં પદ્મપ્રભ સ્વામીને પરમેષ્ઠિને નમઃ
૨. જન્મ કલ્યાણક તિથિ - આસો વદ ૧૨ જાપ - ૐ હ્રીં પદ્મપ્રભ સ્વામીને અર્હતે નમઃ
૩. દિક્ષા કલ્યાણક તિથિ - આસો વદ ૧૩ જાપ - ૐ હ્રીં પદ્મપ્રભ સ્વામીને નાથાય નમઃ
૪. કેવલજ્ઞાન કલ્યાણક તિથિ - ચૈત્ર સુદ ૧૫ જાપ - ૐ હ્રીં પદ્મપ્રભ સ્વામીને સર્વજ્ઞાય નમઃ
૫. મોક્ષ કલ્યાણક તિથિ - કારતક વદ ૧૧ જાપ - ૐ હ્રીં પદ્મપ્રભ સ્વામીને પારંગતાય નમઃ

# ૭ શ્રી માંડવગઢ તીર્થાધિપતિ શ્રી સુપાર્શ્વનાથ ભગવાન





## શાસન યક્ષ

**શ્રી માતંગ યક્ષ નું વર્ણન :**
નીલવર્ણ, હાથીનું વાહન અને ચાર ભુજા. જમણા બે હાથમાં બિલ્વ અને પાશ. ડાબા બે હાથમાં નકુલ અને અંકુશ



## શાસન યક્ષિણી

**શ્રી શાંતા દેવી નું વર્ણન :**
સુવર્ણવર્ણ, હાથીનું વાહન અને ચાર ભુજા. જમણા બે હાથમાં વરદ અને જપમાળા. ડાબા બે હાથમાં શૂળ અને અભય

### લાંછન



સાથિયો

### શ્રી પાંસઠીયો યંત્ર

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | ૧૩ | ૭ | ૨૫ | ૧૯ |
| ૨૨ | ૯ | ૩ | ૧૬ | ૧૫ |
| ૧૮ | ૫ | ૨૪ | ૧૨ | ૬ |
| ૧૪ | ૨૧ | ૨૦ | ૮ | ૨ |
| ૧૦ | ૧૭ | ૧૧ | ૪ | ૨૩ |

# શ્રી સુપાર્શ્વનાથ ભગવાન ની સંક્ષિપ્ત વિગત

| | | |
|---|---|---|
| ૧ | પિતા | સુપ્રતિષ્ઠ (પ્રતિષ્ઠ) |
| ૨ | માતા | પૃથ્વીદેવી |
| ૩ | લાંછન | સાથિયો (સ્વસ્તિક) |
| ૪ | શાસન યક્ષ | માતંગ (માયંગ) |
| ૫ | શાસન યક્ષિણી | શાંતાદેવી (સંતા) |
| ૬ | શરીરની ઉંચાઈ | ૨૦૦ ધનુષ્ય |
| ૭ | શરીર વર્ણ / પ્રમાણ | સુવર્ણ / ૪૮ પ્રમાણ |
| ૮ | પૂર્વ ભવ સંખ્યા | ૩ |
| ૯ | પૂર્વ ભવે નામ | નંદિષેણ |
| ૧૦ | પૂર્વ ભવ નગરી... | શુભાપુરી (ક્ષેમપૂરી) |
| ૧૧ | ...દ્વીપ/વિદેહ/વિજય | ધાતકીખંડ / પૂર્વ / વત્સ |
| ૧૨ | પૂર્વ ભવના ગુરુ | અરિદમન |
| ૧૩ | પૂર્વ ભવનું દેવ આયુ | ૨૮ સાગરોપમ |
| ૧૪ | કયા દેવલોકથી ચ્યવન | છઠ્ઠુ ગ્રૈવેયક |
| ૧૫ | પહેલે સ્વપ્ને | હાથી |
| ૧૬ | ચ્યવન તિથિ મારવાડી | ભાદરવા વદ ૮ (શ્રા.સુ.૮) |
| ૧૭ | ચ્યવન તિથિ ગુજરાતી | શ્રાવણ વદ ૮ (શ્રા.સુ.૮) |
| ૧૮ | ગર્ભ કાળ | ૯ માસ ૧૯ દિન |
| ૧૯ | જન્મ આરો | ચોથા આરાના ઉત્તરાર્ધે |
| ૨૦ | જન્મ નગરી | વારાણસી |
| ૨૧ | જન્મ દેશ | કાશી |
| ૨૨ | જન્મ તિથિ મારવાડી | જેઠ સુદ ૧૨ |
| ૨૩ | જન્મ તિથિ ગુજરાતી | જેઠ સુદ ૧૨ |
| ૨૪ | વંશ / ગોત્ર | ઈક્ષ્વાકુ / કાશ્યપ |
| ૨૫ | કુમાર અવસ્થા | ૫ લાખ પૂર્વ |
| ૨૬ | રાજ્ય અવસ્થા | ૧૪ લાખ પૂર્વ, ૨૦ પૂર્વાંગ |
| ૨૭ | વિવાહિત/અવિવાહિત | વિવાહિત |
| ૨૮ | પત્નીનું નામ | પ્રિયદર્શના |
| ૨૯ | પુત્ર | ૧૭ |
| ૩૦ | પુત્રી | નથી |
| ૩૧ | ગૃહસ્થ કાળ | ૨૦ પૂર્વાંગ અધિક ૧૯ લાખ પૂર્વ |
| ૩૨ | માતાની ગતિ | મોક્ષ |
| ૩૩ | પિતાની ગતિ | ઈશાન દેવલોક |
| ૩૪ | દીક્ષા તિથિ મારવાડી | જેઠ સુદ ૧૩ |
| ૩૫ | દીક્ષા તિથિ ગુજરાતી | જેઠ સુદ ૧૩ |
| ૩૬ | દીક્ષા નગરી | વારાણસી |
| ૩૭ | દીક્ષા ભૂમિ | સહસામ્રવન |
| ૩૮ | સહ દીક્ષા | ૧,૦૦૦ |
| ૩૯ | શિબિકાનું નામ | મનોહરા |
| ૪૦ | દીક્ષાનો સમય/લોચ | બપોર / પંચમુષ્ઠી |
| ૪૧ | દીક્ષા-તપ | છઠ્ઠ |
| ૪૨ | પ્રથમ પારણા દ્રવ્ય | પરમાન્ન - ખીર |
| ૪૩ | પ્રથમ પારણા નગરી | પાટલીખંડ |
| ૪૪ | પ્રથમ ભિક્ષા દાતા | મહેન્દ્ર |
| ૪૫ | છદ્મસ્થ કાળ | નવ માસ |
| ૪૬ | કેવળજ્ઞાન તિથિ મારવાડી | ફાગણ વદ ૬ |
| ૪૭ | કેવળજ્ઞાન તિથિ ગુજરાતી | મહા વદ ૬ |
| ૪૮ | કેવળજ્ઞાન નગરી | વારાણસી |
| ૪૯ | કેવળજ્ઞાન ભૂમિ | સહસામ્રવન |
| ૫૦ | કેવળજ્ઞાન તપ/વૃક્ષ | છઠ્ઠ / શિરીષ |
| ૫૧ | ઉત્કૃષ્ટ તપ | ૮ માસ ઉપવાસ |
| ૫૨ | જ્ઞાન વૃક્ષની ઉંચાઈ | ૧ ગાઉ ૪૦૦ ધનુષ્ય |
| ૫૩ | સમવસણ ઊંચાઈ | ૩૬ કોષ (અશોકવૃક્ષ સાથે) |
| ૫૪ | પ્રથમ દેશના વિષય | અન્યત્વ ભાવના |

# શ્રી સુપાર્શ્વનાથ ભગવાન ની સંક્ષિપ્ત વિગત

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૫૫ | પ્રથમ ગણધર/સંખ્યા | વિદર્ભ / ૯૫ | ૮૨ | તે ટુંક ઉપર મોક્ષે ગયા | ૪૬ કોડાકોડી ૮૪,૭૨,૦૭,૭૪૨ |
| ૫૬ | પ્રથમ શિષ્યા (સાધ્વી) | સોમા | ૮૩ | કુલ દીક્ષા પર્યાય | ૧ લાખ પૂર્વમાં ૨૦ પૂર્વાંગ ન્યૂન |
| ૫૭ | મુખ્ય ભક્ત રાજા | દાનવીર્ય | ૮૪ | આયુષ્ય | ૨૦ લાખ પૂર્વ |
| ૫૮ | કેવળ જ્ઞાની | ૧૧,૦૦૦ | ૮૫ | અંતરમાન | ૯ હજાર કોટી સાગરોપમ |
| ૫૯ | મનઃ પર્યવજ્ઞાની | ૯,૧૫૦ | ૮૬ | તીર્થ આશ્ચર્ય ઉત્પત્તિ | નથી |
| ૬૦ | અવધિ જ્ઞાની | ૯,૦૦૦ | ૮૭ | તીર્થોત્તમપુરુષ | નથી |
| ૬૧ | ચૌદ પૂર્વધર | ૨,૦૩૦ | ૮૮ | શાસનમાં વિશિષ્ટ તપ | વીશ સ્થાનક / કલ્યાણક તપ |
| ૬૨ | વૈક્રિય લબ્ધિધર | ૧૫,૩૦૦ | ૮૯ | જિનાલય શિલ્પનામ | ગૃહરાજ |
| ૬૩ | સાધુ સંખ્યા/સાધુ વસ્ત્ર | ૩,૦૦,૦૦૦ / પંચરંગી | ૯૦ | જિનાલય દિશા દ્વાર | દક્ષિણ |
| ૬૪ | સાધુ સ્વભાવ/મહાવ્રત | ઋજુ / પ્રાજ્ઞ / ૪ | ૯૧ | ચ્ય.જ.દી.કે.નક્ષત્ર | વિશાખા (અનુરાધા) |
| ૬૫ | સાધ્વીની સંખ્યા | ૪,૩૦,૦૦૦ | ૯૨ | નક્ષત્ર ક્રમાંક / તારા | ૧૬ / ૭ |
| ૬૬ | વાદી મુનિ | ૮,૪૦૦ | ૯૩ | સ્વરાશિ ૩ | તુલા |
| ૬૭ | શ્રાવકની સંખ્યા | ૨,૫૭,૦૦૦ | ૯૪ | રાશિ સ્વામી/રાશિ નાડી | શુક્ર / અંત્ય |
| ૬૮ | પ્રથમ શ્રાવક નામ | અપ્રસિદ્ધ | ૯૫ | રાશિ ગણ/ રાશિ યોનિ | રાક્ષસ / મૃગ |
| ૬૯ | શ્રાવિકાની સંખ્યા | ૪,૯૩,૦૦૦ | ૯૬ | રાશિ તત્ત્વ/ રાશિ જાતિ | વાયુ / શુદ્ર |
| ૭૦ | પ્રથમ શ્રાવિકા નામ | અપ્રસિદ્ધ | ૯૭ | શ્રેષ્ઠત્તર રાશિ ✓ | મકર |
| ૭૧ | કેવળ જ્ઞાન કાળ | ૯ માસ ૨૦ પૂર્વાંગ ન્યૂન ૧ લાખ પૂર્વ | ૯૮ | શ્રેષ્ઠ રાશિ ✓ | કર્ક, કન્યા |
| ૭૨ | નિર્વાણ તિથિ મારવાડી | ફાગણ વદ ૭ | ૯૯ | પ્રીતિ રાશિ ✓ | વૃષભ |
| ૭૩ | નિર્વાણ તિથિ ગુજરાતી | મહા વદ ૭ | ૧૦૦ | શુભ રાશિ ✓ | મિથુન, ધન, કુંભ, સિંહ |
| ૭૪ | નિર્વાણ નક્ષત્ર/રાશિ | અનુરાધા (મૂળ) / વૃશ્ચિક | ૧૦૧ | સમ રાશિ × | મેષ |
| ૭૫ | નિર્વાણ આસન | કાયોત્સર્ગ | ૧૦૨ | મધ્યમ રાશિ × | નથી |
| ૭૬ | નિર્વાણ તપ | ૩૦ ઉપવાસ | ૧૦૩ | અશુભ રાશિ × | વૃશ્ચિક |
| ૭૭ | નિર્વાણ ભૂમિ | સમતેશિખર | ૧૦૪ | શત્રુ રાશિ × | મીન |
| ૭૮ | સહ નિર્વાણ | ૫૦૦ | ૧૦૫ | અશુભતર રાશિ × | નથી |
| ૭૯ | નિર્વાણ વેળા | દિવસના આગલા ભાગે | ૧૦૬ | વર્ગ/વર્ગેશ/આધાક્ષર | શ / મેષ ૮ / સુ |
| ૮૦ | સમેતશિખર ટુંક નામ | પ્રભાસગિરિ | ૧૦૭ | આરાધના અંગ | જીભ રક્ષા |
| ૮૧ | સમેતશિખર યાત્રા ફળ | ૩૨ કરોડ પૌષધ ઉપવાસ | ૧૦૮ | પ્રાકૃત નામ | સુપાસં |

✓ રાશિવાળા જિનબિંબ ભરાવે

× રાશિવાળા જિનબિંબ ન ભરાવે

# શ્રી સુપાર્શ્વનાથ ભગવાન વિશિષ્ટ આરાધના

## સંસ્કૃત સ્તુતિ

श्रीसुपार्श्वजिनेन्द्राय, महेन्द्रमहितांघ्रये ।
नमश्चतुर्वर्णसंघ, गगनाभोगभास्वते ॥

અર્થ : સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા - એ ચતુર્વિધ સંઘરૂપી આકાશમાં પ્રકાશને વિસ્તારવામાં સૂર્યસમાન અને જેના ચરણોની ઈંદ્રોએ પૂજા કરી છે એવા શ્રી સુપાર્શ્વજિનેંદ્ર ને નમસ્કાર હો.

## હિન્દી સ્તુતિ

सब हरण दारिद्र जगतस्वामी, भयो नामी जगत ही ।
रवि शेष और नरेश पूजे, इन्द्र लोक सुभक्ति ही ।
सब भाव शुद्धे धार विनवे, सुपार्श्वनाथ जिनेश्वरं ।
सब भविक जन मिल करो पूजा, जपो नित परमेश्वरं ॥

## મરાઠી સ્તુતિ

राहो तुझे स्तवन हे तरि निष्कलंक
साधी कथा हि तव तो हरि पापपंक
सुपार्श्वनाथ दादाचे मंदिर मांडवगढात
आता तुम्ही या हो मज हृदयात

## અંગ્રેજી સ્તુતિ

I am candle, you are light,
I am eye and you are sight,
I am heat and beat you are,
SUPARSHWANATH not you are far.

**પ્રસિધ્ધ તીર્થો :**
માંડવગઢ

**સામાન્ય નામ અર્થ :**
ઉત્તમ પ્રકારના પડખાં હોવાથી ...

**વિશેષ નામ અર્થ :**
માતાનું શરીર સુંદર દેખાવા લાગ્યું માટે ...

## ગુજરાતી સ્તુતિ

આખી પૃથ્વી સુખમય બની આપના જન્મકાળે,
ભવ્યો પૂજે ભયરહિત થઈ આપને પૂર્ણ વ્હાલે,
પામે મુક્તિ ભવભય થકી જે સ્મરે નિત્યમેવ,
નિત્યે વંદું તુમ ચરણમાં શ્રી સુપાર્શ્વેષ્ટ દેવ !

## ગુજરાતી છંદ

સેવા કરે યુગલયક્ષ સુહંકરોને,
વીંઝે ધરી કર વિષે શુભ ચામરોને;
વાણી સુણે સરસ જોયણ એક સારી,
વંદું સુપાર્શ્વ પુરૂષોત્તમ પ્રીતિકારી.

## પ્રાર્થના

ત્રિભુવન તારક હે તીર્થંકર અમ સહુની છો આશ તમે,
શ્વાસોશ્વાસની આસપાસ સુપાર્શ્વતણો વિશ્વાસ રમે.
સુણજો વિનંતિ અમ ભક્તોની દુ:ખડાં દૂર કરી દેજો,
નિશદિન પ્રાર્થના કરીએ ક્યારેક પ્રભુ મંજુર કરી લેજો.

## ચૈત્યવંદન

શ્રી સુપાર્શ્વ જિણંદ પાસ, ટાળ્યો ભવ ફેરો,
પૃથ્વી માત ઉરે જ્યો, તે નાથ હમેરો ..........૧
પ્રતિષ્ઠિત સુત સુંદરું વાણારસી રાય,
વીશ લાખ પૂરવ તણું પ્રભુજીનું આય...........૨
ધનુષ બસેં જિન દેહડીએ, સ્વસ્તિક લંછન સાર,
પદ પદ્મે જસ રાજતો, તાર તાર ભવ તાર......૩

## શ્રી સુપાર્શ્વનાથ જિનેન્દ્ર - ચૈત્યવન્દનમ્

(ત્રોટક છન્દઃ)

જયવન્તમનન્તગુણૈર્નિભૃતં, પૃથિવીસુતમદ્ભુતરૂપભૃતમ્,
નિજવીર્યવિનિર્જિતકર્મબલં, સુરકોટિસમાશ્રિતપત્કમલમ્ ॥ ૧ ॥
નિરુપાધિકનિર્મલસૌખ્યનિધિં, પરિવર્જિતવિશ્વદુરન્તવિધિમ્,
ભવવારિનિધેઃ પરપારમિતં, પરમોજ્જલચેતનયોન્મિલિતમ્ ॥ ૨ ॥
કલધૌતસુવર્ણશરીરધરં, શુભપાર્શ્વસુપાર્શ્વજિનપ્રવરમ્,
વિનયાऽવનતઃ પ્રણમામિસદા, હૃદયોદ્ભવભૂરિતરપ્રમુદા ॥ ૩ ॥

## શ્રી સુપાર્શ્વનાથ ભગવાનનું સ્તવન

ઐસે સ્વામી સુપાર્શ્વસે દિલ લગા,
સુખ જગા, દુઃખ ભગા જગતારણા...
રાજહંસ કું માન સરોવર, રેવા જલ જ્યું વારણા,
ખીર સિંધુ જ્યું હરિ કું પ્યારો, જ્ઞાની કું તત્વ વિચારણા ૧
મોર કું મેહ ચકોર કું ચંદા, મધુ મનમથ ચિત્ત ઠારના,
ફૂલ અમૂલ ભ્રમર કું અંબ હી, કોકિલ કું સુખ કારના ૨
સીતા કું રામ કામ જ્યું રતિ કું, પંથી કું ઘર બારના,
દાની કું ત્યાગ યાગ બમ્મન કું યોગી કું સંયમ ધારના ૩
નંદનવન જ્યું સુર કું વલ્લભ, ન્યાયી કું ન્યાય નિહારના,
ત્યું મેરે મન તુંહી સુહાયો, ઓર તો ચિત્તથેં ઉતારના ૪
શ્રી સુપાર્શ્વ દરિશન પર તોરે, કીજે કોટી ઉવારના,
શ્રી નય વિજય વિબુધ સેવક કું, દિયો સમતા રસ પારણા ૫

## થોય

સુપ્રાસ જિન વાણી, સાંભળે જેહ પ્રાણી, હૃદયે પહેંચાણી, તે તર્યા ભવ્ય પ્રાણી
પાંત્રીશ ગુણ ખાણી, સૂત્રમાં જે ગુંથાણી, ષટ્ દ્રવ્યશું જાણી, કર્મ પીલે જ્યું ઘાણી.

## સંવેદના

શ્રી પ્રતિષ્ઠ રાજાના કુળરૂપી ગૃહના પ્રતિષ્ઠાસ્તંભ રૂપ
અને પૃથ્વી માતારૂપ મલયાચળમાં ચંદન સમાન હે
સુપાર્શ્વનાથ ! મારી રક્ષા કરો.

## સમેતશિખર ટુંકનો દુહો

**ઉદ્યોતગિરિ ટુંક સુપાર્શ્વનાથ, સમેતશિખર તીર્થ સાર;**
**સિદ્ધા મુનિ ક્રોડો અહીં, નમું પૂજું અનંતી વાર.**

જાપ : ૐ હ્રીં શ્રીં અર્હં સુપાર્શ્વનાથાય નમઃ ॥ જાપ ફળ : ઈચ્છિત જવાબ મળે.

## ભગવાન ૩ ભવ

(૧) નંદીષેણ (સમકિતની પ્રાપ્તિ) (તીર્થંકર નામ કર્મ ગોત્ર ઉપાર્જન)
(૨) છઠ્ઠું ગ્રૈવેયકમાં દેવ
(૩) સુપાર્શ્વ નાથ ભગવાન

## શ્રી સુપાર્શ્વનાથ ભગવાનની પંચકલ્યાણક આરાધના

૧. ચ્યવન કલ્યાણક તિથિ - શ્રાવણ વદ ૮ જાપ - ૐ હ્રીં સુપાર્શ્વનાથાય પરમેષ્ઠિને નમઃ
૨. જન્મ કલ્યાણક તિથિ - જેઠ સુદ ૧૨ જાપ - ૐ હ્રીં સુપાર્શ્વનાથાય અર્હતે નમઃ
૩. દિક્ષા કલ્યાણક તિથિ - જેઠ સુદ ૧૩ જાપ - ૐ હ્રીં સુપાર્શ્વનાથાય નાથાય નમઃ
૪. કેવલજ્ઞાન કલ્યાણક તિથિ - મહા વદ ૬ જાપ - ૐ હ્રીં સુપાર્શ્વનાથાય સર્વજ્ઞાય નમઃ
૫. મોક્ષ કલ્યાણક તિથિ - મહા વદ ૭ જાપ - ૐ હ્રીં સુપાર્શ્વનાથાય પારંગતાય નમઃ

# ૮ શ્રી નલીયા તીર્થાધિપતિ શ્રી ચંદ્રપ્રભ ભગવાન





**શાસન યક્ષ**

**શ્રી વિજય યક્ષ નું વર્ણન :**
હરિતવર્ણ, ત્રણ લોચન, હંસ વાહન અને બે ભુજા. જમણા હાથમાં ચક્ર અને ડાબા હાથમાં મુદ્ગર



**શાસન યક્ષિણી**

**શ્રી જ્વાલા માલિની દેવી નું વર્ણન :**
પીળોવર્ણ, વરાહનું વાહન અને ચાર ભુજા. જમણા બે હાથમાં તલવાર અને મુદ્ગર, ડાબા બે હાથમાં ઢાલ અને પરશુ

**લાંછન**



**ચંદ્ર**

**શ્રી પાંસઠીયો યંત્ર**

| | | | | |
|---|---|---|---|---|
| ૧૪ | ૨૧ | ૮ | ૨૦ | ૨ |
| ૧ | ૧૩ | ૨૫ | ૭ | ૧૯ |
| ૨૨ | ૯ | ૧૬ | ૩ | ૧૫ |
| ૧૮ | ૫ | ૧૨ | ૨૪ | ૬ |
| ૧૦ | ૧૭ | ૪ | ૧૧ | ૨૩ |

# શ્રી ચંદ્રપ્રભ સ્વામી ભગવાન ની સંક્ષિપ્ત વિગત

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | પિતા | મહસેન | ૨૮ | પત્નીનું નામ | અનેક રાજ કન્યા |
| ૨ | માતા | લક્ષ્મણા દેવી | ૨૯ | પુત્ર | ૧૮ |
| ૩ | લાંછન | ચંદ્ર | ૩૦ | પુત્રી | નથી |
| ૪ | શાસન યક્ષ | વિજય (વિજય) | ૩૧ | ગૃહસ્થ કાળ | ૨૪ પૂર્વાંગ અધિક ૯ લાખ પૂર્વ |
| ૫ | શાસન યક્ષિણી | જવાલા (ભૃકુટી) (જાલા) | ૩૨ | માતાની ગતિ | મોક્ષ |
| ૬ | શરીરની ઉંચાઈ | ૧૫૦ ધનુષ્ય | ૩૩ | પિતાની ગતિ | ઈશાન દેવલોક |
| ૭ | શરીર વર્ણ / પ્રમાણ | શ્વેત (સફેદ) / ૩૬ પ્રમાણ | ૩૪ | દીક્ષા તિથિ મારવાડી | પોષ વદ ૧૩ |
| ૮ | પૂર્વ ભવ સંખ્યા | ૩ (૭) (૮) | ૩૫ | દીક્ષા તિથિ ગુજરાતી | માગસર વદ ૧૩ |
| ૯ | પૂર્વ ભવે નામ | પદ્મરાજા | ૩૬ | દીક્ષા નગરી | ચંદ્રપુરી |
| ૧૦ | પૂર્વ ભવ નગરી... | રત્ન સંચયા | ૩૭ | દીક્ષા ભૂમિ | સહસામ્રવન |
| ૧૧ | ...દ્વીપ/વિદેહ/વિજય | ઘાતકીખંડ / પશ્ચિમ/ મંગલાવતી | ૩૮ | સહ દીક્ષા | ૧,૦૦૦ |
| ૧૨ | પૂર્વ ભવના ગુરુ | યુગમંધર (યુગંધર) | ૩૯ | શિબિકાનું નામ | મનોરમિકા |
| ૧૩ | પૂર્વ ભવનું દેવ આયુ | ૩૩ સાગરોપમ | ૪૦ | દીક્ષાનો સમય/લોચ | બપોર / પંચમુષ્ઠી |
| ૧૪ | કયા દેવલોકથી ચ્યવન | વૈજયન્ત | ૪૧ | દીક્ષા-તપ | છઠ્ઠ |
| ૧૫ | પહેલે સ્વપ્ને | હાથી | ૪૨ | પ્રથમ પારણા દ્રવ્ય | પરમાન્ન - ખીર |
| ૧૬ | ચ્યવન તિથિ મારવાડી | ચૈત્ર વદ ૫ | ૪૩ | પ્રથમ પારણા નગરી | પદ્મખંડ પુર |
| ૧૭ | ચ્યવન તિથિ ગુજરાતી | ફાગણ વદ ૫ | ૪૪ | પ્રથમ ભિક્ષા દાતા | સોમદત્ત |
| ૧૮ | ગર્ભ કાળ | ૯ માસ ૭ દિન | ૪૫ | છદ્મસ્થ કાળ | ત્રણ માસ |
| ૧૯ | જન્મ આરો | ચોથા આરાના ઉત્તરાર્ધે | ૪૬ | કેવળજ્ઞાન તિથિ મારવાડી | ફાગણ વદ ૭ |
| ૨૦ | જન્મ નગરી | ચંદ્રપુરી | ૪૭ | કેવળજ્ઞાન તિથિ ગુજરાતી | મહા વદ ૭ |
| ૨૧ | જન્મ દેશ | પૂર્વ દેશ | ૪૮ | કેવળજ્ઞાન નગરી | ચંદ્રપુરી |
| ૨૨ | જન્મ તિથિ મારવાડી | પોષ વદ ૧૨ | ૪૯ | કેવળજ્ઞાન ભૂમિ | સહસામ્રવન |
| ૨૩ | જન્મ તિથિ ગુજરાતી | માગસર વદ ૧૨ | ૫૦ | કેવળજ્ઞાન તપ/વૃક્ષ | છઠ્ઠ / પુન્નાગ |
| ૨૪ | વંશ / ગોત્ર | ઈક્ષ્વાકુ / કાશ્યપ | ૫૧ | ઉત્કૃષ્ટ તપ | આઠ માસ ઉપવાસ |
| ૨૫ | કુમાર અવસ્થા | ૨ા લાખ પૂર્વ | ૫૨ | જ્ઞાન વૃક્ષની ઉંચાઈ | ૧૮૦૦ ધનુષ્ય |
| ૨૬ | રાજ્ય અવસ્થા | ૬ા લાખ પૂર્વ, ૨૪ પૂર્વાંગ | ૫૩ | સમવસણ ઊંચાઈ | ૩૪ કોષ (અશોકવૃક્ષ સાથે) |
| ૨૭ | વિવાહિત/અવિવાહિત | વિવાહિત | ૫૪ | પ્રથમ દેશના વિષય | અશુચિ ભાવના |

# શ્રી ચંદ્રપ્રભ સ્વામી ભગવાન ની સંક્ષિપ્ત વિગત

| | | |
|---|---|---|
| ૫૫ | પ્રથમ ગણધર/સંખ્યા | દિન્ન (દત્ત) / ૯૩ |
| ૫૬ | પ્રથમ શિષ્યા (સાધ્વી) | સુમના |
| ૫૭ | મુખ્ય ભક્ત રાજા | મઘવા |
| ૫૮ | કેવળ જ્ઞાની | ૧૦,૦૦૦ |
| ૫૯ | મનઃ પર્યવજ્ઞાની | ૮,૦૦૦ |
| ૬૦ | અવધિ જ્ઞાની | ૮,૦૦૦ |
| ૬૧ | ચૌદ પૂર્વધર | ૨,૦૦૦ |
| ૬૨ | વૈક્રિય લબ્ધિધર | ૧૪,૦૦૦ |
| ૬૩ | સાધુ સંખ્યા/સાધુ વસ્ત્ર | ૨,૫૦,૦૦૦ / પંચરંગી |
| ૬૪ | સાધુ સ્વભાવ/મહાવ્રત | ઋજુ / પ્રાજ્ઞ / ૪ |
| ૬૫ | સાધ્વીની સંખ્યા | ૩,૮૦,૦૦૦ |
| ૬૬ | વાદી મુનિ | ૭,૬૦૦ |
| ૬૭ | શ્રાવકની સંખ્યા | ૨,૫૦,૦૦૦ |
| ૬૮ | પ્રથમ શ્રાવક નામ | અપ્રસિદ્ધ |
| ૬૯ | શ્રાવિકાની સંખ્યા | ૪,૯૧,૦૦૦ |
| ૭૦ | પ્રથમ શ્રાવિકા નામ | અપ્રસિદ્ધ |
| ૭૧ | કેવળ જ્ઞાન કાળ | ૩ માસ ૨૪ પૂર્વાંગ ન્યૂન ૧ લાખ પૂર્વ |
| ૭૨ | નિર્વાણ તિથિ મારવાડી | ભાદરવા વદ ૭ |
| ૭૩ | નિર્વાણ તિથિ ગુજરાતી | શ્રાવણ વદ ૭ |
| ૭૪ | નિર્વાણ નક્ષત્ર/રાશિ | જયેષ્ઠા (શ્રવણ) / વૃશ્ચિક |
| ૭૫ | નિર્વાણ આસન | કાયોત્સર્ગ |
| ૭૬ | નિર્વાણ તપ | ૩૦ ઉપવાસ |
| ૭૭ | નિર્વાણ ભૂમિ | સમેતશિખર |
| ૭૮ | સહ નિર્વાણ | ૧,૦૦૦ |
| ૭૯ | નિર્વાણ વેળા | દિવસના આગલા ભાગે |
| ૮૦ | સમેતશિખર ટુંક નામ | લલિત ઘટ્ટ |
| ૮૧ | સમેતશિખર યાત્રા ફળ | ૧૬ લાખ પૌષધ ઉપવાસ |
| ૮૨ | તે ટુંક ઉપર મોક્ષે ગયા | ૯,૮૪,૭૨,૮૦,૮૪,૫૬૫ |
| ૮૩ | કુલ દીક્ષા પર્યાય | ૧ લાખ પૂર્વમાં ૨૪ પૂર્વાંગ ન્યૂન |
| ૮૪ | આયુષ્ય | ૧૦ લાખ પૂર્વ |
| ૮૫ | અંતરમાન | ૯૦૦ કોટિ સાગરોપમ |
| ૮૬ | તીર્થ આશ્ચર્ય ઉત્પત્તિ | નથી |
| ૮૭ | તીર્થોત્તમપુરુષ | નથી |
| ૮૮ | શાસનમાં વિશિષ્ટ તપ | વીશ સ્થાનક / કલ્યાણક તપ |
| ૮૯ | જિનાલય શિલ્પનામ | હિતુરાજ્ઞ |
| ૯૦ | જિનાલય દિશા દ્વાર | પશ્ચિમ |
| ૯૧ | વ્ય.જ.દી.કે.નક્ષત્ર | અનુરાધા |
| ૯૨ | નક્ષત્ર ક્રમાંક / તારા | ૧૭ / ૮ |
| ૯૩ | સ્વરાશિ ૩ | વૃશ્ચિક |
| ૯૪ | રાશિ સ્વામી/રાશિ નાડી | મંગલ / મધ્ય |
| ૯૫ | રાશિ ગણ/ રાશિ યોનિ | દેવ / મૃગ |
| ૯૬ | રાશિ તત્ત્વ/ રાશિ જાતિ | જલ / વિપ્ર |
| ૯૭ | શ્રેષ્ઠત્તર રાશિ ✓ | સિંહ |
| ૯૮ | શ્રેષ્ઠ રાશિ ✓ | ધન / કુંભ |
| ૯૯ | પ્રીતિ રાશિ ✓ | મેષ |
| ૧૦૦ | શુભ રાશિ ✓ | કન્યા, મકર, મીન |
| ૧૦૧ | સમ રાશિ × | વૃષભ |
| ૧૦૨ | મધ્યમ રાશિ × | કર્ક |
| ૧૦૩ | અશુભ રાશિ × | તુલા |
| ૧૦૪ | શત્રુ રાશિ × | મિથુન |
| ૧૦૫ | અશુભતર રાશિ × | નથી |
| ૧૦૬ | વર્ગ/વર્ગેશ/આદ્યાક્ષર | ચ / સિંહ ૩ / ચં |
| ૧૦૭ | આરાધના અંગ | તાલુ રક્ષા |
| ૧૦૮ | પ્રાકૃત નામ | ચંદપ્પહં |

✓ રાશિવાળા જિનબિંબ ભરાવે

× રાશિવાળા જિનબિંબ ન ભરાવે

# શ્રી ચંદ્રપ્રભ સ્વામી ભગવાન વિશિષ્ટ આરાધના

## સંસ્કૃત સ્તુતિ

चन्द्रप्रभप्रभोश्चन्द्र, मरीचिनिचयोज्जवला ।
मूर्तिर्मूर्तसितध्यान, - निर्मितेव श्रियेऽस्तु वः ॥

અર્થ : ચંદ્રકિરણોના સમૂહથી પણ ઉજ્જવળ, તેથી જાણે મૂર્તિમંત એવા શુકલ ધ્યાન વડે જ બનાવી હોય તેવી ચંદ્રપ્રભ પ્રભુની મૂર્તિ, તમને જ્ઞાનલક્ષ્મીને માટે થાઓ.

## હિન્દી સ્તુતિ

सशशाङ्क कर सम विमल बिशदं, निष्कल शरीर ही ।
गिरि मेरु सम नित अचलस्वामी, उदधि सम गम्भीर ही ।
बिन शरण के है शरण जगगुरु, चन्द्रप्रभु श्री जिनेश्वरं ।
सब भविक जन मिल करो पूजा, जपो नित परमेश्वरं ॥

## મરાઠી સ્તુતિ

लोकी करीत तस दुर निरभ्र ठेले
दुष्ट ग्रहांसहि अगम्य सदा उदेले
हे रम्य आनन तुझे हंसरे सरोज
भासे अपूर्व हृदयात चंद्रप्रभु रोज

## અંગ્રેજી સ્તુતિ

Come come come come Shining moon
see my CHANDRAPRABHUJI soon,
why you look so dull and pale?
Sea of sorrow you can sail.

**પ્રસિધ્ધ તીર્થો :**
નલીયા, ચંદ્રપુરી
પ્રભાસ પાટણ

**સામાન્ય નામ અર્થ :**
શીત - લેશ્યાવાળા
હોવાથી માટે ...

**વિશેષ નામ અર્થ :**
માતાજીને મનમાં
ચંદ્રના કિરણો પીવાની
ઈચ્છા થઈ માટે ...

## ગુજરાતી સ્તુતિ

જેવી રીતે શશિકિરણથી ચંદ્રકાન્ત દ્રવે છે,
તેવી રીતે કઠિણ હ્દયે હર્ષનો ધોધ વ્હે છે;
દેખી મૂર્તિ અમૃત ઝરતી મુક્તિદાતા તમારી,
પ્રીતે ચંદ્રપ્રભ જિન મને આપજો સેવ સારી.

## ગુજરાતી છંદ

જલ્પે જિનેન્દ્ર મુખ માગધી અર્ધભાષા,
દેવો નરો તિરિગણો સમજે સ્વભાષા;
આર્યો અનાર્ય સઘળા જન શાંતિ પામે,
ચંદ્રપ્રભુ ચરણ લંછન ચંદ્ર નામે.

## પ્રાર્થના

ચાંદલીયાની ચાંદની જેવા શીળા ચંદ્રપ્રભ સ્વામી !
લક્ષ્મણા રાણીના નંદન તમે સૃષ્ટિના અન્તર્યામી.
સ્નેહસુધા વરસાવો સ્વામી, પાપ-તાપને આપ હરો,
વિષય-વિકારમાં ડુબેલા આ આતમના સંતાપ હરો.

## ચૈત્યવંદન

લક્ષ્મણા માતા જનમીયો, મહસેન જસ તાય,
ઉડુપતિ લંછન દીપતો, ચંદ્રપુરીનો રાય.........૧
દશલાખ પૂરવ આઊખું, દોઢસો ધનુષની દેહ,
સુરનરપતિ સેવા કરે, ધરતા અતિ સસનેહ.....૨
ચંદ્રપ્રભ જિન આઠમા એ, ઉત્તમ પદ દાતાર,
પદ્મવિજય કહે પ્રણમીએ, મુજ પ્રભુ પાર ઉતાર..૩

## શ્રી ચંદ્રપ્રભ સ્વામી ભગવાનનું સ્તવન

ચંદ્રપ્રભની ચાકરી નિત્ય કરી, હારે નિત્ય કરીએ રે, નિત્ય કરીએ,
કરીએ તો ભવજલ તરીએ. હાં રે ચઢતે પરિણામ ......... ૧
લક્ષ્મણા માતા જનમીયા જિનરાયા, જિન ઉડુપતિ લંછન પાયા;
એતો ચંદ્રપુરીના રાયા. હાં રે નિત્ય લીજે નામ, ચંદ્રપ્રભની ૨
મહસેન પિતા જેહના પ્રભુ બળીયા, મને જિનજી એકાંતે મળીયા;
મારા મનના મનોરથ ફળીયા, હાં રે દીઠે દુઃખ જાય. ચંદ્રપ્રભની ૩
દોઢસો ધનુષની દેહડી જિન દીપે, તેજે દિનકર ઝીપે;
સુર કોડી ઉભા સમીપે. હાં રે નિત્ય કરતાં સેવ. ચંદ્રપ્રભની ૪
દશ લાખ પુર્વનું આઉખું જિન પાળી, નિજ આત્મને અજવાલી;
દુષ્ટ કર્મના મર્મનો ટાળી. હાં રે લહ્યું કેવળજ્ઞાન. ચંદ્રપ્રભની ૫
સમેતશિખર ગિરિ આવિયા પ્રભુ રંગે, મુનિ કોડી સહસ પ્રસંગે,
પાળી અણસણ ઉલટ અંગે, હાં રે પામ્યા પરમાનંદ. ચંદ્રપ્રભની ૬
શ્રી જિન ઉત્તમરૂપને જે ધ્યાવે, તે કીર્તિ કમલા પાવે;
મોહન વિજયગુણ ગાવે. હાં રે આપો અવિચલ રાજ, ચંદ્રપ્રભની ૭

## થોય

સેવે સુર નર વૃંદા, જાસ ચરણારવિંદા,
અટ્ઠમજિન ચંદા, ચંદવર્ણે સોહંદા;
મહસન નૃપ નંદા, કાપતા દુઃખ દંદા,
લંછન મિષ ચંદા, પાય માનું સેવિંદા ।

## સંવેદના

મહસેન રાજાના વંશરૂપી આકાશમાં ચંદ્ર સમાન અને લક્ષ્મણા દેવીની
કુક્ષિરૂપી સરોવરમાં હંસ સમાન એવા હે ચંદ્રપ્રભુ!
તમે અમારી રક્ષા કરો.

## સમેતશિખર ટુંકનો દુહો

**લલિતઘટ ટુંક ચંદ્રપ્રભ, સમેતશિખર તીર્થ સાર;**
**સિદ્ધા મુનિ ક્રોડો અહીં, નમું પૂજું અનંતી વાર.**

જાપ : ૐ હ્રીં શ્રીં અર્હં ચંદ્રપ્રભ સ્વામિને નમઃ ॥
જાપ ફળ : ક્રોધ શાંત થાય

## ભગવાન ૩ ભવ

(૧) મહાપદ્મરાજા (સમકિતની પ્રાપ્તિ) (તીર્થંકર નામ કર્મ ગોત્ર ઉપાર્જન)
(૨) વૈજયંત દેવ
(૩) ચંદ્રપ્રભ સ્વામી ભગવાન
(મતાંતરે સાત ભવ-ધર્મરાજા, સૌધર્મદેવ,અજીતદેવચક્રિ, ૧૨મો દેવલોક)

## શ્રી ચંદ્રપ્રભ સ્વામી ભગવાનની પંચકલ્યાણક આરાધના

૧. ચ્યવન કલ્યાણક તિથિ - ફાગણ વદ ૫ જાપ - ૐ હ્રીં ચંદ્રપ્રભસ્વામિને પરમેષ્ઠિને નમઃ
૨. જન્મ કલ્યાણક તિથિ - માગસર વદ ૧૨ જાપ - ૐ હ્રીં ચંદ્રપ્રભસ્વામિને અર્હતે નમઃ
૩. દિક્ષા કલ્યાણક તિથિ - માગસર વદ ૧૩ જાપ - ૐ હ્રીં ચંદ્રપ્રભસ્વામિને નાથાય નમઃ
૪. કેવલજ્ઞાન કલ્યાણક તિથિ - મહા વદ ૭ જાપ - ૐ હ્રીં ચંદ્રપ્રભસ્વામિને સર્વજ્ઞાય નમઃ
૫. મોક્ષ કલ્યાણક તિથિ - શ્રાવણ વદ ૭ જાપ - ૐ હ્રીં ચંદ્રપ્રભસ્વામિને પારંગતાય નમઃ

# ૯ શ્રી સુરત તીર્થાધિપતિ શ્રી સુવિધિનાથ ભગવાન (પુષ્પદંત)





**શાસન યક્ષ**

**શ્રી અજીત યક્ષ નું વર્ણન :**
શ્વેતવર્ણ, કૂર્મ વાહન અને ચાર ભુજા, જમણા બે હાથમાં માતુલિંગ અને જપમાળા, ડાબા બે હાથમાં નોળીઓ અને ભાલા



**શાસન યક્ષિણી**

**શ્રી સુતારિકા દેવી નું વર્ણન :**
ગૌરવર્ણ, વૃષભ વાહન તથા ચાર ભુજા, જમણા બે હાથમાં વરદ અને જપમાળા, ડાબા બે હાથમાં કલશ અને અંકુશ

**લાંછન**



મગરમચ્છ

**શ્રી પાંસઠીયો યંત્ર**

| | | | | |
|---|---|---|---|---|
| ૨૨ | ૩ | ૯ | ૧૫ | ૧૬ |
| ૧૪ | ૨૦ | ૨૧ | ૨ | ૮ |
| ૧ | ૭ | ૧૩ | ૧૯ | ૨૫ |
| ૧૮ | ૨૪ | ૫ | ૬ | ૧૨ |
| ૧૦ | ૧૧ | ૧૭ | ૨૩ | ૪ |

# શ્રી સુવિધિનાથ ભગવાન ની સંક્ષિપ્ત વિગત

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | પિતા | સુગ્રીવ | ૨૮ | પત્નીનું નામ | સોમદત્તા |
| ૨ | માતા | રામા રાણી | ૨૯ | પુત્ર | ૧૯ |
| ૩ | લાંછન | મગરમચ્છ | ૩૦ | પુત્રી | નથી |
| ૪ | શાસન યક્ષ | અજિત (અજિઅ) | ૩૧ | ગૃહસ્થ કાળ | ૨૮ પૂર્વાંગ અધિક ૧ લાખ પૂર્વ |
| ૫ | શાસન યક્ષિણી | સુતારિકા (સુતારયા) | ૩૨ | માતાની ગતિ | સનત્કુમાર દેવ |
| ૬ | શરીરની ઉંચાઈ | ૧૦૦ ધનુષ્ય | ૩૩ | પિતાની ગતિ | સનત્કુમાર દેવ |
| ૭ | શરીર વર્ણ / પ્રમાણ | શ્વેત (સફેદ) / ૨૪ પ્રમાણ | ૩૪ | દીક્ષા તિથિ મારવાડી | માગસર વદ ૬ (કા.સુ.૬) |
| ૮ | પૂર્વ ભવ સંખ્યા | ૩ | ૩૫ | દીક્ષા તિથિ ગુજરાતી | કારતક વદ ૬ (કા.સુ.૬) |
| ૯ | પૂર્વ ભવે નામ | મહાપદ્મ | ૩૬ | દીક્ષા નગરી | કાકન્દી |
| ૧૦ | પૂર્વ ભવ નગરી... | પુંડરીગિણી | ૩૭ | દીક્ષા ભૂમિ | સહસામ્રવન |
| ૧૧ | ...દ્વીપ/વિદેહ/વિજય | પુષ્કરવર /પૂર્વ/ પુષ્કલાવતી | ૩૮ | સહ દીક્ષા | ૧,૦૦૦ |
| ૧૨ | પૂર્વ ભવના ગુરુ | સર્વજગદાનંદ | ૩૯ | શિબિકાનું નામ | સુરપ્રભા |
| ૧૩ | પૂર્વ ભવનું દેવ આયુ | ૧૯ સાગરોપમ | ૪૦ | દીક્ષાનો સમય/લોચ | બપોરે / પંચમુષ્ઠી |
| ૧૪ | કયા દેવલોકથી ચ્યવન | આનત (વૈજયંત) | ૪૧ | દીક્ષા-તપ | છઠ્ઠ |
| ૧૫ | પહેલે સ્વપ્ને | હાથી | ૪૨ | પ્રથમ પારણા દ્રવ્ય | પરમાન્ન - ખીર |
| ૧૬ | ચ્યવન તિથિ મારવાડી | ફાગણ વદ ૯ | ૪૩ | પ્રથમ પારણા નગરી | શ્વેતપુર |
| ૧૭ | ચ્યવન તિથિ ગુજરાતી | મહા વદ ૯ | ૪૪ | પ્રથમ ભિક્ષા દાતા | પુષ્પ |
| ૧૮ | ગર્ભ કાળ | ૮ માસ ૨૬ દિન | ૪૫ | છદ્મસ્થ કાળ | ચાર માસ |
| ૧૯ | જન્મ આરો | ચોથા આરાના ઉત્તરાર્ધે | ૪૬ | કેવળજ્ઞાન તિથિ મારવાડી | કારતક સુદ ૩ |
| ૨૦ | જન્મ નગરી | કાકન્દી | ૪૭ | કેવળજ્ઞાન તિથિ ગુજરાતી | કારતક સુદ ૩ |
| ૨૧ | જન્મ દેશ | કોશલ | ૪૮ | કેવળજ્ઞાન નગરી | કાકન્દી |
| ૨૨ | જન્મ તિથિ મારવાડી | માગસર વદ ૫ (કા.સુ.૫) | ૪૯ | કેવળજ્ઞાન ભૂમિ | સહસામ્રવન |
| ૨૩ | જન્મ તિથિ ગુજરાતી | કારતક વદ ૫ (કા.સુ.૫) | ૫૦ | કેવળજ્ઞાન તપ/વૃક્ષ | છઠ્ઠ / માલુર (મલ્લી) |
| ૨૪ | વંશ / ગોત્ર | ઈક્ષ્વાકુ / કાશ્યપ | ૫૧ | ઉત્કૃષ્ટ તપ | ૮ માસ ઉપવાસ |
| ૨૫ | કુમાર અવસ્થા | ૫૦,૦૦૦ પૂર્વ | ૫૨ | જ્ઞાન વૃક્ષની ઉંચાઈ | ૧૨૦૦ ધનુષ્ય |
| ૨૬ | રાજ્ય અવસ્થા | ૫૦ હજાર પૂર્વ, ૨૮ પૂર્વાંગ | ૫૩ | સમવસણ ઊંચાઈ | ૩૨ કોષ (અશોકવૃક્ષ સાથે) |
| ૨૭ | વિવાહિત/અવિવાહિત | વિવાહિત | ૫૪ | પ્રથમ દેશના વિષય | આશ્રવ ભાવના |

# શ્રી સુવિધિનાથ ભગવાન ની સંક્ષિપ્ત વિગત

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૫૫ | પ્રથમ ગણધર/સંખ્યા | વરાહક / ૮૮ | ૮૨ | તે ટુંક ઉપર મોક્ષે ગયા | ૧ કોડાકોડી ૯૯,૦૭,૪૮૦ |
| ૫૬ | પ્રથમ શિષ્યા (સાધ્વી) | વારૂણી | ૮૩ | કુલ દીક્ષા પર્યાય | ૧ લાખ પૂર્વમાં ૨૮ પૂર્વાંગ ન્યૂન |
| ૫૭ | મુખ્ય ભક્ત રાજા | યુદ્ધવીર્ય | ૮૪ | આયુષ્ય | ૨ લાખ પૂર્વ |
| ૫૮ | કેવળ જ્ઞાની | ૭,૫૦૦ | ૮૫ | અંતરમાન | ૯૦ કોટિ સાગરોપમ |
| ૫૯ | મનઃ પર્યવજ્ઞાની | ૭,૫૦૦ | ૮૬ | તીર્થ આશ્ચર્ય ઉત્પત્તિ | અસંયતિની પૂજા |
| ૬૦ | અવધિ જ્ઞાની | ૮,૪૦૦ | ૮૭ | તીર્થોત્તમપુરુષ | નથી |
| ૬૧ | ચૌદ પૂર્વધર | ૧,૫૦૦ | ૮૮ | શાસનમાં વિશિષ્ટ તપ | વીશ સ્થાનક / કલ્યાણક તપ |
| ૬૨ | વૈક્રિય લબ્ધિધર | ૧૩,૦૦૦ | ૮૯ | જિનાલય શિલ્પનામ | પુષ્પદંત |
| ૬૩ | સાધુ સંખ્યા/સાધુ વસ્ત્ર | ૨,૦૦,૦૦૦/પંચરંગી | ૯૦ | જિનાલય દિશા દ્વાર | પશ્ચિમ |
| ૬૪ | સાધુ સ્વભાવ/મહાવ્રત | ઋજુ / પ્રાજ્ઞ / ૪ | ૯૧ | ચ્ય.જ.દી.કે.નક્ષત્ર | મૂળ |
| ૬૫ | સાધ્વીની સંખ્યા | ૧,૨૦,૦૦૦ | ૯૨ | નક્ષત્ર ક્રમાંક / તારા | ૧૯ / ૧ |
| ૬૬ | વાદી મુનિ | ૬,૦૦૦ | ૯૩ | સ્વરાશિ ૩ | ધન |
| ૬૭ | શ્રાવકની સંખ્યા | ૨,૨૯,૦૦૦ | ૯૪ | રાશિ સ્વામી/રાશિ નાડી | ગુરૂ / આદ્ય |
| ૬૮ | પ્રથમ શ્રાવક નામ | અપ્રસિદ્ધ | ૯૫ | રાશિ ગણ/ રાશિ યોનિ | રાક્ષસ / વાનર |
| ૬૯ | શ્રાવિકાની સંખ્યા | ૪,૭૨,૦૦૦ | ૯૬ | રાશિ તત્ત્વ/ રાશિ જાતિ | અગ્નિ / ક્ષત્રિય |
| ૭૦ | પ્રથમ શ્રાવિકા નામ | અપ્રસિદ્ધ | ૯૭ | શ્રેષ્ઠત્તર રાશિ ✓ | મીન |
| ૭૧ | કેવળ જ્ઞાન કાળ | ૪ માસ ૨૮ પૂર્વાંગ ન્યૂન ૧ લાખ પૂર્વ | ૯૮ | શ્રેષ્ઠ રાશિ ✓ | કન્યા, વૃશ્ચિક |
| ૭૨ | નિર્વાણ તિથિ મારવાડી | ભાદરવા સુદ ૯ | ૯૯ | પ્રીતિ રાશિ ✓ | કર્ક |
| ૭૩ | નિર્વાણ તિથિ ગુજરાતી | ભાદરવા સુદ ૯ | ૧૦૦ | શુભ રાશિ ✓ | તુલા, કુંભ, સિંહ, મેષ |
| ૭૪ | નિર્વાણ નક્ષત્ર/રાશિ | મૂળ / ધન | ૧૦૧ | સમ રાશિ ✗ | મિથુન |
| ૭૫ | નિર્વાણ આસન | કાયોત્સર્ગ | ૧૦૨ | મધ્યમ રાશિ ✗ | નથી |
| ૭૬ | નિર્વાણ તપ | ૩૦ ઉપવાસ | ૧૦૩ | અશુભ રાશિ ✗ | મકર |
| ૭૭ | નિર્વાણ ભૂમિ | સમેતશિખર | ૧૦૪ | શત્રુ રાશિ ✗ | વૃષભ |
| ૭૮ | સહ નિર્વાણ | ૧,૦૦૦ | ૧૦૫ | અશુભતર રાશિ ✗ | નથી |
| ૭૯ | નિર્વાણ વેળા | દિવસના પાછલા ભાગે | ૧૦૬ | વર્ગ/વર્ગેશ/આદ્યાક્ષર | શ / મેષ ૮ / સુ |
| ૮૦ | સમેતશિખર ટુંક નામ | સુપ્રભગિરિ | ૧૦૭ | આરાધના અંગ | કંઠ રક્ષા |
| ૮૧ | સમેતશિખર યાત્રા ફળ | ૧ કરોડ પૌષધ ઉપવાસ | ૧૦૮ | પ્રાકૃત નામ | સુવિહિં / પુપ્ફદંતં |

✓ રાશિવાળા જિનબિંબ ભરાવે

✗ રાશિવાળા જિનબિંબ ન ભરાવે

# શ્રી સુવિધિનાથ ભગવાન વિશિષ્ટ આરાધના

## સંસ્કૃત સ્તુતિ

करामलकवद्विश्वं, कलयन् केवलश्रिया ।
अचिन्त्यमाहात्म्यनिधिः - सुविधिर्बोधयेऽस्तु वः ॥

અર્થ : જે પોતાની કેવળજ્ઞાનરૂપી લક્ષ્મીથી, સર્વ વિશ્વને હાથમાં રહેલા નિર્મળ જળની માફક જાણે છે અને જે ન ચિંતવી શકાય તેવા માહાત્મ્યના નિધાનરૂપ છે, એવા સુવિધિ ભગવાન તમારા બોધને માટે થાઓ.

## હિન્દી સ્તુતિ

नवतत्व सर्व सभेद भाख्यो, यति श्रावक धर्म ही ।
भणी दान शील सुभाव तपविधि, षट आवश्यक कर्म ही ।
सब तार भवजल पार पायो, सुविधिनाथ जिनेश्वरं ।
सब भविक जन मिल करो पूजा, जपो नितं परमेश्वरं ॥

## મરાઠી સ્તુતિ

आश्चर्य यात न विभो तुजला स्तवून
होती तुझे परम भक्त तुझ्यासमान
भक्तास या निज बरोबरीला तू आणी
हा बोध दिला नवव्या सुविधीनाथांनी

## અંગ્રેજી સ્તુતિ

I like lovely number nine,
SUVIDHINATH swamy is mine,
Foget O God my mistake,
My burden you have to take

**પ્રસિધ્ધ તીર્થો :**
કાકંદી
સુરત

**સામાન્ય નામ અર્થ :**
પોતે શુભ ક્રિયા
કરે છે માટે ...

**વિશેષ નામ અર્થ :**
માતાજી ગર્ભ સમયે
શુભ ક્રિયાના
ભાવવાળી થઈ તેથી ...

## ગુજરાતી સ્તુતિ

સેવા માટે સુર-નગરથી દેવનો સંઘ આવે,
ભક્તિભાવે સુર ગિરિ પરે, સ્નાત્રપૂજા રચાવે;
નાટ્યારંભે નમન કરીને પૂર્ણ આનંદ પાવે,
સેવા કરી સુવિધિજિનની કોણને ચિત્ત નાવે ?

## ગુજરાતી છંદ

વેર વિરોધ સઘળાં જન ત્યાં વિસારે,
મિથ્યાત્વીઓ વિનયી વાક્ય મુખે ઉચ્ચારેઃ
વાદી કદી અવિનયી થઈ વાદ માંડે,
દેખી જિનેશ સુવિધિજિન ગર્વ છાંડે.

## પ્રાર્થના

સુવિધિનાથ પ્રભુના ચરણે સુખની નહીં રહેતી અવધિ,
રામાનંદનની રટણાથી ગૂંજી ઉઠે મનની અવનિ.
કેવી સુંદર રીત બતાવી આતમશુદ્ધિ કરવાની,
પ્રભુ ચરણોમાં દૂર થતી સહુ વિપદાઓ દુનિયાભરની.

## ચૈત્યવંદન

સુવિધિનાથ નવમા નમું, સુગ્રીવ જસ તાત,
મગરલંછન ચરણે નમું, રામા રૂડી માત .......૧
આયુ બે લાખ પૂરવતણું, શત ધનુષ્યની કાયાઃ
કાકંદી નયરી ધણી, પ્રણમું પ્રભુ પાય .........૨
ઉત્તમવિધિ જેહથી લહ્યો, તેણે સુવિધિ જિનનામઃ
નમતાં તસ પદ પદ્મને, લહિયે શાશ્વત ધામ ...૩

## શ્રી સુવિધિનાથ ભગવાનનું સ્તવન

મેં કીનો નહીં તુમ બીન ઔર શું રાગ (૨)
દિન દિન વાન ચઢત ગુન તેરો, જ્યું કંચન પર ભાગઃ
ઔરન મેં હૈ કષાય કી કલિમા, સો ક્યું સેવા લાગ ... મૈં. ૧.
રાજહંસ તું માન સરોવર, ઔર અશુચિ રૂચિ કાગઃ
વિષય ભુજંગમ ગરૂડ તે કહીયે, ઔર વિષય વિષ નાગ ... મૈં. ૨.
ઔર દેવ જલ છિલ્લર સરીખે, તું તો સમુદ્ર અથાંગઃ
તું સુરતરુ જન વાંછિત પૂરણ, ઔર તો સૂકે સાગ ... મૈં. ૩.
તું પુરુષોત્તમ, તું હી નિરંજન, તું શંકર બડભાગઃ
તું બ્રહ્મા, તું બુદ્ધ મહાબલ, તું હી જ દેવ વિતરાગ ... મૈં. ૪.
સુવિધિનાથ તુમ ગુન ફુલનકો, મેરો દિલ હૈ બાગઃ
જસ કહે ભ્રમર રસિક હોઈ તામે, લીજે ભક્તિ પરાગ ... મૈં. ૫.

## થોય

નરદેવ ભાવદેવો, જેહની સારે સેવો,
જેહ દેવાધિદેવો, સાર જગમાં જ્યું મેવોઃ
જોતાં જગ એહવો, દેવ દીઠો ન તેહવો,
"સુવિધિ" જિન જેહવો, મોક્ષ દે તતખેવોઃ

## સંવેદના

સુગ્રીવ રાજાના પુત્ર અને શ્રી રામાદેવીરૂપ નંદનવનની
ભૂમિમાં કલ્પવૃક્ષરૂપ એવા હે સુવિધિનાથ !
અમારું શીઘ્ર કલ્યાણ કરો.

## સમેતશિખર ટુંકનો દુહો

**સુપ્રભગિરિ ટુંક સુવિધિનાથ, સમેતશિખર તીર્થ સાર;**
**સિદ્ધા મુનિ ક્રોડો અહીં, નમું પૂજું અનંતી વાર.**

**જાપ :** ૐ હ્રીં શ્રીં અર્હં સુવિધિનાથાય નમઃ ॥
**જાપ ફળ :** બધા વશ થાય.

## ભગવાન ૩ ભવ

(૧) પદ્મરાજા (સમકિતની પ્રાપ્તિ) (તીર્થંકર નામ કર્મ ગોત્ર ઉપાર્જન)
(૨) વૈજયંત દેવ
(૩) સુવિધિનાથ ભગવાન.

## શ્રી સુવિધિનાથ ભગવાનની પંચકલ્યાણક આરાધના

૧. ચ્યવન કલ્યાણક તિથિ - મહા વદ ૯ જાપ - ૐ હ્રીં સુવિધિનાથાય પરમેષ્ઠિને નમઃ
૨. જન્મ કલ્યાણક તિથિ - કારતક વદ ૫ જાપ - ૐ હ્રીં સુવિધિનાથાય અર્હતે નમઃ
૩. દિક્ષા કલ્યાણક તિથિ - કારતક વદ ૬ જાપ - ૐ હ્રીં સુવિધિનાથાય નાથાય નમઃ
૪. કેવલજ્ઞાન કલ્યાણક તિથિ - કારતક સુદ ૩ જાપ - ૐ હ્રીં સુવિધિનાથાય સર્વજ્ઞાય નમઃ
૫. મોક્ષ કલ્યાણક તિથિ - ભાદરવા સુદ ૯ જાપ - ૐ હ્રીં સુવિધિનાથાય પારંગતાય નમઃ

# ૧૦ શ્રી કલકત્તા તીર્થાધિપતિ શ્રી શીતલનાથ ભગવાન





**શાસન યક્ષ**

**શ્રી બ્રહ્મ યક્ષ** નું વર્ણન :
ધવલ વર્ણ, ચાર મુખ, ત્રણ નેત્ર, કમલનું આસન, અને આઠ ભુજા, જમણા ચાર હાથમાં બીજોરૂં, મુદ્‌ગર, પાશ અને અભય, ડાબા ચાર હાથમાં નોળીઓ, ગદા, અંકુશ અને જપમાળા



**શાસન યક્ષિણી**

**શ્રી અશોકા દેવી** નું વર્ણન :
નીલવર્ણ, પદ્મનું વાહન અને ચાર ભુજા. જમણા બે હાથમાં વરદ અને પાશ, ડાબા બે હાથમાં ફલ અને અંકુશ

**લાંછન**



**શ્રીવત્સ**

**શ્રી પાંસઠીયો યંત્ર**

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | ૧૮ | ૧૦ | ૧૪ | ૨૨ |
| ૭ | ૨૪ | ૧૧ | ૨૦ | ૩ |
| ૧૩ | ૫ | ૧૭ | ૨૧ | ૯ |
| ૧૯ | ૬ | ૨૩ | ૨ | ૧૫ |
| ૨૫ | ૧૨ | ૪ | ૮ | ૧૬ |

## શ્રી શીતલનાથ ભગવાન ની સંક્ષિપ્ત વિગત

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | પિતા | દૃઢરથ | ૨૮ | પત્નીનું નામ | ચંદ્રકાંતા |
| ૨ | માતા | નંદારાણી | ૨૯ | પુત્ર | ૧૨ |
| ૩ | લાંછન | શ્રીવત્સ | ૩૦ | પુત્રી | નથી |
| ૪ | શાસન યક્ષ | બ્રહ્મ (બંભો) | ૩૧ | ગૃહસ્થ કાળ | ૦।।। લાખ પૂર્વ |
| ૫ | શાસન યક્ષિણી | અશોકા (અસોયા) | ૩૨ | માતાની ગતિ | સનત્કુમાર દેવ |
| ૬ | શરીરની ઉંચાઈ | ૯૦ ધનુષ્ય | ૩૩ | પિતાની ગતિ | સનત્કુમાર દેવ |
| ૭ | શરીર વર્ણ / પ્રમાણ | સુવર્ણ /૨૧ અંગુલ ૩૦ અંશ | ૩૪ | દીક્ષા તિથિ મારવાડી | મહા વદ ૧૨ |
| ૮ | પૂર્વ ભવ સંખ્યા | ૩ | ૩૫ | દીક્ષા તિથિ ગુજરાતી | પોષ વદ ૧૨ |
| ૯ | પૂર્વ ભવે નામ | પદ્મોત્તર (પદ્મ) | ૩૬ | દીક્ષા નગરી | ભદ્દિલપુર |
| ૧૦ | પૂર્વ ભવ નગરી... | સુસીમા | ૩૭ | દીક્ષા ભૂમિ | સહસામ્રવન |
| ૧૧ | ...દ્વીપ/વિદેહ/વિજય | પુષ્કરવર દ્વીપ / પૂર્વ / વજ | ૩૮ | સહ દીક્ષા | ૧,૦૦૦ |
| ૧૨ | પૂર્વ ભવના ગુરુ | ત્રિસ્તાઘ | ૩૯ | શિબિકાનું નામ | ચંદ્રપ્રભા |
| ૧૩ | પૂર્વ ભવનું દેવ આયુ | ૨૦ સાગરોપમ | ૪૦ | દીક્ષાનો સમય/લોચ | બપોર / પંચમુષ્ઠી |
| ૧૪ | કયા દેવલોકથી ચ્યવન | પ્રાણત | ૪૧ | દીક્ષા-તપ | છઠ્ઠ |
| ૧૫ | પહેલે સ્વપ્ને | હાથી | ૪૨ | પ્રથમ પારણા દ્રવ્ય | પરમાન્ન - ખીર |
| ૧૬ | ચ્યવન તિથિ મારવાડી | વૈશાખ વદ ૬ | ૪૩ | પ્રથમ પારણા નગરી | રિષ્ટપુર |
| ૧૭ | ચ્યવન તિથિ ગુજરાતી | ચૈત્ર વદ ૬ | ૪૪ | પ્રથમ ભિક્ષા દાતા | પુનર્વસુ |
| ૧૮ | ગર્ભ કાળ | ૯ માસ ૬ દિન | ૪૫ | છદ્મસ્થ કાળ | ત્રણ માસ |
| ૧૯ | જન્મ આરો | ચોથા આરાના ઉત્તરાર્ધે | ૪૬ | કેવળજ્ઞાન તિથિ મારવાડી | પોષ વદ ૧૪ |
| ૨૦ | જન્મ નગરી | ભદ્દિલપુર | ૪૭ | કેવળજ્ઞાન તિથિ ગુજરાતી | માગસર વદ ૧૪ |
| ૨૧ | જન્મ દેશ | મલય | ૪૮ | કેવળજ્ઞાન નગરી | ભદ્દિલપુર |
| ૨૨ | જન્મ તિથિ મારવાડી | મહા વદ ૧૨ | ૪૯ | કેવળજ્ઞાન ભૂમિ | સહસામ્રવન |
| ૨૩ | જન્મ તિથિ ગુજરાતી | પોષ વદ ૧૨ | ૫૦ | કેવળજ્ઞાન તપ/વૃક્ષ | છઠ્ઠ / પ્રિયંગુ (પ્લક્ષ) |
| ૨૪ | વંશ / ગોત્ર | ઈક્ષ્વાકુ / કાશ્યપ | ૫૧ | ઉત્કૃષ્ટ તપ | આઠ માસ ઉપવાસ |
| ૨૫ | કુમાર અવસ્થા | ૨૫,૦૦૦ પૂર્વ | ૫૨ | જ્ઞાન વૃક્ષની ઉંચાઈ | ૧૦૮૦ ધનુષ્ય |
| ૨૬ | રાજ્ય અવસ્થા | ૫૦,૦૦૦ પૂર્વ | ૫૩ | સમવસણ ઊંચાઈ | ૩૦ કોષ (અશોકવૃક્ષ સાથે) |
| ૨૭ | વિવાહિત/અવિવાહિત | વિવાહિત | ૫૪ | પ્રથમ દેશના વિષય | સંવર ભાવના |

# શ્રી શીતલનાથ ભગવાન ની સંક્ષિપ્ત વિગત

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૫૫ | પ્રથમ ગણધર/સંખ્યા | નંદ / ૮૧ (આનંદ) | ૮૨ | તે ટુંક ઉપર મોક્ષે ગયા | ૧૮ કોડાકોડી ૪૨,૩૨,૪૨,૧૦૫ |
| ૫૬ | પ્રથમ શિષ્યા (સાધ્વી) | સુયશા | ૮૩ | કુલ દીક્ષા પર્યાય | ૨૫ હજાર પૂર્વ |
| ૫૭ | મુખ્ય ભક્ત રાજા | સીમંધર | ૮૪ | આયુષ્ય | ૧ લાખ પૂર્વ |
| ૫૮ | કેવળ જ્ઞાની | ૭,૦૦૦ | ૮૫ | અંતરમાન | ૯ કોટિ સાગરોપમ |
| ૫૯ | મનઃ પર્યવજ્ઞાની | ૭,૫૦૦ | ૮૬ | તીર્થ આશ્ચર્ય ઉત્પત્તિ | હરિવંશની ઉત્પત્તિ |
| ૬૦ | અવધિ જ્ઞાની | ૭,૨૦૦ | ૮૭ | તીર્થોત્તમપુરુષ | નથી |
| ૬૧ | ચૌદ પૂર્વધર | ૧,૪૦૦ | ૮૮ | શાસનમાં વિશિષ્ટ તપ | વીશ સ્થાનક / કલ્યાણક તપ |
| ૬૨ | વૈક્રિય લબ્ધિધર | ૧૨,૦૦૦ | ૮૯ | જિનાલય શિલ્પનામ | શીતલ |
| ૬૩ | સાધુ સંખ્યા/સાધુ વસ્ત્ર | ૧,૦૦,૦૦૦ / પંચરંગી | ૯૦ | જિનાલય દિશા દ્વાર | પશ્ચિમ |
| ૬૪ | સાધુ સ્વભાવ/મહાવ્રત | ઋજુ / પ્રાજ્ઞ / ૪ | ૯૧ | ચ્ય.જ.દી.કે.નક્ષત્ર | પુર્વાષાઢા |
| ૬૫ | સાધ્વીની સંખ્યા | ૧,૦૬,૦૦૦ | ૯૨ | નક્ષત્ર ક્રમાંક / તારા | ૨૦ / ૨ |
| ૬૬ | વાદી મુનિ | ૫,૮૦૦ | ૯૩ | સ્વરાશિ ૩ | ધન |
| ૬૭ | શ્રાવકની સંખ્યા | ૨,૮૯,૦૦૦ | ૯૪ | રાશિ સ્વામી/રાશિ નાડી | ગુરૂ / મધ્ય |
| ૬૮ | પ્રથમ શ્રાવક નામ | અપ્રસિદ્ધ | ૯૫ | રાશિ ગણ/ રાશિ યોનિ | માનવ / નકુલ |
| ૬૯ | શ્રાવિકાની સંખ્યા | ૪,૫૮,૦૦૦ | ૯૬ | રાશિ તત્ત્વ/ રાશિ જાતિ | અગ્નિ / ક્ષત્રિય |
| ૭૦ | પ્રથમ શ્રાવિકા નામ | અપ્રસિદ્ધ | ૯૭ | શ્રેષ્ઠત્તર રાશિ ✓ | મીન |
| ૭૧ | કેવળ જ્ઞાન કાળ | ૩ માસ ન્યૂન ૨૫ હજાર વર્ષ | ૯૮ | શ્રેષ્ઠ રાશિ ✓ | કન્યા, વૃશ્ચિક |
| ૭૨ | નિર્વાણ તિથિ મારવાડી | વૈશાખ વદ ૨ | ૯૯ | પ્રીતિ રાશિ ✓ | કર્ક |
| ૭૩ | નિર્વાણ તિથિ ગુજરાતી | ચૈત્ર વદ ૨ | ૧૦૦ | શુભ રાશિ ✓ | તુલા, કુંભ, સિંહ, મેષ |
| ૭૪ | નિર્વાણ નક્ષત્ર/રાશિ | પૂર્વાષાઢા / ધન | ૧૦૧ | સમ રાશિ × | મિથુન |
| ૭૫ | નિર્વાણ આસન | કાયોત્સર્ગ | ૧૦૨ | મધ્યમ રાશિ × | નથી |
| ૭૬ | નિર્વાણ તપ | ૩૦ ઉપવાસ | ૧૦૩ | અશુભ રાશિ × | મકર |
| ૭૭ | નિર્વાણ ભૂમિ | સમેતશિખર | ૧૦૪ | શત્રુ રાશિ × | વૃષભ |
| ૭૮ | સહ નિર્વાણ | ૧,૦૦૦ | ૧૦૫ | અશુભતર રાશિ × | નથી |
| ૭૯ | નિર્વાણ વેળા | દિવસના આગલા ભાગે | ૧૦૬ | વર્ગ/વર્ગેશ/આધાક્ષર | શ / મેષ ૮ / શી |
| ૮૦ | સમેતશિખર ટુંક નામ | વિદ્યુત્ગિરિ | ૧૦૭ | આરાધના અંગ | હૃદય રક્ષા |
| ૮૧ | સમેતશિખર યાત્રા ફળ | ૧ કરોડ પૌષધ ઉપવાસ | ૧૦૮ | પ્રાકૃત નામ | સીઅલં |

✓ રાશિવાળા જિનબિંબ ભરાવે

× રાશિવાળા જિનબિંબ ન ભરાવે

# શ્રી શીતલનાથ ભગવાન વિશિષ્ટ આરાધના

## સંસ્કૃત સ્તુતિ

सत्त्वानां परमानन्द, कन्दोद्भेदनवाम्बुदः ।
स्याद्वादामृतनिस्यन्दी, - शीतलः पातु वो जिनः ॥

અર્થ : પ્રાણીઓના ઉત્કૃષ્ટ આનંદના અંકુરને પ્રગટ થવામાં નવીન મેઘના જેવા અને સ્યાદ્વાદ મતરૂપી અમૃતને ઝરનારા શ્રી શીતલ તીર્થંકર તમારી રક્ષા કરો.

आद्येन हीनं जलधाव दृष्टं, मध्येन हीनं भुवि ते प्रसिद्धं
अंतेन हीनं धुनुते शरीरं, तं नामकं तीर्थनाथं नमामि

## હિન્દી સ્તુતિ

सित चंदनं जिम शीतल जिन प्रभु, करे शीतल दर्शते ।
ए भव दावानल भेट देवें, बानी वर्षा वर्षते ।
श्री मोक्ष मारग भव्य पावे, शीतलनाथ जिनेश्वरं ।
सब भविक जन मिल करो पूजा, जपो नित परमेश्वरं ॥

## મરાઠી સ્તુતિ

आश्चर्य त्यात कसले जर अप्सरांही
केले तुझे न मन मोहित वा जराही
शीतलनाथाचे शीतल किरण पसरे
वातावरण सर्व शीतल व्हावे चोहिकडे

## અંગ્રેજી સ્તુતિ

Burning world is too much hot,
Where to get cold water pot
Push me out of burning flame,
SHEETALNATH you same as name.

**પ્રસિધ્ધ તીર્થો :**
વંથલી
કલકત્તા

**સામાન્ય નામ અર્થ :**
જગતના જીવોના
ત્રિવિધિ તાપને
દુર કરવાથી ...

**વિશેષ નામ અર્થ :**
માતાજીના હાથના
સ્પર્શથી પિતાનો દાહ
જ્વર શાંત થયો તેથી

## ગુજરાતી સ્તુતિ

આધિ વ્યાધિ પ્રમુખ બહુએ તાપથી તપ્ત પ્રાણી,
શીળી છાયા શીતલ જિનની જાણીને હર્ષ આણીઃ
નિત્ય સેવે મન વચન ને કાયાથી પૂર્ણ ભાવે,
કાપી ખંતે દુરિત ગણને પૂર્ણ આનંદ પાવેઃ

## ગુજરાતી છંદ

(૧) જે દેશમાં વિચરતાં જિનરાજ જ્યારે, ભીતિ ભયંકર નહિ લવ લેશે ત્યારેઃ
ઈતિ ઉપદ્રવ દુકાળ વિદૂર ભાગે, નિત્યે કરું નમન શીતલનાથ આગે.

(૨) ત્રીજો તજીને વાંચીએ તો ગાત્ર મારા થરથરે,
બીજો તજીને પાળતા સુરલોક પણ વંદન કરે,
પહેલો તજીને પીળો પછી તો તેલની ધારા સરે,
અક્ષર ત્રણના હે પ્રભુ આ બાળ પણ વંદન કરે.

## પ્રાર્થના

શીતલનાથ ખરેખર શીતલ, કૃપા કિરણને વરસાવે,
ભવિજીવોના હ્દયગગનમાં વહાલપના વાદળ છાયે.
તાપ મટે ને પાપ કટે, તીર્થંકર પ્રભુના દર્શનથી
પૂરી થાતી મનોકામના, પ્રભુપ્રતિમાના સ્પર્શનથી.

## ચૈત્યવંદન

નંદા દૃઢરથ નંદનો, શીતલ શીતલનાથ
રાજા ભદ્દિલપુર તણો, ચલવે શિવપુર સાથ ....૧
લાખ પૂરવનું આઉખું, નેવું ધનુષ પ્રમાણ
કાયા માયા ટાલીને, લહ્યા પંચમનાણ .........૨
શ્રીવત્સ લંછન સુંદરું એ, પાદ પદ્મે રહે જાસ,
તે જિનની સેવા થકી, લહીયે લીલ વિલાસ ....૩

## શ્રી શીતલનાથ ભગવાનનું સ્તવન

શીતલ! જિન મોહે પ્યારા હો સાહિબા!
શીતલ જિન મોહે પ્યારા!
ભુવન વિરોચન પંકજ લોચન, જીઉં કે જીઉ હમારા, હો. ૧
જ્યોતિ શું જ્યોત મિલત જબ ધ્યાવે, હોવત નહિં તબ ન્યારા,
બાંધી મુઠી ખુલે ભવ માયા, મીટે મહાભ્રમ ભારા હો. ૨
તુમ ન્યારે તબ સબહી ન્યારા, અંતર કુટુંબ ઉદારા,
તુમ હી નજીક નજીક હૈ સબહી , ઋદ્ધિ અનંત અપારા હો. ૩
વિષય લગનકી અગનિ બુઝાવત, તુમ ગુણ અનુભવ ધારા,
ભઈ મગનતા તુમ ગુણ રસકી, કુણ કંચન કુણ દારા. હો. ૪
શીતલતા ગુણ હોડ કરત તુમ, ચંદન કાહી બિચારા ?
નામ હિ તુમ તાપ હરત હૈ, વાકું ઘસત ઘસારા હો. ૫
કર હું કષ્ટ જન બહુત હમારે, નામ તિહારો આધારા,
જસ કહે જનમ-મરણ ભય ભાંગો, તુમ નામે ભવ પારા. હો. ૬

## થોય

શીતલ જિન સ્વામી, પુણ્યથી સેવ પામી,
પ્રભુ આતમરામી, સર્વ પરભાવ વામી,
જે શીતગતિ ગામી, શાશ્વતાનંદ ધામી,
ભવિ શિવસુખ કામી, પ્રણમીએ શીષ નામી.

## સંવેદના

દૃઢરથ રાજાના પુત્ર, નંદાદેવીના હૃદયના આનંદરૂપ અને જગતને
આલ્હાદ કરવામાં ચંદ્ર સમાન એવા હે શીતળસ્વામી !
તમે અમને હર્ષકારી થાઓ.

## સમેતશિખર ટુંકનો દુહો

**વિદ્યુત્ ગિરિ ટુંક શીતલનાથ, સમેતશિખર તીર્થ સાર;**
**સિદ્ધા મુનિ ક્રોડો અહીં, નમું પૂજું અનંતી વાર.**

જાપ : ૐ હ્રીં શ્રીં અર્હં શીતલનાથાય નમઃ ॥
જાપ ફળ : બિમારી શાંત થાય

## ભગવાન 3 ભવ

(૧) પદ્મોત્તર રાજા (સમકિતની પ્રાપ્તિ) (તીર્થંકર નામ કર્મ ગોત્ર ઉપાર્જન)
(૨) પ્રાણત દેવલોકે દેવ
(૩) શીતળનાથ ભગવાન.

## શ્રી શીતલનાથ ભગવાનની પંચકલ્યાણક આરાધના

૧. ચ્યવન કલ્યાણક તિથિ - ચૈત્ર વદ ૬ જાપ - ૐ હ્રીં શીતલનાથાય પરમેષ્ઠિને નમઃ
૨. જન્મ કલ્યાણક તિથિ - પોષ વદ ૧૨ જાપ - ૐ હ્રીં શીતલનાથાય અર્હતે નમઃ
૩. દિક્ષા કલ્યાણક તિથિ - પોષ વદ ૧૨ જાપ - ૐ હ્રીં શીતલનાથાય નાથાય નમઃ
૪. કેવલજ્ઞાન કલ્યાણક તિથિ - માગસર વદ ૧૪ જાપ - ૐ હ્રીં શીતલનાથાય સર્વજ્ઞાય નમઃ
૫. મોક્ષ કલ્યાણક તિથિ - ચૈત્ર વદ ૨ જાપ - ૐ હ્રીં શીતલનાથાય પારંગતાય નમઃ

# ૧૧ શ્રી સિંહપુરી તીર્થાધિપતિ શ્રી શ્રેયાંસનાથ ભગવાન





**શાસન યક્ષ**

**શ્રી મનુજેશ્વર યક્ષ** નું વર્ણન : શ્વેતવર્ણ, ત્રણ નેત્ર, બળદનું વાહન અને ચાર ભુજા. જમણા બે હાથમાં બીજોરૂં અને ગદા, ડાબા બે હાથમાં નોળીઓ અને જપમાળા.



**શાસન યક્ષિણી**

**શ્રી માનવી દેવી (શ્રીવત્સા)** નું વર્ણન : ગૌરવર્ણ, સિંહનું વાહન અને ચાર ભુજા. જમણા બે હાથમાં વરદ અને મુદ્‌ગર, ડાબા બે હાથમાં કલશ અને અંકુશ.

**લાંછન**



**ગેંડો**

**શ્રી પાંસઠીયો યંત્ર**

| | | | | |
|---|---|---|---|---|
| ૪ | ૨૩ | ૧૧ | ૧૭ | ૧૦ |
| ૧૨ | ૬ | ૨૪ | ૫ | ૧૮ |
| ૨૫ | ૧૯ | ૭ | ૧૩ | ૧ |
| ૮ | ૨ | ૨૦ | ૨૧ | ૧૪ |
| ૧૬ | ૧૫ | ૩ | ૯ | ૨૨ |

# શ્રી શ્રેયાંસનાથ ભગવાન ની સંક્ષિપ્ત વિગત

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | પિતા | વિષ્ણુ | ૨૮ | પત્નીનું નામ | સુશીલા |
| ૨ | માતા | વિષ્ણુદેવી | ૨૯ | પુત્ર | ૯૯ |
| ૩ | લાંછન | ખડ્ગી (ગેંડો) | ૩૦ | પુત્રી | નથી |
| ૪ | શાસન યક્ષ | મનુજેશ્વર (મણુઓ) | ૩૧ | ગૃહસ્થ કાળ | ૬૩ લાખ વર્ષ |
| ૫ | શાસન યક્ષિણી | માનવી/શ્રીવત્સા (સીરીવચ્છા) | ૩૨ | માતાની ગતિ | સનત્કુમાર દેવ |
| ૬ | શરીરની ઉંચાઈ | ૮૦ ધનુષ્ય | ૩૩ | પિતાની ગતિ | સનત્કુમાર દેવ |
| ૭ | શરીર વર્ણ / પ્રમાણ | સુવર્ણ/૧૯ અંગુલ ૧૦ અંશ | ૩૪ | દીક્ષા તિથિ મારવાડી | ફાગણ વદ ૧૩ |
| ૮ | પૂર્વ ભવ સંખ્યા | ૩ | ૩૫ | દીક્ષા તિથિ ગુજરાતી | મહા વદ ૧૩ |
| ૯ | પૂર્વ ભવે નામ | નલિની ગુલ્મ | ૩૬ | દીક્ષા નગરી | સિંહપુરી |
| ૧૦ | પૂર્વ ભવ નગરી... | શુભાપુરી (ક્ષેમા) | ૩૭ | દીક્ષા ભૂમિ | સહસામ્રવન |
| ૧૧ | ...દ્વીપ/વિદેહ/વિજય | પુષ્કરવર / પૂર્વ / કચ્છ | ૩૮ | સહ દીક્ષા | ૧૦૦૦ |
| ૧૨ | પૂર્વ ભવના ગુરુ | વજદત્ત | ૩૯ | શિબિકાનું નામ | વિમલ પ્રભા |
| ૧૩ | પૂર્વ ભવનું દેવ આયુ | ૨૨ સાગરોપમ | ૪૦ | દીક્ષાનો સમય/લોચ | સવારે / પંચમુષ્ઠી |
| ૧૪ | કયા દેવલોકથી ચ્યવન | અચ્યુત (મહાશુક્ર) | ૪૧ | દીક્ષા-તપ | છઠ્ઠ |
| ૧૫ | પહેલે સ્વપ્ને | હાથી | ૪૨ | પ્રથમ પારણા દ્રવ્ય | પરમાન્ન - ખીર |
| ૧૬ | ચ્યવન તિથિ મારવાડી | જેઠ વદ ૬ | ૪૩ | પ્રથમ પારણા નગરી | સિદ્ધાર્થપુર |
| ૧૭ | ચ્યવન તિથિ ગુજરાતી | વૈશાખ વદ ૬ | ૪૪ | પ્રથમ ભિક્ષા દાતા | નંદ |
| ૧૮ | ગર્ભ કાળ | ૯ માસ ૬ દિન | ૪૫ | છદ્મસ્થ કાળ | ૨ માસ |
| ૧૯ | જન્મ આરો | ચોથા આરાના ઉત્તરાર્ધે | ૪૬ | કેવળજ્ઞાન તિથિ મારવાડી | મહા વદ અમાસ |
| ૨૦ | જન્મ નગરી | સિંહપુરી | ૪૭ | કેવળજ્ઞાન તિથિ ગુજરાતી | પોષ વદ અમાસ |
| ૨૧ | જન્મ દેશ | કાશી | ૪૮ | કેવળજ્ઞાન નગરી | સિંહપુરી |
| ૨૨ | જન્મ તિથિ મારવાડી | ફાગણ વદ ૧૨ | ૪૯ | કેવળજ્ઞાન ભૂમિ | સહસામ્રવન |
| ૨૩ | જન્મ તિથિ ગુજરાતી | મહા વદ ૧૨ | ૫૦ | કેવળજ્ઞાન તપ/વૃક્ષ | છઠ્ઠ / તિંદુક (અશોક) |
| ૨૪ | વંશ / ગોત્ર | ઈક્ષ્વાકુ / કાશ્યપ | ૫૧ | ઉત્કૃષ્ટ તપ | આઠ માસ ઉપવાસ |
| ૨૫ | કુમાર અવસ્થા | ૨૧ લાખ વર્ષ | ૫૨ | જ્ઞાન વૃક્ષની ઉંચાઈ | ૯૬૦ ધનુષ્ય |
| ૨૬ | રાજ્ય અવસ્થા | ૪૨ લાખ વર્ષ | ૫૩ | સમવસણ ઊંચાઈ | ૨૮ કોષ (અશોકવૃક્ષ સાથે) |
| ૨૭ | વિવાહિત/અવિવાહિત | વિવાહિત | ૫૪ | પ્રથમ દેશના વિષય | નિર્જરા ભાવના |

# શ્રી શ્રેયાંસનાથ ભગવાન ની સંક્ષિપ્ત વિગત

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૫૫ | પ્રથમ ગણધર/સંખ્યા | કૌસ્તુભ (ગોશુભ)/૭૬ | ૮૨ | તે ટુંક ઉપર મોક્ષે ગયા | ૯૬ કોડા કોડી ૯૬,૯૬,૦૯,૫૪૨ |
| ૫૬ | પ્રથમ શિષ્યા (સાધ્વી) | ધારિણી | ૮૩ | કુલ દીક્ષા પર્યાય | ૨૧ લાખ વર્ષ |
| ૫૭ | મુખ્ય ભક્ત રાજા | ત્રિપૃષ્ઠ વાસુદેવ | ૮૪ | આયુષ્ય | ૮૪ લાખ વર્ષ |
| ૫૮ | કેવળ જ્ઞાની | ૬,૫૦૦ | ૮૫ | અંતરમાન | ૧૦૦ સાગર ૬૬૨૬૦૦૦ ન્યૂન ૧ કોટિ સાગરોપમ |
| ૫૯ | મનઃ પર્યવજ્ઞાની | ૬,૦૦૦ | ૮૬ | તીર્થ આશ્ચર્ય ઉત્પત્તિ | નથી |
| ૬૦ | અવધિ જ્ઞાની | ૬,૦૦૦ | ૮૭ | તીર્થોત્તમપુરુષ | ત્રિપુષ્ઠ વાસુદેવ |
| ૬૧ | ચૌદ પૂર્વધર | ૧,૩૦૦ | ૮૮ | શાસનમાં વિશિષ્ટ તપ | વીશ સ્થાનક / કલ્યાણક તપ |
| ૬૨ | વૈક્રિય લબ્ધિધર | ૧૧,૦૦૦ | ૮૯ | જિનાલય શિલ્પનામ | મનોહર |
| ૬૩ | સાધુ સંખ્યા/સાધુ વસ્ત્ર | ૮૪,૦૦૦/પંચરંગી | ૯૦ | જિનાલય દિશા દ્વાર | પશ્ચિમ |
| ૬૪ | સાધુ સ્વભાવ/મહાવ્રત | ઋજુ / પ્રાજ્ઞ / ૪ | ૯૧ | ચ્ય.જ.દી.કે.નક્ષત્ર | શ્રવણ |
| ૬૫ | સાધ્વીની સંખ્યા | ૧,૦૩,૦૦૦ | ૯૨ | નક્ષત્ર ક્રમાંક / તારા | ૨૨ / ૪ |
| ૬૬ | વાદી મુનિ | ૫,૦૦૦ | ૯૩ | સ્વરાશિ ૩ | મકર |
| ૬૭ | શ્રાવકની સંખ્યા | ૨,૭૯,૦૦૦ | ૯૪ | રાશિ સ્વામી/રાશિ નાડી | શનિ / અંત્ય |
| ૬૮ | પ્રથમ શ્રાવક નામ | અપ્રસિદ્ધ | ૯૫ | રાશિ ગણ/ રાશિ યોનિ | દેવ / વાનર |
| ૬૯ | શ્રાવિકાની સંખ્યા | ૪,૪૮,૦૦૦ | ૯૬ | રાશિ તત્ત્વ/ રાશિ જાતિ | ભૂમિ/ વૈશ્ય |
| ૭૦ | પ્રથમ શ્રાવિકા નામ | અપ્રસિદ્ધ | ૯૭ | શ્રેષ્ઠત્તર રાશિ ✓ | તુલા |
| ૭૧ | કેવળ જ્ઞાન કાળ | ૨ માસ ન્યૂન ૨૧ લાખ વર્ષ | ૯૮ | શ્રેષ્ઠ રાશિ ✓ | મેષ, કુંભ |
| ૭૨ | નિર્વાણ તિથિ મારવાડી | શ્રાવણ વદ ૩ | ૯૯ | પ્રીતિ રાશિ ✓ | મિથુન |
| ૭૩ | નિર્વાણ તિથિ ગુજરાતી | અષાઢ વદ ૩ | ૧૦૦ | શુભ રાશિ ✓ | વૃષભ, વૃશ્ચિક, મીન |
| ૭૪ | નિર્વાણ નક્ષત્ર/રાશિ | ધનિષ્ઠા / કુંભ | ૧૦૧ | સમ રાશિ × | કર્ક |
| ૭૫ | નિર્વાણ આસન | કાયોત્સર્ગ | ૧૦૨ | મધ્યમ રાશિ × | કન્યા |
| ૭૬ | નિર્વાણ તપ | ૩૦ ઉપવાસ | ૧૦૩ | અશુભ રાશિ × | ધન |
| ૭૭ | નિર્વાણ ભૂમિ | સમેતશિખર | ૧૦૪ | શત્રુ રાશિ × | સિંહ |
| ૭૮ | સહ નિર્વાણ | ૧૦૦૦ | ૧૦૫ | અશુભતર રાશિ × | નથી |
| ૭૯ | નિર્વાણ વેળા | દિવસના આગલા ભાગે | ૧૦૬ | વર્ગ/વર્ગેશ/આદ્યાક્ષર | શ / મેષ ૮ / શ્રે |
| ૮૦ | સમેતશિખર ટુંક નામ | સંકુલગિરિ | ૧૦૭ | આરાધના અંગ | બાહુરક્ષા |
| ૮૧ | સમેતશિખર યાત્રા ફળ | ૧ કરોડ પૌષધ ઉપવાસ | ૧૦૮ | પ્રાકૃત નામ | સીજ્જંસં |

✓ રાશિવાળા જિનબિંબ ભરાવે

× રાશિવાળા જિનબિંબ ન ભરાવે

# શ્રી શ્રેયાંસનાથ ભગવાન ની વિશિષ્ટ આરાધના

## સંસ્કૃત સ્તુતિ

भवरोगार्त्तजन्तूना - मगदंकारदर्शनः ।
निःश्रेयसश्रीरमणः - श्रेयांसः श्रेयसेऽस्तु वः ॥

અર્થ : જેમનું દર્શન (સમ્યક્ત્વ) સંસારરૂપી રોગથી પીડાયેલા જીવોને
વૈદ્ય સમાન છે અને જે મોક્ષરૂપી લક્ષ્મીના સ્વામી છે એવા
શ્રી શ્રેયાંસ ભગવાન તમારા કલ્યાણને અર્થે થાઓ.

## हिन्दी स्तुति

प्रभु तीन छत्र विराजमानं, देव दुन्दुभी वाजितं ।
शुभ मान धर्म धर्मचक्र, पुष्पवृष्टि सुगाजितं ।
अशोक वृक्ष सुछाय शीतल, श्रेयांसनाथ जिनेश्वरं ।
सब भविक जन मिल करो पूजा, जपो नित परमेश्वरं ॥

## मराठी स्तुति

निस्तेज ही तशी निरंजन वातिवीण
ज्योती प्रकाशित करी भुवनेहि तीन
श्रेयांसनाथ आम्हां सर्वांचे हो कल्याणी
जशी सर्व प्रसरली तुम अमृत वाणी

## અંગ્રેજી સ્તુતિ

Night is dark and journey long,
SHREYANSHNATH sing your song,
singing makes my journey sweet,
Reserve me a Mukti Seat.

**પ્રસિધ્ધ તીર્થો :**
સિંહપૂરી

**સામાન્ય નામ અર્થ :**
જગતના જીવોને
કલ્યાણ કરવાથી ...

**વિશેષ નામ અર્થ :**
ગર્ભના પ્રભાવે માતાએ
પોતાને કલ્યાણ
કરવાવાળી
ભાવના અનુભવી...

## ગુજરાતી સ્તુતિ

જે હેતુ વિણ વિશ્વના દુઃખ હરે ન્હાયા વિના નિર્મળા,
જીતે આંતર શત્રુને સ્વબળથી, દ્વેષાદિથી વેગળાઃ
વાણી જે મધુરી વદે ભવતરી, ગંભીર અર્થે ભરી,
તે શ્રેયાંસ જિણંદના ચરણની, ચાહું સદા ચાકરીઃ

## ગુજરાતી છંદ

છાયા કરે તરુ અશોક સદૈવ સારી,
વૃક્ષો સુગંધ શુભશીતલ શ્રેયકારીઃ
પચ્ચીશ જોયણ લગે નહિ આધિ વ્યાધિ,
શ્રેયાંસનાથ તુમ સેવનથી સમાધિ.

## પ્રાર્થના

શ્રી શ્રેયાંસ જિનેશ્વર ભગવન્, સકલ સૃષ્ટિનું શ્રેય કરે,
વિષ્ણુનંદનના નયનોમાં કરૂણાનો દરિયો ઉભરે.
સિંહપુરીના સ્વામી ઓ વીતરાગી અમ પર મહેર કરો
વિષય વાસના દૂર કરીને આ જીવનનાં ઝેર હરો.

## ચૈત્યવંદન

શ્રી શ્રેયાંસ અગ્યારમા, વિષ્ણુનૃપ તાય,
વિષ્ણુમાતા જેહની, એંશી ધનુષની કાય ॥ ૧ ॥
વરસ ચોરાશી લાખનું, પાળ્યું જેણે આય,
ખડ્ગી લંછન પદ કજે, સિંહપુરીનો રાય ॥ ૨ ॥
રાજ્ય તજી દીક્ષા વરીએ, જિનવર ઉત્તમ જ્ઞાન,
પામ્યા તસ પદપદ્મને, નમતાં અવિચલ ઠાણ ॥ ૩ ॥

## શ્રી શ્રેયાંસનાથ ભગવાનનું સ્તવન

શ્રી શ્રેયાંસ જિન અંતરજામી, આતમરામી નામી રેઃ
અધ્યાતમ મત પૂરણ પામી, સહજ મુક્તિ ગતિ ગામી રે. શ્રી. ૧
સયલ સંસારી ઈન્દ્રિયરામી, મુનિ ગુણ આતમરામી રેઃ
મુખ્યપણે જે આતમરામી, તે કેવળ નિષ્કામી રે શ્રી. ૨
નિજ સ્વરૂપ જે કિરિયા સાધે, તેહ અધ્યાતમ લહિયે રેઃ
જે કિરિયા કરી ચઉગતિ સાધે, તે ન અધ્યાતમ કહિયે રે શ્રી. ૩
નામ અધ્યાતમ ઠવણ અધ્યાતમ, દ્રવ્ય અધ્યાતમ છંડો રેઃ
ભાવ અધ્યાતમ નિજ ગુણ સાધે, તો તેહશું રઢ મંડો રે શ્રી. ૪
શબ્દ અધ્યાતમ અર્થ સુણીને, નિર્વિકલ્પ આદરજો રેઃ
શબ્દ અધ્યાતમ ભજના જાણી, હાન ગ્રહણ મતિ ધરજો રે શ્રી. ૫
અધ્યાત મજે વસ્તુ વિચારી, બીજા જાણ લબાસી રેઃ
વસ્તુ ગતે જે વસ્તુ પ્રકાશે, આનંદઘન મતવાસી રે શ્રી. ૬

### થોય

વિષ્ણુ જસ માત, જેહના વિષ્ણુ તાત,
પ્રભુના અવદાત, તીન ભુવને વિખ્યાત,
સુરપતિ સંઘાત, જાસ નિકટે આયાત,
કરી કર્મનો ઘાત, પામીયા મોક્ષ શાત.

### સંવેદના

શ્રી વિષ્ણુદેવીના પુત્ર, વિષ્ણુ રાજાના વંશના
મોતી સમાન અને મોક્ષરૂપ લક્ષ્મીના ભર્ત્તાર એવા હે
શ્રેયાંસપ્રભુ ! તમે કલ્યાણને માટે થાઓ.

### સમેતશિખર ટુંકનો દુહો

**સંકુલ ગિરિ ટુંક શ્રેયાંસનાથ, સમેતશિખર તીર્થ સાર;**
**સિદ્ધા મુનિ ક્રોડો અહીં, નમું પૂજું અનંતી વાર.**

જાપ : ૐ હ્રીં શ્રીં અર્હ શ્રેયાંસનાથાય નમઃ ॥
જાપ ફળ : વશીકરણ થાય છે.

### ભગવાન ૩ ભવ

(૧) નલગુપ્ત રાજા (સમકિતની પ્રાપ્તિ) (તીર્થંકર નામ કર્મ ગોત્ર ઉપાર્જન)
(૨) મહાશુક્ર દેવ
(૩) શ્રેયાંસનાથ ભગવાન

### શ્રી શ્રેયાંસનાથ ભગવાનની પંચકલ્યાણક આરાધના

૧. ચ્યવન કલ્યાણક તિથિ - વૈશાખ વદ ૬ જાપ - ૐ હ્રીં શ્રેયાંસનાથાય પરમેષ્ઠિને નમઃ
૨. જન્મ કલ્યાણક તિથિ - મહા વદ ૧૨ જાપ - ૐ હ્રીં શ્રેયાંસનાથાય અર્હતે નમઃ
૩. દિક્ષા કલ્યાણક તિથિ - મહા વદ ૧૩ જાપ - ૐ હ્રીં શ્રેયાંસનાથાય નાથાય નમઃ
૪. કેવલજ્ઞાન કલ્યાણક તિથિ - પોષ વદ અમાસ જાપ - ૐ હ્રીં શ્રેયાંસનાથાય સર્વજ્ઞાય નમઃ
૫. મોક્ષ કલ્યાણક તિથિ - અષાઢ વદ ૩ જાપ - ૐ હ્રીં શ્રેયાંસનાથાય પારંગતાય નમઃ

# ૧૨ શ્રી ચંપાપુરી તીર્થાધિપતિ શ્રી વાસુપુજ્ય સ્વામી ભગવાન





**શાસન યક્ષ**

**શ્રી સુરકુમાર યક્ષ નું વર્ણન :**
શ્વેતવર્ણ, હંસનું વાહન તથા ચાર ભુજા. જમણા બે હાથમાં બીજોરૂં અને બાણ, ડાબા બે હાથમાં નોળીઓ અને ધનુષ્ય



**શાસન યક્ષિણી**

**શ્રી ચંડા દેવી નું વર્ણન :**
શ્યામવર્ણ, ઘોડાનું વાહન અને ચાર ભુજા. જમણા બે હાથમાં વરદ અને શક્તિ, ડાબા બે હાથમાં પુષ્પ અને ગદા

**લાંછન**



**પાડો**

**શ્રી પાંસઠીયો યંત્ર**

| | | | | |
|---|---|---|---|---|
| ૧૬ | ૮ | ૧૨ | ૨૫ | ૪ |
| ૧૫ | ૨ | ૬ | ૧૯ | ૨૩ |
| ૯ | ૨૧ | ૫ | ૧૩ | ૧૭ |
| ૩ | ૨૦ | ૨૪ | ૭ | ૧૧ |
| ૨૨ | ૧૪ | ૧૮ | ૧ | ૧૦ |

# શ્રી વાસુપૂજ્ય સ્વામી ભગવાન ની સંક્ષિપ્ત વિગત

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | પિતા | વસુપૂજ્ય | ૨૮ | પત્નીનું નામ | અભિરામા |
| ૨ | માતા | જયાદેવી | ૨૯ | પુત્ર | ૨ |
| ૩ | લાંછન | મહિષ (પાડો) | ૩૦ | પુત્રી | નથી |
| ૪ | શાસન યક્ષ | સુરકુમાર (કુમાર) | ૩૧ | ગૃહસ્થ કાળ | ૧૮ લાખ વર્ષ |
| ૫ | શાસન યક્ષિણી | ચંડા (પ્રવરા) | ૩૨ | માતાની ગતિ | સનત્કુમાર દેવ |
| ૬ | શરીરની ઉંચાઈ | ૭૦ ધનુષ્ય | ૩૩ | પિતાની ગતિ | સનત્કુમાર દેવ |
| ૭ | શરીર વર્ણ / પ્રમાણ | લાલ (રાતો)/૧૬ અંગુલ ૪૦ અંશ | ૩૪ | દીક્ષા તિથિ મારવાડી | ફાગણ વદ અમાસ |
| ૮ | પૂર્વ ભવ સંખ્યા | ૩ | ૩૫ | દીક્ષા તિથિ ગુજરાતી | મહા વદ અમાસ |
| ૯ | પૂર્વ ભવે નામ | પદ્મોત્તર | ૩૬ | દીક્ષા નગરી | ચંપાપુરી |
| ૧૦ | પૂર્વ ભવ નગરી... | રત્નસંચયા | ૩૭ | દીક્ષા ભૂમિ | વિહારગૃહવન |
| ૧૧ | ...દ્વીપ/વિદેહ/વિજય | પુષ્કરવર / પૂર્વ / મંગલાવતી | ૩૮ | સહ દીક્ષા | ૬૦૦ |
| ૧૨ | પૂર્વ ભવના ગુરુ | વજનાભ | ૩૯ | શિબિકાનું નામ | પૃથિવી |
| ૧૩ | પૂર્વ ભવનું દેવ આયુ | ૨૦ સાગરોપમ | ૪૦ | દીક્ષાનો સમય/લોચ | બપોર / પંચમુષ્ઠી |
| ૧૪ | કયા દેવલોકથી ચ્યવન | પ્રાણત | ૪૧ | દીક્ષા-તપ | ૧ ઉપવાસ |
| ૧૫ | પહેલે સ્વપ્ને | હાથી | ૪૨ | પ્રથમ પારણા દ્રવ્ય | પરમાન્ન - ખીર |
| ૧૬ | ચ્યવન તિથિ મારવાડી | જેઠ સુદ ૯ (અ.વ.૯) | ૪૩ | પ્રથમ પારણા નગરી | મહાપુર |
| ૧૭ | ચ્યવન તિથિ ગુજરાતી | જેઠ સુદ ૯ (જે.વ.૯) | ૪૪ | પ્રથમ ભિક્ષા દાતા | સુનંદ |
| ૧૮ | ગર્ભ કાળ | ૮ માસ ૨૦ દિન | ૪૫ | છદ્મસ્થ કાળ | એક માસ |
| ૧૯ | જન્મ આરો | ચોથા આરાના ઉત્તરાર્ધે | ૪૬ | કેવળજ્ઞાન તિથિ મારવાડી | મહા સુદ ૨ |
| ૨૦ | જન્મ નગરી | ચંપાપુરી | ૪૭ | કેવળજ્ઞાન તિથિ ગુજરાતી | મહા સુદ ૨ |
| ૨૧ | જન્મ દેશ | અંગ | ૪૮ | કેવળજ્ઞાન નગરી | ચંપાપુરી |
| ૨૨ | જન્મ તિથિ મારવાડી | ફાગણ વદ ૧૪ | ૪૯ | કેવળજ્ઞાન ભૂમિ | વિહાર ગૃહવન |
| ૨૩ | જન્મ તિથિ ગુજરાતી | મહા વદ ૧૪ | ૫૦ | કેવળજ્ઞાન તપ/વૃક્ષ | ચોથ ભક્ત / પાટલ |
| ૨૪ | વંશ / ગોત્ર | ઈક્ષ્વાકુ / કાશ્યપ | ૫૧ | ઉત્કૃષ્ટ તપ | આઠ માસ ઉપવાસ |
| ૨૫ | કુમાર અવસ્થા | ૧૮ લાખ વર્ષ | ૫૨ | જ્ઞાન વૃક્ષની ઉંચાઈ | ૮૪૦ ધનુષ્ય |
| ૨૬ | રાજ્ય અવસ્થા | રાજ્ય કાળ નથી | ૫૩ | સમવસણ ઊંચાઈ | ૨૬ કોષ (અશોકવૃક્ષ સાથે) |
| ૨૭ | વિવાહિત/અવિવાહિત | વિવાહિત | ૫૪ | પ્રથમ દેશના વિષય | ધર્મ ભાવના |

# શ્રી વાસુપૂજ્ય સ્વામી ભગવાન ની સંક્ષિપ્ત વિગત

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૫૫ | પ્રથમ ગણધર/સંખ્યા | સુભુમ/ ૬૬ | ૮૨ | તે ટુંક ઉપર મોક્ષે ગયા | નથી |
| ૫૬ | પ્રથમ શિષ્યા (સાધ્વી) | ધરણી | ૮૩ | કુલ દીક્ષા પર્યાય | ૫૪ લાખ વર્ષ |
| ૫૭ | મુખ્ય ભક્ત રાજા | દ્વિપૃષ્ઠ વાસુદેવ | ૮૪ | આયુષ્ય | ૭૨ લાખ વર્ષ |
| ૫૮ | કેવળ જ્ઞાની | ૬,૦૦૦ | ૮૫ | અંતરમાન | ૫૪ સાગરોપમ |
| ૫૯ | મનઃ પર્યવજ્ઞાની | ૬,૦૦૦ | ૮૬ | તીર્થ આશ્ચર્ય ઉત્પત્તિ | નથી |
| ૬૦ | અવધિ જ્ઞાની | ૫,૪૦૦ | ૮૭ | તીર્થોત્તમપુરુષ | દ્વિપૃષ્ઠ વાસુદેવ |
| ૬૧ | ચૌદ પૂર્વધર | ૧,૨૦૦ | ૮૮ | શાસનમાં વિશિષ્ટ તપ | રોહિણી તપ |
| ૬૨ | વૈક્રિય લબ્ધિધર | ૧૦,૦૦૦ | ૮૯ | જિનાલય શિલ્પનામ | વાસુપૂજ્ય |
| ૬૩ | સાધુ સંખ્યા/સાધુ વસ્ત્ર | ૭૨,૦૦૦ / પંચરંગી | ૯૦ | જિનાલય દિશા દ્વાર | ઉત્તર |
| ૬૪ | સાધુ સ્વભાવ/મહાવ્રત | ઋજુ અને પ્રાજ્ઞ / ૪ | ૯૧ | ચ્ય.જ.દી.કે.નક્ષત્ર | શતભિષા |
| ૬૫ | સાધ્વીની સંખ્યા | ૧,૦૦,૦૦૦ | ૯૨ | નક્ષત્ર ક્રમાંક / તારા | ૨૪ / ૬ |
| ૬૬ | વાદી મુનિ | ૪,૭૦૦ | ૯૩ | સ્વરાશિ ૩ | કુંભ |
| ૬૭ | શ્રાવકની સંખ્યા | ૨,૧૫,૦૦૦ | ૯૪ | રાશિ સ્વામી/રાશિ નાડી | શનિ / આદ્ય |
| ૬૮ | પ્રથમ શ્રાવક નામ | અપ્રસિદ્ધ | ૯૫ | રાશિ ગણ/ રાશિ યોનિ | રાક્ષસ / અશ્વ |
| ૬૯ | શ્રાવિકાની સંખ્યા | ૪,૩૬,૦૦૦ | ૯૬ | રાશિ તત્ત્વ/ રાશિ જાતિ | વાયુ / શુદ્ર |
| ૭૦ | પ્રથમ શ્રાવિકા નામ | અપ્રસિદ્ધ | ૯૭ | શ્રેષ્ઠત્તર રાશિ ✓ | વૃષભ |
| ૭૧ | કેવળ જ્ઞાન કાળ | ૧ માસ ન્યૂન ૫૪ લાખ વર્ષ | ૯૮ | શ્રેષ્ઠ રાશિ ✓ | વૃશ્ચિક, મકર |
| ૭૨ | નિર્વાણ તિથિ મારવાડી | અષાઢ સુદ ૧૪ | ૯૯ | પ્રીતિ રાશિ ✓ | કન્યા |
| ૭૩ | નિર્વાણ તિથિ ગુજરાતી | અષાઢ સુદ ૧૪ | ૧૦૦ | શુભ રાશિ ✓ | મેષ, તુલા, ધન |
| ૭૪ | નિર્વાણ નક્ષત્ર/રાશિ | ઉ. ભાદ્રપદા/ મીન | ૧૦૧ | સમ રાશિ × | સિંહ |
| ૭૫ | નિર્વાણ આસન | કાયોત્સર્ગ | ૧૦૨ | મધ્યમ રાશિ × | મિથુન |
| ૭૬ | નિર્વાણ તપ | ૩૦ ઉપવાસ | ૧૦૩ | અશુભ રાશિ × | મીન |
| ૭૭ | નિર્વાણ ભૂમિ | ચંપાપુરી | ૧૦૪ | શત્રુ રાશિ × | કર્ક |
| ૭૮ | સહ નિર્વાણ | ૬૦૦ | ૧૦૫ | અશુભતર રાશિ × | નથી |
| ૭૯ | નિર્વાણ વેળા | દિવસના પાછલા ભાગે | ૧૦૬ | વર્ગ/વર્ગેશ/આધાક્ષર | ચ / મૃગ ૭ / વા |
| ૮૦ | સમેતશિખર ટુંક નામ | નથી | ૧૦૭ | આરાધના અંગ | કર રક્ષા |
| ૮૧ | સમેતશિખર યાત્રા ફળ | નથી | ૧૦૮ | પ્રાકૃત નામ | વાસુપુજ્જં |

✓ રાશિવાળા જિનબિંબ ભરાવે

× રાશિવાળા જિનબિંબ ન ભરાવે

# શ્રી વાસુપૂજ્ય સ્વામી ભગવાન વિશિષ્ટ આરાધના

## સંસ્કૃત સ્તુતિ

विश्वोपकारकीभूत, तीर्थकृत्कर्मनिर्मितिः ।
सुरासुरनरैः पूज्यो, वासुपूज्यः पुनातु वः ॥

અર્થ : જેણે સર્વ વિશ્વને ઉપકાર કરનાર એવા તીર્થંકર નામ કર્મને નિષ્પન્ન કરેલું છે અને જે દેવ, અસુર અને મનુષ્યોને પૂજવા લાયક છે એવા શ્રી વાસુપૂજ્ય સ્વામી તમોને પવિત્ર કરો.

## હિન્દી સ્તુતિ

शुभ स्वर्ण आसन मन विकासन, जोति लख रवि लाज ही ।
सित चमर चौसठ सीस ढ़ारे, करे सुभक्ति सुसाज ही ।
नित करो पूजा वासवं प्रभु, वासुपूज्य जिनेश्वरं ॥
सब भविक जन मिल करो पूजा, जपो नित परमेश्वरं ॥

## મરાઠી સ્તુતિ

श्री वासुपूज्य अमुचा चंपापुरी महाराजा
मुख तुमचे पाहूनी होवुं आम्ही ताजा, माजा
अक्षय आद्य नि अचिंत्य असंख्य हो तू
ब्रह्मा अनंत विभू ईश्वर कामकेतू

## અંગ્રેજી સ્તુતિ

You are ocean of Mercy!
Give me lovely master key,
Can you see lock on my door?
VASUPUJYASWAMI I adore.

**પ્રસિધ્ધ તીર્થો :**
ચંપાપુરી
સરખેજ

**સામાન્ય નામ અર્થ :**
વસુ નામનો દેવ
સર્વને પૂજ્ય હોવાથી ...

**વિશેષ નામ અર્થ :**
વસુપૂજ્ય એવા પિતાના
સમાન નામ ઉપરથી
વિશેષ નામ...

## ગુજરાતી સ્તુતિ

જે ભેદાય ન ચક્રથી ન અસિથી, કે ઈન્દ્રના વજ્રથી,
એવા ગાઢ કુકર્મ હે જિનપતે, છેદાય છે આપથી:
જે શાન્તિ નવ થાય ચંદન થકી, તે શાન્તિ આપો મને,
વાસુપૂજ્ય જિનેશ હું પ્રણયથી, નિત્યે નમું આપને.

## ગુજરાતી છંદ

સ્વપ્નો ચતુર્દશ લહે જિનરાજ માતા,
માતંગ ને વૃષભ સિંહ સુલક્ષ્મીદાતા:
નિર્ધૂમઅગ્નિ શુભ છેવટ દેખીને તે,
શ્રીવાસુપૂજ્ય પ્રભુતા શુભસ્વપ્નથી તે.

## પ્રાર્થના

વાસુપૂજ્ય પ્રભુ ઉપકારી બારમા તીર્થંકર જે હતા,
અસીમ પુણ્યશાળી પ્રભુવરજી, જન જનમાં વલ્લભ જે હતા.
રોહિણી નક્ષત્ર આવે ત્યારે આરાધના પ્રભુની કરવી,
દુષ્કર્મોને દૂર હટાવી દિલમાં પ્રસન્નતા ભરવી.

## ચૈત્યવંદન

વાસવ વંદિત વાસુપૂજ્ય, ચંપાપુરી ઠામ:
વસુપૂજ્ય કુલ ચંદ્રમા, માતા જયા નામ....૧
મહિષ લંછન જિન બારમા, સિત્તેર ધનુષ પ્રમાણ:
કાયા આયુ વરસ વલી, બહોંતેર લાખ વખાણ ....૨
સંઘ ચતુર્વિધ થાપીને એ, જિન ઉત્તમ મહારાય:
તસ મુખ પદ્મ વચન સુણી, પરમાનંદી થાય .....૩

## શ્રી વાસુપૂજ્ય સ્વામી ભગવાનનું સ્તવન

સ્વામી! તુમે કાંઈ કામણ કીધું, ચિતડું અમારૂં ચોરી લીધુંઃ
અમે પણ તુમશું કામણ કરશુંઃ ભક્તે ગ્રહી મનઘરમાં, ધરશું,
સાહિબા વાસુપૂજ્ય જિણંદા, મોહના વાસુપૂજ્ય જિણંદા. સાહિ ૧.
મન ઘરમાં ધરીઆ ઘર શોભા, દેખત નિત્ય રહેશો થિર થોભાઃ
મન વૈકુંઠ અકુંઠિત ભક્તે, યોગી ભાખે અનુભવ જુગતે. સાહિ ૨.
કલેશે વાસિત મન સંસાર, કલેશ રહિત મન તે ભવ પારઃ
જો વિશુદ્ધિ મન ઘર તુમે આવ્યા, તો પ્રભુ અમે નવનિધિ ઋદ્ધિ પાયા. સાહિ ૩.
સાત રાજ અલગા જઈ બેઠા, પણ ભક્તે અમે મનમાંહિ પેઠાઃ
અલગાને વલગ્યા જે રહેવું, તે ભાણા ખડખડ દુઃખ સહેવું. સાહિ ૪.
ધ્યાતાં ધ્યેય ધ્યાન ગુણ એકે, ભેદ છેદ કરશું હવે ટેકેઃ
ક્ષીર નીર પરે તુમશું મળશું, વાચક યશ કહે હેજે હળશું. સાહિ ૫.

## થોય

વિશ્વના ઉપકારી, ધર્મના આદિ કારી,
ધર્મના દાતારી, કામ ક્રોધાદિ વારી,
તાર્યા નરનારી, દુઃખ દોહગ હારી,
વાસુપૂજ્ય નિહારી, જાઉં હું નિત્ય વારી.

## સંવેદના

વસુપૂજ્ય રાજાના પુત્ર, અને જયાદેવી રૂપ વિદૂર પર્વતની
ભૂમિમાં રત્નરૂપ અને જગતને પૂજ્ય એવા
હે વાસુપૂજ્ય! તમે મોક્ષ લક્ષ્મીને આપો.

## સમેતશિખર ટુંકનો દુહો

**વાસુપૂજ્ય ચંપાપુરી, સિદ્ધા સિદ્ધિ દેનાર;**
**સમેતશિખર પર ટુંક તસ, નમું પૂજું અનંતી વાર.**

જાપ : ૐ હ્રીં શ્રીં અર્હં વાસુપૂજ્ય સ્વામિને નમઃ ॥
જાપ ફળ : ઘરમાં શાંતિ થાય

## ભગવાન ૩ ભવ

(૧) પદ્મોત્તર રાજા (સમકિતની પ્રાપ્તિ) (તીર્થંકર નામ કર્મ ગોત્ર ઉપાર્જન)
(૨) પ્રાણતે દેવ
(૩) વાસુપૂજ્ય સ્વામી ભગવાન

## શ્રી વાસુપૂજ્ય સ્વામી પંચકલ્યાણક આરાધના

૧. ચ્યવન કલ્યાણક તિથિ - જેઠ સુદ ૯ જાપ - ૐ હ્રીં વાસુપૂજ્ય સ્વામિને પરમેષ્ઠિને નમઃ
૨. જન્મ કલ્યાણક તિથિ - મહા વદ ૧૪ જાપ - ૐ હ્રીં વાસુપૂજ્ય સ્વામિને અર્હતે નમઃ
૩. દિક્ષા કલ્યાણક તિથિ - મહા વદ અમાસ જાપ - ૐ હ્રીં વાસુપૂજ્ય સ્વામિને નાથાય નમઃ
૪. કેવલજ્ઞાન કલ્યાણક તિથિ - મહા સુદ ૨ જાપ - ૐ હ્રીં વાસુપૂજ્ય સ્વામિને સર્વજ્ઞાય નમઃ
૫. મોક્ષ કલ્યાણક તિથિ - અષાઢ સુદ ૧૪ જાપ - ૐ હ્રીં વાસુપૂજ્ય સ્વામિને પારંગતાય નમઃ

# ૧૩ શ્રી બલસાણા તીર્થાધિપતિ શ્રી વિમલનાથ ભગવાન






### શાસન યક્ષ

**શ્રી ષણ્મુખ યક્ષ** નું વર્ણન :
શ્વેત વર્ણ, મોર વાહન અને બાર ભુજા. જમણા છ હાથમાં ફલ, ચક્ર, બાણ, તલવાર, પાશ અને અક્ષસૂત્ર તથા છ ડાબા હાથમાં નોળીઓ, ચક્ર, ધનુષ, ઢાલ, અંકુશ અને અભય



### શાસન યક્ષિણી

**શ્રી વિજ્યા દેવી** નું વર્ણન :
હરિતવર્ણ, પદ્મનું વાહન (આસન) અને ચાર ભુજા. જમણા બે હાથમાં બાણ અને પાશ, ડાબા બે હાથમાં ધનુષ્ય અને નાગ

### લાંછન



વરાહ

### શ્રી પાંસઠીયો યંત્ર

| | | | | |
|---|---|---|---|---|
| ૧૭ | ૫ | ૧૩ | ૨૧ | ૯ |
| ૧૦ | ૧૮ | ૧ | ૧૪ | ૨૨ |
| ૧૧ | ૨૪ | ૭ | ૨૦ | ૩ |
| ૨૩ | ૬ | ૧૯ | ૨ | ૧૫ |
| ૪ | ૧૨ | ૨૫ | ૮ | ૧૬ |

# શ્રી વિમલનાથ ભગવાન ની સંક્ષિપ્ત વિગત

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | પિતા | કૃતવર્મા | ૨૮ | પત્નીનું નામ | શ્રીકાંતા |
| ૨ | માતા | શ્યામાદેવી | ૨૯ | પુત્ર | નથી |
| ૩ | લાંછન | સુઅર (વરાહ) | ૩૦ | પુત્રી | નથી |
| ૪ | શાસન યક્ષ | ષણમુખ (છમ્મુહ) | ૩૧ | ગૃહસ્થ કાળ | ૪૫ લાખ વર્ષ |
| ૫ | શાસન યક્ષિણી | વિદિતા (વિજયા) | ૩૨ | માતાની ગતિ | સનત્કુમાર દેવ |
| ૬ | શરીરની ઉંચાઈ | ૬૦ ધનુષ્ય | ૩૩ | પિતાની ગતિ | સનત્કુમાર દેવ |
| ૭ | શરીર વર્ણ / પ્રમાણ | સુવર્ણ/૧૪ અંગુલ ૨૦ અંશ | ૩૪ | દીક્ષા તિથિ મારવાડી | મહા સુદ ૪ |
| ૮ | પૂર્વ ભવ સંખ્યા | ૩ | ૩૫ | દીક્ષા તિથિ ગુજરાતી | મહા સુદ ૪ |
| ૯ | પૂર્વ ભવે નામ | પદ્મસેન | ૩૬ | દીક્ષા નગરી | કાંપિલ્યપુર |
| ૧૦ | પૂર્વ ભવ નગરી... | મહાપુરી | ૩૭ | દીક્ષા ભૂમિ | સહસામ્રવન |
| ૧૧ | ...દ્વીપ/વિદેહ/વિજય | ધાતકીખંડ / પૂર્વ / ભરત | ૩૮ | સહ દીક્ષા | ૧,૦૦૦ |
| ૧૨ | પૂર્વ ભવના ગુરુ | સર્વગુપ્ત | ૩૯ | શિબિકાનું નામ | દેવદત્તા |
| ૧૩ | પૂર્વ ભવનું દેવ આયુ | ૧૮ સાગરોપમ | ૪૦ | દીક્ષાનો સમય/લોચ | બપોર / પંચમુષ્ઠી |
| ૧૪ | કયા દેવલોકથી ચ્યવન | સહસ્રાર | ૪૧ | દીક્ષા-તપ | છઠ્ઠ |
| ૧૫ | પહેલે સ્વપ્ને | હાથી | ૪૨ | પ્રથમ પારણા દ્રવ્ય | પરમાન્ન - ખીર |
| ૧૬ | ચ્યવન તિથિ મારવાડી | વૈશાખ સુદ ૧૨ (જે.વ.૧૨) | ૪૩ | પ્રથમ પારણા નગરી | ધાન્યકટકપુર |
| ૧૭ | ચ્યવન તિથિ ગુજરાતી | વૈશાખ સુદ ૧૨ (વૈ.વ.૧૨) | ૪૪ | પ્રથમ ભિક્ષા દાતા | જયનૃપ |
| ૧૮ | ગર્ભ કાળ | ૮ માસ ૨૧ દિન | ૪૫ | છદ્મસ્થ કાળ | બે માસ |
| ૧૯ | જન્મ આરો | ચોથા આરાના ઉત્તરાર્ધે | ૪૬ | કેવળજ્ઞાન તિથિ મારવાડી | મહા સુદ ૨ |
| ૨૦ | જન્મ નગરી | કાંપિલ્યપૂર | ૪૭ | કેવળજ્ઞાન તિથિ ગુજરાતી | મહા સુદ ૨ |
| ૨૧ | જન્મ દેશ | પંચાલ | ૪૮ | કેવળજ્ઞાન નગરી | કાંપિલ્યપુર |
| ૨૨ | જન્મ તિથિ મારવાડી | મહા સુદ ૩ | ૪૯ | કેવળજ્ઞાન ભૂમિ | સહસામ્રવન |
| ૨૩ | જન્મ તિથિ ગુજરાતી | મહા સુદ ૩ | ૫૦ | કેવળજ્ઞાન તપ/વૃક્ષ | છઠ્ઠ / જંબુ |
| ૨૪ | વંશ / ગોત્ર | ઈક્ષ્વાકુ / કાશ્યપ | ૫૧ | ઉત્કૃષ્ટ તપ | આઠ માસ ઉપવાસ |
| ૨૫ | કુમાર અવસ્થા | ૧૫ લાખ વર્ષ | ૫૨ | જ્ઞાન વૃક્ષની ઉંચાઈ | ૭૨૦ ધનુષ્ય |
| ૨૬ | રાજ્ય અવસ્થા | ૩૦ લાખ વર્ષ | ૫૩ | સમવસણ ઊંચાઈ | ૨૪ કોષ (અશોકવૃક્ષ સાથે) |
| ૨૭ | વિવાહિત/અવિવાહિત | વિવાહિત | ૫૪ | પ્રથમ દેશના વિષય | બોધિ દુર્લભ ભાવના |

# શ્રી વિમલનાથ ભગવાન ની સંક્ષિપ્ત વિગત

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૫૫ | પ્રથમ ગણધર/સંખ્યા | મંદર / ૫૭ | ૮૨ | તે ટુંક ઉપર મોક્ષે ગયા | ૭૦ કોડા કોડી ૧૭, ૬૦,૦૬,૭૪૨ |
| ૫૬ | પ્રથમ શિષ્યા (સાધ્વી) | ધરા | ૮૩ | કુલ દીક્ષા પર્યાય | ૧૫ લાખ વર્ષ |
| ૫૭ | મુખ્ય ભક્ત રાજા | સ્વયંભુ વાસુદેવ | ૮૪ | આયુષ્ય | ૬૦ લાખ વર્ષ |
| ૫૮ | કેવળ જ્ઞાની | ૫,૫૦૦ | ૮૫ | અંતરમાન | ૩૦ સાગરોપમ |
| ૫૯ | મનઃ પર્યવજ્ઞાની | ૫,૫૦૦ | ૮૬ | તીર્થ આશ્ચર્ય ઉત્પત્તિ | નથી |
| ૬૦ | અવધિ જ્ઞાની | ૪,૮૦૦ | ૮૭ | તીર્થોત્તમપુરુષ | સ્વયંભુ વાસુદેવ |
| ૬૧ | ચૌદ પૂર્વધર | ૧,૧૦૦ | ૮૮ | શાસનમાં વિશિષ્ટ તપ | વીશ સ્થાનક / કલ્યાણક તપ |
| ૬૨ | વૈક્રિય લબ્ધિધર | ૯,૦૦૦ | ૮૯ | જિનાલય શિલ્પનામ | વિદ્યુવૃત |
| ૬૩ | સાધુ સંખ્યા/સાધુ વસ્ત્ર | ૬૮,૦૦૦ / પંચરંગી | ૯૦ | જિનાલય દિશા દ્વાર | ઉત્તર |
| ૬૪ | સાધુ સ્વભાવ/મહાવ્રત | ઋજુ અને પ્રાજ્ઞ / ૪ | ૯૧ | ચ્ય.જ.દી.કે.નક્ષત્ર | ઉત્તર ભાદ્રપદા |
| ૬૫ | સાધ્વીની સંખ્યા | ૧,૦૮,૦૦૦ | ૯૨ | નક્ષત્ર ક્રમાંક / તારા | ૨૬ / ૮ |
| ૬૬ | વાદી મુનિ | ૩,૬૦૦ | ૯૩ | સ્વરાશિ ૩ | મીન |
| ૬૭ | શ્રાવકની સંખ્યા | ૨,૦૮,૦૦૦ | ૯૪ | રાશિ સ્વામી/રાશિ નાડી | ગુરૂ / મધ્ય |
| ૬૮ | પ્રથમ શ્રાવક નામ | અપ્રસિદ્ધ | ૯૫ | રાશિ ગણ/ રાશિ યોનિ | માનવ / છાગ |
| ૬૯ | શ્રાવિકાની સંખ્યા | ૪,૩૪,૦૦૦ | ૯૬ | રાશિ તત્ત્વ/ રાશિ જાતિ | જલ / વિપ્ર |
| ૭૦ | પ્રથમ શ્રાવિકા નામ | અપ્રસિદ્ધ | ૯૭ | શ્રેષ્ઠત્તર રાશિ ✓ | ધન |
| ૭૧ | કેવળ જ્ઞાન કાળ | ૨માસ ન્યૂન ૧૫ લાખ વર્ષ | ૯૮ | શ્રેષ્ઠ રાશિ ✓ | મેષ, મિથુન |
| ૭૨ | નિર્વાણ તિથિ મારવાડી | અષાઢ વદ ૭ | ૯૯ | પ્રીતિ રાશિ ✓ | સિંહ, |
| ૭૩ | નિર્વાણ તિથિ ગુજરાતી | જેઠ વદ ૭ | ૧૦૦ | શુભ રાશિ ✓ | વૃષભ, વૃશ્ચિક, મકર |
| ૭૪ | નિર્વાણ નક્ષત્ર/રાશિ | રેવતી (પુષ્ય) / મીન | ૧૦૧ | સમ રાશિ × | કન્યા |
| ૭૫ | નિર્વાણ આસન | કાયોત્સર્ગ | ૧૦૨ | મધ્યમ રાશિ × | કર્ક |
| ૭૬ | નિર્વાણ તપ | ૩૦ ઉપવાસ | ૧૦૩ | અશુભ રાશિ × | કુંભ |
| ૭૭ | નિર્વાણ ભૂમિ | સમેતશિખર | ૧૦૪ | શત્રુ રાશિ × | તુલા |
| ૭૮ | સહ નિર્વાણ | ૬,૦૦૦ | ૧૦૫ | અશુભતર રાશિ × | નથી |
| ૭૯ | નિર્વાણ વેળા | રાત્રીના આગલા ભાગે | ૧૦૬ | વર્ગ/વર્ગેશ/આધાક્ષર | ચ / મૃગ ૭ / વિ |
| ૮૦ | સમેતશિખર ટુંક નામ | વિમલગિરિ | ૧૦૭ | આરાધના અંગ | આંગળી રક્ષા |
| ૮૧ | સમેતશિખર યાત્રા ફળ | ૧ કરોડ પૌષધ ઉપવાસ | ૧૦૮ | પ્રાકૃત નામ | વિમલં |

✓ રાશિવાળા જિનબિંબ ભરાવે

× રાશિવાળા જિનબિંબ ન ભરાવે

# શ્રી વિમલનાથ ભગવાન ની વિશિષ્ટ આરાધના

## સંસ્કૃત સ્તુતિ

विमलस्वामिनो वाचः कतकक्षोदसोदराः ।
जयन्तित्रिजगच्चेतो, जलनैर्मल्यहेतवः ॥

**અર્થ : કતકફળના ચૂર્ણ જેવી, ત્રણ જગતના ચિત્તરૂપી જળને નિર્મળ કરવામાં કારણરૂપ શ્રી વિમલ સ્વામીની વાણી જયવંતી વર્તે છે.**

## હિન્દી સ્તુતિ

जे विमल मनसा करी आराधे, विमल अक्षत पूज ही ।
धरि गन्ध नैवेद्य दीपक, करे आरति कूज ही ।
मन वचन काया शुद्ध करि नमुं, विमलनाथ जिनेश्वरं ।
सब भविक जन मिल करो पूजा, जपो नित परमेश्वरं ॥

## મરાઠી સ્તુતિ

स्वर्गीय कल्पतरूची नित पुष्प वृष्टि
जी ही चमत्कारी उर्ध्वमुखी ही सृष्टी
विमलनाथ मल काढे पाप कर्माचा सर्व
विमल होते मन आणि उतरतो गर्व

## અંગ્રેજી સ્તુતિ

Flowing water I have seen,
Make my heart so pure and clean
VIMALNATHJI wash my dirty mind
Remove dust of every kind.

**પ્રસિધ્ધ તીર્થો :**
બલસાણા
કંપિલપૂર

**સામાન્ય નામ અર્થ :**
બાહ્ય-અભ્યંતર કામ
ક્રોધાદિ સર્વમળનો
નાશ થયો માટે ...

**વિશેષ નામ અર્થ :**
માતાનું મન અને શરીર
ગર્ભના પ્રભાવે
વિમલ-ચોક્ખુ થવાથી ...

## ગુજરાતી સ્તુતિ

જેવી રીતે વિમલ જળથી વસ્ત્રનો મેલ જાય,
તેવી રીતે વિમલ જિનનાં ધ્યાનથી નષ્ટ થાયઃ
પાપો જૂનાં બહુ ભવતણાં, અજ્ઞાનથી કરેલાંઃ
તે માટે હે જિન! તુજ પદે પંડિતો છે નમેલાંઃ

## ગુજરાતી છંદ

જે પ્રાતિહાર્ય શુભ આઠ અશોક વૃક્ષ,
વૃષ્ટિ કરે કુસુમની સુરનાથ દક્ષઃ
બે ચામરો શુભ સુખાસન ભાસ્કરો તે,
છે છત્ર વિમલનાથ સદુંદુભિ તે.

## પ્રાર્થના

વિમલનાથ વત્સલતાદાયક, વારિ વહાવે સમતાનાં,
તેરમા તીર્થંકરના દર્શન, તોડે બંધન મમતાનાં.
શ્યામા માતાના હે નંદન ! કૃતવર્માના કૂળદીપક !
એક વાર તો પગલાં પાડો, મારા મનડાની ભીતર !

## ચૈત્યવંદન

કંપિલપુર વિમલ પ્રભુ, શ્યામા માત મલ્હાર
કૃતવર્મા નૃપ કુલ નભે, ઉગમિયો દિનકાર.....૧
લંછન રાજે વરાહનું, સાઠ ધનુષ્યની કાય
સાઠ લાખ વરસાં તણું, આયુ સુખદાય.........૨
વિમલ વિમલ પોતે થયા એ, સેવક વિમલ કરેહ
તુજ પદ પદ્મ વિમલ પ્રતિ, સેવું ધરી સસનેહ....૩

## શ્રી વિમલનાથ ભગવાનનું સ્તવન

સેવો ભવિયા વિમલ જિનેશ્વરઃ દુલહા સજ્જન સંગાજીઃ
એહવા પ્રભુનું દર્શન લહેવું, તે આળસમાંહી ગંગાજી. સેવો. ૧
અવસર પામી જે આળશ કરશે, તે મૂરખમાં પહેલોજીઃ
ભૂખ્યાને જિમ ઘેબર દેતાં, હાથ ન માંડે ઘેલોજી. સેવો. ૨
ભવ અનંતમાં દરિશન દીઠું, પ્રભુ એહવા દેખાડેજીઃ
વિકટ ગ્રંથી જે પોળ પોળીયો, કર્મ વિવર ઉઘાડેજી. સેવો. ૩
તત્ત્વ પ્રીતિકર પાણી પાયે, વિમલા લોકે આંજીજીઃ
લોચણ ગુરુ પરમાન્ન દીયે તવ, ભ્રમ નાંખે સવિ ભાંજીજી. સેવો. ૪
ભ્રમ ભાંગ્યો તવ પ્રભુશું પ્રેમે, વાત કરું મન ખોલીજીઃ
સરલ તણે જે હિયડે આવે, તેહ જણાવે બોલીજી. સેવો. ૫
શ્રી નયવિજય વિબુધ પય સેવક, વાચક જસ કહે સાચુંજીઃ
કોડી કપટ જો કોઈ દિખાવે, તોયે પ્રભુ વિણ નવિ રાચુંજી. સેવો. ૬

## થોય

વિમલ જિન જુહારો, પાપ સંતાપ વારો,
શ્યામાંબ મલ્હારો, વિશ્વે કીર્તી વિફારોઃ
યોજન વિસ્તારો, જાસ વાણી પ્રસારો,
ગુણગુણ આધારો, પુણ્યના એ પ્રકારોઃ

## સંવેદના

કૃતવર્મ રાજાના પુત્ર અને શ્યામાદેવીરૂપ શમી વૃક્ષમાંથી
ઉત્પન્ન થયેલ અગ્નિ સમાન એવા હે વિમલસ્વામી !
તમે અમારું મન નિર્મળ કરો.

## સમેતશિખર ટુંકનો દુહો

**નિર્મલ ગિરિ ટુંક વિમલનાથ, સમેતશિખર તીર્થ સાર;**
**સિદ્ધા મુનિ ક્રોડો અહીં, નમું પૂજું અનંતી વાર.**

**જાપ :** ૐ હ્રીં શ્રીં અર્હં વિમલનાથાય નમઃ ॥
**જાપ ફળ :** બુદ્ધિ નિર્મલ થાય

## ભગવાન ૩ ભવ

(૧) પદ્‌મસેન રાજા (સમકિતની પ્રાપ્તિ) (તીર્થંકર નામ કર્મ ગોત્ર ઉપાર્જન)
(૨) સહસ્ત્રારે દેવ
(૩) વિમળનાથ ભગવાન

## શ્રી વિમલનાથ ભગવાનની પંચકલ્યાણક આરાધના

૧. ચ્યવન કલ્યાણક તિથિ - વૈશાખ સુદ ૧૨ જાપ - ૐ હ્રીં વિમલનાથાય પરમેષ્ઠિને નમઃ
૨. જન્મ કલ્યાણક તિથિ - મહા સુદ ૩ જાપ - ૐ હ્રીં વિમલનાથાય અર્હતે નમઃ
૩. દિક્ષા કલ્યાણક તિથિ - મહા સુદ ૪ જાપ - ૐ હ્રીં વિમલનાથાય નાથાય નમઃ
૪. કેવલજ્ઞાન કલ્યાણક તિથિ - મહા સુદ ૨ જાપ - ૐ હ્રીં વિમલનાથાય સર્વજ્ઞાય નમઃ
૫. મોક્ષ કલ્યાણક તિથિ - જેઠ વદ ૭ જાપ - ૐ હ્રીં વિમલનાથાય પારંગતાય નમઃ

# ૧૪ શ્રી સુરત તીર્થાધિપતિ શ્રી અનંતનાથ ભગવાન





### શાસન યક્ષ

**શ્રી પાતાલ યક્ષ નું વર્ણન :**
રક્તવર્ણ, ત્રણ મુખ, મગરનું વાહન અને છ ભુજા. જમણા ત્રણ હાથમાં કમલ, તલવાર અને પાશ, ડાબા ત્રણ હાથમાં નોળીઓ, ઢાલ અને જપમાળા.



### શાસન યક્ષિણી

**શ્રી અંકુશા દેવી નું વર્ણન :**
ગૌરવર્ણ, કમલનું વાહન અને ચાર ભુજા. જમણા બે હાથમાં તલવાર અને પાશ, ડાબા બે હાથમાં ચામડાની ઢાલ અને અંકુશ.

**લાંછન**



**સિંચાણો**

**શ્રી પાંસઠીયો યંત્ર**

| | | | | |
|---|---|---|---|---|
| ૧૮ | ૧ | ૧૪ | ૨૨ | ૧૦ |
| ૨૪ | ૭ | ૨૦ | ૩ | ૧૧ |
| ૫ | ૧૩ | ૨૧ | ૯ | ૧૭ |
| ૧૨ | ૨૫ | ૮ | ૧૬ | ૪ |
| ૬ | ૧૯ | ૨ | ૧૫ | ૨૩ |

# શ્રી અનંતનાથ ભગવાન ની સંક્ષિપ્ત વિગત

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | પિતા | સિંહસેન | ૨૮ | પત્નીનું નામ | કમલાદેવી |
| ૨ | માતા | સુયશારાણી | ૨૯ | પુત્ર | ૮૮ |
| ૩ | લાંછન | સિંચાણો | ૩૦ | પુત્રી | નથી |
| ૪ | શાસન યક્ષ | પાતાલ (પયાલ) | ૩૧ | ગૃહસ્થ કાળ | ૨૨॥ લાખ વર્ષ |
| ૫ | શાસન યક્ષિણી | અંકુશા (અંકુસી) | ૩૨ | માતાની ગતિ | સનત્કુમાર દેવ |
| ૬ | શરીરની ઉંચાઈ | ૫૦ ધનુષ્ય | ૩૩ | પિતાની ગતિ | સનત્કુમાર દેવ |
| ૭ | શરીર વર્ણ / પ્રમાણ | સુવર્ણ / ૧૨ અંગુલ | ૩૪ | દીક્ષા તિથિ મારવાડી | વૈશાખ વદ ૧૪ |
| ૮ | પૂર્વ ભવ સંખ્યા | ૩ | ૩૫ | દીક્ષા તિથિ ગુજરાતી | ચૈત્ર વદ ૧૪ |
| ૯ | પૂર્વ ભવે નામ | પદ્મરથ | ૩૬ | દીક્ષા નગરી | અયોધ્યા |
| ૧૦ | પૂર્વ ભવ નગરી... | રિષ્ટાનગરી (અરિષ્ટા) | ૩૭ | દીક્ષા ભૂમિ | સહસામ્રવન |
| ૧૧ | ...દ્વીપ/વિદેહ/વિજય | ઘાતકીખંડ / પૂર્વ / ઐરાવત | ૩૮ | સહ દીક્ષા | ૧,૦૦૦ |
| ૧૨ | પૂર્વ ભવના ગુરુ | ચિત્રરથ | ૩૯ | શિબિકાનું નામ | સાગરદત્તા |
| ૧૩ | પૂર્વ ભવનું દેવ આયુ | ૨૦ સાગરોપમ | ૪૦ | દીક્ષાનો સમય/લોચ | બપોર / પંચમુષ્ઠી |
| ૧૪ | કયા દેવલોકથી ચ્યવન | પ્રાણત | ૪૧ | દીક્ષા-તપ | છઠ્ઠ |
| ૧૫ | પહેલે સ્વપ્ને | હાથી | ૪૨ | પ્રથમ પારણા દ્રવ્ય | પરમાન્ન - ખીર |
| ૧૬ | ચ્યવન તિથિ મારવાડી | શ્રાવણ વદ ૭ | ૪૩ | પ્રથમ પારણા નગરી | વર્ધમાનપુર |
| ૧૭ | ચ્યવન તિથિ ગુજરાતી | અષાઢ વદ ૭ | ૪૪ | પ્રથમ ભિક્ષા દાતા | વિજયનૃપ |
| ૧૮ | ગર્ભ કાળ | ૯ માસ ૬ દિન | ૪૫ | છદ્મસ્થ કાળ | ૩ વર્ષ |
| ૧૯ | જન્મ આરો | ચોથા આરાના ઉત્તરાર્ધે | ૪૬ | કેવળજ્ઞાન તિથિ મારવાડી | વૈશાખ વદ ૧૪ |
| ૨૦ | જન્મ નગરી | અયોધ્યા | ૪૭ | કેવળજ્ઞાન તિથિ ગુજરાતી | ચૈત્ર વદ ૧૪ |
| ૨૧ | જન્મ દેશ | કોશલ | ૪૮ | કેવળજ્ઞાન નગરી | અયોધ્યા |
| ૨૨ | જન્મ તિથિ મારવાડી | વૈશાખ વદ ૧૨ | ૪૯ | કેવળજ્ઞાન ભૂમિ | સહસામ્રવન |
| ૨૩ | જન્મ તિથિ ગુજરાતી | ચૈત્ર વદ ૧૩ | ૫૦ | કેવળજ્ઞાન તપ/વૃક્ષ | છઠ્ઠ / અશોક (અશ્વત્થ) |
| ૨૪ | વંશ / ગોત્ર | ઈક્ષ્વાકુ / કાશ્યપ | ૫૧ | ઉત્કૃષ્ટ તપ | આઠ માસ ઉપવાસ |
| ૨૫ | કુમાર અવસ્થા | ૭॥ લાખ વર્ષ | ૫૨ | જ્ઞાન વૃક્ષની ઉંચાઈ | ૬૦૦ ધનુષ્ય |
| ૨૬ | રાજ્ય અવસ્થા | ૧૫ લાખ વર્ષ | ૫૩ | સમવસણ ઊંચાઈ | ૨૨ કોષ (અશોકવૃક્ષ સાથે) |
| ૨૭ | વિવાહિત/અવિવાહિત | વિવાહિત | ૫૪ | પ્રથમ દેશના વિષય | લોક ભાવના - નવતત્ત્વનું સ્વરૂપ |

# શ્રી અનંતનાથ ભગવાન ની સંક્ષિપ્ત વિગત

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૫૫ | પ્રથમ ગણધર/સંખ્યા | યશ / ૫૦ | ૮૨ | તે ટુંક ઉપર મોક્ષે ગયા | ૬૯ કોડા કોડી ૧૭,૭૦,૭૦,૭૦૦ |
| ૫૬ | પ્રથમ શિષ્યા (સાધ્વી) | પદ્મા | ૮૩ | કુલ દીક્ષા પર્યાય | ૭ાા લાખ વર્ષ |
| ૫૭ | મુખ્ય ભક્ત રાજા | પુરૂષોત્તમ વાસુદેવ | ૮૪ | આયુષ્ય | ૩૦ લાખ વર્ષ |
| ૫૮ | કેવળ જ્ઞાની | ૫,૦૦૦ | ૮૫ | અંતરમાન | ૯ સાગરોપમ |
| ૫૯ | મનઃ પર્યવજ્ઞાની | ૫,૦૦૦ | ૮૬ | તીર્થ આશ્ચર્ય ઉત્પત્તિ | નથી |
| ૬૦ | અવધિ જ્ઞાની | ૪,૩૦૦ | ૮૭ | તીર્થોત્તમપુરુષ | પુરૂષોત્તમ વાસુદેવ |
| ૬૧ | ચૌદ પૂર્વધર | ૧,૦૦૦ | ૮૮ | શાસનમાં વિશિષ્ટ તપ | વીશ સ્થાનક / કલ્યાણક તપ |
| ૬૨ | વૈક્રિય લબ્ધિધર | ૮,૦૦૦ | ૮૯ | જિનાલય શિલ્પનામ | ધનપૂર્ણ |
| ૬૩ | સાધુ સંખ્યા/સાધુ વસ્ત્ર | ૬૬,૦૦૦ / પંચરંગી | ૯૦ | જિનાલય દિશા દ્વાર | ઉત્તર |
| ૬૪ | સાધુ સ્વભાવ/મહાવ્રત | ઋજુ અને પ્રાજ્ઞ / ૪ | ૯૧ | ચ્ય.જ.દી.કે.નક્ષત્ર | રેવતી |
| ૬૫ | સાધ્વીની સંખ્યા | ૬૨,૦૦૦ | ૯૨ | નક્ષત્ર ક્રમાંક / તારા | ૨૭ / ૮ |
| ૬૬ | વાદી મુનિ | ૩,૨૦૦ | ૯૩ | સ્વરાશિ ૩ | મીન |
| ૬૭ | શ્રાવકની સંખ્યા | ૨,૦૬,૦૦૦ | ૯૪ | રાશિ સ્વામી/રાશિ નાડી | ગુરૂ / અંત્ય |
| ૬૮ | પ્રથમ શ્રાવક નામ | અપ્રસિદ્ધ | ૯૫ | રાશિ ગણ/ રાશિ યોનિ | દેવ / હસ્તિ |
| ૬૯ | શ્રાવિકાની સંખ્યા | ૪,૧૪,૦૦૦ | ૯૬ | રાશિ તત્ત્વ/ રાશિ જાતિ | જલ / વિપ્ર |
| ૭૦ | પ્રથમ શ્રાવિકા નામ | અપ્રસિદ્ધ | ૯૭ | શ્રેષ્ઠત્તર રાશિ ✓ | ધન |
| ૭૧ | કેવળ જ્ઞાન કાળ | ૩ વર્ષ ન્યૂન ૭ાા લાખ વર્ષ | ૯૮ | શ્રેષ્ઠ રાશિ ✓ | મેષ, મિથુન |
| ૭૨ | નિર્વાણ તિથિ મારવાડી | ચૈત્ર સુદ ૫ | ૯૯ | પ્રીતિ રાશિ ✓ | સિંહ |
| ૭૩ | નિર્વાણ તિથિ ગુજરાતી | ચૈત્ર સુદ ૫ | ૧૦૦ | શુભ રાશિ ✓ | વૃષભ, વૃશ્ચિક, મકર |
| ૭૪ | નિર્વાણ નક્ષત્ર/રાશિ | રેવતી (પુષ્ય) / મીન | ૧૦૧ | સમ રાશિ × | કન્યા |
| ૭૫ | નિર્વાણ આસન | કાયોત્સર્ગ | ૧૦૨ | મધ્યમ રાશિ × | કર્ક |
| ૭૬ | નિર્વાણ તપ | ૩૦ ઉપવાસ | ૧૦૩ | અશુભ રાશિ × | કુંભ |
| ૭૭ | નિર્વાણ ભૂમિ | સમેતશિખર | ૧૦૪ | શત્રુ રાશિ × | તુલા |
| ૭૮ | સહ નિર્વાણ | ૭,૦૦૦ | ૧૦૫ | અશુભતર રાશિ × | નથી |
| ૭૯ | નિર્વાણ વેળા | રાત્રિના આગલા ભાગે | ૧૦૬ | વર્ગ/વર્ગેશ/આધાક્ષર | અ / ગરૂડ ૧ / અ |
| ૮૦ | સમેતશિખર ટુંક નામ | હિમગિરિ | ૧૦૭ | આરાધના અંગ | નખ રક્ષા |
| ૮૧ | સમેતશિખર યાત્રા ફળ | ૧ કરોડ પૌષધ ઉપવાસ | ૧૦૮ | પ્રાકૃત નામ | અણંતં |

✓ રાશિવાળા જિનબિંબ ભરાવે

× રાશિવાળા જિનબિંબ ન ભરાવે

# શ્રી અનંતનાથ ભગવાન વિશિષ્ટ આરાધના

## સંસ્કૃત સ્તુતિ

स्वयम्भूरमणस्पर्द्धि, करुणारसवारिणा ।
अनन्तजिदनन्तां वः, प्रयच्छतुसुखश्रियम् ॥

અર્થ : સ્વયંભૂરમણ (છેલ્લા) સમુદ્રની હરીફાઈ કરનાર અર્થાત્ તેથી પણ અધિક એવા કરુણારસરૂપી જળવડે યુક્ત શ્રી અનંતનાથ ભગવાન તમને, જેનો અંત નથી એવી મોક્ષ સુખ રૂપી લક્ષ્મીને આપો.

## હિન્દી સ્તુતિ

भव ताप हरणं सुख करणं, विमल ज्ञान सुधापनं ।
सब नरक टारन दुःख निवारन, मुक्ति रामा आपनं ।
अनंत गुण तुम मांही प्रभुजी, अनंतनाथ जिनेश्वरं ।
सब भविक जन मिल करो पूजा, जपो नित परमेश्वरं ॥

## મરાઠી સ્તુતિ

दर्शन दे रे दे रे भगवंता
किति अंत पाहू नको रे अनंता
सादि - अनंता तु आहे आता
अनंतनाथा तु अनंता अनंता

## અંગ્રેજી સ્તુતિ

So many stars are in the sky,
Counting ever can't I try,
Ocean I cannot measure,
Such is ANANTHNATH'S treasure

**પ્રસિધ્ધ તીર્થો :**
અયોધ્યા,
સુરત, સ્થંભનપૂર

**સામાન્ય નામ અર્થ :**
રત્નત્રયીથી
અનંત છે માટે ...

**વિશેષ નામ અર્થ :**
માતાએ અનંત
મણિ-રત્નોથી સ્વપ્નમાં
માળા જોઈ તેથી ...

## ગુજરાતી સ્તુતિ

જેઓ મુક્તિ નગર વસતા કાળ સાદિ અનંત,
ભાવે ધ્યાવે અવિચલપણે જેહને સાધુ સંતઃ
જેહની સેવા સુરમણિ પરે સૌખ્ય આપે અનંત,
નિત્યે મ્હારા હૃદયકમલે આવજો શ્રી અનંતઃ

## ગુજરાતી છંદ

સંઠાણ છે સમ સદા ચતુરસ્ત્ર તારું,
સંઘેણ વ્રજઋષભાદિ દીપાવનારુંઃ
અજ્ઞાન ક્રોધ મદ મોહ હર્યા તમોએ,
એવા અનંત પ્રભુને નમીએ અમોએ,

## પ્રાર્થના

અનંતનાથ સ્વામી અવિકારી, અક્ષયપદથી યુક્ત બન્યા.
જન્મજરા મૃત્યુના બંધનથી પ્રભુવર તમે મુક્ત બન્યા.
સિંહસેન સુયશાના જાયા જગત્પૂજ્ય પાવનકારી
અયોધ્યાના રાજા તુમ પર, સંઘ ચતુર્વિધ બલિહારી !

## ચૈત્યવંદન

અનંત અનંત ગુણ આગરૂં, અયોધ્યાવાસી,
સિંહસેન નૃપ નંદનો, થયો પાપ નિકાસી ........૧
સુજસા માતા જનમીયો, ત્રીશ લાખ ઉદાર
વરસ આઉખું પાલીયું, જિનવર જયકાર .........૨
લંછન સિંચાણા તણું એ, કાયા ધનુષ પચાસ
જિનપદ પદ્મ નમ્યા થકી, લહીયે સહજ વિલાસ...૩

## શ્રી અનંતનાથ ભગવાનનું સ્તવન

ધાર તલવારની સોહિલી દોહિલી, ચૌદમાં જિનતણી ચરણસેવાઃ
ધાર પર નાચતા દેખ બાજીગરા, સેવના ધાર પર રહે ન દેવા ૧
એક કહે સેવીએ વિવિધ કિરિયા કરી, ફળ અનેકાંત લોચન ન દેખેઃ
ફળ અનેકાંત કિરિયા કરી બાપડા, રડવડે ચાર ગતિમાંહિ લેખે ૨
ગચ્છના ભેદ બહુ નયન નિહાળતાં, તત્ત્વની વાત કરતાં ન લાજેઃ
ઉદર ભરણાદિ નિજ કાજ કરતાં થકા, મોહ નડિયા કલિકાલ રાજે ૩
વચન નિરપેક્ષ વ્યવહાર જૂઠો કહ્યો, વચન સાપેક્ષ વ્યવહાર સાચોઃ
વચન નિરપેક્ષ વ્યવહાર સંસાર ફળ, સાંભળી આદરી કાંઈ રાચો ૪
દેવગુરુ ધર્મની શુદ્ધિ કહો કીમ રહે ? કિમ રહે શુદ્ધ શ્રદ્ધા ન જાણો ?
શુદ્ધ શ્રદ્ધા ન વિણ સર્વ કિરિયા કહી, છાર પર લીંપણું તેહ જાણો ૫
પાપ નહીં કોઈ ઉત્સુત્ર ભાષણ જિસ્યું, ધર્મ નહીં કોઈ જગસુત્ર સરિખોઃ
સૂત્ર અનુસાર જે ભાવિક કિરિયા કરે, તેહનું શુદ્ધ ચારિત્ર પરિખો ૬
એહ ઉપદેશનો સાર સંક્ષેપથી, જે નરા ચિત્તમાં નિત્ય ધ્યાવેઃ
તે નરા દિવ્ય બહુ કાળ સુખ અનુભવી, નિયત આનંદઘન રાજ પાવે ૭

## થોય

અનંત અનંતવાણી, જાસ મહિમા ગવાણી,
સુરનર તિરિ પ્રાણી, સાંભળે જાસવાણીઃ
એક વચન સમજાણી, જેહ સ્યાદ્વાદ જાણી,
તર્યા તે ગુણ ખાણી, પામીઆ સિદ્ધિ રાણીઃ

## સંવેદના

સિંહસેન રાજાના કુળમાં મંગળ દીપક સમાન
અને સુયશાદેવીના પુત્ર હે અનંત ભગવાન !
તમે અનંત સુખ આપો.

## સમેતશિખર ટુંકનો દુહો

**સ્વયંભૂ ગિરિ ટુંક અંનતનાથ, સમેતશિખર તીર્થ સાર;**
**સિદ્ધા મુનિ ક્રોડો અહીં, નમું પૂજું અનંતી વાર.**

જાપ : ૐ હ્રીં શ્રીં અર્હ અનંતનાથાય નમઃ ॥
જાપ ફળ : વિદ્યા પ્રાપ્ત થાય

## ભગવાન ૩ ભવ

(૧) પદ્મધર રાજા (સમકિતની પ્રાપ્તિ) (તીર્થંકર નામ કર્મ ગોત્ર ઉપાર્જન)
(૨) પ્રાણતે દેવ
(૩) અનંતનાથ ભગવાન

## શ્રી અનંતનાથ ભગવાન પંચકલ્યાણક આરાધના

૧. ચ્યવન કલ્યાણક તિથિ - અષાઢ વદ ૭ જાપ - ૐ હ્રીં અનંતનાથાય પરમેષ્ઠિને નમઃ
૨. જન્મ કલ્યાણક તિથિ - ચૈત્ર વદ ૧૩ જાપ - ૐ હ્રીં અનંતનાથાય અર્હતે નમઃ
૩. દિક્ષા કલ્યાણક તિથિ - ચૈત્ર વદ ૧૪ જાપ - ૐ હ્રીં અનંતનાથાય નાથાય નમઃ
૪. કેવલજ્ઞાન કલ્યાણક તિથિ - ચૈત્ર વદ ૧૪ જાપ - ૐ હ્રીં અનંતનાથાય સર્વજ્ઞાય નમઃ
૫. મોક્ષ કલ્યાણક તિથિ - ચૈત્ર સુદ ૫ જાપ - ૐ હ્રીં અનંતનાથાય પારંગતાય નમઃ

## ૧૫ શ્રી કાવી તીર્થાધિપતિ શ્રી ધર્મનાથ ભગવાન





### શાસન યક્ષ

**શ્રી કિન્નર યક્ષ નું વર્ણન :**
રક્તવર્ણ, ત્રણ મુખ, કાચબાનું વાહન અને છ ભુજા, જમણા ત્રણ હાથમાં બીજોરૂં, ગદા અને અભય, ડાબા ત્રણ હાથમાં નોળીઓ, કમલ અને જપમાલા



### શાસન યક્ષિણી

**શ્રી કંદર્પા દેવી (પ્રજ્ઞપ્તિ) નું વર્ણન :**
ગૌરવર્ણ, મત્સ્યનું વાહન, ચાર ભુજા, જમણા બે હાથમાં ઉત્પલ અને અંકુશ, ડાબા બે હાથમાં કમલ અને અભય

**લાંછન**



વજ્ર

**શ્રી પાંસઠીયો યંત્ર**

| | | | | |
|---|---|---|---|---|
| ૨ | ૧૯ | ૧૫ | ૬ | ૨૩ |
| ૨૦ | ૭ | ૩ | ૨૪ | ૧૧ |
| ૮ | ૨૫ | ૧૬ | ૧૨ | ૪ |
| ૨૧ | ૧૩ | ૯ | ૫ | ૧૭ |
| ૧૪ | ૧ | ૨૨ | ૧૮ | ૧૦ |

## શ્રી ધર્મનાથ ભગવાન ની સંક્ષિપ્ત વિગત

| | | |
|---|---|---|
| ૧ | પિતા | ભાનુ |
| ૨ | માતા | સુવ્રતારાણી |
| ૩ | લાંછન | વજ્ર |
| ૪ | શાસન યક્ષ | કિન્નર |
| ૫ | શાસન યક્ષિણી | કંદર્પા (પ્રજ્ઞપ્તિ)(પન્નઈત્તિ) |
| ૬ | શરીરની ઉંચાઈ | ૪૫ ધનુષ્ય |
| ૭ | શરીર વર્ણ / પ્રમાણ | સુવર્ણ/૧૦ અંગુલ ૪૦ અંશ |
| ૮ | પૂર્વ ભવ સંખ્યા | ૩ |
| ૯ | પૂર્વ ભવે નામ | દૃઢરથ |
| ૧૦ | પૂર્વ ભવ નગરી... | ભદ્દિલપુર |
| ૧૧ | ...દ્વીપ/વિદેહ/વિજય | ઘાતકીખંડ / પૂર્વ / ભરત |
| ૧૨ | પૂર્વ ભવના ગુરુ | વિમલવાહન |
| ૧૩ | પૂર્વ ભવનું દેવ આયુ | ૩૨ સાગરોપમ |
| ૧૪ | કયા દેવલોકથી ચ્યવન | વિજય (વૈજયંત) |
| ૧૫ | પહેલે સ્વપ્ને | હાથી |
| ૧૬ | ચ્યવન તિથિ મારવાડી | વૈશાખ સુદ ૭ |
| ૧૭ | ચ્યવન તિથિ ગુજરાતી | વૈશાખ સુદ ૭ |
| ૧૮ | ગર્ભ કાળ | ૮ માસ ૨૬ દિન |
| ૧૯ | જન્મ આરો | ચોથા આરાના ઉત્તરાર્ધે |
| ૨૦ | જન્મ નગરી | રત્નપુરી |
| ૨૧ | જન્મ દેશ | ઉત્તર કોશલ |
| ૨૨ | જન્મ તિથિ મારવાડી | મહા સુદ ૩ |
| ૨૩ | જન્મ તિથિ ગુજરાતી | મહા સુદ ૩ |
| ૨૪ | વંશ / ગોત્ર | ઈક્ષ્વાકુ / કાશ્યપ |
| ૨૫ | કુમાર અવસ્થા | ૨॥ લાખ વર્ષ |
| ૨૬ | રાજ્ય અવસ્થા | ૫ લાખ વર્ષ |
| ૨૭ | વિવાહિત/અવિવાહિત | વિવાહિત |
| ૨૮ | પત્નીનું નામ | સુનંદા |
| ૨૯ | પુત્ર | ૧૯ |
| ૩૦ | પુત્રી | નથી |
સુમિત્ર રાજારૂપી હિમાચલમાં પદ્મદ્રહ સમાન
અને પદ્માવતી દેવીના પુત્ર હે મુનિસુવ્રતપ્રભુ !
તમને હું નમસ્કાર કરું છું.

### સમેતશિખર ટુંકનો દુહો

**નિર્જર ગિરિ ટુંક મુનિસુવ્રત પ્રભુ, સમેતશિખર તીર્થ સાર;**
**સિદ્ધા મુનિ ક્રોડો અહીં, નમું પૂજું અનંતી વાર.**

જાપ : ૐ હ્રીં શ્રીં અર્હં મુનિસુવ્રત સ્વામિને નમઃ ॥
જાપ ફળ : શનિ ગ્રહની શાંતિ થાય

### ભગવાન ૩ ભવ

(૧) સુરવિષ્ટ રાજા (સમકિતની પ્રાપ્તિ) (તીર્થંકર નામ કર્મ ગોત્ર ઉપાર્જન)
(૨) પ્રાણતે દેવ
(૩) મુનિસુવ્રત સ્વામી ભગવાન (મતાન્તરે ૯ ભવ)

## શ્રી મુનિસુવ્રત સ્વામી પંચકલ્યાણક આરાધના

૧. ચ્યવન કલ્યાણક તિથિ - શ્રાવણ સુદ ૧૫ જાપ - ૐ હ્રીં મુનિસુવ્રત સ્વામિને પરમેષ્ઠિને નમઃ
૨. જન્મ કલ્યાણક તિથિ - વૈશાખ વદ ૮ જાપ - ૐ હ્રીં મુનિસુવ્રત સ્વામિને અર્હતે નમઃ
૩. દિક્ષા કલ્યાણક તિથિ - ફાગણ સુદ ૧૨ જાપ - ૐ હ્રીં મુનિસુવ્રત સ્વામિને નાથાય નમઃ
૪. કેવલજ્ઞાન કલ્યાણક તિથિ - મહા વદ ૧૨ જાપ - ૐ હ્રીં મુનિસુવ્રત સ્વામિને સર્વજ્ઞાય નમઃ
૫. મોક્ષ કલ્યાણક તિથિ - વૈશાખ વદ ૯ જાપ - ૐ હ્રીં મુનિસુવ્રત સ્વામિને પારંગતાય નમઃ

# ૨૧ શ્રી અમદાવાદ તીર્થાધિપતિ શ્રી નમિનાથ ભગવાન





**શાસન યક્ષ**

**શ્રી ભૃકુટી યક્ષ** નું વર્ણન :
સુવર્ણવર્ણ, ચાર મુખ, ત્રણ નેત્ર, વૃષભવાહન અને આઠ ભુજા. જમણા ચાર હાથમાં બીજોરૂં, શક્તિ, મુદ્‌ગર અને અભય. ડાબા ચાર હાથમાં નોળીઓ, પરશુ, વજ અને જપમાળા



**શાસન યક્ષિણી**

**શ્રી ગાંધારી દેવી** નું વર્ણન :
શ્વેતવર્ણ, હંસનું વાહન તથા ચાર ભુજા. જમણા બે હાથમાં વરદ અને તલવાર. ડાબા બે હાથમાં બીજોરૂં અને કુંભ

**લાંછન**



**નીલકમલ**

**શ્રી પાંસઠીયો યંત્ર**

| | | | | |
|---|---|---|---|---|
| ૧૪ | ૨૦ | ૨૧ | ૨ | ૮ |
| ૨૨ | ૩ | ૯ | ૧૫ | ૧૬ |
| ૧ | ૭ | ૧૩ | ૧૯ | ૨૫ |
| ૧૮ | ૨૪ | ૫ | ૬ | ૧૨ |
| ૧૦ | ૧૧ | ૧૭ | ૨૩ | ૪ |

# શ્રી નમિનાથ ભગવાન ની સંક્ષિપ્ત વિગત

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | પિતા | વિજય | ૨૮ | પત્નીનું નામ | આનંદા |
| ૨ | માતા | વપ્રારાણી | ૨૯ | પુત્ર | નથી |
| ૩ | લાંછન | નીલકમલ | ૩૦ | પુત્રી | નથી |
| ૪ | શાસન યક્ષ | ભૃકુટી (ભિઉડી) | ૩૧ | ગૃહસ્થ કાળ | ૭,૫૦૦ વર્ષ |
| ૫ | શાસન યક્ષિણી | ગાંધારી (ગંધારી) | ૩૨ | માતાની ગતિ | માહેન્દ્ર દેવલોક |
| ૬ | શરીરની ઉંચાઈ | ૧૫ ધનુષ્ય | ૩૩ | પિતાની ગતિ | માહેન્દ્ર દેવલોક |
| ૭ | શરીર વર્ણ / પ્રમાણ | સુવર્ણ/૩ અંગુલ ૩૦ અંશ | ૩૪ | દીક્ષા તિથિ મારવાડી | અષાઢ વદ ૯ |
| ૮ | પૂર્વ ભવ સંખ્યા | ૩ | ૩૫ | દીક્ષા તિથિ ગુજરાતી | જેઠ વદ ૯ |
| ૯ | પૂર્વ ભવે નામ | સિદ્ધાર્થ | ૩૬ | દીક્ષા નગરી | મિથિલા |
| ૧૦ | પૂર્વ ભવ નગરી... | કૌશાંબી | ૩૭ | દીક્ષા ભૂમિ | સહસામ્રવન |
| ૧૧ | ...દ્વીપ/વિદેહ/વિજય | જંબુ / પશ્ચિમ/ ભરત | ૩૮ | સહ દીક્ષા | ૧,૦૦૦ |
| ૧૨ | પૂર્વ ભવના ગુરુ | નંદ | ૩૯ | શિબિકાનું નામ | દેવકુરૂ |
| ૧૩ | પૂર્વ ભવનું દેવ આયુ | ૨૦ સાગરોપમ | ૪૦ | દીક્ષાનો સમય/લોચ | બપોર / પંચમુષ્ઠી |
| ૧૪ | કયા દેવલોકથી ચ્યવન | પ્રાણત (અપરાજિત) | ૪૧ | દીક્ષા-તપ | છઠ્ઠ |
| ૧૫ | પહેલે સ્વપ્ને | હાથી | ૪૨ | પ્રથમ પારણા દ્રવ્ય | પરમાન્ન - ખીર |
| ૧૬ | ચ્યવન તિથિ મારવાડી | આસો સુદ ૧૫ | ૪૩ | પ્રથમ પારણા નગરી | વીરપુર |
| ૧૭ | ચ્યવન તિથિ ગુજરાતી | આસો સુદ ૧૫ | ૪૪ | પ્રથમ ભિક્ષા દાતા | દત્ત (દિન્ન) |
| ૧૮ | ગર્ભ કાળ | ૯ માસ ૮ દિન | ૪૫ | છદ્મસ્થ કાળ | નવ માસ |
| ૧૯ | જન્મ આરો | ચોથા આરાના અંતે | ૪૬ | કેવળજ્ઞાન તિથિ મારવાડી | માગસર સુદ ૧૧ |
| ૨૦ | જન્મ નગરી | મિથિલા | ૪૭ | કેવળજ્ઞાન તિથિ ગુજરાતી | માગસર સુદ ૧૧ |
| ૨૧ | જન્મ દેશ | વિદેહ | ૪૮ | કેવળજ્ઞાન નગરી | મિથિલા |
| ૨૨ | જન્મ તિથિ મારવાડી | શ્રાવણ વદ ૮ | ૪૯ | કેવળજ્ઞાન ભૂમિ | મિથિલાનું ઉદ્યાન |
| ૨૩ | જન્મ તિથિ ગુજરાતી | અષાઢ વદ ૮ | ૫૦ | કેવળજ્ઞાન તપ/વૃક્ષ | છઠ્ઠ / બકુલ |
| ૨૪ | વંશ / ગોત્ર | ઈક્ષ્વાકુ / કાશ્યપ | ૫૧ | ઉત્કૃષ્ટ તપ | ૮ માસ ઉપવાસ |
| ૨૫ | કુમાર અવસ્થા | ૨૫૦૦ વર્ષ | ૫૨ | જ્ઞાન વૃક્ષની ઉંચાઈ | ૧૮૦ ધનુષ્ય |
| ૨૬ | રાજ્ય અવસ્થા | ૫૦૦૦ વર્ષ | ૫૩ | સમવસણ ઊંચાઈ | ૮ કોષ (અશોકવૃક્ષ સાથે) |
| ૨૭ | વિવાહિત/અવિવાહિત | વિવાહિત | ૫૪ | પ્રથમ દેશના વિષય | શ્રાવક કરણી |

# શ્રી નમિનાથ ભગવાન ની સંક્ષિપ્ત વિગત

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૫૫ | પ્રથમ ગણધર/સંખ્યા | શુભ / ૧૭ | ૮૨ | તે ટુંક ઉપર મોક્ષે ગયા | ૧ અરબ ૪૫ લાખ ૭૯૪૨ |
| ૫૬ | પ્રથમ શિષ્યા (સાધ્વી) | અનિલા | ૮૩ | કુલ દીક્ષા પર્યાય | ૨,૫૦૦ વર્ષ |
| ૫૭ | મુખ્ય ભક્ત રાજા | હરિષેણ ચક્રવર્તી | ૮૪ | આયુષ્ય | ૧૦,૦૦૦ વર્ષ |
| ૫૮ | કેવળ જ્ઞાની | ૧,૬૦૦ | ૮૫ | અંતરમાન | ૬ લાખ વર્ષ |
| ૫૯ | મનઃ પર્યવજ્ઞાની | ૧,૨૫૦ | ૮૬ | તીર્થ આશ્ચર્ય ઉત્પત્તિ | નથી |
| ૬૦ | અવધિ જ્ઞાની | ૧,૬૦૦ | ૮૭ | તીર્થોત્તમપુરુષ | હરિષેણ - જયચક્રી |
| ૬૧ | ચૌદ પૂર્વધર | ૪૫૦ | ૮૮ | શાસનમાં વિશિષ્ટ તપ | ૧૫૦ કલ્યાણક તપ |
| ૬૨ | વૈક્રિય લબ્ધિધર | ૫,૦૦૦ | ૮૯ | જિનાલય શિલ્પનામ | નેમિશૃંગ |
| ૬૩ | સાધુ સંખ્યા/સાધુ વસ્ત્ર | ૨૦,૦૦૦ / પંચરંગી | ૯૦ | જિનાલય દિશા દ્વાર | ઉત્તર |
| ૬૪ | સાધુ સ્વભાવ/મહાવ્રત | ઋજુ અને પ્રજ્ઞા / ૪ | ૯૧ | ચ્ય.જ.દી.કે.નક્ષત્ર | અશ્વિની |
| ૬૫ | સાધ્વીની સંખ્યા | ૪૧,૦૦૦ | ૯૨ | નક્ષત્ર ક્રમાંક / તારા | ૧ |
| ૬૬ | વાદી મુનિ | ૧,૦૦૦ | ૯૩ | સ્વરાશિ ૩ | મેષ |
| ૬૭ | શ્રાવકની સંખ્યા | ૧,૭૦,૦૦૦ | ૯૪ | રાશિ સ્વામી/રાશિ નાડી | મંગળ / આદ્ય |
| ૬૮ | પ્રથમ શ્રાવક નામ | અપ્રસિદ્ધ | ૯૫ | રાશિ ગણ/ રાશિ યોનિ | દેવ / અશ્વ |
| ૬૯ | શ્રાવિકાની સંખ્યા | ૩,૪૮,૦૦૦ | ૯૬ | રાશિ તત્ત્વ/ રાશિ જાતિ | અગ્નિ / ક્ષત્રિય |
| ૭૦ | પ્રથમ શ્રાવિકા નામ | અપ્રસિદ્ધ | ૯૭ | શ્રેષ્ઠત્તર રાશિ ✓ | કર્ક |
| ૭૧ | કેવળ જ્ઞાન કાળ | ૯ માસ ન્યૂન ૨૫૦૦ વર્ષ | ૯૮ | શ્રેષ્ઠ રાશિ ✓ | મકર, મીન |
| ૭૨ | નિર્વાણ તિથિ મારવાડી | વૈશાખ વદ ૧૦ | ૯૯ | પ્રીતિ રાશિ ✓ | વૃશ્ચિક |
| ૭૩ | નિર્વાણ તિથિ ગુજરાતી | ચૈત્ર વદ ૧૦ | ૧૦૦ | શુભ રાશિ ✓ | મિથુન, સિંહ, ધન, કુંભ |
| ૭૪ | નિર્વાણ નક્ષત્ર/રાશિ | અશ્વિની / મેષ | ૧૦૧ | સમ રાશિ × | તુલા |
| ૭૫ | નિર્વાણ આસન | કાયોત્સર્ગ | ૧૦૨ | મધ્યમ રાશિ × | નથી |
| ૭૬ | નિર્વાણ તપ | ૩૦ ઉપવાસ | ૧૦૩ | અશુભ રાશિ × | વૃષભ |
| ૭૭ | નિર્વાણ ભૂમિ | સમેતશિખર | ૧૦૪ | શત્રુ રાશિ × | કન્યા |
| ૭૮ | સહ નિર્વાણ | ૧,૦૦૦ | ૧૦૫ | અશુભતર રાશિ × | નથી |
| ૭૯ | નિર્વાણ વેળા | રાત્રીના આગલા ભાગે | ૧૦૬ | વર્ગ/વર્ગેશ/આધાક્ષર | ત / સર્પ ૫ / ન |
| ૮૦ | સમેતશિખર ટુંક નામ | મિત્રધર | ૧૦૭ | આરાધના અંગ | પગ આંગળી રક્ષા |
| ૮૧ | સમેતશિખર યાત્રા ફળ | ૧ કરોડ પૌષધ ઉપવાસ | ૧૦૮ | પ્રાકૃત નામ | નમિ |

✓ રાશિવાળા જિનબિંબ ભરાવે

× રાશિવાળા જિનબિંબ ન ભરાવે

# શ્રી નમિનાથ ભગવાન ની વિશિષ્ટ આરાધના

## સંસ્કૃત સ્તુતિ

लुठन्तो नमतांमुर्ध्नि, निर्मलीकारकारणम् ।
वारिप्लवा इव नमेः पान्तु पादनखांशवः ॥

અર્થ : નમસ્કાર કરતા એવા પ્રાણીઓના મસ્તક ઉપર પડતા એવા
જળના પ્રવાહની માફક (આત્માને) નિર્મળ કરવાના કારણરૂપ
શ્રી નમિ ભગવાનના ચરણના નખોના કિરણો તમારી રક્ષા કરો.

## હિન્દી સ્તુતિ

अनंत केवल ज्ञान सुन्दर, अमित बल गुण आगरम् ।
अमित रूप सरूप जिनवर, अमित दर्शन - सागरम् ।
पग नमत सुर नर नाग किन्नर, श्री नमिनाथ जिनेश्वरं ।
सब भविक जन मिल करो पूजा, जपो नित परमेश्वरं ॥

## મરાઠી સ્તુતિ

मना सज्जना भक्ति पंथेचि जावे,
एकवीसवे नमिनाथचे मुख ते पहावे
ताजी सुवर्ण कमले हसती फूलून
कि चंद्र कोर सुनखे तव पाय दोन

## અંગ્રેજી સ્તુતિ

I don't pray for worldly wealth,
Not for name or body health,
NAMINATH never lose faith,
Name on lips till final breath.

**પ્રસિધ્ધ તીર્થો :**
ખાપર, મિથિલા, નેનાવા,
કાઠમાંડુ (નેપાળ), અમદાવાદ

**સામાન્ય નામ અર્થ :**
રાગ - દ્વેષ રૂપી શત્રુઓને
નમાવવાથી ...

**વિશેષ નામ અર્થ :**
પ્રભુની માતાને કીલ્લા
ઉપર ફરતા જોઈ
વિરોધીઓ પણ ગર્ભ
પ્રભાવે નમિ ગયા ..

## ગુજરાતી સ્તુતિ

વૈરી વૃંદ નમ્યો પ્રભુ જનકને, ગર્ભ પ્રભાવે કરી,
કીર્તિ ચન્દ્રકરોજવલા દિશિ દિશિ, આ વિશ્વમાં વિસ્તરી,
આપી બોધ અપૂર્વ આ જગતને, પામ્યા પ્રભુ શર્મને,
પુણ્યે શ્રી નમિનાથ આપ ચરણે, પામ્યો ખરા ધર્મને

## ગુજરાતી છંદ

ઇન્દ્રો સુરો નરવરો મલી સર્વ સંગે,
જન્માભિષેક સમયે અતિભક્તિ રંગે;
વિદ્યાધરી સુરવરી શુભ શબ્દરાગે,
સંગીત નાટક કરે નમિનાથ આગે.

## પ્રાર્થના

વિજયરાજા-વપ્રારાણીના કુળદીપક નમિનાથ પ્રભુ!
મિથિલાના રાજા તીર્થંકર, માથે મૂકોને હાથ પ્રભુ.
ભક્તિની શક્તિ જીવનની, વિપદાઓને ચૂર કરે,
પ્રભુની પ્રીતિ રોમરોમમાં, અનાસક્તિનાં નૂર ભરે.

## ચૈત્યવંદન

મિથિલા નયરી રાજીયો, વપ્રાસુત સાચો,
વિજયરાય સુત છોડીને, અવર મત માચો.....૧
નીલકમલ લંછન ભલું પન્નર ધનુષની દેહ,
નમિ જિનવરનું સોહતું, ગુણ ગણ મણિગેહ....૨
દશ હજાર વરસાતણું એ, પાળ્યું પરગટ આય,
પદ્મવિજય કહે પુણ્યથી, નમીયે તે જિનરાય...૩

## શ્રી નમિનાથ ભગવાનનું સ્તવન

શ્રી નમિનાથને ચરણે રમતાં, મનગમતાં સુખ લહીએ રે,
ભવજંગલમાં ભમતાં, કર્મ નિકાચિત દહીએ, ૧
સમકિત શિવપુરમાંહી પહોંચાડે, સમકિત ધરમ આધારે રે,
શ્રી જિનવરની પૂજા કરીએ, એ સમકિતનું સાર રે, ૨
જે સમકીત થી હોય ઉપરાંઠા, તેના સુખ જાય નાઠાં રે,
જે કહે જિનપૂજા નવિ કીજે, તેહનું નામ નહીં લીજે રે, ૩
વપ્રારાણીનો સૂત પૂજો, જિમ સંસારે ન ધ્રુજો રે,
ભવજલતારક કષ્ટ નિવારક, નહિ કોઈ એહવો દૂજો રે, ૪
શ્રી કિર્તિવિજય ઉવજ્ઝાયનો સેવક, વિનય કહે પ્રભુ સેવો રે,
ત્રણ તત્ત્વ મનમાંહિ અવધારો, વંદો અરિહંત દેવો રે, ૫

## થોય

નમીએ નમિ નેહ, પુણ્ય થાયે જ્યું દેહ,
અઘ સમુદાય જેહ, તે રહે નાંહી રેહ,
લહે કેવલ તેહ, સેવના કાર્ય એહ,
લહે શિવપુર ગેહ, કર્મનો આણી છેહ.

## સંવેદના

વપ્રાદેવીરૂપ વજખાણની પૃથ્વીમાં વજ સમાન, વિજયરાજાના પુત્ર અને જેમના ચરણ કમળ જગતને નમસ્કાર કરવા યોગ્ય છે એવા હે નમિપ્રભુ! તમને હું નમસ્કાર કરું છું.

## સમેતશિખર ટુંકનો દુહો

**મિત્રધર ટુંક નમિનાથ, સમેતશિખર તીર્થ સાર;**
**સિદ્ધા મુનિ ક્રોડો અહીં, નમું પૂજું અનંતી વાર.**

જાપ : ૐ હ્રીં શ્રીં અર્હં નમિનાથાય નમઃ ॥

જાપ ફળ : સર્વ કાર્ય સિદ્ધ થાય.

## ભગવાન ૩ ભવ

(૧) સિધ્ધારથ રાજા (સમકિતની પ્રાપ્તિ) (તીર્થંકર નામ કર્મ ગોત્ર ઉપાર્જન)
(૨) અપરાજીત વિમાન (મતાન્તરે પ્રાણતે)
(૩) નમિનાથ ભગવાન

## શ્રી નમિનાથ ભગવાનની પંચકલ્યાણક આરાધના

૧. ચ્યવન કલ્યાણક તિથિ - આસો સુદ ૧૫ જાપ - ૐ હ્રીં નમિનાથાય પરમેષ્ઠિને નમઃ
૨. જન્મક લ્યાણક તિથિ - અષાઢ વદ ૮ જાપ - ૐ હ્રીં નમિનાથાય અર્હતે નમઃ
૩. દિક્ષા કલ્યાણક તિથિ - જેઠ વદ ૯ જાપ - ૐ હ્રીં નમિનાથાય નાથાય નમઃ
૪. કેવલજ્ઞાન કલ્યાણક તિથિ - માગસર સુદ ૧૧ જાપ - ૐ હ્રીં નમિનાથાય સર્વજ્ઞાય નમઃ
૫. મોક્ષ કલ્યાણક તિથિ - ચૈત્ર વદ ૧૦ જાપ - ૐ હ્રીં નમિનાથાય પારંગતાય નમઃ

# ૨૨ શ્રી ગિરનાર તીર્થાધિપતિ શ્રી નેમનાથ ભગવાન (અરિષ્ટનેમિ)





## શાસન યક્ષ

**શ્રી ગોમેધ યક્ષ** નું વર્ણન :
શ્યામવર્ણ, ત્રણ મુખ, પુરૂષ વાહન, છ ભુજા,
જમણા ત્રણ હાથમાં બીજોરૂ, પરશુ, ચક્ર.
ડાબા ત્રણ હાથમાં નોળીયો, શૂળ, શક્તિ.



## શાસન યક્ષિણી

**શ્રી અંબિકા દેવી** નું વર્ણન :
સુવર્ણવર્ણ, સિંહનું વાહન, ચાર ભુજા,
જમણા બે હાથમાં બીજોરૂ અને પાશ.
ડાબા બે હાથમાં પુત્ર અને અંકુશ.

### લાંછન



શંખ

### શ્રી પાંસઠીયો યંત્ર

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | ૧૮ | ૨૨ | ૧૦ | ૧૪ |
| ૭ | ૨૪ | ૩ | ૧૧ | ૨૦ |
| ૧૩ | ૫ | ૯ | ૧૭ | ૨૧ |
| ૧૯ | ૬ | ૧૫ | ૨૩ | ૨ |
| ૨૫ | ૧૨ | ૧૬ | ૪ | ૮ |

# શ્રી નેમનાથ ભગવાન ની સંક્ષિપ્ત વિગત

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | પિતા | સમુદ્રવિજય | ૨૮ | પત્નીનું નામ | રાજુલ સાથે સગાઈ |
| ૨ | માતા | શિવાદેવી | ૨૯ | પુત્ર | નથી |
| ૩ | લાંછન | શંખ | ૩૦ | પુત્રી | નથી |
| ૪ | શાસન યક્ષ | ગોમેધ (ગોમેહ) | ૩૧ | ગૃહસ્થ કાળ | ૩૦૦ વર્ષ |
| ૫ | શાસન યક્ષિણી | અંબિકા (અંબ) | ૩૨ | માતાની ગતિ | માહેન્દ્ર દેવલોક |
| ૬ | શરીરની ઉંચાઈ | ૧૦ ધનુષ્ય | ૩૩ | પિતાની ગતિ | માહેન્દ્ર દેવલોક |
| ૭ | શરીર વર્ણ / પ્રમાણ | શ્યામ(કાળો)/૨ અંગુલ ૨૦ અંશ | ૩૪ | દીક્ષા તિથિ મારવાડી | શ્રાવણ સુદ ૬ |
| ૮ | પૂર્વ ભવ સંખ્યા | ૯ | ૩૫ | દીક્ષા તિથિ ગુજરાતી | શ્રાવણ સુદ ૬ |
| ૯ | પૂર્વ ભવે નામ | સુપ્રતિષ્ઠ (શંખ) | ૩૬ | દીક્ષા નગરી | દ્વારીકા |
| ૧૦ | પૂર્વ ભવ નગરી... | રાજગૃહી | ૩૭ | દીક્ષા ભૂમિ | સહસામ્રવન |
| ૧૧ | ...દ્વીપ/વિદેહ/વિજય | જંબુ / ભરત ક્ષેત્ર | ૩૮ | સહ દીક્ષા | ૧,૦૦૦ |
| ૧૨ | પૂર્વ ભવના ગુરુ | અતિશય | ૩૯ | શિબિકાનું નામ | ઉત્તરકુરૂ |
| ૧૩ | પૂર્વ ભવનું દેવ આયુ | ૩૩ સાગરોપમ | ૪૦ | દીક્ષાનો સમય/લોચ | સવારે / પંચમુષ્ઠી |
| ૧૪ | કયા દેવલોકથી ચ્યવન | અપરાજિત | ૪૧ | દીક્ષા-તપ | છઠ્ઠ |
| ૧૫ | પહેલે સ્વપ્ને | હાથી | ૪૨ | પ્રથમ પારણા દ્રવ્ય | પરમાન્ન - ખીર |
| ૧૬ | ચ્યવન તિથિ મારવાડી | કારતક વદ ૧૨ | ૪૩ | પ્રથમ પારણા નગરી | ગોષ્ઠ (દ્વારમતી) |
| ૧૭ | ચ્યવન તિથિ ગુજરાતી | આસો વદ ૧૨ | ૪૪ | પ્રથમ ભિક્ષા દાતા | વરદત્ત (વરદિન્ન) |
| ૧૮ | ગર્ભ કાળ | ૯ માસ ૮ દિન | ૪૫ | છદ્મસ્થ કાળ | ૫૪ દિવસ |
| ૧૯ | જન્મ આરો | ચોથા આરાના અંતે | ૪૬ | કેવળજ્ઞાન તિથિ મારવાડી | આસો વદ અમાસ |
| ૨૦ | જન્મ નગરી | શૌરીપુરી | ૪૭ | કેવળજ્ઞાન તિથિ ગુજરાતી | ભાદરવા વદ અમાસ |
| ૨૧ | જન્મ દેશ | કુશાવર્ત | ૪૮ | કેવળજ્ઞાન નગરી | રૈવતગિરી (ગિરનાર) |
| ૨૨ | જન્મ તિથિ મારવાડી | શ્રાવણ સુદ ૫ | ૪૯ | કેવળજ્ઞાન ભૂમિ | રૈવતગિરી (ગિરનાર) |
| ૨૩ | જન્મ તિથિ ગુજરાતી | શ્રાવણ સુદ ૫ | ૫૦ | કેવળજ્ઞાન તપ/વૃક્ષ | અઠ્ઠમ/ વેતસ |
| ૨૪ | વંશ / ગોત્ર | હરિવંશ / ગૌતમ | ૫૧ | ઉત્કૃષ્ટ તપ | ૮ માસ ઉપવાસ |
| ૨૫ | કુમાર અવસ્થા | ૩૦૦ વર્ષ | ૫૨ | જ્ઞાન વૃક્ષની ઉંચાઈ | ૧૨૦ ધનુષ્ય |
| ૨૬ | રાજ્ય અવસ્થા | નથી | ૫૩ | સમવસણ ઊંચાઈ | ૬ કોષ (અશોકવૃક્ષ સાથે) |
| ૨૭ | વિવાહિત/અવિવાહિત | અવિવાહિત | ૫૪ | પ્રથમ દેશના વિષય | ચાર મહાવિગઈ, રાત્રી-ભોજન, અભક્ષ્ય ત્યાગ |

# શ્રી નેમનાથ ભગવાન ની સંક્ષિપ્ત વિગત

| | | |
|---|---|---|
| ૫૫ | પ્રથમ ગણધર/સંખ્યા | વરદત્ત / ૧૧ |
| ૫૬ | પ્રથમ શિષ્યા (સાધ્વી) | યક્ષાદિન્ના |
| ૫૭ | મુખ્ય ભક્ત રાજા | કૃષ્ણ વાસુદેવ |
| ૫૮ | કેવળ જ્ઞાની | ૧,૫૦૦ |
| ૫૯ | મનઃ પર્યવજ્ઞાની | ૧,૦૦૦ |
| ૬૦ | અવધિ જ્ઞાની | ૧,૫૦૦ |
| ૬૧ | ચૌદ પૂર્વધર | ૪૦૦ |
| ૬૨ | વૈક્રિય લબ્ધિધર | ૧,૫૦૦ |
| ૬૩ | સાધુ સંખ્યા/સાધુ વસ્ત્ર | ૧૮,૦૦૦ / પંચરંગી |
| ૬૪ | સાધુ સ્વભાવ/મહાવ્રત | ઋજુ અને પ્રાજ્ઞ / ૪ |
| ૬૫ | સાધ્વીની સંખ્યા | ૪૦,૦૦૦ |
| ૬૬ | વાદી મુનિ | ૮૦૦ |
| ૬૭ | શ્રાવકની સંખ્યા | ૧,૬૯,૦૦૦ |
| ૬૮ | પ્રથમ શ્રાવક નામ | નંદ |
| ૬૯ | શ્રાવિકાની સંખ્યા | ૩,૩૯,૦૦૦ |
| ૭૦ | પ્રથમ શ્રાવિકા નામ | મહાસુવ્રતા |
| ૭૧ | કેવળ જ્ઞાન કાળ | ૫૪ દિવસ ન્યૂન ૭૦૦ વર્ષ |
| ૭૨ | નિર્વાણ તિથિ મારવાડી | અષાઢ સુદ ૮ |
| ૭૩ | નિર્વાણ તિથિ ગુજરાતી | અષાઢ સુદ ૮ |
| ૭૪ | નિર્વાણ નક્ષત્ર/રાશિ | ચિત્રા / તુલા |
| ૭૫ | નિર્વાણ આસન | પદ્માસન (પર્યંકાસન) |
| ૭૬ | નિર્વાણ તપ | ૩૦ ઉપવાસ |
| ૭૭ | નિર્વાણ ભૂમિ | રૈવતગિરી (ગિરનાર) |
| ૭૮ | સહ નિર્વાણ | ૫૩૬ |
| ૭૯ | નિર્વાણ વેળા | રાત્રીના પાછલા ભાગે |
| ૮૦ | સમેતશિખર ટુંક નામ | નથી |
| ૮૧ | સમેતશિખર યાત્રા ફળ | નથી |

| | | |
|---|---|---|
| ૮૨ | તે ટુંક ઉપર મોક્ષે ગયા | નથી |
| ૮૩ | કુલ દીક્ષા પર્યાય | ૭૦૦ વર્ષ |
| ૮૪ | આયુષ્ય | ૧,૦૦૦ વર્ષ |
| ૮૫ | અંતરમાન | ૫ લાખ વર્ષ |
| ૮૬ | તીર્થ આશ્ચર્ય ઉત્પત્તિ | અપર કંકાગમન |
| ૮૭ | તીર્થોત્તમપુરુષ | બ્રહ્મદત્ત ચક્રી કૃષ્ણ વાસુદેવ |
| ૮૮ | શાસનમાં વિશિષ્ટ તપ | શ્રાવણ સુદ પાંચમતપ |
| ૮૯ | જિનાલય શિલ્પનામ | સુમનોહર |
| ૯૦ | જિનાલય દિશા દ્વાર | દક્ષિણ |
| ૯૧ | ચ્ય.જ.દી.કે.નક્ષત્ર | ચિત્રા |
| ૯૨ | નક્ષત્ર ક્રમાંક / તારા | ૧૪ / ૫ |
| ૯૩ | સ્વરાશિ ૩ | કન્યા |
| ૯૪ | રાશિ સ્વામી/રાશિ નાડી | બુધ / મધ્ય |
| ૯૫ | રાશિ ગણ/ રાશિ યોનિ | રાક્ષસ / મહિષ |
| ૯૬ | રાશિ તત્ત્વ/ રાશિ જાતિ | ભૂમિ/ વૈશ્ય |
| ૯૭ | શ્રેષ્ઠત્તર રાશિ ✓ | મિથુન |
| ૯૮ | શ્રેષ્ઠ રાશિ ✓ | તુલા, ધન |
| ૯૯ | પ્રીતિ રાશિ ✓ | કુંભ |
| ૧૦૦ | શુભ રાશિ ✓ | વૃષભ, કર્ક, સિંહ, વૃશ્ચિક |
| ૧૦૧ | સમ રાશિ × | મીન |
| ૧૦૨ | મધ્યમ રાશિ × | મકર |
| ૧૦૩ | અશુભ રાશિ × | નથી |
| ૧૦૪ | શત્રુ રાશિ × | મેષ |
| ૧૦૫ | અશુભતર રાશિ × | નથી |
| ૧૦૬ | વર્ગ/વર્ગેશ/આધાક્ષર | ત / સર્પ ૫ / ને |
| ૧૦૭ | આરાધના અંગ | બે ચરણ રક્ષા |
| ૧૦૮ | પ્રાકૃત નામ | રિટ્ઠનેમિં |

✓ રાશિવાળા જિનબિંબ ભરાવે

× રાશિવાળા જિનબિંબ ન ભરાવે

# શ્રી નેમનાથ ભગવાન વિશિષ્ટ આરાધના

## સંસ્કૃત સ્તુતિ

यदुवंशसमुद्रेन्दुः, कर्मकक्षहुताशनः ।
अरिष्टनेमिर्भगवान्, भूयाद्वोऽरिष्टनाशनः ॥

અર્થ : યદુવંશરૂપી સમુદ્રમાં ચંદ્ર સમાન અને કર્મરૂપી વનખંડમાં અગ્નિ સમાન શ્રી અરિષ્ટ નેમિ ભગવાન તમારા ઉપદ્રવનો નાશ કરનાર થાઓ.

## હિન્દી સ્તુતિ

जिन लाख जीवनबंध छोडी, भये दयाल विशाल जो ।
तिम त्याग राजमति धार दीक्षा, हुवे शिवपुर लाल जो ।
वे बाल ब्रह्मचारी कहाये, श्री नेमिनाथ जिनेश्वरं ।
सब भविक जन मिल करो पूजा, जपो नित परमेश्वरं ॥

## મરાઠી સ્તુતિ

तूं ठेविशी नभी जिथे सहज क्षणैक
देवेन्द्र निर्मिता तिथे कमले सुरेख
नेमिनाथ राजिमती प्रीति अतूट
तसे व्हावे प्रेम वैभव अखूट

## અંગ્રેજી સ્તુતિ

In my heart you own a place,
That is like a special case,
I like NEMITHA'S glowing face,
Bless me God with Supreme Grace

**પ્રસિધ્ધ તીર્થો :**
ગિરનાર, કુંભારીયા, શોરીપુરી, રાંતેજ, વાલમ, પરોલી, ભોરોલ, દેલવાડા

**સામાન્ય નામ અર્થ :**
પરિભ્રમણ કરાવનાર કર્મનો નાશ કરવામાં ચક્રધારા સમાન હોવાથી...

**વિશેષ નામ અર્થ :**
સ્વપ્નમાં માતાજીએ અરિષ્ટ રત્નનું ચક્ર જોયું તેથી ...

## ગુજરાતી સ્તુતિ

લોભાવે લલના તણા લલિત શું, ત્રિલોકના નાથ ને,
કમ્પાવે ગિરિભેદી વાયુ લહરી, શું સ્વર્ગના શૈલને,
શું સ્વાર્થે જિન દેવ એ પશુતણા, પોકાર ના સાંભળે?
શ્રીમન્નેમિજિનેન્દ્ર સેવન થકી, શું શું જગે ના મળે?

## ગુજરાતી છંદ

રાજીમતી ગુણવતી સતી સૌમ્યકારી,
તેને તમે તજી થયા મહાબ્રહ્મચારી;
પૂર્વે ભવે નવ લગે તુમ સ્નેહધારી,
હે નેમિનાથ! ભગવંત પરોપકારી.

## પ્રાર્થના

યદુકુળનંદન નેમિ જિનેશ્વર! સંકટ જીવનનાં ટાળે,
જાન બચાવવા લાખો જીવના, જાન પ્રભુ પાછી વાળે,
રાજુલને અણસાર કરીને, કોલ દીધેલા પ્રભુ પાળે,
નેમ ને રાજુલ મુક્ત બનીને, જ્યોતને જ્યોતિમાં ઢાળે.

## ચૈત્યવંદન

નેમિનાથ બાવીસમાં, શિવાદેવી માય,
સમુદ્રવિજય પૃથ્વીપતિ, જે પ્રભુના તાય........૧
દશ ધનુષની દેહડી, આયુ વરસ હજાર
શંખ લંછનધર સ્વામીજી, તજી રાજુલ નાર......૨
સૌરીપુરી નયરી ભલી એ, બ્રહ્મચારી ભગવાન,
જિન ઉત્તમ પદ પદ્મને, નમતાં અવિચલ ઠાણ....૩

## શ્રી નેમનાથ જિનેન્દ્ર - ચૈત્યવન્દનમ્

(ઉપજાતિ - છન્દઃ)

વિશુદ્ધવિજ્ઞાનભૃતાં વરેણ, શિવાત્મજેન પ્રશમાકરેણ ।
યેન પ્રયાસેન વિનૈવ કામં, વિજિત્ય વિક્રાન્તનરં પ્રકામમ્ ૧
વિહાય રાજ્યં ચપલસ્વભાવં, રાજીમતીં રાજકુમારિકાં ચ ।
ગત્વા સલીલં ગિરિનારશૈલં, ભેજે વ્રતં કેવલમુક્તિયુક્તમ્ ૨
નિઃશેષયોગીશ્વરમૌલિરત્નં, જિતેન્દ્રિયત્વે વિહિતપ્રયત્નમ્ ।
તમુત્તમાનન્દનિધાનમેકં, નમામિ નેમિં વિલસદ્વિવેકમ્ ૩

## શ્રી નેમનાથ ભગવાનનું સ્તવન

નિરખ્યો નેમિ જિણંદને. અરિહંતાજી, રાજિમતી કર્યો ત્યાગ, ભગવંતાજી
બ્રહ્મચારી સંયમગ્રહ્યો... અરિ. અનુક્રમે થયા વીતરાગ... ભગ...૧
ચામર ચક્ર સિંહાસન... અરિ. પાદપીઠ સંયુક્ત...ભગ
છત્ર ચાલે આકાશમાં... અરિ. દેવદુદુંભિ વર ઉત્ત... ભગ...૨
સહસ જોયણ ધ્વજ સોહતો...અરિ. પ્રભુ આગલ ચાલંત...ભગ
કનક કમલ નવ ઉપરે... અરિ. વિચરે પાય ઠવંત... ભગ...૩
ચાર મુખે દીયે દેશના.. અરિ. ત્રણ ગઢ ઝાકઝમાલ...ભગ
કેશ રોમ શ્મશ્રુ નખા...અરિ. વાધે નહિ કોઈ કાલ... ભગ...૪
કાંટા પણ ઊંધા હોયે...અરિ. પંચ વિષય અનુકૂલ...ભગ
ષટઋતુ સમકાલે ફળે...અરિ. વાયુ નહીં પ્રતિકૂલ... ભગ...૫
પાણી સુગંધ સુર કુસુમની...અરિ. વૃષ્ટિ હોય સુરસાલ...ભગ
પંખી દીયે સુપ્રદક્ષિણા...અરિ. વૃક્ષ નમે અસરાલ... ભગ...૬
જિન ઉત્તમ પદ પદ્મની...અરિ. સેવ કરે સુરકોડી...ભગ
ચાર નિકાયના જઘન્યથી...અરિ. ચૈત્યવૃક્ષ તેમ જોડી... ભગ...૭

## થોય

રાજુલ વરનારી, રૂપથી રતિ હારી, તેહના પરિહારી, બાલથી બ્રહ્મચારી,
પશુઆં ઉગારી, હુઆ ચારિત્રધારી, કેવલશ્રી સારી, પામીઆ ઘાતી વારી.

## સંવેદના

સમુદ્ર (વિજય) ને આનંદ કરવામાં ચંદ્રરૂપ,
શિવાદેવીના પુત્ર અને પરમ દયાળુ એવા હે મોક્ષગામી અરિષ્ટ નેમિ ભગવાન !
તમને હું નમસ્કાર કરું છું.

## સમેતશિખર ટુંકનો દુહો

**નેમનાથ ગિરનાર પર, સિદ્ધા સિદ્ધિ દેનાર;**
**સમેતશિખર પર ટુંક તસ, નમું પૂજું અનંતી વાર.**

જાપ : ૐ હ્રીં શ્રીં અર્હ નેમનાથાય નમઃ ॥

જાપ ફળ : દુકાળ નાશ થાય.

## ભગવાન ૯ ભવ

(૧) ધનરાજા (સમકિતની પ્રાપ્તિ) (૨) સૌધર્મ દેવલોકે (૩) ચિત્રગતિ વિદ્યાધર
(૪) માહેન્દ્ર દેવલોકે (૫) અપરાજીત રાજા (૬) આરણ દેવલોક
(૭) શંખરાજા (તીર્થંકર નામકર્મ ગોત્ર ઉપાર્જન)
(૮) અપરાજીત વિમાને દેવ (૯) નેમિનાથ ભગવાન

## શ્રી નેમનાથ પંચકલ્યાણક આરાધના

૧. ચ્યવન કલ્યાણક તિથિ - આસો વદ ૧૨ જાપ - ૐ હ્રીં નેમનાથાય પરમેષ્ઠિને નમઃ
૨. જન્મ કલ્યાણક તિથિ - શ્રાવણ સુદ ૫ જાપ - ૐ હ્રીં નેમનાથાય અર્હતે નમઃ
૩. દિક્ષા કલ્યાણક તિથિ - શ્રાવણ સુદ ૬ જાપ - ૐ હ્રીં નેમનાથાય નાથાય નમઃ
૪. કેવલજ્ઞાન કલ્યાણક તિથિ - ભાદરવા વદ અમાસ જાપ - ૐ હ્રીં નેમનાથાય સર્વજ્ઞાય નમઃ
૫. મોક્ષ કલ્યાણક તિથિ - અષાઢ સુદ ૮ જાપ - ૐ હ્રીં નેમનાથાય પારંગતાય નમઃ

# ૨૩ શ્રી શંખેશ્વર તીર્થાધિપતિ શ્રી પાર્શ્વનાથ ભગવાન (૧૦૦૮ નામ છે)





**શાસન યક્ષ**

**શ્રી પાર્શ્વ યક્ષ** નું વર્ણન :
શ્યામવર્ણ, હાથી જેવું મુખ, સર્પની ફણાથી મંડિત મસ્તક, કાચબાનું વાહન, ચાર ભુજા. જમણા બે હાથમાં બીજોરૂં અને સર્પ. ડાબા બે હાથમાં નોળીઓ અને સર્પ



**શાસન યક્ષિણી**

**શ્રી પદ્માવતી દેવી** નું વર્ણન :
સુવર્ણવર્ણ, કુર્કુટ (જાતિના સર્પનું) વાહન, અને ચાર ભુજા. જમણા બે હાથમાં કમલ અને પાશ. ડાબા બે હાથમાં ફલ અને અંકુશ.

**લાંછન**



**સર્પ**

**શ્રી પાંસઠીયો યંત્ર**

| | | | | |
|---|---|---|---|---|
| ૪ | ૧૦ | ૨૩ | ૧૧ | ૧૭ |
| ૧૨ | ૧૮ | ૬ | ૨૪ | ૫ |
| ૨૫ | ૧ | ૧૯ | ૭ | ૧૩ |
| ૮ | ૧૪ | ૨ | ૨૦ | ૨૧ |
| ૧૬ | ૨૨ | ૧૫ | ૩ | ૯ |

# શ્રી પાર્શ્વનાથ ભગવાન ની સંક્ષિપ્ત વિગત

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | પિતા | અશ્વસેન | ૨૮ | પત્નીનું નામ | પ્રભાવતી |
| ૨ | માતા | વામાદેવી | ૨૯ | પુત્ર | નથી |
| ૩ | લાંછન | સર્પ (અહિ) | ૩૦ | પુત્રી | નથી |
| ૪ | શાસન યક્ષ | પાર્શ્વયક્ષ (પાસ) | ૩૧ | ગૃહસ્થ કાળ | ૩૦ વર્ષ |
| ૫ | શાસન યક્ષિણી | પદ્માવતી (પઉમાવઈ) | ૩૨ | માતાની ગતિ | માહેન્દ્ર દેવલોક |
| ૬ | શરીરની ઉંચાઈ | ૯ હાથ | ૩૩ | પિતાની ગતિ | માહેન્દ્ર દેવલોક |
| ૭ | શરીર વર્ણ / પ્રમાણ | નીલ(લીલો)/૨૭ અંશ | ૩૪ | દીક્ષા તિથિ મારવાડી | પોષ વદ ૧૧ |
| ૮ | પૂર્વ ભવ સંખ્યા | ૧૦ | ૩૫ | દીક્ષા તિથિ ગુજરાતી | માગસર વદ ૧૧ |
| ૯ | પૂર્વ ભવે નામ | સુવર્ણબાહુ (સુબાહુ) | ૩૬ | દીક્ષા નગરી | વારાણસી |
| ૧૦ | પૂર્વ ભવ નગરી... | અયોધ્યા | ૩૭ | દીક્ષા ભૂમિ | આશ્રમ પદવન |
| ૧૧ | ...દ્વીપ/વિદેહ/વિજય | જંબુ / પૂર્વ વિદેહ | ૩૮ | સહ દીક્ષા | ૩૦૦ |
| ૧૨ | પૂર્વ ભવના ગુરુ | દામોદર | ૩૯ | શિબિકાનું નામ | વિશાલા |
| ૧૩ | પૂર્વ ભવનું દેવ આયુ | ૨૦ સાગરોપમ | ૪૦ | દીક્ષાનો સમય/લોચ | સવાર / પંચમુષ્ઠી |
| ૧૪ | કયા દેવલોકથી ચ્યવન | પ્રાણત | ૪૧ | દીક્ષા-તપ | અઠ્ઠમ |
| ૧૫ | પહેલે સ્વપ્ને | હાથી | ૪૨ | પ્રથમ પારણા દ્રવ્ય | પરમાન્ન - ખીર |
| ૧૬ | ચ્યવન તિથિ મારવાડી | ચૈત્ર વદ ૪ | ૪૩ | પ્રથમ પારણા નગરી | કૌપકટ (કોતકૃત) |
| ૧૭ | ચ્યવન તિથિ ગુજરાતી | ફાગણ વદ ૪ | ૪૪ | પ્રથમ ભિક્ષા દાતા | ધન્ય ગૃહપતિ |
| ૧૮ | ગર્ભ કાળ | ૯ માસ ૬ દિન | ૪૫ | છદ્મસ્થ કાળ | ૮૪ દિવસ |
| ૧૯ | જન્મ આરો | ચોથા આરાના અંતે | ૪૬ | કેવળજ્ઞાન તિથિ મારવાડી | ચૈત્ર વદ ૪ |
| ૨૦ | જન્મ નગરી | વારાણસી | ૪૭ | કેવળજ્ઞાન તિથિ ગુજરાતી | ફાગણ વદ ૪ |
| ૨૧ | જન્મ દેશ | કાશી | ૪૮ | કેવળજ્ઞાન નગરી | વારાણસી |
| ૨૨ | જન્મ તિથિ મારવાડી | પોષ વદ ૧૦ | ૪૯ | કેવળજ્ઞાન ભૂમિ | વારાણસી |
| ૨૩ | જન્મ તિથિ ગુજરાતી | માગસર વદ ૧૦ | ૫૦ | કેવળજ્ઞાન તપ/વૃક્ષ | અઠ્ઠમ/ ઘાતકી |
| ૨૪ | વંશ / ગોત્ર | ઈક્ષ્વાકુ / કાશ્યપ | ૫૧ | ઉત્કૃષ્ટ તપ | ૮ માસ ઉપવાસ |
| ૨૫ | કુમાર અવસ્થા | ૩૦ વર્ષ | ૫૨ | જ્ઞાન વૃક્ષની ઉંચાઈ | ૨૭ ધનુષ્ય |
| ૨૬ | રાજ્ય અવસ્થા | નથી | ૫૩ | સમવસણ ઊંચાઈ | ૫ કોષ (અશોકવૃક્ષ સાથે) |
| ૨૭ | વિવાહિત/અવિવાહિત | વિવાહિત | ૫૪ | પ્રથમ દેશના વિષય | ૧૨ વ્રત, ૬૦ અતિચાર, ૧૫ કર્માદાનનું વર્ણન |

# શ્રી પાર્શ્વનાથ ભગવાન ની સંક્ષિપ્ત વિગત

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૫૫ | પ્રથમ ગણધર/સંખ્યા | આર્યદિન્ન (શુભદત્ત)/ ૧૦ | ૮૨ | તે ટુંક ઉપર મોક્ષે ગયા | ૮૨,૮૪,૪૫,૭૪૨ |
| ૫૬ | પ્રથમ શિષ્યા (સાધ્વી) | પુષ્પચુલા | ૮૩ | કુલ દીક્ષા પર્યાય | ૭૦ વર્ષ |
| ૫૭ | મુખ્ય ભક્ત રાજા | પ્રસેનજિત | ૮૪ | આયુષ્ય | ૧૦૦ વર્ષ |
| ૫૮ | કેવળ જ્ઞાની | ૧,૦૦૦ | ૮૫ | અંતરમાન | ૮૩,૭૫૦ વર્ષ |
| ૫૯ | મનઃ પર્યવજ્ઞાની | ૭૫૦ | ૮૬ | તીર્થ આશ્ચર્ય ઉત્પત્તિ | નથી |
| ૬૦ | અવધિ જ્ઞાની | ૧,૪૦૦ | ૮૭ | તીર્થોત્તમપુરુષ | નથી |
| ૬૧ | ચૌદ પૂર્વધર | ૩૫૦ | ૮૮ | શાસનમાં વિશિષ્ટ તપ | ૧૦૮ અઠ્ઠમપોષી દશમ |
| ૬૨ | વૈક્રિય લબ્ધિધર | ૧,૧૦૦ | ૮૯ | જિનાલય શિલ્પનામ | પાર્શ્વવલ્લભ |
| ૬૩ | સાધુ સંખ્યા/સાધુ વસ્ત્ર | ૧૬,૦૦૦ / પંચરંગી | ૯૦ | જિનાલય દિશા દ્વાર | દક્ષિણ |
| ૬૪ | સાધુ સ્વભાવ/મહાવ્રત | ઋજુ અને પ્રાજ્ઞ / ૪ | ૯૧ | ચ્ય.જ.દી.કે.નક્ષત્ર | વિશાખા |
| ૬૫ | સાધ્વીની સંખ્યા | ૩૮,૦૦૦ | ૯૨ | નક્ષત્ર ક્રમાંક / તારા | ૧૬ / ૭ |
| ૬૬ | વાદી મુનિ | ૬૦૦ | ૯૩ | સ્વરાશિ ૩ | તુલા |
| ૬૭ | શ્રાવકની સંખ્યા | ૧,૬૪,૦૦૦ | ૯૪ | રાશિ સ્વામી/રાશિ નાડી | શુક્ર / અંત્ય |
| ૬૮ | પ્રથમ શ્રાવક નામ | સુવ્રત (સુઘોત) | ૯૫ | રાશિ ગણ/ રાશિ યોનિ | રાક્ષસ / મૃગ |
| ૬૯ | શ્રાવિકાની સંખ્યા | ૩,૭૭,૦૦૦ | ૯૬ | રાશિ તત્ત્વ/ રાશિ જાતિ | વાયુ / શુદ્ર |
| ૭૦ | પ્રથમ શ્રાવિકા નામ | સુનંદા | ૯૭ | શ્રેષ્ઠત્તર રાશિ ✓ | મકર |
| ૭૧ | કેવળ જ્ઞાન કાળ | ૮૪ દિવસ ન્યૂન ૭૦ વર્ષ | ૯૮ | શ્રેષ્ઠ રાશિ ✓ | કર્ક, કન્યા |
| ૭૨ | નિર્વાણ તિથિ મારવાડી | શ્રાવણ સુદ ૮ | ૯૯ | પ્રીતિ રાશિ ✓ | વૃષભ |
| ૭૩ | નિર્વાણ તિથિ ગુજરાતી | શ્રાવણ સુદ ૮ | ૧૦૦ | શુભ રાશિ ✓ | મિથુન, ધન, કુંભ, સિંહ |
| ૭૪ | નિર્વાણ નક્ષત્ર/રાશિ | વિશાખા / તુલા | ૧૦૧ | સમ રાશિ × | મેષ |
| ૭૫ | નિર્વાણ આસન | કાયોત્સર્ગ | ૧૦૨ | મધ્યમ રાશિ × | નથી |
| ૭૬ | નિર્વાણ તપ | ૩૦ ઉપવાસ | ૧૦૩ | અશુભ રાશિ × | વૃશ્ચિક |
| ૭૭ | નિર્વાણ ભૂમિ | સમેતશિખર | ૧૦૪ | શત્રુ રાશિ × | મીન |
| ૭૮ | સહ નિર્વાણ | ૩૩ | ૧૦૫ | અશુભતર રાશિ × | નથી |
| ૭૯ | નિર્વાણ વેળા | રાત્રીના આગલા ભાગે | ૧૦૬ | વર્ગ/વર્ગેશ/આધાક્ષર | ૫ / ઉંદર ૬ / પા |
| ૮૦ | સમેતશિખર ટુંક નામ | સ્વર્ણભદ્ર | ૧૦૭ | આરાધના અંગ | સર્વાંગ રક્ષા |
| ૮૧ | સમેતશિખર યાત્રા ફળ | ૧ કરોડ પૌષધ ઉપવાસ | ૧૦૮ | પ્રાકૃત નામ | પાસં |

✓ રાશિવાળા જિનબિંબ ભરાવે

× રાશિવાળા જિનબિંબ ન ભરાવે

# શ્રી પાર્શ્વનાથ ભગવાન ની વિશિષ્ટ આરાધના

## સંસ્કૃત સ્તુતિ

कमठे धरणेन्द्रे च, स्वोचितं कर्मकुर्वति ।
प्रभु स्तुल्य मनोवृत्तिः पार्श्वनाथः श्रियऽस्तु वः ॥

અર્થ : કમઠ અને ધરણેંદ્ર, કે જે પોતપોતાને યોગ્ય કર્મ કરતા હતા,
તથાપિ તેઓ ઉપર જેમની મનોવૃત્તિ સરખી છે, એવા
શ્રી પાર્શ્વનાથ પ્રભુ તમારી જ્ઞાન લક્ષ્મીને માટે થાઓ.

## હિન્દી સ્તુતિ

सूर नाग नागन सेव करते, सोस फल बरसात ही ।
फूल अलसी तनूज वरणं, भनित जग विख्यात ही ।
पारसतें तुम अधिक स्वामी, श्री पार्श्वनाथ जिनेश्वरं ।
सब भाविक जन मिल करो पूजा, जपो नित परमेश्वरं ॥

## મરાઠી સ્તુતિ

पारसमणीचा स्पर्श करुनी होते लोखंड सुवर्ण
तसे आपल्या वाणीने पावन झाले कर्ण
पारसनाथ प्रभुचे आहे एकच चरण शरण
पारस भक्ति करता करता तजू जन्म मरण

## અંગ્રેજી સ્તુતિ

**Kamatha harmed you not the less,**
**Blessed you him with forgiveness,**
**O PARSHWANATH ! give me patience**
**Can not move me disturbance.**

**પ્રસિધ્ધ તીર્થો :**
શંખેશ્વર, આદિ ૧૦૮

**સામાન્ય નામ અર્થ :**
સર્વ પદાર્થોને જ્ઞાન દ્વારા પ્રત્યક્ષપણે જોયા તેથી.

**વિશેષ નામ અર્થ :**
રાત્રે માતાજીએ શય્યા પાસેથી સર્પ જતો જોયો તેથી ...

## ગુજરાતી સ્તુતિ

ધૂણીમાં બળતો દયાનિધિ તમે, જ્ઞાને કરી સર્પને,
જાણી સર્વ જનો સમક્ષ ક્ષણમાં, આપી મહામંત્રને;
કીધો શ્રી ધરણેંદ્ર ને ભવ થકી, તાર્યા ઘણા ભવ્યને,
આપો પાર્શ્વ જિનેન્દ્ર નાશ-રહિતા, સેવા તમારી મને.

## ગુજરાતી છંદ

સમ્મેત શૈલ શિખરે પ્રભુ પાર્શ્વ સોહે,
શંખેશ્વરા, અમીઝરા કલિકુંડ મોહે,
શ્રીઅશ્વસેન કુલદીપક માત વામા,
નિશ્ચે અચિન્ત્ય મહિમા પ્રભુ પાર્શ્વનામા.

## પ્રાર્થના

વામાનંદન પાર્શ્વ પ્રભુજી! ત્રેવીસમા તીર્થંકર છો,
રોમે રોમે રટણા તમારી, શંખેશ્વર શુભંકર છો.
સુમિરનથી સુખ મળતા સહુને, દર્શનથી દુઃખ જાયે દૂર,
પૂજા કરીએ પ્રભુ તમારી, પવિત્રતા દેજો ભરપૂર !

## ચૈત્યવંદન

આશ પૂરે પ્રભુ પાસજી, તોડે ભવ પાસ
વામા માતા જનમીયા અહિ લંછન જાસ ॥ ૧ ॥
અશ્વસેન સુત સુખકરુ નવ હાથની કાયા
કાશી દેશ વાણારસી પુણ્યે પ્રભુ આયા ॥ ૨ ॥
એક સો વરસનું આઉખું એ, પાલી પાર્શ્વકુમાર
પદ્મ કહે મુગતે ગયા, નમતાં સુખ નિરધાર ॥ ૩ ॥

## શ્રી પાર્શ્વનાથ જિનેન્દ્ર - ચૈત્યવન્દનમ્

(પંચચામર - છન્દઃ)

શ્રયામિતં જિનં સદા મુદા પ્રમાદવર્જિતં,
સ્વકીયવાગ્વિલાસતો જિતોરુમેઘગર્જિતમ્ ।
જગત્પ્રકામ કામિત પ્રદાન દક્ષમક્ષતં,
પદં દધાનમુચ્ચકૈરકૈતવોપલક્ષિતમ્ ॥ ૧ ॥
સતામવદ્યભેદકં પ્રભૂતસંપદાં પદં,
વલક્ષપક્ષસંગતં જનેક્ષણક્ષણપ્રદમ્ ।
સદૈવ યસ્ય દર્શનં વિશાં વિમર્દિતૈનસાં,
નિહન્ત્યશાતજાતમાત્મભક્તિરક્તચેતસામ્ ॥ ૨ ॥
અવાપ્ય યત્પ્રસાદમાદિતઃ પુરુશ્રિયો નરા,
ભવન્તિ મુક્તિગામિનસ્તતઃ પ્રભાપ્રભાસ્વરાઃ ।
ભજેયમાશ્વસેનિદેવદેવમેવ સત્પદં,
તમુચ્ચમાનસેન શુદ્ધબોધવૃદ્ધિલાભદમ્ ॥ ૩ ॥

## શ્રી પાર્શ્વનાથ ભગવાનનું સ્તવન

તું પ્રભુ મારો હું પ્રભુ તારો, ક્ષણ એક મુજને નાહિ વિસારો;
મહેર કરી મુજ વિનંતી સ્વીકારો, સ્વામી સેવક જાણી નિહાળો ૧
લાખ ચોરાશી ભટકી પ્રભુજી, આવ્યો હું તારે શરણે હો જિનજી;
દુર્ગતિ કાપો શિવસુખ આપો, ભક્ત સેવકને નિજપદ સ્થાપો ૨
અક્ષય ખજાનો પ્રભુ તારો ભર્યો છે, આપો કૃપાળુ મેં હાથ ધર્યો છે;
વામાનંદન જગવંદન પ્યારો, દેવ અનેરા માંહે તું છે ન્યારો ૩
પલ પલ સમરૂં નાથ શંખેશ્વર, સમરથ તારણ તું હિ જિનેશ્વર;
પ્રાણ થકી તું અધિકો વ્હાલો, દયા કરી મુજને નયણે નિહાળો ૪
ભક્ત વત્સલ તારૂં બિરૂદ જાણી. કેડ ન છોડું એમ લેજો જાણી;
ચરણોની સેવા નિત નિત ચાહું, ઘડી ઘડી મન માંહે હું ઉમા હું ૫
જ્ઞાનવિમલ તુજ ભક્તિ પ્રભાવે, ભવોભવનાં સંતાપ શમાવે;
અમીય ભરેલી તારી મૂરતિ નિહાળી, પાપ અંતરના દેજો પખાળી ૬

## થોય

પાસજિણંદા વામાનંદા, જબ ગરભે ફળી, સુપના દેખે અર્થ વિશેષે, કહે મઘવા મળી,
જિનવર જાયા સુર હુલરાયા, હુઆ રમણી પ્રિયે, નેમિરાજી ચિત્ર વિરાજી, વિલોકિત વ્રત લીએ.

## સંવેદના

અશ્વસેન રાજાના કુળમાં ચૂડામણિરૂપ અને
વામાદેવીના પુત્ર એવા હે પાર્શ્વનાથ! તમને
હું નમસ્કાર કરું છું.

## સમેતશિખર ટુંકનો દુહો

સુવર્ણભદ્ર ટુંક પાર્શ્વનાથ, સમેતશિખર તીર્થ સાર; સિદ્ધા મુનિ ક્રોડો અહીં, નમું પૂજું અનંતી વાર.
વારંવાર વીશ જિન નમું, શિખરજી મોક્ષ દેનાર; ગૌતમનીતિ ગુણ કહે, તીર્થ એ મોક્ષ દાતાર.

**જાપ :** ૐ હ્રીં શ્રીં અર્હં પાર્શ્વનાથાય નમઃ ॥ **જાપ ફળ :** ઈચ્છિત કાર્ય સિદ્ધ થાય.

## ભગવાન ૧૦ ભવ

(૧) મરૂભૂતિ (સમકિતની પ્રાપ્તિ) (૨) હસ્તિ (૩) સહસ્ત્રાર દેવલોકે
(૪) કિરણવેગ વિદ્યાધર (૫) અચ્યુત દેવલોકે (૬) વજનાભ રાજા
(૭) મધ્યમગ્રૈવેયકે (૮) સુવર્ણબાહુ રાજા (તીર્થંકર નામ કર્મ ગોત્ર ઉપાર્જન)
(૯) પ્રાણત દેવલોકે (૧૦) પાર્શ્વનાથ ભગવાન.

## શ્રી પાર્શ્વનાથ ભગવાનની પંચકલ્યાણક આરાધના

૧. ચ્યવન કલ્યાણક તિથિ - ફાગણ વદ ૪ જાપ - ૐ હ્રીં પાર્શ્વનાથાય પરમેષ્ઠિને નમઃ
૨. જન્મ કલ્યાણક તિથિ - માગસર વદ ૧૦ જાપ - ૐ હ્રીં પાર્શ્વનાથાય અર્હતે નમઃ
૩. દિક્ષા કલ્યાણક તિથિ - માગસર વદ ૧૧ જાપ - ૐ હ્રીં પાર્શ્વનાથાય નાથાય નમઃ
૪. કેવલજ્ઞાન કલ્યાણક તિથિ - ફાગણ વદ ૪ જાપ - ૐ હ્રીં પાર્શ્વનાથાય સર્વજ્ઞાય નમઃ
૫. મોક્ષ કલ્યાણક તિથિ - શ્રાવણ સુદ ૮ જાપ - ૐ હ્રીં પાર્શ્વનાથાય પારંગતાય નમઃ

# ૨૪ શ્રી પાવાપુરી (પંચાસર) તીર્થાધિપતિ શ્રી મહાવીર સ્વામી ભગવાન (વર્ધમાનસ્વામી, જ્ઞાતનંદન, વીરપ્રભુ)





**શાસન યક્ષ**

**શ્રી માતંગ યક્ષ નું વર્ણન :**
શ્યામવર્ણ, ગજનું વાહન, બે ભુજા,
જમણા હાથમાં નોળીયો,
ડાબા હાથમાં બીજોરૂ.



**શાસન યક્ષિણી**

**શ્રી સિધ્ધાયિકા દેવી નું વર્ણન :**
હરિતવર્ણ, સિંહનું વાહન, ચાર ભુજા,
જમણા બે હાથમાં પુસ્તક અને અભય.
ડાબા બે હાથમાં બીજોરૂ અને બાણ.

**લાંછન**



**સિંહ**

**શ્રી પાંસઠીયો યંત્ર**

| | | | | |
|---|---|---|---|---|
| ૩ | ૨૦ | ૨૪ | ૭ | ૧૧ |
| ૨૨ | ૧૪ | ૧૮ | ૧ | ૧૦ |
| ૧૬ | ૮ | ૧૨ | ૨૫ | ૪ |
| ૧૫ | ૨ | ૬ | ૧૯ | ૨૩ |
| ૯ | ૨૧ | ૫ | ૧૩ | ૧૭ |

# શ્રી મહાવીર સ્વામી ભગવાન ની સંક્ષિપ્ત વિગત

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | પિતા | સિદ્ધાર્થ (ઋષભદત્ત) | ૨૮ | પત્નીનું નામ | યશોદા |
| ૨ | માતા | ત્રિશલા (દેવાનંદા) | ૨૯ | પુત્ર | નથી |
| ૩ | લાંછન | સિંહ | ૩૦ | પુત્રી | ૧ પ્રિયદર્શના |
| ૪ | શાસન યક્ષ | માતંગ (માયંગ) | ૩૧ | ગૃહસ્થ કાળ | ૩૦ વર્ષ |
| ૫ | શાસન યક્ષિણી | સિદ્ધાયિકા (સિદ્ધા) | ૩૨ | માતાની ગતિ | માહેન્દ્ર દેવલોક |
| ૬ | શરીરની ઉંચાઈ | ૭ હાથ | ૩૩ | પિતાની ગતિ | માહેન્દ્ર દેવલોક |
| ૭ | શરીર વર્ણ / પ્રમાણ | સુવર્ણ/૨૧ અંશ | ૩૪ | દીક્ષા તિથિ મારવાડી | માગસર વદ ૧૦ |
| ૮ | પૂર્વ ભવ સંખ્યા | ૨૭ | ૩૫ | દીક્ષા તિથિ ગુજરાતી | કારતક વદ ૧૦ (શનિ દશામાં) |
| ૯ | પૂર્વ ભવે નામ | નંદન | ૩૬ | દીક્ષા નગરી | ક્ષત્રિય કુંડ |
| ૧૦ | પૂર્વ ભવ નગરી... | અહિચ્છત્રા | ૩૭ | દીક્ષા ભૂમિ | જ્ઞાતખંડવન |
| ૧૧ | ...દ્વીપ/વિદેહ/વિજય | જંબુદ્વીપ / ભરતક્ષેત્ર | ૩૮ | સહ દીક્ષા | એકાકી |
| ૧૨ | પૂર્વ ભવના ગુરુ | પોટ્ટિલાચાર્ય | ૩૯ | શિબિકાનું નામ | ચંદ્રપ્રભા |
| ૧૩ | પૂર્વ ભવનું દેવ આયુ | ૨૦ સાગરોપમ | ૪૦ | દીક્ષાનો સમય/લોચ | બપોર / પંચમુષ્ઠી |
| ૧૪ | કયા દેવલોકથી ચ્યવન | પ્રાણત | ૪૧ | દીક્ષા-તપ | છઠ્ઠ |
| ૧૫ | પહેલે સ્વપ્ને | સિંહ | ૪૨ | પ્રથમ પારણા દ્રવ્ય | પરમાન્ન - ખીર |
| ૧૬ | ચ્યવન તિથિ મારવાડી | અષાઢ સુદ ૬ (આ.વ.૧૩) | ૪૩ | પ્રથમ પારણા નગરી | કોલ્લાગ (સન્નિવેશ) |
| ૧૭ | ચ્યવન તિથિ ગુજરાતી | અષાઢ સુદ ૬ (ચંદ્ર દશામાં) | ૪૪ | પ્રથમ ભિક્ષા દાતા | બહુલ દ્વિજ |
| ૧૮ | ગર્ભ કાળ | ૯ માસ ૭॥ દિન ગર્ભહરણ ૮૨ દિન | ૪૫ | છદ્મસ્થ કાળ | ૧૨ વર્ષ ૬॥ માસ |
| ૧૯ | જન્મ આરો | ચોથા આરાના અંતે | ૪૬ | કેવળજ્ઞાન તિથિ મારવાડી | વૈશાખ સુદ ૧૦ |
| ૨૦ | જન્મ નગરી | ક્ષત્રિય કુંડ | ૪૭ | કેવળજ્ઞાન તિથિ ગુજરાતી | વૈશાખ સુદ ૧૧ (ગુરૂ દશામાં) |
| ૨૧ | જન્મ દેશ | પૂર્વ | ૪૮ | કેવળજ્ઞાન નગરી | જૂંભિકા નગરી બાહર |
| ૨૨ | જન્મ તિથિ મારવાડી | ચૈત્ર સુદ ૧૩ | ૪૯ | કેવળજ્ઞાન ભૂમિ | ઋજુવાલિકા નદીના કિનારે |
| ૨૩ | જન્મ તિથિ ગુજરાતી | ચૈત્ર સુદ ૧૩ | ૫૦ | કેવળજ્ઞાન તપ/વૃક્ષ | છઠ્ઠ / શાલ |
| ૨૪ | વંશ / ગોત્ર | ઈક્ષ્વાકુ / કાશ્યપ | ૫૧ | ઉત્કૃષ્ટ તપ | ૬ માસ ઉપવાસ |
| ૨૫ | કુમાર અવસ્થા | ૩૦ વર્ષ | ૫૨ | જ્ઞાન વૃક્ષની ઉંચાઈ | ૨૧ ધનુષ્ય |
| ૨૬ | રાજ્ય અવસ્થા | નથી | ૫૩ | સમવસણ ઊંચાઈ | ૪ કોષ (અશોકવૃક્ષ સાથે) |
| ૨૭ | વિવાહિત/અવિવાહિત | વિવાહિત | ૫૪ | પ્રથમ દેશના વિષય | યતિધર્મ, ગૃહસ્થ ધર્મ, ગણધર વાદ |

# શ્રી મહાવીર સ્વામી ભગવાન ની સંક્ષિપ્ત વિગત

| | | |
|---|---|---|
| ૫૫ | પ્રથમ ગણધર/સંખ્યા | ઈન્દ્રભુતિ ગૌતમ/૧૧(૯ગણ) |
| ૫૬ | પ્રથમ શિષ્યા (સાધ્વી) | ચંદનબાળા |
| ૫૭ | મુખ્ય ભક્ત રાજા | શ્રેણિક |
| ૫૮ | કેવળ જ્ઞાની | ૭૦૦ |
| ૫૯ | મનઃ પર્યવજ્ઞાની | ૫૦૦ |
| ૬૦ | અવધિ જ્ઞાની | ૧,૩૦૦ |
| ૬૧ | ચૌદ પૂર્વધર | ૩૦૦ |
| ૬૨ | વૈક્રિય લબ્ધિધર | ૭૦૦ |
| ૬૩ | સાધુ સંખ્યા/સાધુ વસ્ત્ર | ૧૪,૦૦૦ / શ્વેત |
| ૬૪ | સાધુ સ્વભાવ/મહાવ્રત | વક્ર અને જડ / ૫ |
| ૬૫ | સાધ્વીની સંખ્યા | ૩૬,૦૦૦ |
| ૬૬ | વાદી મુનિ | ૪૦૦ |
| ૬૭ | શ્રાવકની સંખ્યા | ૧,૫૯,૦૦૦ |
| ૬૮ | પ્રથમ શ્રાવક નામ | શંખ |
| ૬૯ | શ્રાવિકાની સંખ્યા | ૩,૧૮,૦૦૦ |
| ૭૦ | પ્રથમ શ્રાવિકા નામ | સુલસા |
| ૭૧ | કેવળ જ્ઞાન કાળ | ૧૫ દિવસ ૧॥ વર્ષ ન્યૂન ૪૨ વર્ષ |
| ૭૨ | નિર્વાણ તિથિ મારવાડી | કારતક વદ અમાસ |
| ૭૩ | નિર્વાણ તિથિ ગુજરાતી | આસો વદ અમાસ |
| ૭૪ | નિર્વાણ નક્ષત્ર/રાશિ | સ્વાતિ (તુલા) |
| ૭૫ | નિર્વાણ આસન | પર્યંકાસન (પદ્માસન) |
| ૭૬ | નિર્વાણ તપ | ૨ ઉપવાસ |
| ૭૭ | નિર્વાણ ભૂમિ | પાવાપુરી |
| ૭૮ | સહ નિર્વાણ | એકાકી |
| ૭૯ | નિર્વાણ વેળા | રાત્રીના પાછલા ભાગે |
| ૮૦ | સમેતશિખર ટુંક નામ | નથી |
| ૮૧ | સમેતશિખર યાત્રા ફળ | નથી |
| ૮૨ | તે ટુંક ઉપર મોક્ષે ગયા | નથી |
| ૮૩ | કુલ દીક્ષા પર્યાય | ૪૨ વર્ષ |
| ૮૪ | આયુષ્ય | ૭૨ વર્ષ |
| ૮૫ | અંતરમાન | ૨૫૦ વર્ષ |
| ૮૬ | તીર્થ આશ્ચર્ય ઉત્પત્તિ | અભાવિત પર્ષદા, સૂર્ય ચંદ્ર મૂળ વિમાને આવે, ચમરેન્દ્રનુ ઉત્પાત |
| ૮૭ | તીર્થોત્તમપુરુષ | નથી |
| ૮૮ | શાસનમાં વિશિષ્ટ તપ | ચંદનબાળા અઠ્ઠમ, દિવાળી છઠ્ઠ |
| ૮૯ | જિનાલય શિલ્પનામ | મહાધર |
| ૯૦ | જિનાલય દિશા દ્વાર | દક્ષિણ |
| ૯૧ | ચ્ય.જ.દી.કે.નક્ષત્ર | ઉત્તરા ફાલ્ગુની (હત્થુત્તરા) |
| ૯૨ | નક્ષત્ર ક્રમાંક / તારા | ૧૨ / ૩ |
| ૯૩ | સ્વરાશિ ૩ | કન્યા |
| ૯૪ | રાશિ સ્વામી/રાશિ નાડી | બુધ / આદ્ય |
| ૯૫ | રાશિ ગણ/ રાશિ યોનિ | માનવ / મહિષ |
| ૯૬ | રાશિ તત્ત્વ/ રાશિ જાતિ | ભૂમિ/ વૈશ્ય |
| ૯૭ | શ્રેષ્ઠત્તર રાશિ ✓ | મિથુન |
| ૯૮ | શ્રેષ્ઠ રાશિ ✓ | તુલા, ધન |
| ૯૯ | પ્રીતિ રાશિ ✓ | કુંભ |
| ૧૦૦ | શુભ રાશિ ✓ | વૃષભ, કર્ક, સિંહ, વૃશ્ચિક |
| ૧૦૧ | સમ રાશિ × | મીન |
| ૧૦૨ | મધ્યમ રાશિ × | મકર |
| ૧૦૩ | અશુભ રાશિ × | નથી |
| ૧૦૪ | શત્રુ રાશિ × | મેષ |
| ૧૦૫ | અશુભતર રાશિ × | નથી |
| ૧૦૬ | વર્ગ/વર્ગેશ/આદ્યાક્ષર | ચ / મૃગ ૭ / વ |
| ૧૦૭ | આરાધના અંગ | ચિદાત્મા રક્ષા |
| ૧૦૮ | પ્રાકૃત નામ | વદ્ધમાણં |

✓ રાશિવાળા જિનબિંબ ભરાવે

× રાશિવાળા જિનબિંબ ન ભરાવે

# શ્રી મહાવીર સ્વામી ભગવાન વિશિષ્ટ આરાધના

## સંસ્કૃત સ્તુતિ

कृतापराधेऽपिजने, कृपामन्थरतारयोः ।
ईषद्बाष्पार्द्रयोर्भद्रं, श्री वीरजिननेत्रयोः ॥

**અર્થ :** જે ''શ્રી વીર ભગવાન" ના નેત્રો, અપરાધ કરનારા પ્રાણી ઉપર પણ દયાને સૂચવનારી કીકીઓવાળા છે અને (તેવી દયા વડે જ) જરા અશ્રુથી ભીંજાયેલા થઈ ગયેલા છે તેવા તે નેત્રોનું કલ્યાણ થાઓ.

## હિન્દી સ્તુતિ

सहस्त्र शत गुण शोभते प्रभु, सहस्त्र नाम भनन्त जी ।
अपर जग में वीर भनितो, महावीर कहंत जी ।
बधत बधते सुख बधे कुल वर्द्धमान जिनेश्वर ।
सब भविक जन मिल करे पूजा, जपो नित परमेश्वरं ॥

## મરાઠી સ્તુતિ

वीर वीर महावीर जगांत सर्व गाजे
तुज नामाची हाक चोहिकडे वाजे
धीर गंभीरतेने मोक्षसुंदरी लाजे
तुं आमच्या सारख्या वासयंना ज्ञानामृत पाजे

## અંગ્રેજી સ્તુતિ

Kingdom palace ornament,
You had but no attachment,
Left you all O MOHAVEER Brave,
Give me little what you have.

**પ્રસિધ્ધ તીર્થો :**
પાનસર, ગંધાર, સાંચોર, ભદ્રેશ્વર, પાવાપુરી, ક્ષત્રિયકુડ, નાંદીયા

**સામાન્ય નામ અર્થ :**
આત્મિક ગુણોની વૃદ્ધિ કરવાથી ...

**વિશેષ નામ અર્થ :**
રાજદ્વારે ધન - ધાન્ય - સુખ - શાંતિ વિગેરે વધવાથી ...

## ગુજરાતી સ્તુતિ

શ્રી સિદ્ધાર્થ નરેન્દ્રના કુલ નભે, ભાનુ સમા છો વિભુ,
મ્હારા ચિત્ત ચકોરને જિન તમે, છો પૂર્ણ ચંદ્ર પ્રભુ,
પામ્યો છું પશુતા તજી સુરપણું, હું આપના ધર્મથી,
રક્ષો શ્રી મહાવીર દેવ મુજને, પાપી મહાકર્મથી.

## ગુજરાતી છંદ

સિદ્ધાર્થરાય ત્રિશલા સુત નિત્ય વંદો,
આનંદકારક સદા ચરણારવિંદોઃ
જે શાસનેશ્વર તણો ઉપકાર પામી,
પૂજું પ્રભુ ચરણ શ્રી મહાવીર સ્વામી.

## પ્રાર્થના

ચરમ તીર્થંકર ત્રિશલાનંદન ! મહાવીર સ્વામીને વંદન,
નામ તમારૂં લેતાં મારા પુલકે પ્રાણોના સ્પંદન.
ધર્મનો રાહ બતાવ્યો સ્વામી, સહુને સુખ-શાંતિ દેવા,
ભવોભવ મુજને મળજો તમારા, ચરણકમળની શુભ સેવા.

## ચૈત્યવંદન

સિદ્ધારથસુત વંદિયે, ત્રિશલાનો જાયો,
ક્ષત્રિયકુંડમાં અવતર્યો, સુર નરપતિ ગાયો......૧
મૃગપતિ લંછન પાઉલે, સાત હાથની કાયા,
બહોંતેર વરસનું આઉખું, વીર જિનેશ્વર રાયા....૨
ખિમાવિજય જિનરાયનો એ, ઉત્તમગુણ અવદાત,
સાત બોલથી વર્ણવ્યો, પદ્મવિજય વિખ્યાત......૩

## જન્મ કલ્યાણકની સંગીતમય થોય

સર હરર ખલખલ દ્રસ્ગ છબ છન ન્હવણ જલ ક્રોડો મણો
ખન ખનન ખન્ ખન્ ટણક્ ટન્ ટન્ ઘોષ કલષાવો તણો
સુર સંઘ નાચે છનન છુમ્ છુમ્ ભનન ભૂમ્ ભૂમ્ જય કરો
શ્રી વીર પ્રભુનો જન્મ મહોત્સવ જગતનો મંગલ કરો.

## શ્રી મહાવીર સ્વામી ભગવાનનું સ્તવન

દીન દુઃખીયાનો તું છે બેલી, તું છે તારણહાર
.... તારા મહિમાનો નહીં પાર (૨)
રાજપાટને વૈભવ છોડી, છોડી દીધો સંસાર,
.... તારા મહિમાનો નહી પાર (૨)...૧
ચંડકોશીયો ડસીયો જ્યારે, દૂધની ધારા પગથી નીકળે,
વિષને બદલે દૂધ જોઈને, ચંડકોશીયો આવ્યો શરણે,
ચંડકોશીયાને તેં તારી, કીધો ઘણો ઉપકાર,
... તારા મહિમાનો નહીં પાર (૨)...૨
કાનમાં ખીલા ઠોક્યા જ્યારે, થઈ વેદના પ્રભુને ભારે,
તોય પ્રભુજી શાંત વિચારે, ગોવાળનો નહીં વાંક લગારે,
ક્ષમા આપીને તેં જીવોને, તારી દીધો સંસાર,
... તારા મહિમાનો નહીં પાર (૨)...૩
મહાવીર મહાવીર ગૌતમ પુકારે, આંખેથી આંસુની ધાર વહાવે,
ક્યાં ગયા એકલા છોડી મુજને, હવે નથી કોઈ જગમાં મારે,
પશ્ચાતાપ કરતાં કરતાં, ઉપન્યું કેવલજ્ઞાન,
... તારા મહિમાનો નહીં પાર (૨)...૪
જ્ઞાનવિમલ ગુરુ વચણે આજે, ગુણ તમારા ગાવા કાજે,
થઈ સુકાની તું પ્રભુ આવે, ભવજલ નૈયા પાર તરાવે,
અરજ મારી દિલમાં ધારી, કરીએ વંદન વારંવાર
... તારા મહિમાનો નહીં પાર (૨)...૫

## થોય

મહાવીર જિણંદા, રાય સિદ્ધાર્થ નંદા, લંછન મૃગેંદા, જાસ પાયે સોહંદા,
સુર નર વર ઈંદા, નિત્ય સેવા કરંદા, ટાળે ભવ ફંદા, સુખ આપે અમંદા.

## સંવેદના

સિદ્ધાર્થ રાજાના પુત્ર, ત્રિશલા માતાના હૃદયના આશ્વાસનરૂપ અને
સિદ્ધિપ્રાપ્તિના અર્થને સિદ્ધ કરનારા હે મહાવીર પ્રભુ !તમને વંદન કરું છું.

## સમેતશિખર ટુંકનો દુહો

મહાવીર પાવાપુરીમાં, સિદ્ધા સિદ્ધિ દેનાર;
સમેતશિખર પર ટુંક તસ, નમું પૂજું અનંતી વાર.

**જાપ :** ૐ હ્રીં શ્રીં અર્હં મહાવીર સ્વામિને નમઃ ॥ **જાપ ફળ :** સન્માન વધે.

## ભગવાન ૨૭ ભવ

(૧) વિદેહે નયસાર (સમકિતની પ્રાપ્તિ) (૨) સૌધર્મ દેવલોકે દેવ (૩) ભરતનો પુત્ર મરિચી (૪) પાંચમા દેવલોકે દેવ (૫) કૌશિક બ્રાહ્મણ (૬) સૌધર્મ દેવ (૭) પુષ્પ મિત્ર પુરોહિત (૮) સૌધર્મ દેવલોકે (૯) અગ્નિદ્યોત બ્રાહ્મણ (૧૦) ઈશાન દેવલોકે (૧૧) અગ્નિભૂતિ બ્રાહ્મણ (૧૨) સનતકુમાર દેવ (૧૩) ભારદ્વાજ બ્રાહ્મણ (૧૪) ચોથો દેવલોક (૧૫) સ્થાવર બ્રાહ્મણ (૧૬) બ્રહ્મ દેવલોકે (૧૭) વિશ્વભૂતિ રાજા (૧૮) સાતમો દેવલોક (૧૯) ત્રિપૃષ્ઠ વાસુદેવ (૨૦) સાતમી નરકે (૨૧) સિંહ (૨૨) વિમલરાજકુમાર નારકી તથા તીર્યંચનું ભવ ભ્રમણ (૨૩) વિદેહે પ્રિયમિત્ર ચક્રવર્તી (૨૪) મહાશુક્ર દેવ (૨૫) નંદન રાજકુંવર (તીર્થંકર નામકર્મ ગોત્ર ઉપાર્જન)(૨૬) પ્રાણત દેવલોક પુષ્પોત્તર વિમાન (૨૭) મહાવીર સ્વામી ભગવાન

## શ્રી મહાવીર સ્વામી પંચકલ્યાણક આરાધના

૧. ચ્યવન કલ્યાણક તિથિ - અષાઢ સુદ ૬ જાપ - ૐ હ્રીં મહાવીર સ્વામિને પરમેષ્ઠિને નમઃ
૨. જન્મ કલ્યાણક તિથિ - ચૈત્ર સુદ ૧૩ જાપ - ૐ હ્રીં મહાવીર સ્વામિને અર્હતે નમઃ
૩. દિક્ષા કલ્યાણક તિથિ - કારતક વદ ૧૦ જાપ - ૐ હ્રીં મહાવીર સ્વામિને નાથાય નમઃ
૪. કેવલજ્ઞાન કલ્યાણક તિથિ - વૈશાખ સુદ ૧૧ જાપ - ૐ હ્રીં મહાવીર સ્વામિને સર્વજ્ઞાય નમઃ
૫. મોક્ષ કલ્યાણક તિથિ - આસો વદ અમાસ જાપ - ૐ હ્રીં મહાવીર સ્વામિને પારંગતાય નમઃ

# અનંત લબ્ધિનિધાન સદ્‌ગુરૂ
# શ્રી ગૌતમ સ્વામી સંક્ષિપ્ત જીવન કવન



શ્રી ગુરૂ-પ્રેમ ધામ પાવાપુરી, પંચાસર.

## ગૌ = ગાય - કામધેનુ, ત = તરૂ - કલ્પતરૂ મ = મણિ - ચિંતામણી રત્ન નામપણ મહિમાવંત છે.

(૧) પિતા - વસૂભૂતિ (૨) માતા - પૃથ્વી (૩) જન્મનગરી - ગોબર (૪) ગૌત્ર - ગોબર (૫) દેહ - સુવર્ણ (૬) કાયા - સાત હાથ (૭) દીક્ષા લીધી - ૫૦માં વર્ષે (૮) કેવલ જ્ઞાન (કારતક સુદ ૧) - ૮૦માં વર્ષે (૯) મોક્ષ - ૯૨માં વર્ષે (૧૦) નિર્વાણ - રાજગૃહી (૧૧) પ્રભુ મહાવીરની સેવા - ૩૦ વર્ષ (૧૨) પૂર્વભવે મરીચિ ત્રિદંડીના કપિલ નામે શિષ્ય હતા. (૧૩) પૂર્વભવે ત્રિપૃષ્ટ વાસુદેવની સારથી તરીકે સેવા કરી. (૧૪) ગૌતમ સ્વામીના ભાઈ અગ્નિભૂતિ - વાયુભૂતિ હતા. (૧૫) ઈન્દ્રભૂતિ પંડિતમાંથી વૈશાખ સુદ ૧૧ ના ગૌતમ સ્વામી ગણધર બન્યા. (૧૬) ભગવાનની કૃપાથી ત્રિપદી દ્વારા દ્વાદશાંગીની રચના કરી. (૧૭) મહાન પંડિત છતાં "જીવ છે કે નહિ?"તેવી મનમાં શંકા હતી, જે વીરે દૂર કરી. (૧૮) દીક્ષા બાદ રોજ ગૌદુહ આસને બેસતા હતા. (૧૯) છઠ્ઠના પારણે છઠ્ઠ કરનારા તપસ્વી હતા. (૨૦) અનંત લબ્ધિનિધાન હતા. (૨૧)વાણિજ્ય ગ્રામે આનંદ શ્રાવકને મિચ્છામિ દુક્કડં આપવા ગયા. (૨૨) મૃગ ગામમાં મૃગાવતી રાણીના લોઢીયાપુત્રને જોવા ગયા. (૨૩) અષ્ટાપદ તીર્થની સ્વલબ્ધિએ યાત્રા કરી જગચિંતામણી સૂત્ર રચ્યું. (૨૪) અક્ષીણ મહાનસ લબ્ધિથી ૧૫૦૦ તાપસોને ખીરથી પારણા કરાવ્યા. (૨૫) હાલિક (ખેડૂત)ને પ્રતિબોધવા પ્રભુ વીરે ગૌતમ સ્વામીને મોકલ્યા. (૨૬) ૩૬ હજાર પ્રશ્ન ભગવાન મહાવીરને પૂછ્યા. જે ભગવતી સુત્રમાં છે. (૨૭) કેશી ગણધર સાથે ગૌતમ સ્વામીનું મિલન તિંદુક ગામમાં થયું. (૨૮) પોલાસપુરમાં અઈમુત્તાની વિનંતીથી તેના ઘરે ગોચરી ગયા. (૨૯) એક દિવસ ઋષભદત્ત બ્રાહ્મણનો પિતા અને દેવાનંદા બ્રાહ્મણીનો માતા તરીકેનો પરિચય પ્રભુ વીરે બ્રાહ્મણકુંડ ગામમાં ગૌતમ સ્વામીને કરાવ્યો. (૩૦) ગૌતમ સ્વામીને પોતાના ૫૦ હજાર શિષ્યનો પરિવાર હતો. (૩૧) ગૌતમ સ્વામીએ જેટલાને દીક્ષા આપી તે બધા કેવલજ્ઞાની થયા. (૩૨) ભગવાનનાં અંતિમ સમયે દેવશર્મા બ્રાહ્મણને પ્રતિબોધવા પ્રભુવીરની આજ્ઞાથી ગયા. (૩૩) વિલાપ કરતાં કારતક સુદ ૧ ના અપાપાપરીમાં કેવલજ્ઞાની થયા. (૩૪) ગૌતમ સ્વામીને અભિમાનના બદલામાં સંયમ અને વિલાપના બદલામાં કેવલજ્ઞાન પ્રાપ્ત થયું. (૩૫) રાજગૃહીમાં ૯૨ વર્ષે મુક્તિ-નિર્વાણ પામ્યા. (૩૬) જન્મ-નક્ષત્ર જયેષ્ઠા - એ પોતે જયેષ્ઠ (મોટા) પુત્ર હતા. મહાવીર સ્વામીના જયેષ્ઠ (પ્રથમ) શિષ્ય થયા. અને ગુરૂઓમાં પણ જયેષ્ઠ ગુરૂ થયા. પ્રથમ જયેષ્ઠ ગણધર થયા. (૩૭) પ્રસિદ્ધ તીર્થ - ગુણિયાજી (૩૮)૫૦ વરસ - ગૃહસ્થાવાસ, ૩૦ વરસ - છદ્‌મસ્થ અવસ્થા, ૧૨ વરસ - કેવલી અવસ્થા = ૯૨ વરસ - પૂર્ણ આયુ (૩૯) શ્રી વીરપ્રભુ બધાને ઉદ્દેશીને ગૌતમ સ્વામીને હંમેશા કહેતા "સમયં ગોયમં મા પમાયએ" હે ગૌતમ! એક સમયનો પણ પ્રમાદ ન કરીશ.



# અઠ્ઠાવીસ લબ્ધિનું સ્વરૂપ



શ્રી ઇન્દ્રભૂતિં ગણવૃદ્ધિભૂતિં, શ્રી વીરતીર્થાધિપમુખ્યશિષ્યમ્ ।
સુવર્ણકાન્તિં કૃતકર્મશાન્તિં, નમામ્યહં ગૌતમગોત્રરત્નમ્ ॥

આગચ્છ ગૌતમશીઘ્રં, ગ્રામેષુ નગરેષુ ચ,
આસનં ભોજનં માનં, લભતે ત્રિતયં સુખમ્ ॥

**દુહો**

લબ્ધિ અઠ્ઠાવીશ ધરી, ગુરુ ગોયમ ગણેશ ।
ધ્યાવો ભવિ શુભંકરુ, ત્યાગી રાગ ને રીસ

૧. અમોસહિ - શરીરના સ્પર્શ માત્રથી રોગ મટી જાય તે
૨. વિપ્પોસહિ - મળ, મૂત્ર થકી સર્વ રોગ જાય
૩. ખેલોસહિ - શ્લેષ્મ થકી સર્વ રોગ જાય
૪. જલ્લોસહિ - શરીરના મેલથી સર્વ રોગ જાય
૫. સવ્વોસહિ - કેશ, રોમ, નખથી સર્વ રોગ જાય
૬. સંભિન્નશ્રોત - કોઈ પણ ઈન્દ્રિયથી સાંભળી શકવાની શક્તિ
૭. અવધિજ્ઞાન - ઈન્દ્રિયની સહાય વગર રૂપિ પદાર્થોને જાણે
૮. મનઃ પર્યવજ્ઞાન - ગર્ભજ પંચેન્દ્રિયના મનોગત ભાવ જાણવાની શક્તિ
૯. વિપુલમતિ - અઢીદ્વીપમાં વિશેષપણે મનોભાવ જાણવાની શક્તિ
૧૦. ચારણલબ્ધિ - આકાશ ગામિની શક્તિ
૧૧. આશિવિષ - જેવો શ્રાપ આપે તેવું થાય
૧૨. કેવળજ્ઞાન - ત્રણે કાળ અને ત્રણે લોકના સર્વ ભાવોને જાણવાની શક્તિ
૧૩. ગણધરપદ - ગણધરનું પદ મળે તે
૧૪. પૂર્વધર - ચૌદપૂર્વ ભણે તે
૧૫. અરિહંતપદ - અરિહંત થાય તે
૧૬. ચક્રવર્તીપદ - ચક્રવર્તી થાય તે
૧૭. બળદેવપદ - બળદેવરૂપે જન્મે
૧૮. વાસુદેવપદ - વાસુદેવરૂપે જન્મે
૧૯. અમૃતસ્રવ - ઘી, સાકર, ખીર જેવી વાણી
૨૦. કોષ્ટબુદ્ધિ - ભણેલું ભૂલે નહીં તે
૨૧. પદાનુસારીણી - એક પદ ભણતાં બધું આવડી જાય તે
૨૨. બીજબુદ્ધિ - એક પદ ભણતાંને ઘણો અર્થ જાણે
૨૩. તેજો લેશ્યા - બાળી નાંખે, દાહ ઊપજાવે તેવી શક્તિ
૨૪. આહારક - સંદેહ નિવારણ કરવા ભગવાન પાસે પહોંચી શકાય તેવી શક્તિ
૨૫. શીત લેશ્યા - શીતલ કરે તેવી શક્તિ
૨૬. વૈક્રીય - નાનાં-મોટાં રૂપ ધારણ કરે
૨૭. અક્ષિણ મહાનસી - પોતાના આહારે લાખ માણસ જમાડે
૨૮. પુલાક - સંઘ વગેરેના ભલા માટે ચક્રવર્તીના સૈન્યના ચૂરેચૂરા કરવાની શક્તિ

# શ્રી ગૌતમ સ્વામી વિશિષ્ટ આરાધના

## માંગલિક

મંગલં ભગવાન્ વીરો, મંગલં ગૌતમઃ પ્રભુ ।
મંગલં સ્થૂલિ ભદ્રાદ્યા, જૈન ધર્મોડસ્તુ મંગલમ્ ॥ ૧ ॥
સર્વા રિષ્ટપ્રણાશાય, સર્વા ભીષ્ટાર્થ દાયિને ।
સર્વ લબ્ધિ નિધાનાય, શ્રી ગૌતમ સ્વામિને નમઃ ॥ ૨ ॥
ગામ તણે પચ સારણે, ગુરૂ ગૌતમ સમરંત ।
ઈચ્છા ભોજન ઘર કુશલ, ઈચ્છા ભોજન રાજમાન,
લક્ષ્મી લીલા લહંત ॥ ૩ ॥
અંગુઠે અમૃત વસે, લબ્ધિ તણા ભંડાર ।
શ્રી ગુરૂ ગૌતમ સમરીયે, વાંછીત ફલ દાતાર ॥ ૪ ॥
શત્રુંજય સમો તીરથ નહી, રિખવ સમો નહીં દેવ ।
ગૌતમ સરીખા ગુરૂ નહીં, વળી વળી વંદુ તેહ ॥ ૫ ॥

## ॥ શ્રી ગૌતમ સ્વામીનો છન્દ ॥

વીરજિણેસર કેરો શિષ્ય, ગૌતમનામ જપો નિશદિશ ।
જો કીજે ગૌતમનું ધ્યાન, તો ઘર વિલસે નવે નિધાન ॥ ૧ ॥
ગૌતમનામે ગિરિવર ચઢે, મનવાંછિત હેલા સંપજે ।
ગૌતમનામે નાવે રોગ, ગૌતમનામે સર્વ સંજોગ ॥ ૨ ॥
જે વૈરી વિરૂઆ વંકડા, તસ નામે નાવ ઢૂંકડા ।
ભૂત પ્રેત નવિ ખંડે પ્રાણ, તે ગૌતમના કરું વખાણ ॥ ૩ ॥
ગૌતમનામે નિર્મળકાય, ગૌતમનામને વાધે આય ।
ગૌતમજિન શાસન શણગાર, ગૌતમનામે જયજયકાર ॥ ૪ ॥
શાલ દાળ સુરહા ધૃત ગોળ, મનવંછિત કાપડ તંબોળ ।
ઘર સુઘરાણી નિર્મળ ચિત્ત, ગૌતમનામે પુત્ર વિનીત ॥ ૫ ॥
ગૌતમ ઉગ્યો અવિચલ ભાણ, ગૌતમનામ જપો જગભાણ ।
મ્હોટા મંદિર મેરુ સમાન, ગૌતમનામે સફળ વિહાણ ॥ ૬ ॥
ઘર મયગળ ઘોડાની જોડ, વારૂ પહોંચે વંછિતકોડ ।
મહિયળ માને મ્હોટારાય; જો ત્રૂઠે ગૌતમના પાય ॥ ૭ ॥
ગૌતમ પ્રણમ્યા પાતિક ટળે, ઉત્તમ નરની સંગત મળે ।
ગૌતમનામે નિર્મળ જ્ઞાન, ગૌતમનામે વાધે વાન ॥ ૮ ॥
પુણ્યવંત અવધારો સહુ, ગુરૂ ગૌતમના ગુણ છે બહુ ।
કહે "લાવણ્ય સમય" કર જોડ, ગૌતમ તૂઠે સંપત્તિ કોડ ॥ ૯ ॥

## ॥ શ્રી ગૌતમસ્વામિ સ્તોત્રમ્ ॥

શ્રી ઇન્દ્રભૂતિં વસુભૂતિ-પુત્રં, પૃથ્વીભવં ગૌતમગોત્રરત્નમ્ ।
સ્તુવન્તિ દેવાઃ સૂર માનવેન્દ્રાઃ, સ ગૌતમો યચ્છતુ વાંછિતં મે ॥ ૧ ॥
શ્રી વર્ધમાનાત્ ત્રિપદીમવાપ્ય, મુહૂર્ત - માત્રેણ કૃતાનિ યેન ।
અઙ્ગાનિ પૂર્વાણિ ચતુર્દશાપિ, સ ગૌતમો યચ્છતુ વાંછિતં મે ॥ ૨ ॥
શ્રી વીરનાથેન પુરા પ્રણિતં, મંત્રં મહાનંદસુખાય યસ્ય ।
ધ્યાયંત્યમી સૂરિવરાઃ સમગ્રા, સ ગૌતમો યચ્છતુ વાંછિતં મે. ॥ ૩ ॥
યસ્યાભિધાનં મુનિયોડપિ સર્વે, ગૃહ્ણન્તિ ભિક્ષા ભ્રમણસ્ય કાલે ।
મિષ્ટાન્ન પાનાંબર પૂર્ણકામાઃ, સ ગૌતમો યચ્છતુ વાંછિતં મે. ॥ ૪ ॥
અષ્ટાપદાદ્રૌ ગગને સ્વશક્ત્યા, યયૌ જિનાનાં પદવંદનાય ।
નિશમ્ય તીર્થાતિશયં સુરેભ્યઃ, સ ગૌતમો યચ્છતુ વાંછિતં મે. ॥ ૫ ॥
ત્રિપંચસંખ્યાશતતાપસાનાં, તપઃકૃશાનામપુનર્ભવાય ।
અક્ષિણલબ્ધ્યા પરમાન્નદાતા, સ ગૌતમો યચ્છતુ વાંછિતં મે. ॥ ૬ ॥
સદક્ષિણં ભોજનમેવ દેયં, સાધર્મિક સંઘસપર્યયેતિ ।
કૈવલ્યવસ્ત્રં પ્રદદૌ મુનીનાં, સ ગૌતમો યચ્છતુ વાંછિતં મે. ॥ ૭ ॥
શિવં ગતે ભર્તરિ વીરનાથે, યુગપ્રધાનત્વમિહૈવ મત્વા ।
પટ્ટાભિષેકો વિદધે સુરેન્દ્રૈઃ, સ ગૌતમો યચ્છતુ વાંછિતં મે. ॥ ૮ ॥
ત્રૈલોક્યબીજં પરમેષ્ઠિબીજં, સજ્ઞાનબીજં જિનરાજબીજં ।
યન્નામચોક્તં વિદધાતિ સિદ્ધિં, સ ગૌતમો યચ્છતુ વાંછિતં મે. ॥ ૯ ॥
શ્રી ગૌતમસ્યાષ્ટકમાદરેણ, પ્રબોધકાલે મુનિપુંગવા યે ।
પઠંતિ તે સૂરિપદંસદૈવા - નંદં લભંતે સુતરાં ક્રમેણ ॥ ૧૦ ॥

## ॥ શ્રી ગૌતમસ્વામીનો મંત્ર ॥

(૧) ૐ હ્રીં નમો ગોયમસ્સ ॥

(૨) ૐ હ્રીં શ્રી અરિહંત ઉવજ્ઝાય શ્રી ગૌતમસ્વામિને નમઃ ॥

(૩) ૐ નમો ભગવઓ ગોયમ સામિસ્સ સિદ્ધસ્સ
બુદ્ધસ્સ અક્ખીણ મહાણસસ્સ અવતર અવતર
ૐ અક્ખીણ મહાણસસ્સ લબ્ધિ સંપન્નસ્સ મમ મનોવાંછિતં
ઋદ્ધિં વૃદ્ધિં કલ્યાણં કુરુ કુરુ સ્વાહા॥

### ગૌતમસ્વામી અને મહાવીર સ્વામી પૂર્વભવ :

| | |
|---|---|
| ૧.મરીચિ (ભવ-૩) | - કપિલ નામે રાજપૂત્ર શિષ્ય બને છે. ઉત્સૂત્ર પ્રરૂપણા કરાવી ભવભ્રમણ વધારે છે. |
| ૨.વાસુદેવ (ભવ-૧૮) | - ત્રિપૃષ્ટ વાસુદેવે જ્યારે જંગલમાં સિંહથી નગરીનું રક્ષણ કરવા ગયા ત્યારે સારથી તરીકે ગૌતમસ્વામીનો જીવ હતો. |
| ૩.વર્ધમાન (મહાવીર) ભવ-૨૭ | - ઈન્દ્રભૂતિ (ગૌતમસ્વામી) તરીકે હતા. |

### ઈન્દ્રભૂતિને પ્રભુવીરના પ્રથમ દર્શને થયેલ વિચારણા :

કોણ છે આ ? બ્રહ્મા ? વિષ્ણુ ? સદાશિવ ? શંકર ?
ચંદ્ર છે ? ના, ચંદ્ર તો કલંકવાળો છે.
સૂર્ય છે ? ના, સૂર્યનું તેજ તો તીવ્ર હોય છે.
મેરુ છે ? ના, તે તો કઠણ હોય છે.
વિષ્ણુ છે ? ના, તે તો શ્યામવર્ણવાળા હોય છે.
બ્રહ્મા છે ? ના, તે તો જરા (વૃદ્ધાવસ્થા)થી યુક્ત હોય છે.
કામદેવ છે ? ના, તે તો અંગરહિત હોય છે.
જાણ્યું, આ તો દોષરહિત અને સર્વ ગુણ સંપન્ન ચરમતીર્થપતિ શ્રી વર્ધમાન મહાવીર ભગવાન છે.

### ગૌતમસ્વામીના પાંચ ભવ :

**ગૌતમ સ્વામી :**

**૧. મંગલશ્રેષ્ઠી :**

પૂર્વ મહાવિદેહ, પુષ્કલાવતી વિજય પત્ની સુમંગળા, પુત્ર-મંગલાનંદ. અંત સમયે અનસન કર્યું. પાણીની તરસના કારણે પરિણામબગડ્યું. માછલાનું જીવન અનુમોધું.

**૨. મત્સ્ય :**

એક દિવસ મુનિના આકારનું માછલું જોયું. વિચાર કરતાં જાતિ સ્મરણજ્ઞાન થયું. પૂર્વ ભવની વિરાધનાની નિંદા કરતા અનસન કરી શુભધ્યાને આયુષ્ય પૂર્ણ કર્યું.

**૩. જ્યોર્તિમાલી દેવ :**

સૌધર્મ દેવલોકનું આયુષ્ય શુભ ભાવથી પૂર્ણ કર્યું.

**૪. વેગવાન (વિદ્યાધર) :**

મહાવિદેહમાં પુષ્કલાવતી વિજયમાં વેગવતિ નગરીમાં વિદ્યાધર રાજા સુવેગના પુત્ર, પત્ની, ધનમાલાનું બળવાન વિદ્યાધરે હરણ કર્યું. બુદ્ધિશાળી મંત્રી ઘીસખા સાંત્વન ધૈર્ય આપે છે. વૈરાગ્ય પામી દીક્ષા લે છે.

**સ્કંધક :**

**સુધર્મા શ્રાવક :**

મંગળાશ્રેષ્ઠિનો ગુણવાન મિત્ર હતો. વિપાશાંતર નદીમાં પ્રવાસ કરતાં વહાણ ડૂબ્યું. પડતા સુધર્મા શ્રાવકને મત્સ્ય મળે છે. (ગૌતમસ્વામીનો જીવ) ને દયાથી કિનારે લાવે છે.

**દેવભવ :**

પૂર્વ ભવના બંને મિત્રો જ્ઞાનથી ફરી સાથે મળ્યા. અપરિગૃહીતા ઉર્વશી દેવીમાં આસક્ત થએલ મિત્રને જ્યોર્તિમાલીએ સ્થિર કર્યા.

**ધનમાલા :**

પશ્ચિમમહાવિદેહમાં ધનવંતિ વિજયમાં તરંગિણી નગરીમાં પિતા-ધનદેવ, માતા - ધનવંતીની પૂત્રા થાય છે. પૂર્વ ભવના ઋણાનુંબંધથી વેગવાન સાથે લગ્ન થાય છે. વૈરાગ્ય પામી દીક્ષા લે છે.

૫. વેગવાનનો જીવ, ઘીસખા મંત્રીનો જીવ અને ધનમાલનો જીવ આઠમા દેવલોકને પામે છે.

૬. મંગલશ્રેષ્ઠીનો જીવ - ગોબર ગામમાં વસુભૂતિ પિતાને ત્યાં ઈન્દ્રભૂતિ ગૌતમસ્વામી થાય છે.
ઘી સખા મંત્રીનો જીવ ચંપા નગરીમાં શ્રેષ્ઠીને ત્યાં પિંગલક થાય છે.
ધનમાલાનો જીવ સંવર ગામમાં સિદ્ધરાજાને ત્યાં સ્કંધક કાત્યાયન રૂપે જન્મે છે.

# પરમાત્મા શ્રી ભગવાન મહાવીર સ્વામીના અગિયાર ગણધર

| ક્રમ | નામ | ગામ | પિતા | માત | ગૌત્ર | શંકા | શિષ્ય સંખ્યા | સંસારી જીવન | સંયમી જીવન | સંપૂર્ણ જીવન | જન્મ નક્ષત્ર | નિર્વાણ સમય પ્રભુ પછી / પહેલાં | દિક્ષા પર્યાય | કેવી પર્યાય |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ઇન્દ્રભૂતિ | ગોબરગ્રામ | વસુભૂતિ | પૃથ્વી | ગૌતમ | આત્મા જીવ છે કે નહિ? | ૫૦૦ | ૫૦ | ૪૨ | ૯૨ | જયેષ્ઠા | પછી | ૩૦ | ૧૨ |
| ૨ | અગ્નિભૂતિ | ગોબરગ્રામ | વસુભૂતિ | પૃથ્વી | ગૌતમ | કર્મ છે નહિં ? | ૫૦૦ | ૪૬ | ૨૮ | ૭૪ | કૃતિકા | પહેલાં | ૧૨ | ૧૬ |
| ૩ | વાયુભૂતિ | ગોબરગ્રામ | વસુભૂતિ | પૃથ્વી | ગૌતમ | જે જીવ તે જ શરીર કે બીજું ? | ૫૦૦ | ૪૨ | ૨૮ | ૭૦ | સ્વાતિ | પહેલાં | ૧૦ | ૧૮ |
| ૪ | વ્યક્ત | કોલ્લાક | ધર્મમિત્ર | વારુણી | ભારદ્વાજ | પંચભુત છે કે નહિં ? | ૫૦૦ | ૫૦ | ૩૦ | ૮૦ | શ્રવણ | પહેલાં | ૧૨ | ૧૮ |
| ૫ | સુધર્મા | કોલ્લાક | ધમ્મિલ | ભદ્દિલ્લા | અગ્નિવેશ્મ | જે જેવો છે તે તેવોજ થાય ? | ૫૦૦ | ૫૦ | ૫૦ | ૧૦૦ | હસ્તોત્તર | પછી | ૪૨ | ૮ |
| ૬ | મંડિત | કોલ્લાક | ધનદેવ | વિજયાદેવી | વાશિષ્ઠ | કર્મ-બંધ મોક્ષ છે કે નહિં ? | ૩૫૦ | ૬૫ | ૩૦ | ૯૫ | મઘા | પહેલાં | ૧૪ | ૧૬ |
| ૭ | મૌર્યપૂત્ર | મૌર્યગ્રામ | મૌર્ય | વિજયાદેવી | કાશ્યપ | દેવ છે કે નહિં ? | ૩૫૦ | ૫૩ | ૩૦ | ૮૩ | રોહિણી | પહેલાં | ૧૪ | ૧૬ |
| ૮ | અકમ્પિત | મિથિલા | દેવ | જયંતિ | ગૌતમ | નારદ છે કે નહિં ? | ૩૦૦ | ૪૮ | ૩૦ | ૭૮ | ઉત્તરાષાઢા | પહેલાં | ૯ | ૨૧ |
| ૯ | અચલભ્રાતા | કૌશલ | વસુ | નન્દા | હારિતાયન | પૂણ્ય-પાપ છે કે નહિં? | ૩૦૦ | ૪૬ | ૨૬ | ૭૨ | મૃગશિર્ષ | પહેલાં | ૧૨ | ૧૪ |
| ૧૦ | મેતાર્ય | વચ્છપૂરી | દત્ત | વરુણદેવી | કૌડીન્ય | પરલોક છે કે નહિં? | ૩૦૦ | ૩૬ | ૩૬ | ૬૨ | અશ્વિની | પહેલાં | ૧૦ | ૧૬ |
| ૧૧ | પ્રભાસ | રાજગૃહી | બલ | અતિભદ્રા | કોડીન્ય | મોક્ષ છે કે નહિં? | ૩૦૦ | ૧૬ | ૨૪ | ૪૦ | પુષ્ય | પહેલાં | ૮ | ૬ |

૧-૨-૩ ગણધરો ભાઈ હતા, અગિયાર મહાપંડિતો, ચૌદ વિદ્યાના પારગામી હતા. દરેકને જુદી જુદી શંકા હતી તેનું સચોટ સમાધાન થતાં અગિયારે પંડિતો પોતપોતાના શિષ્ય પરિવાર સાથે દિક્ષા અંગીકાર કરીને પરમાત્માને શ્રીમુખે ત્રિપદી પામીને શ્રી દ્વાદશાઙ્ગીની રચના કરી. પરમ તારક દેવાધિદેવે અગિયાર મહાપંડિતોને ગણધરરૂપે ઘોષિત કર્યા. શતાયુઃ પંચમ ગણધર શ્રી સુધર્મસ્વામીજીને દેવાધિદેવે પોતાની પાટે સ્થાપના કર્યા.

**૧૧ બ્રાહ્મણો અધ્યાપક હતા, ૧૪ પૂર્વ ભણેલા હતા, બધા જ રાજગૃહીમાં નિર્વાણ પામ્યા.**

# શ્રી મહેસાણા મંડન શ્રી સીમંધર સ્વામી ભગવાન



| | | |
|---|---|---|
| પિતા | : | શ્રેયાંસ |
| માતા | : | સત્યકી |
| મહારાણી | : | રુક્મિણી |
| ક્ષેત્ર | : | શ્રી જંબુદ્વીપના મધ્ય ભાગે રહેલ મેરુ પર્વતથી પૂર્વ દિશામાં આવેલ પૂર્વ વિદેહ ક્ષેત્રનો ઉત્તર બાજુનો પૂર્વનો વિભાગ |
| વિજય | : | પુષ્કલાવતી |

| | | |
|---|---|---|
| વિજય ક્રમાંક | : | ૮ |
| પાટનગર | : | પુંડરીકિણી |
| લાંછન | : | વૃષભ |
| શાસન દેવ | : | શ્રી ચાંદ્રાયણ યક્ષ |
| શાસન દેવી | : | શ્રી પંચાગુલી દેવી (જ્યોતિષ શાસ્ત્ર અધિષ્ઠાત્રી દેવી) |
| પ્રથમ ગણધર | : | શ્રી ચંદ્રશેખર |
| દિશા | : | ઈશાન ખૂણો |

જાપ : ૐ હ્રીં શ્રીં અર્હં સીમંધર સ્વામિને નમઃ ॥

જાપ ફળ : ઘરમાં સુખ અને શાંતિ રહે.

## સંસ્કૃત (પ્રાકૃત) સ્તુતિ

મહિમંડણં પુણ્ણ સોવણ્ણ દેહં જણાણંદણં કેવલ નાણ ગેહં
મહાણંદ લચ્છી બહુ બુદ્ધ રાયં સુસેવામિ સીમંધરં તિત્થરાયં

## સંસ્કૃત સ્તુતિ

શ્રી સર્વજ્ઞ ! સમગ્ર- સૌખ્ય-પદવીં-સમ્પ્રાપ્તિ-ચિન્તામણે !
સત્કલ્યાણ-નિવાસ ! વાસવનત ! ત્રૈલોક્ય - ચૂડામણે !
સમ્યગ્-બ્રહ્મમય-સ્વરૂપ ! વિહરત્ તીર્થંકરાગ્રેસરં,
શ્રી સીમંધર ! ધર્મનાયકમહં ભક્ત્યા ભવન્તં સ્તુવે...

## શ્રી સીમંધર સ્વામીની ભાવયાત્રાની ગુજરાતી સ્તુતિ

યાચક થઈ માગું છું, હે વીતરાગી તારી કને
મહાવિદેહ ક્ષેત્રમાં જવું, શ્રી સીમંધર સ્વામી કને
આઠ વર્ષની વય થતાં, હું સંયમ લઉ તારી કને
ઘાતી અઘાતી કર્મ ખપાવી, ક્યારે પહોંચુ તારી કને

## શ્રી સીમંધરસ્વામીનું ચૈત્યવંદન

શ્રી સીમંધર વીતરાગ, ત્રિભુવન તુમે ઉપગારી;
શ્રી શ્રેયાંસ પિતા કુળે, બહુ શોભા તુમારી ૧
ધન્ય ધન્ય માતા સત્યકી, જેણે જોયો જયકારી;
વૃષભ લંછને વિરાજમાન, વંદે નર નારી ૨
ધનુષ પાંચશે દેહડીએ, સોહીએ સોવન વાન;
કીર્તિવિજય ઉવજ્ઝાયનો, વિનય ધરે તુમ ધ્યાન ૩

## શ્રી સીમંધર સ્વામીનું સ્તવન

### (રાગ : તુમે મૈત્રી રે સાહિબા)

શ્રી "સીમંધર" જગધણીજી, રાય "શ્રેયાંસકુમાર";
માતા "સત્યકી" નંદોજી, "રુક્મણિ"નો ભરથાર.
સુખકારક સ્વામીજી, સુણો મુજ મનની વાત,
જપતાં નામ તુમ્હારુંજી, વિકસે સાતે ધાત... સુખ ૧
સ્વજન કુટુંબ છે કારમુંજી, કારમો સહુ સંસાર ;
ભવોદધિ પડતાં મહારેજી, તું તારક નિરાધાર... સુખ ૨
ધન્ય તિહાંના લોકનેજી, જે સેવે તુમ પાય;
પ્રહ ઉઠીને વાંદવાજી, મુજ મનડું નિત્ય થાય... સુખ ૩
કાગળ કાંઈ પહોંચે નહીંજી, કિમ કહું મુજ અદાવત;
એકવાર આવો અહીં પ્રભુજી, કરૂં દિલની સવિ વાત... સુખ ૪
મનડામાં ક્ષણ ક્ષણ રમેજી, તુમ દરિસણના કોડ;
વાચક "જસ" કરે વિનતિજી, અહોનિશ બે કર જોડ... સુખ ૫

## શ્રી સીમંધર સ્વામીની થોયો (૧)

શ્રી સીમંધર જિનવર સુખકર સાહિબ દેવ, અરિહંત સકળની ભાવ ધરી કરું સેવ;
સકલાગમપારગ ગણધરભાષિત વાણી, જયવન્તી આણા જ્ઞાનવિમલ ગુણ ખાણી.

## શ્રી સીમંધર સ્વામીની થોયો (૨)

શ્રી સીમંધર સેવિત સુરવર જિનવર જય જયકારીજી,
ધનુષ પાંચશે કંચન વરણી, મૂરતિ મોહનગારીજી,
વિચરંતા પ્રભુ મહાવિદેહે, ભવિજનને હિતકારીજી,
પ્રહ ઉઠી નિત્ય નામ જપીજે, હૃદયકમલમાં ધારીજી;

## શ્રી સીમંધર સ્વામીના દુહા

અનંત ચોવિશી જિન નમું, સિદ્ધ અનંતી કોડ;
કેવળનાણી સ્થવિર સવી, વંદુ બે કર જોડ. ॥ ૧ ॥
બે કોડી કેવળધારા, વિહરમાન જિન વિશ;
સહસ કોડી યુગલ નમું, સાધુ નમું નિશદિશ. ॥ ૨ ॥
જે ચારિત્રે નિર્મળા, તે પંચાનન સિંહ;
વિષય કષાયને ગંજીયાં, તે પ્રણમું નિશદિહ. ॥ ૩ ॥
શ્રી સીમંધર સાહિબા, અરજ કરૂ, કર જોડ,
જીહાં લગી શશી સૂરજ તપે, વંદના હમારી હોય. ॥ ૪ ॥
રાંક તણી પરે રડવડ્યો, નિધણીયો નિરધાર;
શ્રી સીમંધર સાહિબા, તુમવિણ ઈણ સંસાર. ॥ ૫ ॥
મહાવિદેહમાં તુમે વસો, હું વસું ભરત મોઝાર;
ઈહાં થકી કરું વંદના, શ્વાસ માંહિ સો વાર. ॥ ૬ ॥
ભરતક્ષેત્રમાં હું રહું, આપ રહો છો વિમુખ;
ધ્યાન લોહચુંબક પરે, દૃષ્ટિ કરૂં સન્મુખ. ॥ ૭ ॥
વૃષભ લંછન ચરણમાં, કંચન વરણી કાય;
ચોત્રિશ અતિશય શોભતા, વંદુ સદા તુમ પાય. ॥ ૮ ॥
તું છે મારો સાહિબો, હું છું ત્હારો દાસ;
ગુણ અવગુણ સહુ ઉવેખીને, કરુણા કરજો ખાસ. ॥ ૯ ॥
શ્રી બ્રહ્માણી શારદા, સરસ્વતી દ્યો સુપસાય;
સીમંધર જિન વિનવું, સાનિધ્ય કરજો માય. ॥ ૧૦ ॥

# વીશ વિહરમાન જિનની એકસરખી (સમાન) વિશિષ્ટ માહિતી

| | | |
|---|---|---|
| ચ્યવન કલ્યાણક | : | શ્રાવણ વદી - ૧ (મારવાડી)<br>અષાઢ વદી - ૧ (ગુજરાતી)<br>(કુંથુનાથ - અરનાથની વચ્ચેના કાળે) |
| જન્મ કલ્યાણક | : | વૈશાખ વદી - ૧૦ (મારવાડી)<br>ચૈત્ર વદી - ૧૦ (ગુજરાતી)<br>(કુંથુનાથ - અરનાથની વચ્ચેના કાળે) |
| જન્મ રાશિ | : | ધન |
| જન્મ નક્ષત્ર | : | ઉત્તરાષાઢા |
| ગૃહ વાસ | : | ૮૩ લાખ પૂર્વ |
| દીક્ષા કલ્યાણક | : | ફાગણ સુદ - ૩ (મારવાડી)<br>ફાગણ સુદ -૩ (ગુજરાતી)<br>(મુનિસુવ્રત - નમિનાથની વચ્ચેના કાળે) |
| લોચ | : | પંચમુષ્ઠી |
| દીક્ષા કાલ અંતર | : | શ્રી રામ-બળદેવના જન્મ પહેલાં<br>(શ્રી દશરથ રાજાના રાજ્ય કાળમાં) |
| છદ્મસ્થ પર્યાય | : | ૧૦૦૦ વર્ષ |
| કેવલજ્ઞાન કલ્યાણક | : | ચૈત્ર સુદ - ૩ (મારવાડી)<br>ચૈત્ર સુદ - ૩ (ગુજરાતી)<br>(મુનિસુવ્રત - નમિનાથની વચ્ચેના કાળે) |
| કેવલજ્ઞાનકાળ અંતર | : | લગભગ ૭ લાખ વર્ષ પૂર્વે (પહેલા) |
| કેવલિ પર્યાય | : | દેશોન એક લાખ પૂર્વ |
| ઉત્કૃષ્ટ તપ મર્યાદા | : | ૮ માસ ઉપવાસ |
| નિર્વાણ કલ્યાણક | : | શ્રાવણ સુદ - ૩ (મારવાડી)<br>શ્રાવણ સુદ-૩ (ગુજરાતી) (આવતી ચોવિશીના ઉદયનાથ (૮) પેઢાલ (૯) ની વચ્ચે કાળે |
| વર્ણ (શરીરનો રંગ) | : | સુવર્ણમય |
| શરીરની ઊંચાઈ | : | ૫૦૦ ધનુષ્ય |
| આયુષ્ય | : | ૮૪ લાખ પૂર્વ |
| ગણધર | : | ૮૪ |
| કેવલિમુનિ | : | ૧૦ લાખ |
| શ્રાવક | : | ૯૦૦ કરોડ |
| સાધુ | : | ૧૦૦ કરોડ |
| શ્રાવિકા | : | ૯૦૦ કરોડ |
| સાધ્વી | : | ૧૦૦ કરોડ |
| સાધુ મહાવ્રત | : | ૪ |
| સાધુ વસ્ત્ર | : | પંચરંગી |
| સાધુ સ્વભાવ | : | ઋજુ અને પ્રાજ્ઞ |
| દીક્ષા વૃક્ષ | : | અશોક |

## એક ચમત્કારીક અદ્ભુત રહસ્ય :

(૧) શ્રી સીમંધર સ્વામીજી આદિ વીશ વિહરમાન તીર્થંકર પરમાત્માના પાંચ કલ્યાણકો સમકાળે થતા હોવાથી વર્ષ, માસ, તિથિ, નક્ષત્ર, રાશિ આદિ સમાન જ (એક સરખું) હોય છે. (૨) વીશ વિહરમાન જિનના ચ્યવન કલ્યાણ અને જન્મ કલ્યાણક જંબુદ્વિપના ભરતક્ષેત્રની વર્તમાન ચોવિશીના સત્તરમા તીર્થંકર ભગવાન શ્રી કુંથુનાથજી પરમાત્માના નિર્વાણ પછી અને અઢારમા તીર્થંકર ભગવાન શ્રી અરનાથજી પરમાત્માના જન્મ પહેલાં થાય છે. (૩) દિક્ષા કલ્યાણક અને કેવલજ્ઞાન કલ્યાણક વીશમા તીર્થંકર ભગવાન શ્રી મુનિસુવ્રત સ્વામીજી પરમાત્માના નિર્વાણ બાદ અને એકવીશમા તીર્થંકર ભગવાન શ્રી નમિનાથજી પરમાત્માના જન્મ પહેલાં થાય છે. (૪) મોક્ષ કલ્યાણક - આ ભરતક્ષેત્રની આગામી ચોવિશીના આઠમા તીર્થંકર ભગવાન "શ્રી ઉદય" પરમાત્માના નિર્વાણ બાદ અને નવમા તીર્થંકર ભગવાન "શ્રી પેઢાળ" પરમાત્માના જન્મ પહેલાં શ્રી સીમંધર સ્વામીજી આદિ વીશ વિહરમાન ભગવંતો શ્રાવણ સુદ ૩ ના દિવસે નિર્વાણ પદ પામશે.

એક પૂર્વ એટલે સિત્તેર લાખ છપ્પન હજાર કરોડ વર્ષ એટલે કે ૨૫,૮૨,૪૯૬,૦૦૦૦૦૦૦૦૦ (પચ્ચીસ લાખ બ્યાસી હજાર ચારસો છન્નુ અબજ દિવસ)

# વીશ વિહરમાન જિનની અલગ અલગ વિશિષ્ટ માહિતી

| ક્રમ | વિહરમાણ જિન નામ | પિતા | માતા | દ્વીપનું નામ | ક્ષેત્રનું નામ | વિજય | નં. ક્રમાંક | પાટનગર | મેરુ પર્વત | દિશા | લાંછન | મહારાણી |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | શ્રી સીમંધર સ્વામી | શ્રેયાંસ | સત્યકી | જંબુદ્વીપ | પૂર્વ મહાવિદેહ | પુષ્કલાવતી | ૮ | પુંડરીકિણી | સુદર્શન | પૂર્વ | વૃષભ | રુક્મિણી |
| ૨ | શ્રી યુગમંધર સ્વામી | સુદૃઢ | સુતારા | જંબુદ્વીપ | પશ્ચિમ મહાવિદેહ | વપ્રા | ૨૫ | વિજયા | સુદર્શન | પશ્ચિમ | ગજરાજ | પ્રિયમંગલા |
| ૩ | શ્રી બાહુ સ્વામી | સુગ્રીવ | વિજયા | જંબુદ્વીપ | પૂર્વ મહાવિદેહ | વત્સા | ૯ | સુસીમા | સુદર્શન | પૂર્વ | હરણ | મોહિની |
| ૪ | શ્રી સુબાહુ સ્વામી | નિષધ | ભૂનન્દા | જંબુદ્વીપ | પશ્ચિમ મહાવિદેહ | નલીનાવતી | ૨૪ | વીતશોકા | સુદર્શન | પશ્ચિમ | વાનર | કિંપુરીષા |
| ૫ | શ્રી સુજાત સ્વામી | દેવસેન | દેવસેના | ધાતકીખંડ | પૂર્વ મહાવિદેહ | પુષ્કલાવતી | ૮ | પુંડરીકિણી | વિજય | પૂર્વ | સૂર્ય | જયસેના |
| ૬ | શ્રી સ્વયંપ્રભ સ્વામી | મિત્રભુવન | સુમંગલા | ધાતકીખંડ | પૂર્વ મહાવિદેહ | વપ્રા | ૨૫ | વિજયા | વિજય | પશ્ચિમ | ચંદ્ર | પ્રિયસેના |
| ૭ | શ્રી ઋષભાનન સ્વામી | કીર્તિરાજા | વીરસેના | ધાતકીખંડ | પૂર્વ મહાવિદેહ | વત્સા | ૯ | સુસીમા | વિજય | પૂર્વ | સિંહ | જયાવતી |
| ૮ | શ્રી અનંતવીર્ય સ્વામી | મેઘરાજા | મંગલાવતી | ધાતકીખંડ | પૂર્વ મહાવિદેહ | નલીનાવતી | ૨૪ | વીતશોકા | વિજય | પશ્ચિમ | ગજરાજ | વિજયાવતી (કુંતીદેવી) |
| ૯ | શ્રી સુરપ્રભ સ્વામી | વિજયસેન | વિજયાવતી | ધાતકીખંડ | પશ્ચિમ મહાવિદેહ | પુષ્કલાવતી | ૮ | પુંડરીકિણી | અચલ | પૂર્વ | ચંદ્ર | નંદસેના |
| ૧૦ | શ્રી વિશાલ સ્વામી | શ્રીનાગ | ભદ્રાવતી | ધાતકીખંડ | પશ્ચિમ મહાવિદેહ | વપ્રા | ૨૫ | વિજયા | અચલ | પશ્ચિમ | સિંહ | વિમળાદેવી |
| ૧૧ | શ્રી વજ્રધર સ્વામી | પદ્મરથ | સરસ્વતી | ધાતકીખંડ | પશ્ચિમ મહાવિદેહ | વત્સા | ૯ | સુસીમા | અચલ | પૂર્વ | વૃષભ | વિજયાવતી |
| ૧૨ | શ્રી ચંદ્રાનન સ્વામી | વાલ્મીક | પદ્માવતી | ધાતકીખંડ | પશ્ચિમ મહાવિદેહ | નલીનાવતી | ૨૪ | વીતશોકા | અચલ | પશ્ચિમ | વૃષભ | લીલાવતી |
| ૧૩ | શ્રી ચંદ્રબાહુ સ્વામી | દેવનંદ | રેણુકા | અર્ધપુષ્કરવર | પૂર્વ મહાવિદેહ | પુષ્કલાવતી | ૮ | પુંડરીકિણી | પુષ્કર (મંદર) | પૂર્વ | પદ્મકમળ | સુગંધાદેવી |
| ૧૪ | શ્રી દેવભૂજંગમસ્વામી | મહાબલ | મહિમા | અર્ધપુષ્કરવર | પૂર્વ મહાવિદેહ | વપ્રા | ૨૫ | વિજયા | પુષ્કર (મંદર) | પશ્ચિમ | પદ્મકમળ | ગંધસેના |
| ૧૫ | શ્રી ઈશ્વર સ્વામી | ગજસેન | યશોજ્જવલા | અર્ધપુષ્કરવર | પૂર્વ મહાવિદેહ | વત્સા | ૯ | સુસીમા | પુષ્કર (મંદર) | પૂર્વ | ચંદ્ર | ભદ્રાવતી |
| ૧૬ | શ્રી નેમિપ્રભ સ્વામી | વીરરાજા | સેનાદેવી | અર્ધપુષ્કરવર | પૂર્વ મહાવિદેહ | નલીનાવતી | ૨૪ | વીતશોકા | પુષ્કર (મંદર) | પશ્ચિમ | સૂર્ય | મોહિની |
| ૧૭ | શ્રી વીરસેન સ્વામી | ભૂમિપાલ | ભાનુમતી | અર્ધપુષ્કરવર | પશ્ચિમ મહાવિદેહ | પુષ્કલાવતી | ૮ | પુંડરીકિણી | વિદ્યુન્માલી | પૂર્વ | વૃષભ | રાજસેના |
| ૧૮ | શ્રી મહાભદ્ર સ્વામી | દેવરાજા | ઉમાદેવી | અર્ધપુષ્કરવર | પશ્ચિમ મહાવિદેહ | વપ્રા | ૨૫ | વિજયા | વિદ્યુન્માલી | પશ્ચિમ | ગજરાજ | સૂરિકાંતા |
| ૧૯ | શ્રી દેવયશા સ્વામી | સર્વભૂતિ | ગંગાદેવી | અર્ધપુષ્કરવર | પશ્ચિમ મહાવિદેહ | વત્સા | ૯ | સુસીમા | વિદ્યુન્માલી | પૂર્વ | ચંદ્ર | પદ્માવતી |
| ૨૦ | શ્રી અજિતવીર્ય સ્વામી | રાજપાલ | કનિકાદેવી | અર્ધપુષ્કરવર | પશ્ચિમ મહાવિદેહ | નલીનાવતી | ૨૪ | વીતશોકા | વિદ્યુન્માલી | પશ્ચિમ | સ્વસ્તિક | રત્નાવતી (રત્નમાળા) |

# ૨૪ ભગવાનની વિશેષ વિગતો

## ચોવીશ તીર્થંકરોનો સંઘ પરિવાર

| | | | | |
|---|---|---|---|---|
| ગણધરો | = ૧૪૫૨ | : | વાદ લબ્ધિધર | = ૧,૨૬,૨૦૦ |
| કેવળી શિષ્યો | = ૧,૭૬,૧૦૦ | : | આરાધક મુનિ | = ૧૯,૮૬,૦૫૧ |
| અવધિજ્ઞાની શિષ્યો | = ૧,૩૩,૪૦૦ | : | સાધુ | = ૨૮,૪૮,૦૦૦ |
| મનઃપર્યવજ્ઞાની | = ૧,૪૪,૫૯૧ | : | સાધ્વી | = ૪૪,૩૬,૪૦૬ |
| ચૌદપૂર્વી | = ૩૩,૯૮૮ | : | શ્રાવક | = ૫૫,૪૮,૦૦૦ |
| વૈક્રિય લબ્ધિધર | = ૨,૪૫, ૨૦૮ | : | શ્રાવિકા | = ૧,૦૫,૪૦,૮૦૦ |

## ૨૪ તીર્થંકર પરમાત્માના જીવનની અવનવી વાતો :

૧. ભગવાનના નામમાં સુધારો કરો તો પાર્શ્વનાથ -સુપાર્શ્વનાથ, નમિનાથ - નેમિનાથ બીજા ભગવાનનું નામ થાય.

૨ ભગવાન ૠષભદેવને ૯૮ પુત્રોએ ભરત સાથે યુદ્ધ કરવાની અને બે બહેનોએ બાહુબલીને પ્રતિબોધવાની રજા માગી.

૩. સંસારીઓના આગ્રહથી ગૃહસ્થાશ્રમમાં (૧) ૠષભદેવે શિલ્પકળા વિ. નું જ્ઞાન આપ્યું. (૨) નેમિકુમારે આયુધશાળામાં શંખ વગાડ્યો, ગદા ફેરવી. રાજિમતિના બારણા સુધી ગયા (૩) વર્ધમાનકુમાર પાઠશાળા ભણવા ગયા, આમ લકી ક્રિડા કરી. ૨ વર્ષ ભાઈની વિનંતીથી સંસારમાં રહ્યા.

૪. ભગવાનના શુભ નામો (૫) જગચિંતામણી, કલ્લાણકંદં થોયમાં, (૨૪) લોગસ્સ, સહલાર્હત્, બૃહત્શાંતિ, (૨) અજિત - શાંતિસ્તવમાં આવે છે. નમુત્થુણંમાં ૩ વિશેષણોથી સ્તવના. જય વીયરાય સૂત્ર દ્વારા પ્રાર્થના કરાય છે. સકલતીર્થમાં દેવલોકના વિસ્તારથી બાકી ટૂકી સંખ્યા દ્વારા મંદિર-પ્રતિમાજીને વંદના થાય છે.

૫. નવકાર, ઈચ્છામિ ખમાસમણો, ઈરિયાવહિયં, તસ્સઉત્તરી, અન્નત્થ, લોગસ્સ, જગચિંતામણિ, નમુત્થુણં, જંકિંચિ, જાવંતિ, જાવંત, , નમોઽર્હત્, સ્નાતસ્યા, ચઉક્કસાય, વિગેરે સૂત્રો દેવતત્વની આરાધનામાં વપરાય છે.

૬. પૂર્વભવથી તીર્થંકરનો આત્મા ત્રણજ્ઞાન, તીર્થંકર નામકર્મ, સમકિત, ચાર અતિશય (ઉત્કૃષ્ટ પ્રકારનું પુણ્ય) સાથે લાવે.

૭. મોહનીયકર્મના કારણે મલ્લિનાથ ભગવાન સ્ત્રી અવતાર લેવો પડ્યો. અંતરાયકર્મના કારણે ભગવાન ૠષભદેવને ૧૩ મહિના ૧૦ દિવસે નિર્દોષ ભીક્ષા મળી. ગોત્રકર્મના કારણે વીરપ્રભુ દેવાનંદાને ત્યાં ૮૨ દિવસ ગર્ભમાં રહ્યા. આદેય નામ કર્મ કર્મના કારણે પાર્શ્વ પ્રભુનું સર્વ ગ્રાહ્ય બન્યું.

૮ પૂર્વભવે - ૧ બાર અંગના જ્ઞાતા બાકીના અગ્યાર અંગના જ્ઞાતા હતા.

૯ કલ્યાણક - વધુમાં વધુ મહા મહિને, વધુમાં વધુ માગસર સુદ - ૧૧ તિથિએ, સુદ-૧ ની તિથિએ થયા નથી.

૧૦ તિથિ એક કલ્યાણ બે - ભગવાન ઋષભદેવ ફાગણ વદ-૮, ભગવાન શીતલનાથ પોષ વદ-૧૨; ભગવાન મલ્લિનાથ માગસર સુદ-૧૧ જન્મ અને દીક્ષા

૧૧ ભગવાનના માતા-પિતાનું સરખું નામ-૧૧ (શ્રેયાંસનાથ)

૧૨ મોક્ષ માર્ગ પ્રારંભ - મરૂદેવા માતા, અંત - જંબુસ્વામી

૧૩ વર્તમાન ભવે હસ્તીનાપુરમાં ૧૬-૧૭-૧૮ ચક્રવર્તિ તથા તીર્થંકર થયા. તેમજ સુભુમ તથા સનતકુમાર ચક્રવર્તિ થયા.

૧૪ શાશ્વત નામધારી - ઋષભદેવ, વર્ધમાન, સ્ત્રી તીર્થંકર - ૧૯

૧૫ ૧૨-૧૯-૨૨-૨૩-૨૪ રાજ્યવિહોણા, ૧૯-૨૨ બાળ બ્રહ્મચારી,

૧૬ નિર્વાણ - ૧ અષ્ટાપદ, ૧૨ - ચંપાપુરી, ૨૨-ગિરનાર, ૨૪-પાવાપુરી, બાકીના સમેતશિખર

૧૭ ૬-૧૨ લાલ, ૮-૯ શ્વેત, ૧૯-૨૩ નીલો, ૨૦-૨૨ શ્યામ, બાકીના કંચનવર્ણા.

૧૮ અનેક વિષેશ નામ ધારી - ૨૩

૧૯ તીર્થંકર એક, નામ બે - ૯ -૨૨ - ૨૪, ૧-નામ ચાર.

૨૦ અર્દ્ધ વસ્ત્ર (દેવદુષ્ય) દાન - ૨૪

૨૧ ફણાસહિત ૭-૨૩ (પાર્શ્વ. ભ. ૩-૫-૯-૧૧ સહસ્ત્ર ફણાધારી)

૨૨ તીર્યંચ અભયદાન - ૨૨- ૧૬, પ્રતિબોધ - ૨૦-૨૩-૨૪, ઉપસર્ગમાં નિમિત્ત પૂર્વભવે - ૨૪ - સિંહ, ગાય, ૧-બળદ, વર્તમાન ભવે - ૨૪ બળદ.

૨૪ દેશના - સોળ પહોરની - ૨૪, નિષ્ફળ પહેલી દેશના - ૨૪.

૨૫ ઉપસર્ગ - ૧ - ૨૩- ૨૪ (દેવ, મનુષ્ય તિર્યંચ દ્વારા - ૨૪)

૨૬ લંછન - અચિત્ત, સાથિયો, ચંદ્ર, શ્રીવત્સ, વજ્ર, નંદાવર્ત, કુંભ. બાકીના સચિત્ત

## તીર્થંકર પરમાત્માની વિશેષતા

- વજ્રઋષભનારાચ સંઘયણ ● સમચતુરસ્ત્ર સંસ્થાન,
- તીર્થંકર વીતરાગી રાગ-દ્વેષ બેથી રહિત હોય
- ત્રણે લોકમાં પૂજનીય બને ● ચાર નિક્ષેપાથી સિદ્ધ ઠરે.
- ચાર વિશેષણ મહાગોપ, મહામહાણ, મહાનિર્યામક, મહાસાર્થવાહથી પ્રસિદ્ધ ● ૧૦૮ અંગુલ પ્રમાણે દેહ વાલા.
- ચ્યવનાદિ પાંચ કલ્યાણ દેવતા ઉજવવા આવે.
- ઘાતિ કર્મનો ક્ષય થયે પંચમ કેવળજ્ઞાનને પામે.
- આઠ પ્રાતિહાર્યથી અલંકૃત હોય.
- કેવળી થયા બાદ નવ સુવર્ણ કમળ પર ચરણ મૂકી પૃથ્વી તલ ઉપર વિચરે.

- સમવસરણમાં પ્રભુ દેશના ચતુર્મુખે અર્થથી માલકોશ રાગમાં આપે. સાંભળવા બારે પર્ષદા બેસે.
- બાર ગુણથી યુક્ત હોય છે. અઢાર દોષથી રહિત હોય..
- જન્મથી ૪ + કર્મક્ષય ૧૧ + દેવકૃત ૧૯ = ૨૪ અતિશયથી શોભીત હોય છે.
- સમવસરણમાં વાણીના ૩૫ ગુણથી યુક્ત દેશના આપે.
- નમુત્થુણં (શક્રસ્તવ) સુત્ર દ્વારા ઈન્દ્ર મહારાજા ૩૬ વિશેષણથી સ્તવના - વંદના કરે .
- કલ્યાણક વખતે નરકના જીવોને ક્ષણવાર શાતા થાય છે.
- સંસારમાં મંગલસ્વરૂપ, શરણ રૂપ અને લોક ઉત્તમ છે.
- જન્મથી ત્રણ જ્ઞાન હોય અને દીક્ષા લીધા પછી તરત ચોથું મનઃપર્યવ જ્ઞાન થાય.
- દીક્ષા પૂર્વે એક વર્ષ સુધી વર્ષિદાન આપે.
- વીશસ્થાનક તપની આરાધના કરી તીર્થંકર નામ કર્મ બાંધે.
- મેરુપર્વત ઉપર ૬૪ ઈન્દ્ર જન્માભિષેક કરે.

**પ્રભુની કાયા = નિર્મળ, સુગંધવાલી. લોહી = શ્વેત દૂધ જેવું.**
**શ્વાસો શ્વાસ = ઉત્તમ. આહાર-નિહાર = જોઈ ન શકાય તેવા.**
**સેવા = ક્રોડો ઈન્દ્ર કરે. ● અનંત ગુણના ભંડાર.**

## ભગવાનની માતાને આવેલા ૧૪-સ્વપ્ન

| ક્રમ | સ્વપ્ન | | ફળ |
|---|---|---|---|
| ૧ | ગજવર (હાથી) | = | ચાર પ્રકારના ધર્મને કહેશે |
| ૨ | ઋષભ (બળદ) | = | બોધી રૂપ બીજને વાવશે |
| ૩ | સિંહ | = | ભવ્યજન રૂપી વનની રક્ષા કરશે |
| ૪ | લક્ષ્મી | = | તીર્થંકરની લક્ષ્મી - પુણ્યને ભોગવશે. |
| ૫ | ફૂલની માળા | = | ત્રણ લોકમાં મસ્તક પર ધારણ કરવા યોગ્ય |
| ૬ | ચંદ્ર (શશિ) | = | ભવ્યત્વ રૂપી કમળને વિકસાવશે. |
| ૭ | રવિ (સૂર્ય) | = | કાંતિના મંડળથી વિભૂષિત થશે. |
| ૮ | ધ્વજ | = | ધર્મધ્વજથી વિભૂષિત થશે. |
| ૯ | પૂર્ણ કળશ | = | ધર્મરૂપી મહેલના શિખરે રહેશે. |
| ૧૦ | પદ્મ સરોવર | = | નવકમળ ઉપર ચરણ મૂકી વિચરશે. |
| ૧૧ | રત્નાકર | = | કેવળજ્ઞાન દ્વારા ગંભીર થશે. |
| ૧૨ | દેવવિમાન | = | વૈમાનિક દેવોથી પૂજાશે. |
| ૧૩ | રત્નરાશિ | = | સમવસરણમાં રત્નજડીત સિંહાસ પર બિરાજશે. |
| ૧૪ | નિર્ધૂમ અગ્નિ | = | ભવ્યપ્રાણિરૂપ સુવર્ણને શુદ્ધ કરશે. |

**સાર : ચૌદ રાજલોકના છેડે મોક્ષમાં જશે.**

નોંધ : (૧) ચક્રવર્તિની માતા ચૌદ સ્વપ્ન ઝાંખા જુએ. વાસુદેવની માતા ચૌદ માંથી સાત જુએ. બળદેવની માતા ચૌદ માંથી ચાર જુએ. અને મંડળીકરાજાની માતા ચૌદમાંથી એક સ્વપ્ન જુએ. (૨) ૨૪ તીર્થંકરોમાંથી ભગવાન ઋષભદેવની માતા પહેલા સ્વપ્નને ઋષભ જુએ. ભગવાન મહાવીરની માતા પહેલા સ્વપ્ને સિંહ જુએ. બાકીના ૨૨ તીર્થંકરની માતા પહેલા સ્વપ્ને હાથી જુએ.

## અનંતબળી તીર્થંકર પરમાત્મા

| | |
|---|---|
| ઘણા માણસોને પહોંચી શકે તે | ૧ યોદ્ધો |
| ૧૨ યોદ્ધાઓનું બળ... | ૧ બળદ |
| ૧૦ બળદોનું બળ... | ૧ ઘોડો |
| ૧૨ ઘોડાનું બળ... | ૧ પાડો |
| ૧૫ પાડાનું બળ... | ૧ સિંહ |
| ૨૦૦૦ સિંહનું બળ... | ૧ અષ્ટાપદ પક્ષી |
| ૧૦ લાખ અષ્ટાપદ પક્ષીનું બળ | ૧ બળદેવ |
| ૨ બળદેવનું બળ... | ૧ વાસુદેવ |
| ૨ વાસુદેવનું બળ... | ૧ ચક્રવર્તિ |
| ૧ લાખ ચક્રવર્તિનું બળ... | ૧ નાગેન્દ્ર |
| ૧ ક્રોડ નાગેન્દ્રનું બળ... | ૧ ઈન્દ્ર |

એવા અનંત ઇન્દ્રોનું બળ તીર્થંકર ભગવાનની એક ટચલી આંગળીમાં સમાયેલું છે.

## તીર્થંકર - દેવભવ અને સામાન્ય ફરક :

| તીર્થંકરનો આત્મા | સામાન્ય દેવ |
|---|---|
| ૧. ક્યારે પણ માલા કરમાઈ ન જાય. | - છ મહિના બાકી હોય ત્યારે કરમાવા લાગે. |
| ૨. આંખ બંધ ઉઘાડ ન થાય. | - છ મહિના પછી બંધ - ઉઘાડ ચાલુ થાય. |
| ૩. આભુષણો તેજસ્વી રહે, ઝાંખા ન થાય. | - આભુષણોની દીપ્તિ ઓછી વતી થાય. |
| ૪. વસ્ત્ર હંમેશ માટે સ્વચ્છ ને મેલરહિત હોય. | - વસ્ત્રો મેલા થાય. |
| ૫. કલ્પાંત, વિલાપ, વલોપાત ન કરે. | - ચ્યવનાદિને જાણી કલ્પાંત - વલોપાત કરે. |
| ૬. હૈયાફાટ રૂદન પણ ન કરે. | - મનગમતું ન થાય તો હૈયાફાટ રૂદન કરે. |
| ૭. ક્યારે હું મૃત્યુલોકમાં જન્મી, વિરતિધર્મ, સ્વીકારી ધન્ય બનું એવી ભાવના ભાવે. | - સુખ છોડી બીજે જન્મે લેવાનું જાણી દુઃખી દુઃખી થાય. આ સુખ, વૈભવ છોડી જવા પડશે તેનો અફસોસ થાય. |

## તીર્થંકરનો જીવ - ૪ ગતિમાં :

જન્મ પ્રકાર : ● અધમાધમ ● અધમ ● વિમધ્યમ ● મધ્યમ ● ઉત્તમ ● ઉત્તમોત્તમ

તીર્થંકરનો આત્મા જ્યારે પણ ચતુર્ગતિમાં જન્મ મરણ કરે ત્યારે ઉત્તમોત્તમ પ્રકારનો આદરણીય વંદનીય ને પૂજનીય જીવ હોવાથી નીચે મુજબ તે તે ગતિ - જાતિમાં ઉત્તમ સ્થાને જન્મ લે તે મહત્વનું છે.

- પૃથ્વીકાયમાં - ચિંતામણી રત્ન, પદ્મરાગ રત્ન વિ... સ્થળે.
- અપકાયમાં - મહાન તીર્થોદક (તીર્થજલ) રૂપે
- તેઉકાયમાં - મંગલ - કલ્યાણકારી દીપ સ્વરૂપે
- વાયુકાયમાં - મલયાચલ પર્વતના વસંત ઋતુ કાલીન મૃદુ શીતલ, સુગંધિ રૂપે
- વનસ્પતિકાયમાં - ચંદન, કલ્પવૃક્ષ, પારિજાત, આમ્ર, ચંપક, અશોકરૂપે અથવા ચિત્રાવેલ, દ્રાક્ષાવેલ રૂપી પ્રભાવક ઔષધીઓમાં.
- બેઇન્દ્રિય જીવ - શંખ, શાલિગ્રામ આદિમાં
- તેઇન્દ્રિય - ચઉરેન્દ્રિયમાં પણ તે જ રીતે સમજવું.
- પંચેન્દ્રિય તિર્યંચ - લક્ષણવંત હાથી - અશ્વ - સિંહ વિ.
- પંચેન્દ્રિય મનુષ્ય - ઉત્તમકુળ, જાતિ આદિમાં તથા દ્રવ્ય, ક્ષેત્ર, કાળ ભાવાદિ સંપૂર્ણ સામગ્રીવાળા સ્થાને
- અંતિમ શરીર - અદ્દભૂત રૂપવાળું, અદભૂત ગંધવાળુ, રોગરહિત, સ્વેદરહિત અને નિર્મળ હોય છે.

## ભગવાનના ૩૪ અતિશયો

### જન્મથી ૪ અતિશય

૧. તીર્થંકર પરમાત્માનો દેહ વ્યાધિ, પરસેવો અને મેલરહિત હોય.
૨. તીર્થંકર પરમાત્માનો શ્વાસોચ્છ્વાસ કમળ જેવું સુગંધી હોય.
૩. માંસ અને લોહી ગાયનાં દૂધ જેવા સફેદ હોય.
૪. આહાર નિહાર આંખેથી જોઇ શકાય નહીં.

### દેવકૃત ૧૯ અતિશય

૧. દાઢી મૂછ અને માથાના વાળ વધે નહીં.
૨. જઘન્યથી ૧ ક્રોડ દેવતા સાથે હોય.
૩. સુવર્ણના નવ કમળ ઉપર ચાલે.
૪. કાંટા પણ ઊંધા થઈ જાય.
૫. વૃક્ષો પણ નમન કરે.
૬. પક્ષીઓ પ્રદક્ષિણા આપે.
૭. પવન પણ અનુકૂળ આપે.
૮. સમગ્ર ઋતુ પણ અનુકુળ હોય.
૯. આકાશમાં દેદિપ્યમાન ધર્મચક્ર ચાલે.
૧૦. આકાશમાં બન્ને બાજુ શ્વેત ચામર વીંજાય.
૧૧. આકાશમાં ભગવાનના મસ્તક ઉપર ત્રણ છત્ર હોય.
૧૨. આકાશમાં સ્ફટિકમણિનું સિંહાસન ચાલે.
૧૩. રત્નમય ધર્મધ્વજ ભગવાનની આગળ ચાલે.
૧૪. ત્રણ ગઢ સહિત સમવસરણ દેવતાઓ બનાવે.
૧૫. સુગંધી જળની વૃષ્ટિ કરે.
૧૬. છએ ઋતુના પુષ્પની વૃષ્ટિ કરે.
૧૭. ભગવાનની ઊંચાઈથી ૧૨ ઘણો ઉંચો અશોકવૃક્ષ દેવો બનાવે.
૧૮. પૂર્વદિશા સન્મુખ ભગવાન બેસે, બાકીની ત્રણે દિશામાં દેવો તેમનું રૂપ વિકુર્વે.
૧૯. દુદુંભી નાદ થાય.

## કર્મક્ષય ૧૧ અતિશય

૧. ૧૨૫ યોજન સુધીમાં રોગાદિ થાય નહી.
૨. જાતિ વૈરી પ્રાણીઓ પણ પરસ્પરના વૈર ભૂલી જાય
૩. ઉંદર વગેરેનો ઉપદ્રવ થાય નહીં.
૪. મારી (પ્લેગ - કલેશ) થાય નહીં.
૫. અતિવૃષ્ટિ થાય નહીં.
૬. અનાવૃષ્ટિ પણ ન થાય.
૭ દુષ્કાળ ન પડે.
૮. આંતરિક બળવો કે અન્ય રાજાનો બળવો થાય નહીં.
૯. પ્રભુના મસ્તક પાછળ દેદિપ્યમાન ભામંડલ હોય છે.
૧૦. એક યોજનના સમવસરણમાં કરોડો દેવતાઓ સમાય.
૧૧. ભગવાનની વાણી એક યોજન સુધી સંભળાય અને ત્રણ ગતિના જીવ પોતપોતાની ભાષામાં સમજી શકે.

**જન્મ સમયે -૪ + દેવકૃત - ૧૯ + કર્મક્ષય - ૧૧**
**કુલ અતિશય - ૩૪**

## અઢીસો અભિષેક કયા ?

૧૦ વૈમાનિક ઈન્દ્રોના બાર દેવલોકના દસ ઈન્દ્રો છે તેમાં પ્રથમ અભિષેક અચ્યુતેન્દ્ર કરે પછી ક્રમશઃ ઈન્દ્રો કરે
૨૦ ભવનપતિના ઈન્દ્રો દસનિકાયના બબ્બે
૩૨ આઠ વ્યંતર અને આઠ વાણ વ્યંતરના બબ્બે
૧૩૨ અઢીદ્વીપના સૂર્ય - ચંદ્ર ની છાસઠ છાસઠની પંક્તિ
૧૬ સૌધર્મ અને ઈશાનની આઠ આઠ અગ્ર મહિષીઓના
૧૦ ચમરેન્દ્ર બલીન્દ્રની પાંચ પાંચ અગ્ર મહિષીઓના
૧૨ નવનીકાયની છ છ મહિષીઓના

| | | | |
|---|---|---|---|
| ૪ | જ્યોતિષની ઈન્દ્રાણીઓ | ૧ | અંગ રક્ષક દેવોનો |
| ૪ | વ્યંતરની ઈન્દ્રાણીઓ | ૧ | પર્ષદાના દેવોનો |
| ૧ | સામાયિક દેવોનો | ૪ | લોકપાલ દેવોનો |
| ૧ | ત્રાયત્રિંશક દેવોનો | ૧ | સેનાધિપતિ દેવોનો |
| | | ૧ | પરચૂરણ દેવોનો |



| | | |
|---|---|---|
| રત્નના | - | ૮૦૦૦ કળશ |
| સુવર્ણ-રત્નના | - | ૮૦૦૦ કળશ |
| રૂપાને - રત્નના | - | ૮૦૦૦ કળશ |
| સોના રૂપાના | - | ૮૦૦૦ કળશ |
| સોનાના | - | ૮૦૦૦ કળશ |
| રૂપાના | - | ૮૦૦૦ કળશ |
| સોના - રૂપાના રત્નના | - | ૮૦૦૦ કળશ |
| માટી | - | ૮૦૦૦ કળશ |
| કુલ | = | ૬૪૦૦૦ કળશ |

દરેક અભિષેકમાં ૬૪૦૦૦ કળશો થાય. તેથી કુલ એક ક્રોડને આઠ લાખ કળશ થાય. દરેક કળશાઓ ૨૫ યોજન ઉંચા, ૧૨ યોજન પહોળા, ૧ યોજન નાળચાવાળા છે.

## તીર્થંકરના ૧૨ ગુણ, ૪ વિશેષણ :

- અશોકવૃક્ષ, પુષ્પવષ્ટિ, દિવ્યધ્વની, ચામર, સિંહાસન, ભામંડળ, દુંદુભી, છત્ર, જ્ઞાનાતિશય, વચનાતિશય, પૂજાતિશય, અપાયાપગમાતિશય.
- **ચાર વિશેષણ :**

૧. **મહાગોપ :** ગોવાળની જેમ તીર્થંકર પરમાત્મા ભવ્ય આત્માઓનું સાધના માર્ગે રક્ષણ કરે.

૨. **મહામહાણ :** રાજાની આજ્ઞા મુજબ રાજસેવક ઉદ્દઘોષણા કરે તેમ પરમાત્મા અભયદાનની ઉદઘોષણા કરે.

૩. **મહાનિર્યાત્મકની :** નાવિક પ્રવાસીને સુરક્ષિત કિનારે પહોંચાડે, તેમ તીર્થંકર પરમાત્મા ભવ્યજીવોને સંસારથી પાર ઉતારે.

૪. **મહાસાર્થવાહ :** સાર્થવાહ સાથીઓને અટવીથી પાર ઉતારે, તેમ વીતરાગી પ્રભુ સંસારીને સંસારની અટવીમાંથી શાશ્વત સ્થાને લઈ જાય.

- **ચાર નિક્ષેપા**

૧. **નામ :** તીર્થંકર ભગવાનનું નામ

૨. **સ્થાપના :** તીર્થંકર ભગવાનની મૂર્તિ : (પ્રતિષ્ઠા)

૩. **દ્રવ્ય :** કેવળજ્ઞાન પૂર્વેની અને સિદ્ધ થયા પછીની અવસ્થા.

૪. **ભાવ :** બાર પર્ષદા વચ્ચે દેશન આપી રહેલા પરમાત્મા.

## તીર્થંકર પરમાત્મા ૧૮ દોષ રહિત :

અજ્ઞાન, નિદ્રા, દાનાન્તરાય, લાભાન્તરાય, ભોગાન્તરાય, ઉપભોગાન્તરાય, વીર્યાન્તરાય, મિથ્યાત્વ, અવિરતિ, રાગ, દ્વેષ, વેદ, હાસ્ય, રતિ અરતિ, શોક, ભય, જુગુપ્સા

## તીર્થ કરનાર આત્માનો પ્રભાવ :

૧. **ધર્મચક્ર** - મિથ્યાત્વી માટે સૂર્ય, સમ્યગ્ દ્રષ્ટિ માટે અંજન, તીર્થંકરની લક્ષ્મી, તિલકરૂપ.

૨. **ઈન્દ્રધ્વજ** - વીતરાગ જ એક સ્વામી છે. એ વાત યાદ કરાવવા.

૩. **સુવર્ણ કમળ** - લક્ષ્મી તીર્થંકર ભગવાનના ચરણે વાસ કરે છે.

૪. **ચારમુખ** - દાનાદિ ચાર પ્રકારના ધર્મની પ્રરૂપણા કરનાર.

૫. **ત્રણગઢ** - રાગ, દ્વેષ, મોહરૂપ દોષથી બચવા.

૬. **કંટક** - ઘુવડ સુર્યને જોઈ મુખ છુપાવે તેમમિથ્યાત્વી દુર્જનને યાદ કરાવવા.

૭. **ઉગે નહિ** - કેશ રોમ, નખ, શ્મશ્રુ, દાઢી - મુછના વાળ સંયમ બાદ ન વધે.

૮. **પાંચ વિષય** - ષડ દર્શનની જેમ શબ્દ રૂપ, રસ, ગંધ, સ્પર્શાદિ વિષય પ્રતિકુળ ન થાય.

૯. **ષડઋતુ** - તીર્થંકર પરમાત્મા પાસે છએ ઋતુઓ સેવા કરવા રૂપ વિષયોને વિકસાવે (હેમંત, શિશિર, વસંત, ગ્રીષ્મ, વર્ષા, શરદ)

૧૦ જળસુગંધ - તીર્થંકર પરમાત્મા જ્યાં વિચરે એ ભૂમિને સુગંધિત જળથી દેવતા પવિત્ર કરે.

૧૧.પક્ષી - પક્ષી પણ પરમાત્માને પ્રદક્ષિણા આપે તો મનુષ્યની વાત જ શી ?

૧૨.પવન - વાયુકુમારના દેવ પવનને અનુકુળ સુગંધમય બનાવે તો પંચેન્દ્રિય જીવમાં દુષ્ટતા રહે જ કેમ ?

૧૩ વૃક્ષ - વૃક્ષ પણ નમી ધન્યતા અનુભવે તો મિથ્યાદ્રષ્ટિના મસ્તક વ્યર્થ છે.

૧૪ દેવ - ક્રોડો દેવો, ઈન્દ્રો સેવા કરે.

તીર્થંકર ભગવાન અને ભક્ત વચ્ચેના સંબંધ સર્વ પ્રથમ દાસ (દાસત્વ) ભાવે જન્મે, બાદ મિત્ર ભાવે કાળક્રમે પરિણમે અને અંતે સોડહમના જેવા વિચારોથી પૂર્ણતાને પામે.

## વર્ષિદાન : (દિક્ષાપૂર્વે એક વર્ષ સુધી તીર્થંકર ભગવાન આપે)

- રોજ ૧ કરોડ ૮ લાખ સુવર્ણ મુદ્રાનું સૂર્ય ઉદયથી દાન આપે.
- એક વર્ષમાં ૩૮૮ કરોડ ૮૦ લાખ સુવર્ણ મુદ્રાનું દાન આપે.
- ભગવાન દાન આપતા શ્રમીત ન થાય એવા પ્રકારની શક્તિનો સંચય ભક્તિથી સૌધર્મ ઈન્દ્ર કરે. (પોતે પણ ભવ્યત્વની છાપ માટે થોડું સ્વીકારે)
- ઈશાનેન્દ્ર - રત્નજડીત છડી લઈ ઉભા રહે જેથી યાચક ભાગ્ય પ્રમાણે યાચના કરે.
- ચમરેન્દ્ર અને બલીન્દ્ર ભગવાનની મુઠ્ઠીમાં યાચકની ઈચ્છાથી ઓછું કે અધિક હોય તો ભાગ્યાનુસાર જ કરી દે.
- ભવનપતિ - ભરતક્ષેત્રમાંથી માણસોને સંવત્સરી દાન પ્રાપ્ત કરવા ઉપાડી લાવે.
- વાણવ્યંતર - દાન લેવા આવેલા યાચકોને પોતાના સ્થાને પાછા પહોંચાડી દે.
- જ્યોતિષિઓ - વિદ્યાધરોને પ્રભુ પાસે લાવી દાન ગ્રહણ કરાવે.
- **દાન આપવા લાયક દ્રવ્યો**
  - **ગણીને - શ્રીફળાદિ** ● **તોલીને - ગોળ ખાંડાદિ**
  - **માપીને - ઘી, તેલાદિ** ● **જોઇને - હીરા, માણેકાદિ**
- કુબેરની આજ્ઞાથી તિર્યગ્જૃંભક દેવો ગામ- નગર - કુવા - વાવ - તળાવ - ગુફા - જંગલ - ખેતર - આદિ સ્થળે છુપાવેલ નધણિયાતા ધનને વર્ષિદાનમાં વાપરવા માટે લાવીને રાજભંડારમાં ભરે.
- દાન લેનારને અમુક સમય સુધી આધિ વ્યાધિ - વ્યાધિ - ઉપાધિ - રાગ - દ્વેષ ન થાય.

## સમવસરણ : (જેમાં બિરાજી દેશના આપે તે)

- ચાર નિકાયના દેવો ગોળ કે ચતુષ્કોળવાળુ સમવસરણ બનાવે. મેઘકુમારના દેવો જમીન - ઉપર સુગંધી જલની વૃષ્ટિ કરે. વ્યંતરદેવો સુવર્ણ - રત્નમયી શિલાથી પૃથ્વીતળને જડે તથા સુગંધીત પંચવર્ણી પુષ્પોની જાનુ પ્રમાણ વૃષ્ટિ કરે. રત્નમણિ તોરણ બાંધે, અષ્ટમંગળ પ્રગટાવે, ધ્વજા-છત્ર બાંધે.
- વાયુકુમારના દેવો પવન-વિકુર્વી ભૂમિને કાંટા-કાંકરા વિ. થી રહિત (શુદ્ધ) કરે.
- ભવનપતિના દેવો મધ્યમાં મણિપીઠ રચી પ્રથમગઢ રૌપ્યમય ૧૦ હજાર પગથિયાવાળો વાહણો માટે બનાવે.
- જ્યોતિષીદેવો બીજો સુવર્ણમય ગઢ ૫ હજાર પગથિયાવાળો બનાવે.
- વૈમાનિકદેવો ત્રીજો રત્નમય ગઢ ૫ હજાર પગથિયાવાળો બનાવે.
- સમવસરણમાં ચારે દિશામાં ચાર ચાર (૪x૩) કુલ ૧૨ દરવાજા હોય.
- દરેક દરવાજે મરકત મણિમય તોરણો અને કુંભો શોભતા હોય છે.
- સુવર્ણમય કળશાઓથી શોભિત દરેક દરવાજે વાવડી હોય.
- ૧-૩ ગઢના દ્વારે ૨/૨ દેવો અને બીજા ગઢ ઉપર ૨/૨ દેવીઓ હોય.

**ગઢ-૧ :** પૂર્વમાં - તુંબર દેવ | દક્ષિણ - ષટવાંગ દેવ
ઉત્તર - જટામુગુટ દેવ | પશ્ચિમ - કપીલી દેવ

**ગઢ-૨ :** પૂર્વમાં - જયા દેવી | દક્ષિણ -વિજયાદેવી
ઉત્તર અપરજિતા | પશ્ચિમ- અજિતાદેવી
શ્વેત - શસ્ત્ર - અભય | રક્ત - શસ્ત્ર - અંકુશ
નીલ - શસ્ત્ર- મકર | પીત - શસ્ત્ર - પાશ

**ગઢ-૩ :** પૂર્વમાં - સોમ દ્વારપાલ | દક્ષિણ - યમદ્વારપાલ
ઉત્તર - કુબેર દ્વારપાલ | પશ્ચિમ - વરૂણ દ્વારપાલ

- દરેક દ્વાર પાસે સ્ફટિક રત્નમય ધર્મચક્ર હોય.
- ચારે દિશામાં ૧-૧ યોજન પ્રમાણે ઉંચો ધ્વજ (પૂર્વમાં ધર્મધ્વજ, દક્ષિણમાં માનવધ્વજ, પશ્ચિમમાં ગજધ્વજ, ઉત્તરમાં સિંહધ્વજ) અને આકાશમાં દેવ દુંદુભિ નાદ થતો હોય.
- બીજા ગઢની મધ્યમાં ઈશાન ખૂણામાં પ્રભુને બેસવા માટે દેવછંદો હોય
- વ્યંતરદેવો ત્રીજા ગઢની મધ્યમાં પ્રભુના શરીરથી બાર ગુણા પ્રમાણવાળા ઉંચા ચૈત્ય (અશોક) વૃક્ષ રત્નમય પાદપીઠ સહિતનું સિંહાસન ચારે દિશામાં ૨/૨ ચામરધારી અને પ્રભુની ઉપર ત્રણ ત્રણ છત્ર રાખે.
- સમવસરણ જોઈ કેવળજ્ઞાન પામનાર - મરૂદેવા માતા તથા ૫૦૦ તાપસ.
- સમવસરણની શોભા નીકળી = ઈન્દ્રભૂતિ તરી ગયા.
- પ્રભુ મૂળ સ્વરૂપે પૂર્વ દિશામાં અને બાકીની ત્રણ દિશામાં પ્રભુના સ્વરૂપ જેવા જ પ્રતિબિંબો વ્યંતરદેવો સ્થાપે.

- પ્રભુ જ્યારે વિચરતા હોય ત્યારે નવ - નવ સુવર્ણ કમળો રાખે.
- પ્રભુના તેજને ખમી શકાય તે માટે પ્રભુની (મુખની) પાછળ ભામંડળ રાખે.
- પ્રભુ ધર્મદેશના માલકોશ રાગમાં અર્થથી આપે.
- અષ્ટપ્રાતિહાર્ય સ્વ ઉચિત પ્રવૃત્તિ કરે. (ચિત્ર માટે પાના ૧૯૦)
- પહેલા ગઢમાં રથ, પાલખી વિગેરે વાહનો હોય. બીજા ગઢમાં તિર્યંચો મૈત્રી ભાવથી એક સાથે બેસે. ત્રીજા ગઢમાં બાર પર્ષદા હોય.
- સમવસરણમાં બાર પર્ષદા આ પદ્ધતિથી બિરાજે છે.
  - પૂર્વ દિશા, અગ્નિ ખૂણામાં - સાધુ, વૈમાનિક દેવી, સાધ્વીજી ઉભા - ૩.
  - ઉત્તર દિશા, ઈશાન ખૂણામાં - વૈમાનિક દેવ, પુરૂષો, સ્ત્રીઓ ઉભા - ૩.
  - પશ્ચિમદિશા, વાયવ્ય ખૂણામાં ભવનપતિદેવી, જ્યોતિષદેવી, વ્યંતરદેવી - ૩.
  - દક્ષિણદિશા, નૈઋત્ય ખૂણામાં ભવનપતિદેવી, જ્યોતિષદેવ, વ્યંતરદેવ - ૩.
  - સમવસરણની રચના ભગવાનના દેહ પ્રમાણે ગાઉના પ્રમાણમાં દેવતાઓ કરે.

## પ્રભુના પારણા અને પંચ દિવ્ય :

- દેવ દુદુંભીનાદ ● વસ્ત્ર વૃષ્ટિ ● ગંધોદક વૃષ્ટિ ● વસુધારા વૃષ્ટિ
- સાડાબાર કરોડ સોનૈયાની વૃષ્ટિ
- ત્રણ વખત 'અહોદાન' ની ઉદઘોષણા.

## જિન મૂર્તિ :

(અ) અનેકરૂપ (આકાર) માં :

| | | |
|---|---|---|
| પદ્માસનમાં, | સુખાસનમાં, | વર્તમાન ચોવીશીના |
| કાઉસ્સગ્ગ મુદ્રામાં | પરિકર સહિત, | અષ્ટ પ્રાતિહાર્ય સહિત |
| અશોકવૃક્ષ સહિત | અર્ધપદ્માસનમાં, | ધરણેન્દ્ર પદ્માવતી સહિત, |
| પંચ તીર્થીરૂપે | ચોવીશી રૂપે | શાશ્વતજિનની, |
| ૨૦ વિહરમાનની, | ભાવી તીર્થકરની | સહસ્ત્રકુટ રૂપે |
| ચરણ પાદુકા | ત્રણતીર્થીરૂપે | એક તીર્થી રૂપે |

(બ) મૂર્તિની જાતિઓ :

હિરાની, માણેકની, સુવર્ણની, રજતની, સ્ફટીકની, હાથીદાંતની, પાષાણની, રત્નની, પંચધાતુની, કાષ્ઠની, ચંદનની, માટીની, વેળુ-રેતીની, છાણની, ચિત્રમાં દોરલી વગેરે.

## ચૈત્યના પ્રકાર :

**૧. ભક્તિ ચૈત્ય ૨. મંગળ ચૈત્ય ૩. નિશ્રા કૃત ચૈત્ય**
**૪. અનિશ્રાકૃત ચૈત્ય ૫. શાશ્વત ચૈત્ય**

- શિખરબંધી, ઘુમટબંધી, સામરણવાલું, ઘર દેરાસર, ગુરુમંદિર, અધિષ્ઠાયકનું મંદિર વિગેરે અનેક સ્થળે છે.
- ત્રણ શિખરી - ઘાટકોપર, ચેમ્બુર, વાસી, કાંદિવલી આદિ સ્થળે.
- ૭૨ જિનાલય - કચ્છ, માંડવી, હસ્તગિરિ વગેરે સ્થળે.

- ૫૨ જિનાલય - શંખેશ્વર, રાતેજ, નિપાણી, ભાયંદર વગેરે સ્થળે.
- ચૌમુખજી - શત્રુંજયગિરિ ઉપર, માટુંગા વગેરે સ્થળે.
- આગમમંદિર - પાલીતાણા, શંખેશ્વર, સુરત, કાત્રજ (પૂના) વગેરે સ્થળે.
- જળમંદિર - પાવાપુરી, ગુણિયાજી, સમેતશિખરજી, શંખેશ્વર (પંચાસર) શ્રી ગુરૂ પ્રેમ - ધામ
- શાશ્વતા મંદિર - દેવલોકમાં, પાતાળલોકમાં, તિર્છાલોકમાં.
- સમવસરણ - પાવાપુરી, શત્રુંજયતીર્થ, અગાસી.
- અષ્ટાપદજી - શત્રુંજયતીર્થ
- નવપદજીનું - થાણા, પૂના.
- કાષ્ઠનું - તારંગાતીર્થ (અગરતગરના કાષ્ટનું) પ્રાચીન મંદિર.
- વિશાળ મંદિર - હસ્તગિરિ, મહેસાણા
- ૧૪૪૪ સ્થંભ મંદિર - રાણકપુરજીનું નલિનીગુલ્મ દેવવિમાન જેવું મંદિર
- કીર્તિ સ્થંભ - ચિત્તોડગઢ, શત્રુંજય તીર્થ
- નંદીશ્વર દ્વિપ - જાલોર, પાલીતાણા
- નવ ગભારાવાલુ - પ્રભાસ પાટણ.
- ભક્તામર મંદિર - ભરૂચ, શંખેશ્વર, પૂના
- ત્રણ ચાર માળવાલુ - ઘાટકોપર
- ૧૦૮ જિનાલય - શંખેશ્વર, શંત્રુજય તીર્થ, દેવાચી આણંદી (પૂના)

## પ્રભુના ભાવપૂર્વકના દર્શનાદિથી મળતું પૂણ્ય :

| | |
|---|---|
| ● ઘરમાં દેરાસર જવાની ઇચ્છા થતાં..... | ૧ ઉપવાસ |
| ● ઘરેથી દેરાસર જવા ઉભા થતાં..... | ૨ ઉપવાસ |
| ● ઘરેથી (સામગ્રી લઇ) દેરાસરે જવા પગ ઉપાડતાં..... | ૩ ઉપવાસ |
| ● માર્ગમાં જયણા પૂર્વક દેરાસર તરફ જતાં..... | ૪ ઉપવાસ |
| ● અડધો માર્ગ ભાવોલ્લાસ પૂર્વક પૂર્ણ કરતાં..... | ૧૫ ઉપવાસ |
| ● જિન મંદિરે ભાવોલ્લાસથી પહોંચતા...... | ૬ મહિના ઉપવાસ |
| ● ગભારાના દ્વાર પાસે પહોંચી નમો જિણાણં ઉચ્ચારતાં...... | ૧ વર્ષના ઉપવાસ |
| ● ત્રણ પ્રદક્ષિણા વિવેક પૂર્વક આપતાં...... | ૧૦૦ વર્ષના ઉપવાસ |
| ● સ્વદ્રવ્યથી એકાગ્રચિત્તે અષ્ટપ્રકારી પૂજા કરતાં... | ૧૦૦૦ વર્ષના ઉપવાસ |
| ● ચૈત્યવંદનાદિ ઉત્કૃષ્ટ પરિણામે ભાવ પૂજા કરતાં.. | અનંત વર્ષના ઉપવાસ |



## જિનેશ્વરની ભક્તિના પ્રકાર :

**(૧) (અષ્ટપ્રકારી) પુષ્પાદિ પૂજા રૂપ ભક્તિ (૨) આજ્ઞા પાલકરૂપ આજ્ઞા ભક્તિ (૩) દેવદ્રવ્યાદિ રક્ષણરૂપ ભક્તિ (૪) ઉત્સવાદિ રૂપે ઉત્સવ ભક્તિ (૫) તીર્થ યાત્રાદિ તીર્થ ભક્તિ**

- શ્રવણ ભક્તિ = વીતરાગી પ્રભુના ચરિત્ર, ગુણ આદિ શ્રવણ કરવાં.
- કીર્તન ભક્તિ = સ્તુતિ, સ્તોત્ર સ્તવન, છંદ આદિ દ્વારા ગુણ ગાવા
- સ્મરણ ભક્તિ = જપ ધ્યાન ચિંતવન દ્વારા પરમાત્માના સ્મરણ ચિંતવન.
- વંદન ભક્તિ = અંજલિબદ્ધ, અર્ધાવનત, પંચાંગ પ્રણિપાત દ્વારા વંદન
- પાદસેવન ભક્તિ = પરમાત્માના પગ દબાવવા રૂપે
- અર્ચન ભક્તિ = વિવિધ પ્રકારી ત્રિસંધ્યા દ્રવ્યપૂજા કરવી તે
- દાસ્ય ભક્તિ = જિનમંદિરની વિવિધ પ્રકારની શુદ્ધિ જાતે કરવી તે.
- સખ્ય ભક્તિ = મિત્ર ભાવે સ્વનિંદા પ્રભુ પ્રશંસા સ્તવનાદિ સાધને કરવી.
- આત્મનિવેદન ભક્તિ = ભક્તે પોતાની લઘુતા, ઉણપ, ભાવ દ્વારા પ્રગટ કરી આત્મશુદ્ધિ ઈચ્છવી તે.

## પૂજાના પ્રકાર

### ૧. અષ્ટ પ્રકારી પૂજા

(અ) વિઘ્નોનો નાશ કરનારી - અંગ પૂજા
૧ જલ, ૨ ચંદન (બરાસ) ૩ પુષ્પ

(બ) અભ્યુદય સાધીની - અગ્રપૂજા
૪ ધૂપ, ૫ દીપ, ૬ અક્ષત, ૭ નૈવેધ, ૮ ફળ (દર્પણ ચામર)

(ક) નિવૃત્તિ - મોક્ષ પદ દાતા - ભાવપૂજા. ચૈત્યવંદન, દેવવંદન, સ્તુતિ વિગેરે

### ૨. ૧૭ પૂજાના પ્રકાર -

| | | |
|---|---|---|
| ૧. ન્હવણ | ૬. પુષ્પમાલા | ૧૨. પુષ્પ વર્ષણ |
| ૨. વિલેપન | ૭. અંગ રચના | ૧૩. અષ્ટમંગલ |
| ૩. વસ્ત્રયુગલ (ચક્ષુયુગલ) | ૮. ચૂર્ણપૂજા | ૧૪. ધૂપ પૂજા |
| | ૯. ધ્વજપૂજા | ૧૫. ગીતગાન |
| ૪. ગંધ પૂજા | ૧૦. આભરણ પૂજા | ૧૬. નાટક |
| ૫. પુષ્પારોહણ | ૧૧. પુષ્પ ગૃહ | ૧૭. વાજીત્ર |

### ૩. એકવીસ પ્રકારી પૂજા

| | | |
|---|---|---|
| ૧. સ્નાત્રપૂજા | ૮. ફળ પૂજા | ૧૫. ચામર પૂજા |
| ૨. વિલેપન પૂજા | ૯. અક્ષત પૂજા | ૧૬. છત્ર પૂજા |
| ૩. આભૂષણ પૂજા | ૧૦. પાન પૂજા (નાગરવેલ) | ૧૭. વાજીત્ર પૂજા |
| ૪. પુષ્પ પૂજા | ૧૧. સોપારી પૂજા | ૧૮. ગીત પૂજા |
| ૫. વાસક્ષેપ પૂજા | ૧૨. નૈવેદ્ય પૂજા | ૧૯. નાટક પૂજા |
| ૬. ધૂપ પૂજા | ૧૩. જલ પૂજા | ૨૦. સ્તુતિ પૂજા |
| ૭. દીપક પૂજા | ૧૪. વસ્ત્ર પૂજા | ૨૧. ભંડાર વર્ધન પૂજા |

## પ્રભુ ભક્તિ - કર્મવિજ્ઞાન

(૧)

- ચૈત્યવંદનથી = જ્ઞાનાવરણીય કર્મનો નાશ (ક્ષય) થાય
- પ્રભુદર્શનથી = દર્શનાવરણીય કર્મનો નાશ (ક્ષય) થાય
- જયણા પાળવાથી = (અશાતા) વેદનીય કર્મનો નાશ (ક્ષય) થાય
- પ્રભુના ગુણ ગાવાથી = મોહનીય કર્મનો નાશ (ક્ષય) થાય
- શુદ્ધ અધ્યવસાયથી = (નીચ) આયુષ્ય કર્મનો નાશ (ક્ષય) થાય
- પ્રભુના નામસ્મરણ (માળા ગણવાથી) = (અશુભ) નામ કર્મનો નાશ (ક્ષય) થાય
- વંદન - પૂજનથી = (નીચ) ગોત્ર કર્મનો નાશ (ક્ષય) થાય
- યથાશક્તિ દ્રવ્ય વાપરવાથી = અંતરાય કર્મનો નાશ (ક્ષય) થાય
- નિસીહિપૂર્વક પ્રવેશ = અભયદાનનું પાલન
- દેરાસર જવાથી = દાનાદિ ચારે પ્રકારનું ધર્મનું પાલન થાય.
  - = અક્ષતાદિ પૂજાથી દાનધર્મનું
  - = પૂજાના સમયે વિષય - વિકાર ત્યાગરૂપ શીલધર્મનું
  - = પૂજાના સમયે ચારે આહારના ત્યાગરૂપ તપધર્મનું
  - = પ્રભુના ગુણગાન કરવા દ્વારા ભાવધર્મનું પાલન થાય.

(૨)

| | | | |
|---|---|---|---|
| ● જળપૂજાથી | = જ્ઞાનાવરણીય | ● ચંદનપૂજાથી | = વેદનીય |
| ● પૂષ્પપૂજાથી | = નામ કર્મ | ● ધૂપ પૂજાથી | = મોહનીય |
| ● દીપપૂજાથી | = દર્શનાવરણીય | ● અક્ષતપૂજાથી | = આયુષ્ય |
| ● નૈવેદ્યપૂજાથી | = ગોત્રકર્મ | ● ફળપૂજાથી | = અંતરાય |

**આમ અપેક્ષાએ આઠ પૂજા આઠ કર્મના બળને નિર્બળ કરે છે.**

## નવાંગી પૂજા :

**પૂજાનો ક્રમ** **હેતુ (કારણ) અવસ્થા**

૧ ચરણ (બે) = ચરણો દ્વારા વિચરી અનંત ઉપકાર કર્યો

૨ ઢીચણ (બે) = ઉભા ઉભા કાઉસ્સગ્ગ કર્યા, પરિષહ સહ્યા. (છદ્મસ્થાવસ્થામાં)

૩ કાંડા (બે) = દાન આપી જગનું દારીદ્ર દૂર કર્યું. (સંસારી અવસ્થામાં)

૪ ખભા (બે) = ઉપસર્ગ સહ્યા, શક્તિ અભિમાન ન કર્યું. (છદ્મસ્થાવસ્થામાં)

૫ મસ્તક = ૧૪ રાજ લોકના ઉચ્ચ સ્થાનને પામ્યા (સિદ્ધાવસ્થામાં)

૬ લલાટે = ત્રણ ભુવનમાં તિલક સમાન છો.

૭ કંઠ = કંઠ દ્વારા દેશના આપી જીવોનો ઉદ્ધાર કર્યો (કેવળી અવસ્થામાં)

૮ હૃદય = નિંદક પ્રસંશક ઉપર હૃદયમાં સમભાવ રાખ્યો.

૯ નાભિ = નાભિના આઠે પ્રદેશ કર્મ રહિત છે, તેમ કર્મ રહિત થવા.

## અવસર્પિણીકાળના ૧૦ અચ્છેરા :

૧. ઉત્કૃષ્ટ અવગાહના વાળા-૧૦૮ એક સાથે સિદ્ધિ પદને પામ્યા. = ભ. ઋષભદેવના તીર્થમાં
૨. અસંયતિની પૂજા = ભ. સુવિધિનાથના તીર્થમાં
૩. હરિવંશની ઉત્પતિ = ભ. શીતલનાથના તીર્થમાં
૪. સ્ત્રી રૂપે તીર્થંકર થવું = ભ. મલ્લિનાથના તીર્થમાં
૫. કૃષ્ણ વાસુદેવનું અપરકંકામાં જવું = ભ. નેમિનાથના તીર્થમાં
૬. ગર્ભાહરણ (બ્રાહ્મણકુંડ ગ્રામમાં)
૭. ચમરેન્દ્રનું ઉંચે જવું
૮. પ્રથમ દેશના નિષ્ફળ જવી (ઋજુવાલિકા નદી)
(૪ થી ૮) = ભ. મહાવીરપ્રભુના સમયમાં
૯. સૂર્ય ચંદ્રનું મૂળ વિમાને ઉતરવું.
૧૦. કેવળજ્ઞાન પછી ઉપસર્ગ થવો. (શ્રાવસ્તી નગરીમાં ૨૬માં ચોમાસા પછી)



## ભગવાન પાર્શ્વનાથજીના વામા માતાજીનો ભોજનથાળ :

| | | | |
|---|---|---|---|
| બુદ્ધિરૂપી | - બાજોટ | સંવેગ દ્રષ્ટિ | - શાક |
| સમકિતરૂપી | - શેલડી | પ્રભાવના | - પૂડલા |
| ચોખ્ખું પવિત્ર મન | - ચુરમું | ચિંતનના | - ચોખા |
| ભક્તિ સમાન | - ભજીયા | પ્રીતિ ભાવનું | - પાણી |
| જાણ પણું (જ્ઞાન) | - જલેબી | શીળવંતની | - સોપારી |
| પુણ્ય કર્મની | - પૂરી | વિવેકરૂપી | - વાડકી |
| મોટાઈના | - માલપૂઆ | સમતારૂપી | - સીતાફળ |
| તત્ત્વરૂપીનું | - રાયતું | સદ્ભાવ જેવું | - ઘી |
| ઈન્દ્રિયદમનનું | - ગરમદૂધ | પ્રેમલાગણી | - પેંડા |
| જ્ઞાનમૃતરૂપી | - ભોજન | સંતોષ | - તૃપ્તિનો - શીરો |
| અક્કલની | - ઈલાયચી | જ્ઞાન દાનની | - દાળ |
| વિનયરૂપી | - થાળી | વિષય ત્યાગની | - વડી |
| દાનરૂપી | - દાડમ | પવિત્રતાના | - પાપડ |
| સુમતિરૂપી | - સાકર | તત્ત્વજ્ઞાનનું | - તંબોલ |
| સારા અનુભવ | - અથાણા | કર્મયોગનું | - કેસરીયા દૂધ |
| દયાભાવ | - દૂધપાક | | |

(પૂ.મુ. શ્રી સૌભાગ્ય વિજયજી મ. રચિત પ્રાચીન સ્તવનના આધારે)

સાર : ૮ મિઠાઈ, ૯ ભોજન સામગ્રી, ૩ સાધન, ૩ ફ્રુટ, ૬ મુખવાસ અને ૧ પાણી

## તપ અને તીર્થંકર :

● **આદેશ્વર ભગવાન** - અષ્ટાપદ પાવડી તપ ૧૬ દિવસ.
- ૧૩ મહિના ૧૦ દિવસનો વર્ષિતપ.
- ૧૦૮ શ્રી સિદ્ધગિરિની તપ સહિત ૯૯ યાત્રા.
- ચઉવિહારા છટ્ઠ સહિત સિદ્ધગિરિની યાત્રા.
- પુંડરીક તપ વર્ષમાં ૧ દિવસ (ચૈત્રી પુનમ)
- બે અટ્ઠમસાત છટ્ઠ સિદ્ધગિરિ તપ.
- ૧૩ વર્ષ ૧૩ મહિના 'મેરુ તેરસ' નો તપ.

● **વાસુપૂજ્ય ભગવાન** - ૭ વર્ષ ૭ મહિના સુધી રોહિણી તપ.

● **અરનાથ ભગવાન**
● **મલ્લિનાથ ભગવાન**
● **નમિનાથ ભગવાન**
} ૧૧ વર્ષ ૧૧ મહિના સુધી મૌન અગિયારસનું તપ, ૧૫૦ કલ્યાણકને નજર સામે રાખી એક દિવસની મૌનપૂર્વક આરાધના કરાય છે. તેમાં ખાસ અરનાથ-દિક્ષા, નમિનાથ-કેવળ, મલ્લિનાથ-જન્મ, દીક્ષા, કેવળજ્ઞાન વર્તમાન ચોવીશીના થયા છે.

● **નેમનાથ ભગવાન** - શ્રાવણ સુદ-૫ જન્મ કલ્યાણક નિમિત્તે આરાધના.

● **પાર્શ્વનાથ ભગવાન** - ૧૦૮ તીર્થાધિપતિ ૧૦૮ પાર્શ્વનાથ ભ. ની આરાધના, અટ્ઠમ, આયંબિલ, એકાસણાથી કરાય.
- ૧૦ વર્ષ ૧૦ મહિના સુધી પોષ-૧૦ની આરાધના.
- વિઘ્ન નિવારણાર્થે અટ્ઠમતપની આરાધના.
- સાકરનું પાણી, ખીર, ભર્યુ ભાણું ઠામ ચોવિહાર સહિત ૩ દિવસની (પોષ-૧૦ના અવસરે) આરાધના થાય.

● **મહાવીર સ્વામી ભગવાન** - અટ્ઠમ ઉપર અડદના બાકુળાનું આયંબિલ એ રીતે ચંદનબાળાનો અટ્ઠમ.
- આસો વદ-૧૪ ના દિવાળી (નિર્વાણ કલ્યાણક) નિમિત્તે છટ્ઠની આરાધના.
- વર્ધમાન તપ દિવસ ૨૪.
- મહાવીરસ્વામી તપ (પ્રભુએ કરેલી તપસ્યા સંબંધિ)
- વીર ગણધર તપ દિવસ ૧૬.

● **દરેક તીર્થંકરને આશ્રીને**

| | |
|---|---|
| - તીર્થંકર વર્ધમાન તપ | દિવસ - ૨૪ |
| - ૧૨૦ કલ્યાણક તપ | દિવસ - ૧૨૦ |
| - વીશ સ્થાનક તપ મર્યાદા ૧૦ વર્ષ | દિવસ - ૪૦૦ |

| | |
|---|---|
| - ધર્મચક્ર તપ | દિવસ - ૧૩૨ |
| - જિનદીક્ષા તપ | દિવસ - ૯૪ |
| - જિન કેવળજ્ઞાન તપ | દિવસ - ૧૦૧ |
| - જિન નિર્વાણ તપ | મહિના - ૧૧ |
| - ૧૭૦ જિન તપ | દિવસ - ૧૭૦ |
| - ચતુર્વિધ તપ | દિવસ - ૧૨૩ |
| - ૩૨ કલ્યાણક તપ | દિવસ - ૩૨ |
| - ચ્યવન-જન્મ કલ્યાણક તપ | દિવસ - ૯૬ |
| - કલ્યાણક અષ્ટાન્હિકા તપ | દિવસ - ૯૬૦ |
| - તીર્થંકર માતૃ તપ | દિવસ - ૪૯ |
| - ચત્તારી અટ્ઠદાસ દોય તપ | દિવસ - ૨૪ |
| - ૯૬ જિનની ઓળી | દિવસ - ૯૬ |
| - સમવસરણ તપ | દિવસ - ૧૬ |
| - સહસ્ત્રકુટ તપ લગભગ ૧૦૦૦ | દિવસથી વધુ |

(સૂચના : આ તપ સંબંધી જૈન તપાવલી સંગ્રહ પુસ્તકમાં વધુ જોઈ લેવું.)

## ૨૪ ભગવાન સંબંધિત વિશેષ વિગત

- તીર્થંકર નામકર્મ ગમે તે ભવમાં બંધાઈ શકે છે પણ તીર્થંકર નામકર્મ પૂર્વના ત્રીજા ભવે જ નિકાચિત થાય છે.
- આ ચોવીસીના તમામ તીર્થંકરો પૂર્વના ભવમાં દેવલોકમાં હતા, પણ તેવો નિયમ નથી. તીર્થંકર પૂર્વના ભવમાં ૧ થી ૩ નરકમાં કે વૈમાનિક દેવલોકમાં હોય છે. પણ ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક, ૪ થી ૭ નારક, મનુષ્ય કે તિર્યંચના ભવમાં હોતા નથી.
- દરેક ભગવાનના પિતા રાજા હતા. માતા રાણી હતી.
- પરમાત્માના જમણા પગના સાથળ ઉપર જે ચિન્હ હોય. તે તેમનું લંછન કહેવાય. પરમાત્માની પ્રતિમામાં નીચે લંછન તૈયાર કરવામાં આવે છે; જેનાથી તે પ્રતિમા ક્યા ભગવાનની છે ? તેનો ખ્યાલ આવે છે.
- ભગવાનનો આત્મા જે ભવમાં સમ્યગ્ દર્શન પામે તે ભવથી તેમના ભવની સંખ્યા ગણાય છે.
- જન્મ થતાં, દરેક ભગવાનનો જન્મ મહોત્સવ ૫૬ દિક્કુમારિકાઓ કરે છે અને ૬૪ ઈન્દ્રો મેરુપર્વત ઉપર જન્માભિષેક કરે છે. પ્રભુ મહાવીરે જમણા પગનો અંગૂઠો મેરુને અડાડતા મેરુપર્વત ધ્રૂજવા લાગ્યો હતો.
- દરેક તીર્થંકર ભગવંત 'નમો સિદ્ધાણં' કહીને પંચમુષ્ટિ (ઋષભદેવ ચતુર્મુષ્ટિ) લોચ કરે છે. પ્રભુ પણ બે હાથ જોડીને 'કરેમિ સામાઈયં...' પદો વડે પ્રતિજ્ઞા કરે છે. તે વખતે ઈન્દ્ર તેમના ખભે દેવદૂષ્ય (વસ્ત્ર) નાંખે છે.
- દેવદુષ્ય મહાવીર સ્વામી ભગવાનને ખભે ૧૩ મહીના સુધી રહ્યું. ઋષભદેવનું પણ ગયું. બાકીના ભગવાનને આજીવન રહ્યું.
- સુમતિનાથ ભગવાનને દીક્ષા દિને પણ એકાસણું હતું.
- તમામ તીર્થંકર ભગવંતોનું પ્રથમ પારણું કરાવનાર તે જ ભવે કે ત્રીજા ભવે મોક્ષે જાય છે. પહેલા આઠ ભગવાનને પ્રથમ પારણું

કરાવનાર તે જ ભવે મોક્ષમાં ગયા હતા. જ્યારે બાકીના સોળ ભગવાનને પ્રથમપારણું કરાવનાર ત્રીજા ભવે મોક્ષે જશે.

- ૪ હાથ = ૧ ધનુષ. ૨૦૦૦ ધનુષ = ૧ ગાઉ.
- મુનિસુવ્રત સ્વામી ભગવાન ઘોડાને પ્રતિબોધ પમાડવા વિહાર કરીને ભૃગકચ્છ (ભરૂચ) ગયા હતા.
- ઋષભદેવ ભગવાને કેવળજ્ઞાન પ્રાપ્ત કરીને તરત જ તેની ભેટ પોતાની માતા મરુદેવીના ચરણે ધરી હતી. મરુદેવમાતા પણ જાણે કે પુત્રની ભાવિપત્ની શિવસુંદરી (મોક્ષ)ને પ્રથમ જોવા જતાં ન હોય તેમ તરત જ મોક્ષે સીધાવ્યાં હતાં.
- આ અવસર્પિણી કાળમાં ઋષભદેવ ભગવાન પ્રથમ રાજા, પ્રથમ સાધુ, પ્રથમ તીર્થંકર અને પ્રથમ કેવળજ્ઞાની થયા. મરુદેવા માતા સૌ પ્રથમ મોક્ષે ગયા.
- પરમાત્મા માલકૌંસાદિ રાગમાં અને અર્ધમાગધી ભાષામાં દેશના આપે છે.
- અષ્ટાપદજી જેવા મહાન તીર્થની સ્થાપના આંસુમાંથી થઈ છે. પરમાત્મા ઋષભદેવનું અષ્ટાપદજી ઉપર નિર્વાણ થતાં ચક્રવર્તી ભરત ધ્રુસકે ધ્રુસકે રડ્યા. આશ્વાસન મેળવવા તેમણે અષ્ટાપદજી ઉપર ૨૪ ભગવાનનું સુંદર જિનાલયનું સર્જન કર્યું.
- પરમાત્મા મહાવીરદેવ વૈશાખ સુદ ૧૧ ના ચતુર્વિધ સંઘની સ્થાપના અપાપાપુરીમાં કરી. તથા છેલ્લી દેશના પણ અપાપાપૂરીમાં આપી. પ્રભુ ત્યાં નિર્વાણ પામ્યા હોવાથી લોકોમાં તે પાપાપૂરી (પાવાપૂરી) તરીકે પ્રસિદ્ધિને પામી.
- મલ્લિનાથ ભગવાને સવારે દીક્ષા લીધી અને સાંજે જ તેમને કેવળજ્ઞાન થયું આ અવસર્પિણી કાળમાં સૌથી પહેલો મોક્ષ પ્રાપ્ત કરવાનું સદ્ભાગ્ય જેમ મરુદેવા માતા રૂપ સ્ત્રીને ફાળે ગયું છે તેમ ઓછા સાધનાકાળમાં કેવળજ્ઞાન મેળવવાનું નસીબ પણ સ્ત્રી તીર્થંકર મલ્લીનાથના ફાળે ગયું છે. જૈન શાસનમાં સ્ત્રી બિચારી કે રાંકડી છે જ નહી.
- વર્તમાનકાળમાં ૨૪ તીર્થંકર ભગવાન જેમ થયા છે, તેમ ભુતકાળમાં અનંતા તીર્થંકર થયા છે અને ભવિષ્યકાળમાં અનંતા થવાના છે.
- વર્તમાનકાળે ઋષભદેવથી મહાવીરસ્વામી ભગવાન સુધીની જેવી ચોવીસી (ચોવીસી તીર્થંકરો) થઈ છે, તેવી અનંતી ચોવીસી ભૂતકાળમાં થઈ છ અને ભવિષ્યકાળમાં અનંતી ચોવીસી થશે.
- આ દુનિયાના અન્ય ધર્મો ભગવાન તરીકે એક જ વ્યક્તિને સ્વીકારીને, તેના ૨૪ અવતારો માને છે; જ્યારે જૈન શાસન એક જ ભગવાનના ૨૪ અવતાર માનતું નથી, પણ દરેક ચોવીસીમાં જુદા જુદા ૨૪-૨૪ ભગવાન માનતું હોવાથી અનંતકાળમાં અનંતા ભગવાન માને છે.

## કલ્પવૃક્ષ યંત્ર :

### ચોવીસ તીર્થંકર દેવોની અધિષ્ઠિત દેવીના વાસવાળું




**વિધિ** - આ કલ્પવૃક્ષ યંત્ર રવિ પુષ્ય, ગુરૂપુષ્ય, રવિહસ્ત કે રવિ મૂળમાં શુભયોગમાં સોના, ચાંદી કે ભોજપત્રમાં, અષ્ટમકરી, અષ્ટગંધથી લખી, વાસક્ષેપથી હંમેશા પૂજા કરે અને તે વાસક્ષેપ પોતાના મસ્તક ઉપર નાંખી, ને માણસ જ્યાં જાય ત્યાં માન, સન્માન, સત્કાર પામે. વ્યાપાર - રોજગાર આદિમાં લક્ષ્મીની પ્રાપ્તિ થાય છે. ક્યારે પણ દુ:ખી ન થાય, આ યંત્રના એક એક અક્ષરમાં ચોવીશ તીર્થંકર દેવોનો વાસ છે. આ અદ્‌ભુત અને સત્ય છે.

## શ્રી ચોવીસ તીર્થંકરોનું મહાન પ્રભાવક ચમત્કારી યંત્ર

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૬ | ૧૨ | ૮ | ૫ | ૩ | ૨ |
| ૧ | ૧૪ | ૧૩ | ૯ | ૧૦ | ૪ |
| ૬ | ૭ | ૧૧ | ૧૮ | ૧૯ | ૨૦ |
| ૨૧ | ૨૨ | ૨૩ | ૨૪ | ૧૭ | ૧૫ |
| ૐ | હ્રીં | શ્રીં | ક્લીં | ન | મ: |

આ યંત્ર ચોવીસ તીર્થંકરનું મહાન અદ્‌ભૂત અને ચમત્કારી યંત્ર છે. વીર સં.૮૦૬ની સાલમાં લખેલ ત્રાંબાના પતરાં ઉપરથી ઊતારેલ છે. યુગપ્રધાન આચાર્ય યશોદેવ સૂરીશ્વરજી મહારાજે બનાવેલ છે. આ યંત્ર રવિપુષ્ય નક્ષત્રમાં સોનું અથવા ચાંદીના પતરાં ઉપર બનાવી, વિધિપૂર્વક અનુષ્ઠાન દ્વારા સૂર્યોદય પહેલા બે ઘડીએ ઊઠી પવિત્ર થઈ વાસક્ષેપથી પૂજન કરી, યંત્રમાં જે આંકડા દર્શાવેલા છે તે પ્રમાણે તે તે ભગવાનને નમસ્કાર કરી, યંત્રમાં જણાવેલ મંત્રની હંમેશા ઓછામાં ઓછી પાંચ માળા ગણવી. અખૂટ લક્ષ્મી પ્રાપ્ત થાય છે. ઘરમાં સદા લીલા લહેર રહે આ સત્ય હકીકત છે.


नमुत्थुणं
अरिहंताणं
भगवंताणं
आइगराणं
तित्थयराणं
सयं संबुद्धाणं




पुरिसुत्तमाणं


पुरिससीहाणं


पुरिस
वर
पुण्डरीआणं


पुरिस-वर-गंधहत्थीणं




लोगुत्तमाणं


चौद राजलोक
(समस्त लोकालोक के शाश्वत ज्ञान-दर्शन को धरनेवाले)
अप्पडिहय-वर-नाणदंसण-धराणं

## તીર્થ વિભાગ

**તીર્થ-તીર્થંકર સંબંધી :**

- ૨૦ તીર્થંકર ભગવાન જ્યાં નિર્વાણપદ પામ્યા છે તે. - સમેતશિખર
- કાંકરે કાંકરે અનંતા આત્મા જ્યાં મોક્ષ પામ્યા છે તે. - શત્રુંજય
- આવતી ચોવીશીમાં ૨૪ તીર્થંકરો જ્યાંથી મોક્ષે જશે. - ગિરનાર
- જે તીર્થનું નિર્માણ કુમારપાળ રાજાએ કર્યું હતું. - તારંગાતીર્થ
- આબુ - દેલવાડાના દેરાસરો જેની ઉદારવૃત્તિથી નિર્માણ થયા -વસ્તુપાલ તેજપાલ
- કાવી તીર્થમાં સામસામા કારીગર યુક્ત ગોખલા જેઓએ બનાવ્યા. - સાસુ-વહુ
- ૧૪૪૪ સ્થંભવાળુ જગપ્રસિદ્ધ નલિનીગુલ્મ તીર્થ બનાવનાર - ધન્ના પોરવાલ
- સગર ચક્રવર્તિના ૬૦ હજાર પુત્રોએ તીર્થની રક્ષા માટે બલીદાન આપ્યું. - અષ્ટાપદ
- પાર્શ્વનાથ ભ. ના અનેક તીર્થમાં આ તીર્થે વધુમાં વધુ યાત્રિકો આવે છે. - શંખેશ્વર
- પાર્શ્વનાથ ભ.ની જ્યાં વિશાળ કાઉસ્સગ્ગ મુદ્રામાં પ્રતિમાં છે. - નાગેશ્વર

## વર્તમાન ૨૪ ભગવાનનાં પાંચ કલ્યાણક, ચ્યવન, જન્મ, દીક્ષા, કેવલ, મોક્ષ (૧૨૦) કલ્યાણકની ભૂમિ

| | | |
|---|---|---|
| ૨૦ સમેતશિખરજી | ૧૯ અયોધ્યા | ૧૬ બનારસ |
| ૧૨ હસ્તિનાપુર | ૮ મિથિલા | ૫ ચંપાપુરી |
| ૪ કૌશામ્બી | ૪ સાવત્થી | ૪ ભદ્દિલપુર |
| ૪ કાકાંદી | ૪ રત્નપુરી | ૪ રાજગૃહી |
| ૪ કંપિલપુર | ૩ ગિરનાર | ૩ ક્ષત્રિયકુંડ |
| ૨ શૌરી પુર | ૧ ઋજુવાલિકા | ૧ પુરિમતાલ |
| ૧ પાવાપુરી | ૧ અષ્ટાપદ | |

## કલ્યાણકની આરાધનાની વિધિ

આ તપમાં જ્યારે એક કલ્યાણક હોય ત્યારે એકાસણું કરવું. બે કલ્યાણક હોય ત્યારે આયંબિલ, ત્રણ હોય તો આયંબિલ અને એકાસણું, ચાર હોય ત્યારે ઉપવાસ અને પાંચ કલ્યાણક હોય ત્યારે ઉપવાસ અને એકાસણું કરવું.

## પંચ કલ્યાણકની રૂપરેખા

### ચ્યવન કલ્યાણક



પરમ કૃપાસિન્ધુ અનન્ત ઉપકારી શ્રી અરિહંત પરમાત્માનો દેવલોક અથવા નરકગતિનું આયુષ્ય પુરા થયા બાદ મનુષ્ય ગતિમાં માતાજીના કુક્ષીમાં અવતરણ થાય છે, તેને **ચ્યવન કલ્યાણક** કહે છે. ચ્યવન સમયે માતાને અરિહંત પરમાત્માના જન્મનો સંકેત આપવાવાળા ૧૪ મહા સ્વપ્નોના દર્શન થાય છે, અરિહંત પરમાત્માના ચ્યવન સમયે ત્રણલોકમાં આનંદ છવાઈ જાય છે. નારકીના જીવોને પણ એક ક્ષણ માટે શાંતિનો અનુભવ થાય છે. ઈન્દ્રલોકમાં ઈન્દ્રોના આસન ચલાયમાન થાય છે, અને ઈન્દ્રાદિક દેવતાઓ પ્રભુજીનું ચ્યવન થયું તે જાણી ઉત્સવ મનાવે છે. ચ્યવન કલ્યાણક એટલે આત્માનો આ સંસારમાં છેલ્લો ભવ. એટલે કે માતાની કુક્ષીથી છેલ્લો જન્મ અને આ ભવની માતા સાથે નો છેલ્લો સંબધ, આ ધ્યાનમાં રાખી આપણે ચ્યવન કલ્યાણનો ઉત્સવ મનાવવો જોઈએ, જેથી આપણા આત્માને પણ ફરીથી માતાની કુક્ષીમાં આવવુ ન પડે.

### જન્મ કલ્યાણક



અનન્ત ઉપકારી અરિહંત પરમાત્માને પણ કર્મગતિને કારણે જન્મ સમયનું દુઃખ સહન કરવું પડે છે, પરંતુ આ દુઃખ અનેક ભવ્યાત્માઓના હિત માટે છે. ચ્યવન પછી ગર્ભાધાનનો સમય પૂરો થતા ત્રણ લોકના નાથનો જન્મ થાય છે. તે સમયે ત્રણ લોકમાં આનંદ-ઉત્સાહ ફેલાઈ જાય છે. નરકના જીવોને પણ ક્ષણ માટે શાંતિ અનુભવાય છે. દેવલોકમાં રહેનારી (છપ્પન) દિક્કુમારીકા તેમના જ્ઞાન વડે પ્રભુજીનો જન્મ થયો તે જાણી ત્યાં આવે છે અને સુતિ કર્મ કરે છે. તેમજ ૬૪ ઈન્દ્રો પરિવાર સહિત મેરૂગિરિ પર આવેલી પાન્ડુશિલા ઉપર જન્મોત્સવ મનાવે છે તે માટે તેને **જન્મ કલ્યાણક** કહે છે. આ પછી પરમાત્મા અરિહંત ભગવાન નો જન્મ થતો નથી. આપણે પણ એવી ભાવના ભાવીએ કે જન્મના દુઃખનો સંપૂર્ણ ક્ષય (નાશ) થાય.

## પંચ કલ્યાણકની રૂપરેખા

### દિક્ષા કલ્યાણક



અદ્‌ભૂત ત્યાગ ધારક તીર્થંકર પરમાત્મા જ્યારે માતાજી કુક્ષીમાં આવે છે. ત્યારથી નિર્મળ શુધ્ધમતિ શ્રુત અને અવિધજ્ઞાનનાં સ્વામી હોવાથી સ્વયં દિક્ષાનો સમય જાણે છે. છતા પણ પરમ્પરા અને આચાર મર્યાદાને કારણે નવલોકાન્તિક દેવોની પ્રાર્થના તથા તીર્થ પ્રવર્તનની વિનંતીથી ભગવાન એક વર્ષ સુધી દરરોજ એક કરોડ આઠ લાખ સોના મહોરનું દાન કરી જગતના જીવોનું દુઃખ દરિદ્રતા દૂર કરે છે. અને સર્વે વિરતિ ધર્મ (સંયમ) નો સ્વીકાર કરે છે. તેને **દિક્ષા કલ્યાણક** કહેવાય છે.

### કેવલજ્ઞાન કલ્યાણક



ભૌતિક સુખ વૈભવનો ત્યાગ કરી અરિહન્ત પરમાત્મા આ પાવન ભૂમી ઉપર ભારંડ પક્ષીની જેમ અને ભય વિના સિંહની જેમ વિહાર કરે છે. સંયમ પાળતી વખતે કર્મ સત્તાની સામે પરિષહ સેનાને જીતે છે. ઉપસર્ગ કેવા પણ કેમ ન હોય ? અંશ માત્ર પણ વિચલીત થતા નથી, અને તેમની ધ્યાનસ્થ મુદ્રામાં ઉભા જ રહે છે. નિંદ્રાનો ત્યાગ કરી સંયમ સાધનામાં રહી ઘાતી કર્મોનો નાશ કરી, આત્માને અનન્ત ગુણ રૂપ કેવળજ્ઞાન પ્રાપ્ત કરે છે. દેવતા સમવસરણની રચના કરે છે. તેને **કેવળજ્ઞાન કલ્યાણક** કહે છે.

## પંચ કલ્યાણકની રૂપરેખા

### નિવાર્ણ કલ્યાણક



ચાર ગતિના કર્મોનો ક્ષય કરી કેવળજ્ઞાન પ્રાપ્ત કરી અરિહંત પદ પ્રાપ્ત કરે છે. અરિહંત પરમાત્મા ચાર ગતિ કર્મ દૂર કરવા માટે જગતના બધા ભવ્યાત્માઓને દેશ-દેશાન્તર વિહાર કરી ઉપદેશ આપે છે. અને ભવ્યાત્માઓને દર્શન-જ્ઞાન ચારિત્રરૂપી રત્નત્રયીનો ઉપદેશ આપી મોક્ષ પ્રાપ્તિ યોગ્ય બનાવે છે. આ રીતે કેવલજ્ઞાન કેવલ-દર્શન દ્વારા દુનિયાના સર્વે વસ્તુઓ જોતા તથા જાણતા અને પોતાનું આયુષ્ય પૂર્ણ થવાનો સમય જાણી યોગ નિરોધ કરીને શૈલેષી કરણ પછી અયોગી બને છે. સંપૂર્ણ આઠ કર્મોનાં બંધનમાંથી મુક્ત થઈ નિર્વાણ પદને પ્રાપ્ત કરે છે. તેને **નિવાર્ણ કલ્યાણક** કહે છે.

**શ્રી વાલકેશ્વર આદિનાથ દેરાસરમાં શ્રી વિઘ્નહરા પાર્શ્વજાથ ભગવાનની ૧ નાની સરખી મુર્તિની પરિકૃતિમાં કેટ-કેટલી વસ્તુઓનો સમાવેશ થયો છે.**



(૧) ૧૦ દિક્પાલ (૨) સિંહ (૩) ગજ (૪) લંછન (૫) પ્રાસાદદેવી (૬) પ્રભુ પંચતીર્થ (૭) ૨૦ સ્થાનક (૮) સિધ્ધચક્ર (૯) અષ્ટ પ્રાતિહાર્ય (૧૦) મુખ્ય પાંચ તીર્થો (૧૧) અષ્ટમંગલ (૧૨) નવગ્રહ (૧૩) શાસન યક્ષ (૧૪) શાસન યક્ષિણી (૧૫) પ્રાત્તિહારી (૧૬) માણીભદ્રવીર (૧૭) ઘંટાકર્ણવીર (૧૮) ચક્રેશ્વરીદેવી (૧૯) અંબિકાદેવી (૨૦) પદ્માવતીદેવી (૨૧) સરસ્વતીદેવી (૨૨) લક્ષ્મીદેવી (૨૩) ધર્મચક્ર (૨૪) કેવળજ્ઞાન કલ્યાણક (૨૫) ઉભા યક્ષ (૨૬) ઉભા યક્ષિણી

## શ્રી અષ્ટાપદજી મહાતીર્થ




## શ્રી શત્રુંજય મહાતીર્થ





આબુ અષ્ટાપદ ગિરનાર
શંખેશ્વર કેશરીયો સાર
સમેતશિખર શત્રુંજય ધામ
સિદ્ધિ ગયા તેણે કરૂં પ્રણામ
મોક્ષે ગયા તેણે કરૂં પ્રણામ

## શ્રી પાવાપુરી જલમંદિર - પંચાસર



બિહારમાં જે મહાવીર સ્વામી ભગવાનની નિર્વાણ ભૂમિ છે એ પાવાપુરીમાં જે જલમંદિર છે એના જેવું Same આકાર જાણે કે Xerox Copy હમણાં શંખેશ્વરથી ૬ કી.મી. પંચાસર પાસે વિરમગામ તરફ નવનિર્મિત્ત તીર્થ **"શ્રી ગુરૂ પ્રેમ-ધામ" શ્રી પાવાપુરી જલમંદિર છે.**

## શ્રી ૧૦૮ પાર્શ્વનાથ ભક્તિવિહાર મહાપ્રાસાદ - શંખેશ્વર



## શ્રી ગિરનાર મહાતીર્થ



# શ્રી સમેતશિખર મહાતીર્થ યાત્રાનો ક્રમ




## सम्मेत शिखर महा तीर्थ

( २० तीर्थंकरो की निर्वाण कल्याण भूमि )

## પાર્શ્વનાથની મૂર્તિના વિવિધ રીતે દર્શન :

**(આ સંગ્રહમાં ગામ, મૂર્તિના નામો દાખલા તરીકે અપાયા છે. આવી અનેક સ્થળે પ્રતિમાજી હશે.)**

- પાંચ ફણાવાળા = સોગઠીયા - નાડલાઈ, ધૃતકલ્લોલ - સુથરી
- સાત ફણાવાળા = શંખેશ્વર, નાગફણા - વિહાર, પંચાસરા - પાટણ
- નવ ફણાવાળા = ગોડીજી - મુંબઈ, જગવલ્લભ - કુંભોજગિરી
- અગ્યાર ફણાવાળા = મનોરથ કલ્પદ્રુમ- પાલીતાણા (જંબુદ્વિપ) (૨૪ પાર્શ્વનાથ સાથે)
- સહસ્ત્ર ફણા સાથે ૧૧ ભગવાન = સહસ્ત્રફણા સુરત, ગોડીજી મુંબઈ
